
નારી
આંદોલનનો
ઇતિહાસ

ભાગ ૪

# નારી મુક્તિ આંદોલનઃ પ્રશ્નો અને પડકારો



નારી
આંદોલનનો
ઇતિહાસ

ભાગ ૪

# નારી મુક્તિ આંદોલનઃ પ્રશ્નો અને પડકારો

उन्नति

sahiyar

પ્રસ્તુતિ : ઉન્નતિ - વિકાસ શિક્ષણ સંગઠન અને સહિયર (સ્ત્રી સંગઠન), 2010

પ્રથમ આવૃત્તિ : 500 નકલ, 2010

આ પુસ્તિકાના લખાણનો જન શિક્ષણ માટે બિન-વ્યાપારી ધોરણે ઉપયોગ કરવા સૌને આમંત્રણ છે. આવો ઉપયોગ કરતી વખતે લેખિકા તેમ જ પ્રકાશકોની નોંધ લેવી તેમ જ અમને ઉપયોગ કર્યા અંગે જાણ કરવી જરૂરી છે.

લેખિકા : ડૉ. તૃપ્તિ શાહ, સહિયર (સ્ત્રી સંગઠન) વડોદરા

પ્રકાશક : ઉન્નતિ - વિકાસ શિક્ષણ સંગઠન અને સહિયર (સ્ત્રી સંગઠન)

પ્રાપ્તિસ્થાન :

**ઉન્નતિ - વિકાસ શિક્ષણ સંગઠન**
જી-1/200, આઝાદ સોસાયટી
આંબાવાડી, અમદાવાદ-380 015
ફોનઃ 079-26746145, 26733296
ઈ-મેલઃ sie@unnati.org

**સહિયર (સ્ત્રી સંગઠન)**
જી-3, શિવાંજલિ ફ્લેટ્સ, જાધવ અમીશ્રદ્ધા સોસાયટી પાસે
નવજીવન, આજવા રોડ, વડોદરા-390 019
ફોનઃ 0265-2513482
ઈ-મેલઃ sahiyar@gmail.com

ડિઝાઈન અને કલા નિર્દેશન : તરુણ દીપ ગિરધર, અમદાવાદ

ચિત્રાંકન : રણજીત બાલમૂચુ (ધ લેમ્બ સ્ટુડિયો), પ્રિયંકર ગુપ્તા, તરુણદીપ ગિરધર અને કવિતા અરવિંદ (ચિડિયા ઉડ)

લે-આઉટ : રમેશ પટેલ અને હિતેશ ગોળકિયા

મુદ્રણ : બંસીધર ઓફસેટ, અમદાવાદ. ફોનઃ 079-26441967

*અસ્વીકારઃ*
*આ પુસ્તિકા મુખ્યત્વે પાયાના ક્ષેત્રીય કાર્યકરોની જેન્ડર, પિતૃસત્તાક સમાજવ્યવસ્થા, સ્ત્રીઓના ઊતરતા સ્થાનનાં ઐતિહાસિક મૂળ તેમ જ સમતાપૂર્ણ વિકાસ માટે મહિલા સશક્તિકરણની જરૂરિયાતને લગતી વિભાવનાઓ અંગે સમજ વધારવાના આશયથી તૈયાર કરવામાં આવી છે. આ પુસ્તિકામાં મહિલા મંડળની ચર્ચામાં ભાગ લેતાં તમામ પાત્રો કાલ્પનિક છે અને કોઈ પણ જીવંત કે ઐતિહાસિક પાત્ર સાથે તેમની સમાનતા આકસ્મિક છે. કોઈ પ્રસંગે ઐતિહાસિક કે તાજેતરમાં બનેલા બનાવો સાથે તેમના અનુભવોને સાંકળ્યા હોય તો તે માત્ર મુદ્દાઓ તેમ જ વિભાવનાઓને સ્પષ્ટ કરવાના આશયથી જ કરવામાં આવ્યો છે. આ પુસ્તિકાનો ઉપયોગ કરનાર વ્યક્તિ આ સાહિત્યનો ઉપયોગ સમુદાયમાંથી મેળવેલી પોતાની હાલની જાણકારી સાથે ઉમેરીને તેમ જ વધારે માહિતીની જરૂર પડે તો વિશેષજ્ઞો પાસેથી તેમ જ સંદર્ભ સાહિત્યમાંથી મેળવીને તેની સાથે ઉપયોગ કરી શકે છે. આ કોઈ કાયદાકીય સાહિત્ય નથી અને આનો ઉપયોગ વ્યાપારી હેતુથી કરવો નહીં.*

## પ્રવેશક - આવકાર

નારી આંદોલનના ઇતિહાસ અને વર્તમાનના પડકારો આલેખતી પુસ્તિકા-શ્રેણીને આવકાર આપતાં અત્યંત હર્ષ અનુભવું છું. પુસ્તિકાના પ્રકાશનમાં વિકાસ માટેના શિક્ષણ માટે જાણીતી સંસ્થા 'ઉન્નતિ - વિકાસ શિક્ષણ સંગઠન' અને 'સહિયર'નો આ સહિયારો પ્રયાસ પ્રશંસનીય છે.

તૃપ્તિ શાહ ગુજરાતમાં તેમ જ ગુજરાત બહાર પીડિત વર્ગોના આંદોલન ક્ષેત્રે સક્રિય કડખેડ કાર્યકર્તાના રૂપમાં જરા પણ અજાણ્યાં નથી, બલકે, એક ઈનસાઈડરના રૂપે મહિલા-આંદોલનનું આલેખન તૃપ્તિ શાહ દ્વારા થયું છે, તેની સવિશેષ નોંધ લેવી મને જરૂરી લાગે છે.

ભારતમાં નારી-આંદોલનના ઇતિહાસનાં આલેખનો સ્ત્રી અભ્યાસમાં મહત્ત્વના અંશ રૂપે થયાં છે. ઉપરાંત, નારી-જૂથોની વિવિધ મુદ્દાઓ ઉપર લડત અને અનેકવિધ સ્વરૂપે પ્રતિક્રિયાનાં આલેખનો પણ ઉપલબ્ધ છે. અભ્યાસીઓએ પશ્ચિમના નારી આંદોલનની પ્રક્રિયાની ભારતીય નારી આંદોલન સાથે તુલના પણ કરી છે. આમ છતાં પ્રસ્તુત પુસ્તિકા-શ્રેણીની સવિશેષ ઉપયુક્તતાનો ટૂંકમાં નિર્દેશ કરું છું.

સમાજ-પરિવર્તન માટે તેમ જ નારી-સમાનતા અને સ્વતંત્રતા માટે મથતા તમામ મૂળસોતા કાર્યકર્તાઓ તેમ જ અભ્યાસીઓ માટે સ્ત્રીઓના ઊતરતા સ્થાન, પિતૃસત્તાનું માળખું તેમ જ મૂલ્યવ્યવસ્થા અને સ્ત્રીમુક્તિ માટેના પડકારો ઝીલતા પ્રયાસો સમજવા અત્યંત આવશ્યક છે. નારીઆંદોલનમાં માત્ર શૌર્ય, ઉત્સાહ કે શહાદત પૂરતાં નથી. નારીઆંદોલન માત્ર કોઈ મુદ્દા ઉપર આધારિત પડકાર નથી, બલકે સમગ્ર પિતૃસત્તાક વ્યવસ્થા તેમ જ સામાજિક - આર્થિક માળખાને પડકારે છે. ઉપરાંત, નારીનું દમન - શોષણ - ઉપેક્ષા કોઈ એક વિશિષ્ટ પ્રસંગે કે વિશિષ્ટ માળખા દ્વારા નથી થતાં પરંતુ સમાજનાં મૂળમાં રહેલાં છે, અને સર્વતોમુખી છે. આથી આ પકડને સમજવી તેમ જ પડકારવી આવશ્યક બને છે.

સાંપ્રત સમાજમાં વિવિધ ક્ષેત્રે - સુસ્વાસ્થ્ય - પર્યાવરણ રક્ષણ - માનવ હક્કની રક્ષા - દલિત, પીડિત વર્ગોની સમસ્યાઓ વગેરે મુદ્દાઓનાં કાર્યોમાં સ્થાપિત વર્ગ વિરુદ્ધ અનેક બિન-સરકારી સ્વૈચ્છિક સંસ્થાઓના કાર્યકર્તાઓ ખૂંપેલા છે. પ્રત્યેક સ્તરે લડત અને પડકાર અનિવાર્ય હોય છે. આ સંદર્ભમાં અન્ય કાર્યકર્તાઓને પણ નારી-આંદોલનનાં વિવિધ સ્વરૂપો, અનેકવિધ રણનીતિઓ તેમ જ તેમાં સંકળાયેલ વારાખેરાની જાણ આવશ્યક છે. મારું માનવું છે કે આ પુસ્તક-શ્રેણી અન્ય મૂળસોતા કાર્યકરોને પણ માર્ગદર્શક બનશે. કોઈ પણ મુદ્દાને કે પ્રસંગને અનુરૂપ પ્રતિકાર સમયે તાત્કાલિક સમજણ આવશ્યક છે, પરંતુ મૂળસોતા કાર્યકરો જ્યારે સમાજને પાયામાંથી બદલવાની કોશિશ કરતા હોય ત્યારે તેની વિવિધ આંટીઘૂંટીઓ સમજવાની અત્યંત આવશ્યકતા છે. ઉપરાંત, આવા કોઈ પણ પ્રતિકાર સાથે અનિવાર્ય રીતે સંકળાયેલ હતાશા-નિરાશા-પીછેહઠ સમજવામાં ઉપયોગી બને છે.

કોઈ પણ આંદોલનના આલેખનમાં પૂર્વભૂમિકાનું મહત્ત્વ છે. ઉપરાંત, કેટલીક મૂળભૂત વિભાવનાઓ સમજવી જરૂરી બને છે. વળી આ વિભાવનાઓનું સમાજનાં માળખાં તેમ જ મૂલ્યવ્યવસ્થા સાથે જોડાણ અંગેની સ્પષ્ટતા આંદોલનના વિવિધ આવિર્ભાવો અંગે સૂચન કરી શકે. પિતૃસત્તાક સમાજ વ્યવસ્થાના ભૂતકાળની સમજણ વર્તમાનને ઓળખવા માટે અત્યંત આવશ્યક છે. ભારતીય સમાજનો ઇતિહાસ સૈકાઓ પુરાણો છે. ભારતીય સમાજ સમરૂપ નથી પરંતુ ભાતીગળ છે. જ્ઞાતિ, વર્ગ, ભાષા, જાતિ, લિંગ એવાં વિવિધ સ્તરે વહેંચાયેલો છે. વૈશ્વિક સ્તરના સંદર્ભમાં ભારતીય આંદોલનની સમજણ ઘટનાઓની સમાનતા અને વૈવિધ્યનો પરિચય કરાવે છે. વિશેષતઃ કાર્યકર્તાઓમાં આવશ્યક એવી વિશાળ દૃષ્ટિ આપી શકે.

ટૂંકમાં, પ્રસ્તુત પુસ્તક-શ્રેણી નારી-આંદોલનની ઐતિહાસિક, પાર્શ્વભૂમિ, આંતરરાષ્ટ્રીય ફલક, વર્તમાન આંદોલન ક્ષેત્રે મુદ્દાઓ તેમ જ પડકારો સમજવા માટે સક્રિય કાર્યકર્તાઓને તેમ જ અભ્યાસુઓને ઉપયોગી થશે એવી મારી ધારણા છે. ઉપરાંત, પુસ્તક-શ્રેણીમાં સરળ ભાષા, લોકગીતો, વ્યક્તિચિત્રો વગેરેનો ઉપયોગ મૂળસોતા કાર્યકરો ને છેવાડાની બહેનોને આંદોલનની આવશ્યકતાઓ સમજવામાં સહાયરૂપ થઈ શકશે.

સ્વાતંત્ર્યની ચળવળ દરમ્યાન તેમ જ સામ્યવાદી આંદોલનના સમય દરમ્યાન કાર્યકર્તાઓની સજ્જતારૂપે અભ્યાસ જૂથો (સ્ટડી સર્કલ)ની મહત્તા સમજાઈ હતી. આથી જ કાર્યકર્તાઓમાં માંહોમાંહે આંદોલનના વિવિધ તબક્કાઓ તેમ જ મુદ્દાઓ અંગે વ્યવસ્થિત સુપેરે વિશ્લેષણ કરતો માહોલ હતો. તેને ફરીથી સજીવન કરવાની આવશ્યકતા જણાય છે. તેના સંદર્ભમાં પ્રસ્તુત પુસ્તિકા-શ્રેણી જેવા પ્રયોગો સહાયભૂત થઈ શકે.

ફરીથી ઉન્નતિ - વિકાસ શિક્ષણ સંગઠનને તેમ જ તૃપ્તિ શાહને અને ‘સહિયર’ને આ સાહસ ખેડવા માટે અભિનંદન.

**નીરા દેસાઈ**
જાન્યુઆરી-2009

## અર્પણ

આ પુસ્તિકા-શ્રેણીની પ્રસ્તાવના લખતી વખતે મુ. નીરાબહેન કેન્સર સામે ઝઝૂમી રહ્યાં હતાં. શ્રેણીનું પ્રથમ પુસ્તક તેમના હાથમાં મૂકતાં અમે આનંદની લાગણી અનુભવી હતી. કમનસીબે ત્યારબાદનાં પુસ્તકો પ્રકાશિત થાય તે પહેલાં તા. 25 જૂન 2009ની રાત્રે નીરાબહેને આપણી વચ્ચેથી વિદાય લીધી. નારી આંદોલન અને નારી અભ્યાસના સહપંથીઓએ હૂંફના મહત્ત્વના સ્રોત અને સંકટ સમયના સાથી ગુમાવ્યાની લાગણી અનુભવી.


ડૉ. નીરા દેસાઈ ભારતમાં નારી અભ્યાસ અને સંશોધનનો પાયો નાંખનારાઓમાંનાં એક હતાં. જ્યારે સ્ત્રીઓના પ્રશ્નો અંગે ભાગ્યે જ કોઈ સંશોધનો થતાં હતાં ત્યારે 1957માં તેમણે ‘ભારતીય સમાજમાં સ્ત્રી જીવન’ નામે સંશોધન પુસ્તક લખ્યું. તેઓ ભારતના પ્રથમ નારી અભ્યાસ કેન્દ્ર, એસ.એન.ડી.ટી. યુનિવર્સિટી, મુંબઈનાં સ્થાપક ડાયરેક્ટર હતાં. સ્ત્રીઓના વિવિધ પ્રશ્નો અને નારી આંદોલન ઉપર અનેક મહત્ત્વનાં સંશોધનો અને લખાણો ગુજરાતી તેમ જ અંગ્રેજીમાં પ્રકાશિત કર્યાં છે. ડૉ. નીરા દેસાઈની વિશેષતા એ છે કે તેઓ માત્ર અભ્યાસુ જ નહીં પરંતુ ભારતના નારી આંદોલનની શરૂઆતથી જ તેની સાથે સંકળાયેલાં સક્રિય ટેકેદાર રહ્યાં હતાં.

આજે જ્યારે નારી આંદોલન સહિત તમામ પ્રગતિશીલ આંદોલનો આજની વિકટ અને સંકુલ પરિસ્થિતિનો તાગ પામવા મથી રહ્યાં છે ત્યારે નીરાબહેનની વિદાય અમારા જેવાં અનેકને વ્યક્તિગત તેમજ સંગઠન કક્ષાએ ખરેખર ન પૂરી શકાય તેવી ખોટનો અનુભવ કરાવે છે. જાણે કે એક યુગનો અંત!

આ શ્રેણીનાં બાકીનાં પુસ્તકો નીરાબહેનને અર્પણ કરીને અમુક અંશે તેમનું ઋણ સ્વીકારવાની કોશિશ કરીએ છીએ.

**તૃપ્તિ શાહ** **દીપા સોનપાલ**

# નારી મુક્તિ આંદોલનઃ પ્રશ્નો અને પડકારો



નારી આંદોલનનો ઇતિહાસ

ભાગ ૪

## અનુક્રમણિકા


| | |
|---|---|
| ઋણ સ્વીકાર | 8 |
| પૂર્વભૂમિકા અને પરિચય | 9 |
| પુસ્તિકા શ્રેણીનો ઉપયોગ | 16 |
| **લડેંગે હમ, બઢેંગે હમ યે જુલ્મ કે ખિલાફ હમ....** | **20** |
| **સ્ત્રીઓનું, સ્ત્રીઓ દ્વારા, સ્ત્રીઓ માટેનું સ્વાયત્ત નારી આંદોલન** | **30** |
| **સ્ત્રીઓ પર હિંસા એ અંગત મામલો નથીઃ બળાત્કાર વિરોધી સંઘર્ષ** | **42** |
| **દહેજ નહીં, મિલકતમાં અધિકાર આપોઃ દહેજ, દહેજ-હત્યા અને કુટુંબમાં હિંસા સામે સંઘર્ષ** | **62** |
| **ગર્ભ જાતિ પરીક્ષણ અને પસંદગી વિરુદ્ધ ઝુંબેશ** | **84** |
| **કૌટુંબિક કાયદાઓ સામે સંઘર્ષ** | **100** |
| **કોમવાદનું રાજકારણ અને સ્ત્રીઓના સવાલો** | **124** |
| **વૈશ્વિકરણમાં માધ્યમો, સૌંદર્ય સ્પર્ધાઓ અને વિકાસનીતિ** | **138** |
| **ઐસી આઝાદી પે બોલો ગર્વ ક્યા કર પાયેંગે?** | **150** |
| **સશક્તિકરણ તરફ એક ડગલુંઃ વિકાસ કાર્યક્રમો, સ્વસહાય જૂથો, રાજકારણમાં ભાગીદારી** | **166** |
| **વિવિધતાનો સ્વીકાર, વિભાજકતાને જાકારો** | **178** |
| વધુ વાંચન માટેનાં પુસ્તકોની યાદી | 220 |

## ઋણ સ્વીકાર

અમે હૃદયપૂર્વક આભારી છીએ, ઉન્નતિના સ્થાપક ડાયરેક્ટર શ્રી બિનોય આચાર્ય કે જેમણે નારી આંદોલનના ઇતિહાસની પુસ્તિકાઓ પાયાના કાર્યકરો માટે તૈયાર કરવાનું સૌ પ્રથમ સૂચન કર્યું અને તે માટે સતત તમામ પ્રકારનું પ્રોત્સાહન પૂરું પાડ્યું.

પુસ્તિકાઓ તૈયાર કરવામાં ઝેરોક્ષ કરવાથી માંડીને, પોસ્ટ કરવું, સંદર્ભ સાહિત્ય શોધી કાઢવું, ચા-નાસ્તો તૈયાર કરવો એમ તમામ પ્રકારનાં નાનાં-મોટાં કામો માટે ઉન્નતિ તેમ જ સહિયરના સાથીઓનો સહકાર મળ્યો છે. ભાષાકીય સુધારા-વધારા માટે શેરબાનુ મન્સૂરીના આભારી છીએ.

અંતમાં, પુસ્તિકા માત્ર વિચાર સ્વરૂપે હતી ત્યારથી તેનો પ્રથમ ખરડો તૈયાર થયો ત્યાર સુધી અમને સતત નૈતિક ટેકો અને ટીકાત્મક સૂચનો, માર્ગદર્શન, સાહિત્ય અને સંદર્ભ પૂરા પાડવા બદલ નારી અભ્યાસ અને આંદોલનના અગ્રણી સાથીઓ એવાં સ્વ. નીરાબહેન દેસાઈ, વિભૂતિબહેન પટેલ, સોનલબહેન શુક્લ, ઉષાબહેન ઠક્કર, સોફિયા ખાન, રોહિત પ્રજાપતિ, હસીના ખાન તથા સંધ્યા ગોખલેના હૃદયપૂર્વક આભારી છીએ. આ સૌના યોગદાન વગર આ સ્તરની શ્રેણીનું સર્જન કરવું શક્ય જ ન હતું.

પ્રસ્તુત ભાગ-4 ભારતના સમકાલીન નારી આંદોલન વિશે છે. આ પુસ્તકમાં ઉઠાવેલા મુદ્દાઓ, સમસ્યાઓ અને સંઘર્ષ અંગે જે સમજ બની છે તે માટે નારી આંદોલન અને માનવ અધિકાર આંદોલનોનાં અનેક સાથી સંગઠનો અને વ્યક્તિઓ સાથે થયેલ ઔપચારિક અને અનૌપચારિક આદાન-પ્રદાન, કેટલાય મુખપત્રો, પત્રિકાઓ અને અભ્યાસ લેખો દ્વારા મળેલ માહિતી અને વિશ્લેષણનું યોગદાન અમૂલ્ય છે.

આ તમામનાં નામ અત્રે આપી શકતા નથી પરંતુ તે બધાના ઋણી છીએ. જો કે આ પુસ્તકમાં રજૂ કરેલ વિચારો કે વિશ્લેષણની મર્યાદાની તમામ જવાબદારી લેખિકાની રહે છે.

# પૂર્વભૂમિકા અને પરિચય

**આ શ્રેણી શા માટે?**
માનવતા અને સમાનતા પર આધારિત ન્યાયી સમાજના સર્જનની મથામણમાં જો અડધી માનવજાતનું દૃષ્ટિબિંદુ સામેલ ન હોય તો 'નવી દુનિયા'નું, 'બહેતર દુનિયા'નું ચિત્ર અધૂરું જ રહે. છેલ્લા દાયકામાં આ વાતને વધારે ને વધારે સ્વીકૃતિ મળતી ગઈ છે અને માટે જ જુદાં જુદાં ક્ષેત્રોમાં વિકાસ તેમ જ સમાજ-પરિવર્તન માટે કામ કરતી સંસ્થાઓ, સંગઠનો અને લોક-આંદોલનોના કાર્યક્રમોમાં સ્ત્રીઓની ભાગીદારી, મહિલા વિકાસ, જેન્ડર, મહિલા સશક્તિકરણ જેવી વિભાવનાઓ પ્રચલિત બનતી ગઈ છે.

સવાલ એ છે કે આ તબક્કે જ સ્ત્રીઓના પ્રશ્નો શા માટે પ્રચલિત બન્યા? શું આ નવા જ ઊભા થયેલા પ્રશ્નો છે કે તેનો કોઈ ઇતિહાસ પણ છે? અને જો ઇતિહાસ છે તો તેને જાણવાની ને સમજવાની જરૂર ખરી?

'ઇતિહાસ' શબ્દ સાંભળીને સામાન્ય રીતે રાજા-મહારાજાઓનાં સામ્રાજ્યો, અધિકારીઓ, યૌદ્ધાઓ, નેતાઓનાં પરાક્રમોની સાલવારીનું ચિત્ર જ મનમાં આવે છે, કારણ કે આપણી શાળાઓમાં આવો જ ઇતિહાસ આપણને શીખવવામાં આવે છે. તેથી ઇતિહાસ જાણવાની કોઈ જિજ્ઞાસા સામાન્ય માનવીના મનમાં રહેતી નથી. પરંતુ ઇતિહાસ - લેખનનો એક મહત્ત્વનો પ્રકાર સામાજિક ઇતિહાસ છે. તેમાં રાજા-મહારાજાઓની નહીં પરંતુ સમાજના જુદા જુદા વર્ગોનાં જીવન, કામ અને સમાજ બદલવાના પ્રયત્નો વગેરેની વાતો પણ હોય છે. આપણી આજ (વર્તમાન)ના પાયા આપણા ઇતિહાસમાં ખૂંપેલા છે. જો ઇતિહાસને સમજીશું તો જ આવતી કાલના સર્જન માટે અસરકારક કામ કરી શકીશું. જો કે, આવો સામાજિક ઇતિહાસ પણ જો માત્ર His Story (તેની - પુરુષની વાત) બનીને રહી જાય અને તેમાંથી Her Story (તેણીની - સ્ત્રીની વાત) અદૃશ્ય રહે તો ઇતિહાસ અધૂરો છે. માટે જ વિકાસ કે સમાજ-પરિવર્તનના કામમાં સંકળાયેલા તમામ કાર્યકરો માટે નારી આંદોલનનો ઇતિહાસ જાણવો, સમજવો જરૂરી બને છે.

નારી આંદોલનનો ઇતિહાસ એટલે માત્ર સ્ત્રીઓનો ઇતિહાસ એવું નથી. કારણ કે નારી-આંદોલન સમાજ-પરિવર્તનના આંદોલન સાથે ગાઢ રીતે સંકળાયેલું છે. જ્યારે જ્યારે પણ સમાજમાં મોટી ઘટનાઓ બને છે, ઊથલપાથલો થાય છે ત્યારે તેમાં સ્ત્રીઓની આગવી ભૂમિકા રહેલી હોય છે.

વિશ્વની તમામ મહાન ક્રાંતિઓ અને પરિવર્તનોમાં સ્ત્રીઓની શું ભૂમિકા હતી, શું યોગદાન હતું અને તેના પરિણામે સ્ત્રીઓ શું મેળવી શકી અને શું ના મેળવી શકી તેનો બોધપાઠ આપણી આગામી રણનીતિ નક્કી કરવામાં ઉપયોગી થશે.

**આજના પડકાર અને ઇતિહાસ**

60ના દાયકામાં પશ્ચિમના દેશોમાં શરૂ થયેલા નારીવાદી આંદોલનની સાથે સાથે નારી અભ્યાસનો પણ વિકાસ થયો અને સ્ત્રીઓની પરિસ્થિતિને સમજવા માટેના સિદ્ધાંતોનો પણ વિકાસ થયો. પિતૃસત્તાક સમાજ વ્યવસ્થાના તાણાવાણા ઉકેલવાની શરૂઆત થઈ. કુદરતદત્ત લિંગ (Sex)ની સામે સ્ત્રી-પુરુષની સમાજપ્રેરિત વ્યાખ્યા, જેન્ડર (Gender)ની સંકલ્પના વિકસી અને આ બધાની અસર યુનાઈટેડ નેશન્સ સહિતની તમામ આંતરરાષ્ટ્રીય સંસ્થાઓ પર પડી. તેમના વિકાસ કાર્યક્રમો અને નીતિઓમાં વિશ્વભરમાં પ્રસરી રહેલા નારી આંદોલનના પડઘા ન પડે તે શક્ય જ ન હતું. મેક્સિકો, નૈરોબી અને ત્યાર બાદ બૈજિંગ ખાતે થયેલ યુનોની આંતરરાષ્ટ્રીય મહિલા પરિષદો પછી આજે મુખ્ય પ્રવાહમાં જેન્ડરની સામેલગીરી 'જેન્ડર મેઈન્સ્ટ્રીમીંગ'ની વાતો દુનિયાની સરકારો અને બિન-સરકારી સંસ્થાઓ સ્વીકારવા માંડી છે.

તેની શરૂઆત 1970માં ઈસ્ટર બોસરપની ડબલ્યુ.આઈ.ડી. (વિકાસમાં સ્ત્રીઓ)ના નામે પ્રચલિત દૃષ્ટિકોણ દ્વારા થઈ. તેણે સ્ત્રીઓના આર્થિક સહભાગને મુદ્દો બનાવી વિકાસના કાર્યક્રમોમાં સ્ત્રી કઈ રીતે બહાર રહી જાય છે તેની વાત કરી અને સ્ત્રીને વિકાસની પ્રક્રિયામાં સાંકળવાની હિમાયતની શરૂઆત કરી. ત્યાર બાદ ડબલ્યુ.એ.ડી. (વિકાસ અને સ્ત્રીઓ) અને જી.એ.ડી. (જેન્ડર અને વિકાસ) તરીકે પ્રચલિત બનેલાં દૃષ્ટિકોણો દ્વારા વિકાસની કહેવાતી મુખ્ય ધારા અને તેની સ્ત્રીઓના સ્થાન પર થતી અસરો તેમ જ સમાજનાં તમામ માળખાંઓનું સ્ત્રી-પુરુષ વચ્ચેના સત્તાના સંબંધોના સંદર્ભમાં સ્ત્રીઓના ઊતરતા સ્થાનનું વિશ્લેષણ કરી તેમાં મૂળભૂત પરિવર્તનની જરૂરિયાત અંગે વાત કરવાની શરૂઆત થઈ. તેના પરિણામરૂપે આજે વિકાસ તેમ જ સમાજ પરિવર્તનનાં તમામ ક્ષેત્રોમાં સ્ત્રીઓની પરિસ્થિતિ (કન્ડિશન) અને સ્ત્રીઓનું સ્થાન (પોઝિશન) અંગેના પ્રશ્નો સામેલ થવા માંડ્યા છે.

ભારતની વાત કરીએ તો 70ના દાયકામાં કેટલાંક નાનાં નાનાં સ્વાયત્ત જૂથોએ બળાત્કાર, દહેજ, સ્ત્રીઓ પરની હિંસા, કૌટુમ્બિક કાયદાઓ જેવા મુદ્દાઓથી માંડીને સમાજના બહોળા સમૂહને સ્પર્શતા તમામ મુદ્દાઓમાં સામેલગીરી નોંધાવી ત્યારથી શરૂ કરી આજ સુધીનાં વર્ષો દરમ્યાન નારી આંદોલનોનો વ્યાપ અને અસર વધ્યાં છે. તેમાં જુદા જુદા વર્ગ, જ્ઞાતિ, ધર્મ, યૌનિક અભિરુચિ, સામાજિક, આર્થિક, સાંસ્કૃતિક અને ભાષાની પૃષ્ઠભૂમિ ધરાવતા કાર્યકરો અને વિવિધ પ્રકારનાં માળખાં ધરાવતા મહિલા સમૂહો,

બચત જૂથો, લોક સંગઠનો વગેરે સહભાગી બન્યાં છે. ભારતનાં અને દુનિયાનાં નારી આંદોલનોના સતત પ્રયત્નોને પરિણામે એવું વાતાવરણ ઊભું થયું છે કે જેમાં કોઈ પણ રાજકીય પક્ષ, સરકારો, ફંડિંગ એજન્સીઓ, વિકાસનાં કામ કરતાં બિન-સરકારી સંગઠનો કે જન-આંદોલનો માટે સ્ત્રીઓના મુદ્દાઓને બાજુ પર રાખવાનું અશક્ય બની ગયું છે. આને વિશ્વના અને ભારતનાં નારી આંદોલનોની એક સફળતા કહી શકાય.

તો બીજી બાજુ સમાજના પુરુષપ્રધાન પિતૃસત્તાક માળખાની સાથે વૈશ્વિકીકરણ, ઉદારીકરણ, ધર્માંધતા, કોમવાદ અને જ્ઞાતિવાદ જેવા પ્રશ્નોના તાણાવાણા એટલા બધા મજબૂત રીતે ગૂંથાતા જાય છે કે જેને કારણે સ્ત્રીઓના પ્રશ્નોની જટિલતા પણ વધી ગઈ છે.

એક બાજુ પુરુષોની જાગીર મનાતા વ્યવસાયો કે વિદ્યાશાખાઓમાં સફળતાનાં સોપાનો સર કરતી સ્ત્રીઓના સબળ વ્યક્તિત્વની તસ્વીરો જોવા મળે છે તો બીજી બાજુ દીકરીઓની ઘટતી જતી સંખ્યા, દહેજ અને સતી જેવા પ્રશ્નો નવા સ્વરૂપે માથું ઊંચકી રહ્યા છે. તેથી સ્ત્રીઓના અસ્તિત્વ પર જ ખતરો મંડરાતો લાગે છે.

સમલિંગી સંબંધો કે અલગ પ્રકારની જાતીયતા ધરાવતા લોકોની તેમ જ વેશ્યા વ્યવસાયમાં રોકાયેલી સ્ત્રીઓનાં સંગઠનો દ્વારા આ પ્રતિબંધિત મનાતા વિષયોની જાહેર ચર્ચા અને વિરોધ પ્રદર્શનોને સ્વીકૃતિ મળતી દેખાય છે, તો સાથે સાથે યુગો જૂની કૌટુમ્બિક હિંસાના પ્રકાર અને પ્રમાણ વધતાં લાગે છે.

વિકાસ નીતિના પરિણામે સમાજનાં સીમાન્ત જૂથો અને સ્ત્રીઓ વધારે ને વધારે હાંસિયામાં ધકેલાઈ રહ્યાં છે. તેની સામે આદિવાસી, દલિત, દરિયાકાંઠાના સમુદાયો, લઘુમતીઓ વગેરે જીવનનિર્વાહ, કુદરતી સંસાધનો પર અંકુશ, હિંસા અને માળખાના મુદ્દાઓને લઈને સતત ઝુંબેશ ચલાવી રહ્યા છે. જેમ જેમ સમાજનાં સીમાન્ત જૂથોની લડતો આગળ વધતી ગઈ છે તેમ તેમ તેમાં સ્ત્રીઓની માત્ર સામેલગીરી જ નહીં, નેતાગીરી પણ આગળ વધતી જોવા મળે છે. પોતાના કાર્યક્ષેત્રમાં સફળ સંઘર્ષનાં અનેક ઉદાહરણોની પ્રેરણાદાયી વાતો બહાર આવતી જાય છે. તો ક્યારેક વૈશ્વિકીકરણ, ધર્માંધતા, કોમવાદ, જ્ઞાતિવાદના તાણાવાણાથી રસાયેલી પિતૃસત્તા સામેના સંઘર્ષમાં બે ડગલાં આગળ ને ચાર ડગલાં પાછળ જેવી પરિસ્થિતિનો અનુભવ થાય છે. તેના પ્રતિબિંબરૂપે તાલીમ કાર્યક્રમો, સંકલનોની મિટિંગો અને પાયાના કાર્યકરો સાથેના સંવાદમાં, ‘હવે પછી શું?’ કે ‘આગળ કઈ રીતે વધવું?’ જેવા પ્રશ્નો વારંવાર ઉદ્ભવે છે.

આ તબક્કે અનેક કાર્યકરોનો અનુભવ દર્શાવે છે કે માથું ઊંચકી રહેલા કેટલાય સવાલોની જટિલતા સમજવાની એંધાણી આપણા સંઘર્ષના

ઇતિહાસમાંથી મળી શકે તેમ છે. તો સાથે સાથે પ્રેરણા મળે તેવાં પાત્રો અને ઘટનાઓની પણ ખોટ નથી. સફળતા ઝાંઝવાનાં જળ જેવી લાગતી હોય ત્યારે નિરાશાથી બચવાનો રસ્તો અને પ્રશ્નો સામે ટક્કર ઝીલવાનો આત્મવિશ્વાસ ઇતિહાસના અભ્યાસથી જન્મે છે. ઉપરાંત સમાજની દશા અને સમાજ પરિવર્તનની દિશા સમજવાની સૈદ્ધાંતિક સ્પષ્ટતા કેળવાય છે. 'ઉન્નતિ વિકાસ શિક્ષણ સંગઠન' તેમ જ 'સહિયર' (સ્ત્રી સંગઠન) સાથે મળી આ પુસ્તિકા શ્રેણીનું પ્રકાશન પાયાના કાર્યકરોને આ ભાથું સરળ ભાષામાં પૂરું પડે તે આશયથી કરી રહ્યાં છે.

**વિચારબીજ અને પ્રક્રિયા**

આ સંયુક્ત પ્રકાશનનું વિચારબીજ 2004માં અમદાવાદ ખાતે યોજાયેલ જેન્ડર મેઈનસ્ટ્રીમિંગ માટેની તાલીમ આપનારાઓની તાલીમ ટી.ઓ.ટી. (TOT) માટેના કાર્યક્રમમાં રોપાયું. ફેબ્રુઆરી 2007માં ગુજરાતનાં વિવિધ સંગઠનોના પાયાના કાર્યકરો વચ્ચે ગુજરાતના નારી આંદોલનના 'ક્ષેત્રીય અનુભવો, નારીવાદી વિચારધારા અને આગામી રણનીતિઓ' અંગે યોજાયેલ પરિસંવાદ દરમ્યાન પણ આવા સાહિત્યની જરૂરિયાત વર્તાઈ હતી. નારી આંદોલનનો ઇતિહાસ દર્શાવતાં અભ્યાસપૂર્ણ પુસ્તકો અંગ્રેજી ભાષામાં લખાયાં છે અને સ્થાનિક ભાષાઓમાં પણ આ પહેલાં કેટલાંક મહત્ત્વનાં પ્રકાશનો થયાં છે. પરંતુ પાયાના કાર્યકરો સમજી શકે અને બીજાને સમજાવવામાં ઉપયોગ કરી શકે તેવા સાહિત્યની ખોટ સતત વર્તાતી હતી.

જૂન 2007માં 'ઉન્નતિ'ના દીપા સોનપાલ, ગીતા શર્મા તેમ જ સહિયરનાં તૃપ્તિ શાહે આ દિશામાં તાત્કાલિક નક્કર પગલાં ભરવા અંગે ચર્ચા કરી. શરૂઆતમાં 70થી 80 પાનાંની એક સચિત્ર પુસ્તિકા તૈયાર કરવાનો ખ્યાલ હતો પણ જેમ જેમ પુસ્તિકામાં શેનો સમાવેશ કરવો તેનો વિચાર કરતા ગયા અને અન્ય મિત્રો, મુરબ્બીઓ સાથે ચર્ચા કરતા ગયા તેમ તેમ કાળ અને સ્થળનો વ્યાપ, મુદ્દાઓ, વિગતો, વિશ્લેષણ વગેરે તમામ ઉમેરવું જરૂરી લાગ્યું. આજે આ નાનકડી પુસ્તિકાનો વ્યાપ વધતાં વધતાં ચાર અલગ અલગ પુસ્તિકાની શ્રેણીમાં પરિણમ્યો છે. પ્રસ્તુત પુસ્તિકા-શ્રૃંખલામાં નારી આંદોલનના પ્રશ્નો અને મુદ્દાઓની જટિલતા અને ઊંડાણને સહજ રીતે સમજાય તે સ્વરૂપમાં રજૂ કરવાની કોશિશ કરી છે. જટિલતાને એટલી સાદી રીતે રજૂ ન કરવી કે જેથી પ્રશ્નના ઊંડાણનો ખ્યાલ ન આવે અને એકલી અઘરી રીતે પણ ન કરવી કે જેને સમજવામાં તકલીફ પડે.

આ માટે સ્ત્રીઓનો સમૂહ મુદ્દાઓની ચર્ચા કરતો હોય તે રીતે રોજબરોજની ભાષાનો ઉપયોગ કર્યો છે. ભાષા ઉપરાંત પુસ્તકોની ડિઝાઈન, ચિત્રો વગેરે નક્કી કરવામાં એટલી જ જહેમત ઉઠાવવામાં આવી છે. પ્રત્યેક મહત્ત્વના મુદ્દાને ચિત્ર દ્વારા રજૂ કરવા ડિઝાઈન અને કલા-નિર્દેશક તરુણદીપ ગિરધર, ઉન્નતિનાં દીપા સોનપાલ, ચિત્રાંકન કરનાર

કવિતા અરવિંદ, રણજીત બાલમૂચુ, પ્રિયંકર ગુપ્તા તેમ જ લેખિકા તૃપ્તિ શાહ વચ્ચે સતત સંવાદ, ચર્ચાઓ કરવામાં આવતી. આ માટે ઈન્ટરનેટ પર એક બ્લોગ બનાવી ચિત્રાંકન માટે જરૂરી મુદ્દાઓ, તેના આધારે કાચા સ્કેચ બનતા. આ સ્કેચ અંગે તેમના અભિપ્રાયો અને ચર્ચા વિચારણા બાદ અંતિમ ચિત્રાંકન તૈયાર થતું. આ પ્રક્રિયા પણ પુસ્તકના લખાણ જેટલી જ મહત્ત્વની રહી.

**વિષય વસ્તુ અને રજૂઆત**

પ્રથમ ભાગ, **'સ્ત્રી જીવન સંઘર્ષ : પ્રાચીન કાળથી ભક્તિ ચળવળ'**માં જેન્ડર, પિતૃસત્તા જેવી નારીવાદી વિભાવનાઓ ઉપરાંત પ્રાચીન કાળથી ભક્તિ ચળવળ સુધીના સમયનો સમાવેશ કર્યો છે. તેમાં ભારતની પિતૃસત્તાનું માળખું કઈ રીતે ઘડાતું ગયું તેની વાત છે. જ્ઞાતિપ્રથા તેમ જ પિતૃસત્તાના તાણાવાણા દ્વારા ઊભી થયેલ બ્રાહ્મણીય પિતૃસત્તાની આછી રૂપરેખા આપેલી છે. હિંદુ ધર્મના બ્રાહ્મણવાદ સામેના પડકાર રૂપે શરૂ થયેલ બૌદ્ધ ધર્મ તેમ જ ભક્તિ ચળવળની વાત અને તેમાં સ્ત્રીઓની ભૂમિકાનો ઉલ્લેખ કરેલો છે. આ સમયે ભારતમાં પ્રસરી રહેલા ઇસ્લામની વાત પણ કરી છે. ઇસ્લામની પહેલાં અરબસ્તાનમાં પ્રચલિત ધર્મની સરખામણીમાં ઇસ્લામમાં રહેલાં વધુ ઉદારમતવાદી પાસાંઓ આજે વ્યવહારમાં દેખાતાં નથી. આમ પિતૃસત્તા સામેના આ તમામ પ્રયત્નો પોતાના સ્થળ, કાળ અને જે તે સમયની આર્થિક, સામાજિક અને રાજકીય પરિસ્થિતિથી ઘડાયા હતા અને તેથી મર્યાદિત હતા તેની વાત કરે છે.

બીજો ભાગ, **'સ્ત્રી સમાનતા અને મતાધિકારઃ વિશ્વમાં નારી આંદોલન'**માં 19મી સદીમાં, સ્ત્રી સમાનતા અને મતાધિકાર માટે વિશ્વમાં થયેલ સંઘર્ષની વાત છે. 'દુનિયામાં કોઈ પણ મોટું પરિવર્તન સ્ત્રીઓના યોગદાન વગર શક્ય નથી બન્યું અને સ્ત્રી સમાનતાની લડતો પણ સમાજ પરિવર્તનના સંઘર્ષોની સાથે સાથે જ વિકસી છે' તેની છણાવટ આ ભાગમાં કરી છે. તેમાં પશ્ચિમના દેશોમાં સામંતવાદી વ્યવસ્થામાંથી મૂડીવાદી ઉત્પાદન પદ્ધતિ આવતાં સમાજ પરિવર્તનની લડતોની સાથે સાથે સ્ત્રીઓના અધિકારોની લડતો કઈ રીતે વિકસી તેની વાત ઇંગ્લેંડમાં થયેલા ચાર્ટીસ્ટ આંદોલન, નવજાગૃતિકાળના વિચારકોનો સ્ત્રીઓ અંગેનો દૃષ્ટિકોણ, ફ્રાંસની ક્રાંતિ, અમેરિકાની ગુલામી-મુક્તિની ચળવળ, આંતરરાષ્ટ્રિય મહિલાદિનનો ઇતિહાસ અને રશિયાની મૂડીવાદ વિરોધી ક્રાંતિમાં સ્ત્રીઓના યોગદાન અને આ બધાનો સ્ત્રીઓના અધિકારો માટેની ચળવળ સાથેના સંબંધનો સમાવેશ કર્યો છે.

ત્રીજો ભાગ, **'સામાજિક સુધારણા અને સ્વતંત્રતાની ચળવળમાં સ્ત્રીઓ'**માં ભારતની સામાજિક સુધારાની અને ત્યારબાદ સ્વતંત્રતાની ચળવળના સમયગાળાનો સમાવેશ કર્યો છે. અંગ્રેજી શાસન સામેના 1857ના બળવામાં

સ્ત્રીઓ અને ખાસ કરીને દલિત, આદિવાસી સ્ત્રીઓની ભૂમિકા, સુધારાની ચળવળમાં સુધારકો, પુનરુત્થાનવાદીઓ, અંગ્રેજો અને દલિત બહુજનસમાજના સુધારકો અને સાવિત્રીબાઈ ફૂલે કે પંડિતા રમાબાઈ જેવી સ્ત્રીઓની ભૂમિકા, શિક્ષણ અને સમાનતા માટે રકમાબાઈ, રુકૈયા સખાવત હુસૈન જેવી સ્ત્રીઓનો સંઘર્ષ, ભારતમાં સ્ત્રી સંસ્થાઓની શરૂઆત અને આઝાદીની લડતમાં અહિંસક સત્યાગ્રહ, ક્રાંતિકારી જૂથો અને આઝાદ હિંદ ફોજ એમ તમામ મોરચે સ્ત્રીઓએ આપેલ યોગદાનનો ખ્યાલ કેટલીક પ્રતિનિધિ સ્ત્રીઓની જીવનકથા દ્વારા રજૂ કરેલ છે. આઝાદીની લડતમાં ભાગ લીધા બાદ સ્વતંત્ર ભારતમાં સ્ત્રીઓને શું મળ્યું અને શું ના મળ્યું તેનાં લેખાં-જોખાં કરેલ છે તેમજ 60-70ના દાયકામાં ઊભા થયેલા જનઆંદોલનની વાતનો સમાવેશ કરેલ છે.

ચોથા અને આખરી વિભાગ, **'નારીમુક્તિ આંદોલન: પ્રશ્નો અને પડકારો'**માં સમકાલીન નારી આંદોલનની પૂર્વભૂમિકા, તેની શરૂઆતનો સમય અને તાજેતરના પ્રશ્નો અને પડકારોને સમાવવાની કોશિશ કરી છે.

અત્રે એ સ્પષ્ટતા કરવી રહે કે આ શ્રેણીમાં પ્રાચીન કાળથી આજ સુધીના સમગ્ર ઇતિહાસને તપાસવાનો કોઈ આશય નથી અને જે હેતુથી આ શ્રેણી તૈયાર કરવામાં આવી છે તે માટે તેમ કરવું જરૂરી પણ નથી. આ શ્રેણીનો હેતુ ઉપર જણાવેલ વિસ્તૃત સમય દરમ્યાન ભારત અને વિશ્વમાં પિતૃસત્તાક વ્યવસ્થાના બદલાતા જતા સ્વરૂપ સામે વિવિધ તબક્કે સ્ત્રીઓએ કરેલા વિરોધ અને સંઘર્ષનો ખ્યાલ પાયાના કાર્યકરો સુધી પહોંચાડવાનો છે. આ આશયથી શ્રેણીના જુદા જુદા ભાગમાં રજૂઆતની પદ્ધતિ અને વિગતોના ઊંડાણમાં થોડી વિવિધતા પણ છે. જેમ કે શ્રેણીની પ્રથમ પુસ્તિકામાં ભાષા અને રજૂઆત શક્ય તેટલી વધારે સરળ રાખવાની કોશિશ કરી છે. બીજા ભાગમાં વિશ્વના નારી આંદોલનની વાત કરતી વખતે તે સમયના યુરોપની આર્થિક અને રાજકીય વ્યવસ્થા વિશેની વિગતો પ્રમાણમાં વધારે ઊંડાણથી આપી છે. કારણ કે આજે આપણે જે લોકશાહી અને સાર્વત્રિક મતાધિકારને સહજ રીતે મૂડીવાદી સમાજની દેણ માનીએ છીએ તે મેળવવા માટે કઈ રીતે સીમાંત સમૂહો અને ખાસ કરીને સ્ત્રીઓને મૂડીવાદના શરૂઆતના તબક્કામાં ઝઝૂમવું પડ્યું અને બલિદાનો આપવાં પડ્યાં તે સમજવા માટે તે સમયની પરિસ્થિતિ જાણવી જરૂરી છે. ભારતના વાચકો તેનાથી અપરિચિત હશે તેવું લાગતાં તે વિગતો વધારે વિસ્તારપૂર્વક આપેલી છે. જ્યારે તે જ સમયના ભારતના ઇતિહાસની પ્રાથમિક વિગતોથી વાચકો પરિચિત હશે તેમ માની તેમાં વધારે ભાર સ્ત્રીઓની ભૂમિકા પર આપ્યો છે.

ઉપરના ત્રણે ભાગમાં જે તે સમયના સંઘર્ષ અને પ્રશ્નો કેટલીક સ્ત્રીઓના પ્રેરણાદાયક જીવનકાર્યના ચિત્રો દ્વારા આપવાની પદ્ધતિ અપનાવી છે.

જ્યારે ચોથા ભાગમાં 1970ના દાયકા પછીના આંદોલનની વાત કરતી વખતે જે તે મુદ્દાની આસપાસ રજૂઆતને ગૂંથી છે. પ્રત્યેક મુદ્દામાં તે અંગેની નારીવાદી સમજ, તેની સામે થયેલ વિરોધના મહત્ત્વના બનાવો અને તેનું વિશ્લેષણ આપવાની કોશિશ કરી છે કે જેથી વાચક પોતાના સંગઠન કે કાર્યક્ષેત્રમાં બનતા બનાવોને આ મુદ્દાઓ સાથે સાંકળીને પગલાં લઈ શકે.

**મર્યાદા અને અપેક્ષા**

આ શ્રેણીમાં નારી આંદોલનના તમામ મહત્ત્વના મુદ્દાઓ અને બનાવોને સમાવવાની કોશિશ કરી છે. તેમ છતાં કેટલાક મુદ્દાઓ રહી ગયા હોય અથવા સ્થળસંકોચને કારણે ન લઈ શકાયા હોય કે તેમને પૂરતો ન્યાય ન આપી શકાયો હોય તે શક્ય છે. પ્રત્યેક પુસ્તિકામાં સ્ત્રી-પુરુષ સમાનતા ઉપરાંત પ્રભુત્વ ધરાવનાર વર્ગ, જ્ઞાતિ અને ધર્મથી ઉપર ઊઠીને તમામ સીમાન્ત ઓળખ ધરાવતાં જૂથોના દૃષ્ટિકોણ અને તેમના અનુભવોનાં ઉદાહરણો રજૂ કરવાની કોશિશ કરી છે. તે અંગેનાં લખાણો વિશે અન્ય જાણકારોની મદદ તેમ જ અભિપ્રાય લીધો છે પરંતુ તેમ છતાં તમામ સીમાન્ત સમૂહોના અનુભવો અંગે અમારી સમજ અને માહિતીની મર્યાદાને કારણે ત્રુટિ રહી ગઈ હોય તો તે તરફ ધ્યાન દોરવા વિનંતી. પુસ્તિકામાં સમાવેલાં મુદ્દાઓ, ભાષા, રજૂઆત અને નહીં સમાવેલા મુદ્દાઓ વિશે પણ આપનાં સૂચનો, પ્રતિભાવો આવકાર્ય છે.

**દીપા સોનપાલ**
ઉન્નતિ - વિકાસ શિક્ષણ સંગઠન

**તૃપ્તિ શાહ**
સહિયર (સ્ત્રી સંગઠન)

## પુસ્તિકા શ્રેણીનો ઉપયોગ

આ પુસ્તિકા શ્રેણી સ્ત્રીઓના તેમ જ વિકાસના પ્રશ્નો અંગે કામ કરતા પાયાના કાર્યકરોની જરૂરિયાતને ધ્યાનમાં રાખીને તૈયાર કરવામાં આવી છે. પાયાના કાર્યકરો માટે નારી આંદોલન અંગે પોતાની સમજ વિકસાવવા ઉપરાંત આ સમજને બહોળા સમુદાય સુધી લઈ જવા માટે મદદરૂપ થાય તેવા સાહિત્યની જરૂર પડે છે.

આ બંને જરૂરિયાતને ધ્યાનમાં રાખીને શક્ય તેટલી સરળ ભાષામાં આ પુસ્તિકાઓ તૈયાર કરવામાં આવી છે. પુસ્તિકાઓના લખાણ ઉપરાંત કેટલાક મુદ્દાઓ અંગે વધારાના વાચનનો તેમ જ સમાવેલા મુદ્દાઓ અંગે વધારે જાણકારી મળી શકે તેવાં પુસ્તકોની યાદીનો પણ સમાવેશ કર્યો છે.

પુસ્તિકાઓનો અભ્યાસ કર્યા બાદ કાર્યકરો પોતાના કાર્યવિસ્તારના લોક-સમૂહોમાં પણ આ વિષયની રજૂઆત કરી શકે તે પ્રમાણે પુસ્તિકાનું આયોજન કર્યું છે. તેની રજૂઆત મહિલા સમૂહની મીટિંગમાં થતી ચર્ચા સ્વરૂપે કરવામાં આવેલી છે. સમૂહોની મીટિંગમાં 1 દિવસમાં એકથી દોઢ કલાક દરમ્યાન કાર્યકરોની મદદથી સમૂહવાચન થઈ શકે તે રીતે તેના વિભાગ પાડવામાં આવ્યા છે. મુદ્દાને અનુરૂપ ગીત, કાવ્ય વગેરેને સામેલ કરવાની કોશિશ કરી છે, જેથી સમૂહવાંચનના સેશનને રસપ્રદ બનાવી શકાય.

કાર્યકરોની સર્વગ્રાહી સમજ માટે તેઓ શ્રેણીની ચારેચાર પુસ્તિકાઓનું સંપૂર્ણ વાચન કરે તે જરૂરી છે પરંતુ સ્થાનિક સમૂહોમાં રજૂઆત કરતી વખતે જે તે સમૂહના સંજોગોને અનુરૂપ ન લાગે તેવા કેટલાક મુદ્દાઓ સમૂહ વાચનમાંથી બાકાત રાખી શકાય. જો કે, શ્રેણીની પ્રથમ પુસ્તિકામાં પાયાના ખ્યાલો રજૂ કર્યા હોવાથી પ્રત્યેક સમૂહ માટે તેનું સંપૂર્ણ વાચન આવશ્યક છે પરંતુ તે પછીની પુસ્તિકાઓમાંથી કાર્યકર સ્થાનિક સમૂહની જરૂરિયાત મુજબ નિર્ણય લઈ શકે છે.

પુસ્તિકામાં જણાવેલાં ઉદાહરણો ઉપરાંત સ્થાનિક કક્ષાએ વધુ પ્રચલિત હોય તેવાં ઉદાહરણો, ગીતોનો સમાવેશ કરી શકાય. દરેક દિવસ બાદ તે મુદ્દા પર સમૂહના સભ્યો સાથે ચર્ચા કરવી આવશ્યક છે. શક્ય છે કે સમૂહમાંથી સ્થાનિક કક્ષાએ વધારે પ્રચલિત હોય અને વધારે અસરકારક હોય તેવાં ઉદાહરણો, અનુભવ કે ગીતો બહાર આવે. ચર્ચામાંથી ઊઠેલા મહત્ત્વના મુદ્દા અને ઉદાહરણો, ગીતો વગેરે પ્રકાશન અર્થે મોકલવા વિનંતી કે જેથી ભવિષ્યમાં તેનો સમાવેશ કરી શકાય.

પ્રથમ ત્રણ પુસ્તકના પ્રકાશન બાદ તેનો ઉપયોગ કરવાના વિવિધ પ્રયોગો ઉત્સાહપ્રેરક રહ્યા.

- વિવિધ સામાજિક સ્તરના મિત્રોએ પત્ર, ફોન, ઈમેલ દ્વારા પુસ્તકોની પ્રસ્તુતતા અને વ્યક્તિગત વાંચનમાં તેની ઉપયોગિતા અંગે અભિપ્રાયો આપ્યા. જેમાં કાર્યકરો ઉપરાંત શાળા-કોલેજના શિક્ષકો, વિદ્યાર્થીઓ, ગૃહિણીઓ, તેમ જ અન્ય લોક સંગઠનોના સ્ત્રી તેમ જ પુરુષ મિત્રોનો સમાવેશ થાય છે.
- તાલીમ કાર્યક્રમોમાં તેના કેટલાક ભાગનો ઉપયોગ કર્યો હોવાના અનુભવ જાણવા મળ્યા.
- વડોદરાની એક શાળાનાં શિક્ષિકા બહેને પોતાની વિદ્યાર્થિનીઓ પાસે અને અમદાવાદની વસ્તીની યુવાન બહેનોએ પ્રથમ ભાગને નાટક સ્વરૂપે તૈયાર કરી તેની સફળ રજૂઆત કરી.
- પાયાના કાર્યકરો સાથે ત્રણે પુસ્તિકાનું પાત્રો પ્રમાણે સમૂહ વાંચન કરવામાં આવ્યું.
- રેડિયો તેમજ ટી.વી. કાર્યક્રમોમાં પુસ્તકોના ઉપયોગ કરવા અંગે વાતચીત ચાલી રહી છે.



**સમૂહમાં વાંચતી વખતે અસરકારક રજૂઆત માટે મોટેથી વાંચનાર કાર્યકરો માટેનાં સૂચનોઃ**
પુસ્તિકામાં સાત મુખ્ય પાત્રો છે. દરેક પાત્રની લાક્ષણિકતાને સમજીને તેને અનુરૂપ લઢણથી સંવાદો બોલી શકાય તે માટે ટૂંકો પાત્ર પરિચય નીચે મુજબ છેઃ


***એકતાઃ*** મહિલા જૂથની અગ્રણી કાર્યકર છે. શિક્ષણ, વાંચન તથા સંઘર્ષના અનુભવો દ્વારા સ્ત્રીઓના પ્રશ્નો અંગે ઊંડી સમજ ધરાવે છે. મહિલા જૂથની સમજ વધારનાર તરીકેની ભૂમિકા ભજવે છે.

***શકરીઃ*** 40-45 વર્ષની સક્ષમ સ્ત્રી છે. હિંસાને કારણે પતિથી છૂટાછેડા લઈ બે સંતાનોને મહેનત કરી ઉછેરે છે. ખાસ ભણેલી નથી પરંતુ પિતૃસત્તા અને જ્ઞાતિપ્રથાનો સામનો કરવાના અનુભવોમાંથી સમાજવ્યવસ્થા અંગે સમજ કેળવી છે. હિમ્મત અને કોઠાસૂઝથી પ્રશ્નો કરી શકે છે.

***કમલાઃ*** 20-22 વર્ષની કોલેજમાં અભ્યાસ કરતી યુવતી છે. પોતાનાં માતા-પિતા-દાદી સાથે રહે છે. ભેદભાવ, અન્યાયને સહન કરી શકતી નથી. નવી વાતો જાણવા, સ્વીકારવા ઉત્સુક છે.

***રેશ્માઃ*** કમલાની બહેનપણી અને સમવયસ્ક છે. તેની સાથે અભ્યાસ કરે છે. સરળ અને ઉત્સાહી છે.

***આશાઃ*** 30-35 વર્ષની નોકરી કરતી શિક્ષિત સ્ત્રી છે. લગ્નજીવનમાં પતિની શંકા અને માનસિક ત્રાસ સામે ઝઝૂમી રહી છે.



***નીરુઃ*** 40-50 વર્ષની વયની પ્રૌઢ સ્ત્રી છે. ગૃહિણી છે. પરંપરાગત વાતાવરણમાં ઊછરી છે અને સમાજનાં પ્રચલિત ધારા-ધોરણો, રીત-રિવાજમાં માને છે પરંતુ તેના કરતાં જુદી વાત સાંભળવાની તૈયારી છે.

***ફરઝાનાઃ*** 30-35 વર્ષની વયની સ્ત્રી છે. ગૃહિણી છે અને તે પણ પરંપરાગત વાતાવરણમાં ઊછરી છે પરંતુ નવી વાતો સમજવાની તૈયારી છે.

- જો દરેક પાત્રના સંવાદો અલગ અલગ કાર્યકરો રજૂ કરે તો ખૂબ સારું. પરંતુ તે શક્ય ન હોય તો એક અથવા વધારે કાર્યકરો રજૂઆત કરી શકે.
- જો સમૂહમાં અસરકારક રીતે વાંચી શકે તેવા સભ્યો હોય તો કેટલાક પાત્રોના સંવાદો સમૂહના સભ્યોને વાંચવાનું કહી શકાય.
- જે ભાગનું વાંચન કરવાનું હોય તે કાર્યકરોએ અગાઉથી વાંચીને સમજી લેવો.
- મોટે ભાગે સરળ ભાષા અને શબ્દોનો પ્રયોગ કરેલ છે પરંતુ તેમ છતાં કોઈ અજાણ્યા શબ્દ હોય તો તે શબ્દોના અર્થ અને સ્પષ્ટ ઉચ્ચાર જાણી લેવા.
- જ્યાં જરૂરી લાગે ત્યાં પુસ્તિકામાં આપેલાં ઉદાહરણો-ગીતોને બદલે સ્થાનિક કક્ષાએ વધુ અસરકારક ઉદાહરણો કે ગીતો ઉપલબ્ધ હોય તો તે શોધી મીટિંગ પહેલાં તૈયાર રાખવાં.

# લડેંગે હમ, બઢેંગે હમ,
# યે જુલ્મ કે ખિલાફ હમ....

*આશા:* એક્તાબહેન આજે આપણે સ્વાયત્ત નારી આંદોલન વિશે વાત કરીશું ને?

*નીરુ:* હા, પહેલાંના સમયની ઘણી વાતો જાણી. હવે અત્યારના સમયની લડતો વિશે પણ સાંભળીએ

*શકરી:* અરે બહેન, હવે બીજી બહેનોના સંઘર્ષ વિશે સાંભળ્યા કરવાનો નહીં પણ આપણે જ સંઘર્ષ કરવાનો સમય આવી ગયો છે.

*ફરઝાના:* સાચી વાત. આપણી રેશ્માની બેઇજ્જતી થાય તે કાંઈ આપણે ચૂપચાપ જોયા તો ના જ કરીએ ને!

*એક્તા:* શું થયું? જરા માંડીને વાત કરો.



*શકરીઃ* રેશમાની કોલેજનો એક છોકરો તેની પાછળ પડી ગયો હતો. પણ રેશમા તેને દાદ આપતી ન હતી. ગઈ કાલે તેમણે રેશમાનો રસ્તો રોકી તેનો હાથ પકડી લીધો અને ખરાબ રીતે છેડતી કરી.

*ફરઝાનાઃ* ને આપણી રેશમા પણ કાંઈ ઓછી નથી. તેણે જોરથી બૂમો પાડીને કચકચાવીને તમાચો ચોડી દીધો. રેશમાની બૂમો સાંભળી કમલા અને બીજી છોકરીઓ પણ દોડી આવી તેથી પેલો ગભરાઈને ભાગી ગયો. પણ જતાં જતાં રેશમાને ધમકી આપતો હતો કે, તને જોઈ લઈશ.

*નીરુઃ* અરે! આ તો બહુ ખરાબ થયું. આમ કોલેજમાં પણ છોકરીઓ સલામત ન હોય તો મા-બાપ ભણવા મોકલતા પહેલાં હજાર વાર વિચાર કરે.

*આશાઃ* અરે! આવા છોકરાઓના ડરથી છોકરીઓને ઘરમાં પૂરી રાખી તેમનું ભવિષ્ય થોડું જ બગાડાય? આવા સામે તો લડી લેવું જોઈએ.

*શકરીઃ* હા, આજે બધી છોકરીઓ કોલેજના પ્રિન્સિપાલ પાસે રજૂઆત કરવા જવાની છે અને તેમના વિદ્યાર્થી યુનિયનના નેતાઓ પણ તેમને સાથ આપવાના છે, એવું કમલાએ મને કહ્યું છે.

*એક્તાઃ* સરસ! જરૂર પડે આપણે સૌ તેમના ટેકામાં જઈશું.
(એટલામાં રેશમા અને કમલા આવે છે. બંને ગુસ્સામાં છે અને થોડી હતાશ પણ છે.)

*બધાઃ* આવી ગયા? કોલેજમાં શું થયું?

*કમલાઃ* (ગુસ્સામાં) અરે! ગઈ કાલે મોટી મોટી વાતો કરનારા પેલા વિદ્યાર્થી નેતાઓ આજે એકદમ પાણીમાં બેસી ગયા. અને કહેવા લાગ્યા કે ફરિયાદ શા માટે કરો છો? વાત લાંબી થશે તો છોકરીની જ બદનામી થશે...

*ફરઝાનાઃ* પણ આમ અચાનક કાચિંડાની જેમ તેમણે રંગ કેમ બદલ્યો? ગઈ કાલે તો તેમણે કોલેજમાં હડતાળ પાડી દઈશું, ગુનેગારને સજા કરાવીશું એવી બધી વાતો તમને કરી હતી ને!

*રેશ્માઃ* હા, ગઈ કાલે કહેતા હતા કે છોકરીની બેઇજ્જતી એ તો આપણી સંસ્કૃતિનું અપમાન છે. એને ખાતર અમે કાંઈ પણ કરી લઈશું. પણ આજે તેમને ખબર પડી કે છેડતી કરનાર બીજો કોઈ નહીં પણ તેમના જ પક્ષના નેતાનો ભત્રીજો છે.

*કમલાઃ* ગઈ કાલે તેમને લાગતું હતું કે વિદ્યાર્થી યુનિયનની ચૂંટણી આવે છે અને જો રેશમાના પ્રશ્નમાં આગેવાની લેશે તો બધી છોકરીઓના મત તેમને મળી જશે પણ પોતાના જ પક્ષના નેતાની વિરુદ્ધમાં જવાની તેમની તૈયારી નથી. માટે રેશમાને કહે, 'જવા દોને ફરિયાદ ન કરશો... તમે કઈ રીતે સાબિત કરશો? બદનામી તો છોકરીની જ થાય વગેરે...'

*નીરુઃ* તો શું હવે તમે ફરિયાદ નહીં કરો?

*રેશ્માઃ* જરૂર કરીશું. અમે કોલેજમાં ફરી ફરીને બધી છોકરીઓને સમજાવીશું અને તેમના ટેકાથી અમારી ફરિયાદ આગળ લઈ જઈશું. પણ આમ વિદ્યાર્થી નેતાઓ છેલ્લી ઘડીએ પાણીમાં બેસી ગયા તેથી મને તો નવાઈ લાગી.

*એકતાઃ* એમાં નવાઈ પામવા જેવું કશું નથી. વિદ્યાર્થી સંગઠનો કે રાજકીય પક્ષો જ નહીં, કેટલીક વાર જન આંદોલનો અને દુનિયાની મોટી મોટી ક્રાંતિમાં પણ પોતાનાં સાંકડાં હિતોને ધ્યાનમાં રાખીને સ્ત્રીઓના અધિકારનો મુદ્દો બાજુએ મૂકી દેવામાં આવે છે તે આપણે આગળના વિભાગમાં જોયું જ છે. માટે જ તો સ્ત્રીઓને સ્વાયત્ત નારી આંદોલનની જરૂરિયાત મહેસૂસ થઈ.




*આશાઃ* સાચી વાત. આ પહેલાંના વિભાગોમાં વિશ્વમાં મતાધિકાર માટેની લડત, ભારતની આઝાદીની લડત અને જનઆંદોલનોના ઇતિહાસમાં પણ આપણે એ જ જોયું કે દરેક વખતે સ્ત્રીઓ પુરુષો સાથે ખભેખભા મિલાવી સંઘર્ષ કરે, બલિદાનો આપે પણ સ્ત્રીઓના અધિકારની વાત આવે ત્યાં બધા મોં ફેરવી લે.

*શકરીઃ* એટલે જ હવે અમને સ્વાયત્ત આંદોલન વિશે વાત કરો.

*એકતાઃ* જરૂર. એ જાણકારી આપણને આપણી લડત આગળ લઈ જવામાં મદદરૂપ થશે. પરંતુ તે પહેલાં આગળના વિભાગોમાં આપણે શેની ચર્ચા કરી છે, તે ટૂંકમાં યાદ કરી લઈએ.

*કમલાઃ* બરોબર. પહેલા વિભાગની શરૂઆતમાં આપણે એ જોયું હતું કે સ્ત્રીની જાત અને પુરુષની જાતમાં ખાસ કોઈ તફાવત નથી.

*નીરુઃ* બરોબર. કુદરતે નર અને માદાને જન્મ આપ્યો અને તે બંને બધી રીતે સરખાં જ છે પણ માત્ર પ્રજનનતંત્રમાં જ ફરક છે કે જેથી માનવજાતનો વેલો આગળ વધે.

*આશા:* પણ સમાજે તેમનાં કામ, લક્ષણ, અધિકારમાં ભેદભાવ ઊભા કર્યા અને સ્ત્રીનું સ્થાન નીચું કર્યું. પણ આ ભેદભાવ કુદરતી નથી તેથી દરેક સમયે પ્રાચીન કાળથી માંડીને આજ સુધી સ્ત્રીઓએ તેની સામે કોઈ ને કોઈ રીતે વિરોધ વ્યક્ત કર્યા છે, તે આપણે જોયું.

*શકરી:* હા, પ્રાચીનકાળમાં ગાર્ગી, સીતા ને દ્રૌપદીના વિરોધ વિશે આપણે વાત કરી.

*એકતા:* અને એ પણ સમજ્યા કે કઈ રીતે મનુસ્મૃતિના સમયમાં સ્ત્રીની શ્રમશક્તિ, જાતીયતા અને પ્રજનન શક્તિ પર અંકુશ કાયમ કરવા પિતૃસત્તાક વ્યવસ્થા મજબૂત બની અને જ્ઞાતિપ્રથા સાથે સંકળાઈ ગઈ.

*ફરઝાના:* અને બૌદ્ધ ધર્મ તથા ઇસ્લામની શરૂઆત કઈ રીતે જૂની સમાજ-વ્યવસ્થા સામેના બળવા તરીકે થઈ તે પણ આપણે જોયું.

*એકતા:* બરોબર. બીજા વિભાગમાં આપણે સ્ત્રી સમાનતા અને મતાધિકાર માટે દુનિયાના દેશોમાં થયેલા સંઘર્ષ વિશે જોયું.

*રેશ્મા:* બીજા વિભાગમાં સૌથી પહેલાં તો આપણે એ જોયું કે કઈ રીતે યુરોપના દેશોમાં નવજાગરણ યુગ તેમ જ ઔદ્યોગિક ક્રાંતિની સાથે સાથે સામંતવાદી વ્યવસ્થામાંથી મૂડીવાદી વ્યવસ્થાનો વિકાસ થયો.

*કમલા:* ઈંગ્લેંડમાં મત આપવાના સામાન્ય અધિકાર માટે પણ સામાન્ય લોકો, કામદારો અને સ્ત્રીઓએ કઈ રીતે લડવું પડ્યું હતું તે સમજ્યા.

*એકતા:* એ ઉપરાંત આપણે ફ્રાંસની ક્રાંતિમાં સ્ત્રીઓના સહભાગની વાત કરી હતી.





*નીરુ:* હા. તેમાં તો પેલી બહેનને ફાંસીને માંચડે પણ ચડાવી દીધી હતી, નહીં!

*એકતા:* બરોબર. સ્ત્રીઓના અધિકારોનું ઘોષણાપત્ર લખનાર ઓલમ્પી ડી. ગોજીસને મૃત્યુદંડ આપવામાં આવ્યો હતો.

*ફરઝાના:* આપણે સમાજ બદલવા માટેની વાતો કરનાર કેટલા બધા વિચારકોના વિચાર જાણ્યા!

*રેશ્મા:* નારીવાદનું પ્રથમ ઘોષણાપત્ર આપનાર મેરી વોલસ્ટોન ક્રાફ્ટ, સહકારનો સિદ્ધાંત આપનાર રોબર્ટ ઓવન અને તેની સાથીદાર અન્ના વ્હીલરની વાત જાણી. કાર્લ માર્કસ અને મહિલા દિનની શરૂઆત કરનાર કાપડ સૂતરની મિલોના કામદારો અને ક્લેરા ઝેટકીનની વાત પણ જાણી.


*આશા:* અરે! એ પહેલાં તો અમેરિકામાં ગુલામોની મુક્તિ અને સ્ત્રીઓના અધિકાર માટે લડતી બહેનો વિશે વાત કરી હતી તેમનાં નામ...

*એકતા:* ફેની રાઈટ, એલીઝાબેથ સ્ટેનટોન અને લ્યુક્રેશિયા મોટ.

*શકરી:* અને રશિયામાં રોટી અને શાંતિ માટે સ્ત્રી કામદારોએ મહિલા દિને શરૂ કરેલ આંદોલનમાંથી ક્રાંતિની શરૂઆત થઈ તેની વાત પણ કરી.

*નીરુ:* આ બધી બહેનોની વાત જાણીને એક વાત સમજાઈ ગઈ કે દુનિયા બદલવા માટેની બધીય લડતોમાં સ્ત્રીઓએ કેટલો આગળ પડતો ભાગ ભજવ્યો છે.

*એકતા:* ખૂબ સરસ. ટૂંકમાં કહીએ તો... આપણે જોયું કે 19મી સદીમાં અલગ અલગ દેશની બહેનોના મતાધિકાર માટેના, ગુલામીની નાબૂદી માટેના કે કામની સારી પરિસ્થિતિ માટેના સંઘર્ષો દ્વારા આખી દુનિયામાં સ્ત્રીઓના પ્રશ્નો કેન્દ્રસ્થાને




આવ્યા. અને ત્રીજા વિભાગમાં આપણે જોયું કે ભારતમાં પણ 19મી સદીમાં સુધારાની ચળવળ દરમ્યાન સ્ત્રીઓના પ્રશ્નો સપાટી પર આવ્યા અને મહત્ત્વના બન્યા.

*કમલા:* પહેલાં તો આપણે સમજ્યા કે અંગ્રેજોએ કઈ રીતે ભારતને ગુલામ બનાવ્યું અને ખેડૂતો, આદિવાસીઓનું શોષણ કર્યું.

*રેશ્મા:* અને 1857માં હિંદુ-મુસલમાન રાજાઓએ જ નહીં, દલિત-આદિવાસી પ્રજાએ પણ અંગ્રેજોના શોષણનો વિરોધ કર્યો. તેની વાતો જાણી.

*શકરી:* અને ઉતિહાસે જેમને ભુલાવી દીધાં છે તેવાં પેલાં દલિત ઝલકારીબાઈ - રાણી લક્ષ્મીબાઈનાં બહેનપણી...!

*આશા:* બેગમ હજરત મહલ...

*ફરઝાના:* અને ઉદાદેવીના બલિદાનની વાતો જાણી.

*નીરુ:* ત્યારબાદ સ્ત્રીઓના શિક્ષણ, સતીપ્રથા અને વિધવા વિવાહ માટે સમાજ સુધારકોએ ઉઠાવેલ ચળવળની વાત કરી.

*રેશ્મા:* અને સાવિત્રીબાઈ ફૂલે, પંડિતા રમાબાઈ વગેરેએ કઈ રીતે પિતૃસત્તા અને જ્ઞાતિપ્રથાને પડકાર્યા તેની વાતથી તો ખૂબ જ પ્રેરણા મળી.

*આશા:* રકમાબાઈનું જીવન અને તેમના પ્રશ્નોમાં કઈ રીતે સમાજ-સુધારકો, પુનરુત્થાનવાદીઓ અને અંગ્રેજોએ પોતાના હિત ખાતર સ્ત્રીઓના અધિકારોને બાજુ પર મૂક્યા તે મને બરોબર યાદ રહી ગયું છે.

*કમલા:* મને તો પોતે ભણવા માટે અને પછીથી બીજી છોકરીઓને ભણાવવા માટે રુકૈયા સખાવત હુસેને કરેલા સંઘર્ષની વાત ખૂબ સ્પર્શી ગઈ છે.

*એકતા:* ત્યાર બાદ સરલાદેવી ચૌધરાની, માર્ગારેટ કઝીન્સ વગેરેનાં જીવન પરથી આપણે જોયું કે ભારતમાં કેવી રીતે સ્ત્રી સંસ્થાઓની શરૂઆત થઈ અને અખિલ હિંદ મહિલા પરિષદના શરૂઆતનાં વર્ષો વિશે પણ જાણકારી મેળવી.

*ફરઝાના:* આઝાદીની લડતમાં સત્યાગ્રહમાં ભાગ લેનાર જાણીતી સ્ત્રીઓ જેમ કે કસ્તુરબા, કમલાદેવી ચટ્ટોપાધ્યાય, સરોજિની નાયડુ અને સાથે સાથે ઓછી જાણીતી સ્ત્રીઓ જેમ કે દક્ષિણ ગુજરાતનાં દશરીબહેન અને છેક નાગાલેન્ડનાં રાની ગાઈડીન્લ્યુ વિશે પણ જાણ્યું.

*શકરી:* ક્રાંતિકારી ચળવળમાં જોડાઈ બલિદાન આપનાર શાંતિ ઘોષ, સુનીતિ ચૌધરી અને આઝાદ હિંદફોજમાં જોડાયેલ સ્ત્રીઓની કામગીરી વિશે પણ જાણ્યું.

*રેશ્મા:* આઝાદીની લડતમાં જ નહીં, ત્યાર પછી સ્વતંત્ર ભારતના ઘડતરમાં, આયોજનમાં, શિક્ષણમાં, કામદાર ચળવળમાં એમ તમામ ક્ષેત્રોમાં યોગદાન આપનાર દુર્ગાબાઈ દેશમુખ, મણિબેન કારા, હંસા મહેતા વગેરે વિશે પણ જાણકારી મેળવી.

*આશા:* ભારતના ભાગલા વખતે સરહદની બંને બાજુ ચાલતી હેવાનિયત વચ્ચે અપહરણ થયેલ સ્ત્રીઓ માટે કામ કરનાર કમળાબહેન પટેલની વાત તો હું ભૂલી જ નથી શકતી.

*એકતા:* ન જ ભૂલી શકાય, કારણ કે આ બધી સ્ત્રીઓનાં બલિદાન અને યોગદાનના પરિણામે આપણને સ્વતંત્રતાની સાથે કેટલાક અધિકારો મળ્યા છે.

*કમલા:* પણ શું મળ્યું અને શું ના મળ્યું તેની ચર્ચામાં મતાધિકાર તથા બંધારણમાં સમાનતા મળી પણ અર્થતંત્રમાં ઉત્પાદક તરીકેનો દરજ્જો અને કુટુંબમાં સમાન અધિકાર ન મળ્યા તેની હકીકતો ખાસ મહત્ત્વની હતી.

*નીરુ:* આઝાદી પછી જનઆંદોલનોમાં પણ સ્ત્રીઓ ખભેખભા મિલાવી લડી, તેની વાત આપણે કરી હતી.

*એકતા:* હા ’60 અને ’70ના દાયકામાં નવનિર્માણ, મોંઘવારી વિરોધી આંદોલન અને આદિવાસીઓનાં આંદોલનોમાં સ્ત્રીઓના સહભાગની વાત આપણે કરી હતી.

*ફરઝાના:* તેમાંય દારૂડિયા પુરુષોને પાઠ ભણાવતી શાહદાની સ્ત્રીઓ અને ઝાડને વળગી પર્યાવરણ બચાવતી ચિપકો આંદોલનની સ્ત્રીઓની વાત તો મને ખૂબ જ ગમી ગઈ હતી.

*એકતા:* અને છેલ્લે આ તમામ જન આંદોલનો, વિશ્વના નારી આંદોલન અને ભારત સરકારના 'સમાનતા તરફ' અહેવાલ, જેવાં વિવિધ પરિબળો ભેગાં થયાં તેના પરિણામે ભારતમાં સ્વાયત્ત નારી આંદોલનની શરૂઆત માટેની ફળદ્રુપ જમીન તૈયાર થઈ, તેની વાત આપણે કરી હતી.

*રેશ્મા:* બરોબર. તો હવે શરૂ કરીએ સ્વાયત્ત નારી આંદોલન વિશેની વાત.

(એટલામાં કમલાના ફોનની ઘંટડી વાગે છે. ફોન પર વાત કરી તે સૌને જણાવે છે.)

*કમલા:* રેશ્મા, સહલનો ફોન હતો. તે કહે છે કે ભલે વિદ્યાર્થી નેતાઓ પાણીમાં બેસી ગયા પણ તેના ગ્રુપના કેટલાક છોકરાઓ આપણી સાથે જ છે. તેઓ પૂછે છે કે આપણે તેમને મળી શકીએ?


*એકતા:* કમલા, રેશમા તમે તેમને જરૂર મળવા જાવ અને બીજા વિદ્યાર્થીઓનો સંપર્ક કઈ રીતે કરવો તેનું આયોજન કરો. તમે એક નાનકડી પત્રિકા છાપીને તમારી લડતના ટેકામાં બીજા વિદ્યાર્થીઓની સહી પણ લઈ શકો અને પછી બધાની સહી સાથે આચાર્ય પાસે રજૂઆત કરી શકો.

*શકરી:* બરોબર છે. આજનો આપણો સમય પણ પૂરો થયો છે. એકતાબહેન આજની ચર્ચા એક સરસ મજાના ગીતથી પૂરી કરીએ.

*એકતા:* તો આપણે તમામ પ્રકારના જુલમો સામે સંઘર્ષ કરી લેવાનો જુસ્સો આવે તેવું એક ગીત ગાઈશું.

લડેંગે હમ, બઢેંગે હમ





લડેંગે હમ, બઢેંગે હમ, જુલ્મ કે ખિલાફ હમ
નઈ સુબહ લાને કો, રહેંગે સાથ સાથ હમ...

મિટાએં અત્યાચાર હમ, ભગાયેં બલાત્કાર હમ
યે મારધાડ, અનાચાર, અબ કરેં સમાપ્ત હમ
કરેંગે લૂટ કા યે રાજ, નાશ એકતા સે હમ
નઈ સુબહ લાને કો, રહેંગે સાથ સાથ હમ... લડેંગે હમ...

ઔરતોં કા ગમ મિટે, યે મર્દોં કા સિતમ મિટે
મિટે પ્રપંચી રૂઢિયાઁ, મિટે યે જુલ્મખોરિયાઁ?
તોડ ફેંકને ઇસે તૂ આ હમારા સાથ કર
નઈ સુબહ લાને કો, રહેંગે સાથ સાથ હમ... લડેંગે હમ...

**- વિભૂતિ પટેલ, સોનલ શુક્લ**

# સ્ત્રીઓનું, સ્ત્રીઓ દ્વારા, સ્ત્રીઓ માટેનું સ્વાયત્ત નારી આંદોલન

(આજે સૌ સમયસર ભેગા થઈ ગયા છે.)

*નીરુ:* (કમલા તથા રેશમાને) છોકરીઓ તમારી ઝુંબેશ કેવી ચાલે છે?

*રેશ્મા:* આજે અમે ઘણા વિદ્યાર્થી-વિદ્યાર્થિનીઓને નાનાં જૂથોમાં મળ્યા. તેમની સાથે ઘણી ચર્ચાઓ થઈ. તેની વાત અમારે કરવાની જ છે પણ પહેલાં આપણે સ્વાયત્ત નારી આંદોલન વિશેની વાત કરી લઈએ. એકતાબહેન તમે વાત શરૂ કરો.

*એકતા:* 1975 પછી શરૂ થયેલું આંદોલન 'સ્વાયત્ત નારી આંદોલન' તરીકે ઓળખાય છે.

*આશા:* તેને સ્વાયત્ત શા માટે કહે છે?

*એકતા:* સ્વાયત્ત એટલે, જેમાં સ્ત્રીઓ પોતે જ પોતાના પ્રશ્નો માટેના આંદોલનની આગેવાની કરે અને પોતાના હિતમાં જ નિર્ણયો લે તેવું આંદોલન. તેમાં નીચે મુજબની ખાસિયતો જોવા મળે છે:

- તેમાં સ્ત્રીઓએ પોતે સંગઠિત થઈ સંઘર્ષની આગેવાની લીધી છે.
- સ્ત્રીઓ પ્રત્યેનાં દમન, શોષણ, અન્યાય અને ભેદભાવ સામે સંઘર્ષ આપવો તે જ આ આંદોલનનો સૌથી મહત્ત્વનો હેતુ છે.
- આ આંદોલન અન્ય કોઈપણ રાજકીય કે સામાજિક જૂથના નિર્ણયો કે જરૂરિયાતો પ્રમાણે નહીં ચાલે તેની પર ભાર મૂકવામાં આવ્યો છે.

*કમલા:* એટલે એવું કહી શકાય કે તે 'સ્ત્રીઓ દ્વારા શરૂ કરવામાં આવેલું, સ્ત્રીઓનું, સ્ત્રીઓ માટેનું આંદોલન છે?'

*એકતાઃ* બરોબર છે. એ રીતે જોઈએ તો આ સ્વાયત્ત જૂથોની લડત અગાઉના તબક્કાની લડતોથી અલગ હતી. કેમ કે તેની લડતો કોઈ રાજકીય પક્ષ, નેતા કે પુરુષ સમાજસુધારકો પર આધારિત ન હતી. યુવાન શિક્ષિત સ્ત્રીઓએ શરૂ કરેલું આ સ્ત્રીઓનું પોતાનું આંદોલન હતું.

*નીરુઃ* તો શું તેમાં કોઈ પુરુષો ન હતા?

*ફરઝાનાઃ* પણ બહેન, પુરુષોથી દૂર ભાગીને તો સમાજ ન જ ચાલી શકે ને?

*એકતાઃ* તમારી વાત સાચી છે. આ પુરુષ વિરોધી કે પુરુષો વગરનું આંદોલન ન હતું. પણ ભૂતકાળમાં સ્ત્રીઓએ જોયું કે જ્યારે સંઘર્ષનો સમય હોય ત્યારે તેમને આગળ કરવામાં આવે અને જ્યારે નિર્ણયો કરવાના હોય કે સંઘર્ષના પરિણામે મળેલા ફાયદાઓ વહેંચવાના હોય ત્યારે સ્ત્રીઓને પાછળ ધકેલી દેવામાં આવે. તેથી આ વખતે તેમણે નક્કી કર્યું હતું કે સંવેદનશીલ પુરુષો આંદોલનમાં સંકળાય ખરા પણ આંદોલનનાં દિશા-દૌર સ્ત્રીઓ જ નક્કી કરે અને તેના નિર્ણયો સ્ત્રીઓ જ લે. આ આંદોલન કોઈ પણ સરકાર, રાજકીય પક્ષો કે દાતા સંસ્થાઓએ નક્કી કરેલા મુદ્દાઓ પર નહીં ચાલે.

*શકરીઃ* મને તો આ વાત બિલકુલ બરોબર લાગે છે. દર વખતે સ્ત્રીઓ લડે, સહન કરે અને પછી જ્યાંની ત્યાં જ રહે, તેવું તો ન જ થવું જોઈએ. પણ એ તો કહો કે આ આંદોલનના આગેવાનોનું નામ શું હતું? તે કઈ સંસ્થાના હતા?

*એકતાઃ* સ્વાયત્ત નારી આંદોલનમાં કોઈ એક જ જૂથ કે વ્યક્તિની નેતાગીરી કે કોઈ રાષ્ટ્રીય ફેડરેશન નથી કે જે બધા નિર્ણયો લે અને સ્થાનિક જૂથો તેને અનુસરે. અલગ અલગ પ્રકારનાં સંગઠનો પોતપોતાની રીતે કામ કરે છે, લડત ચલાવે છે અને ક્યારેક રાષ્ટ્રીય રીતે મહત્ત્વના મુદ્દા પર એકઠા થાય છે. તેમણે ઉઠાવેલા મુદ્દાઓ અને સંગઠનાત્મક માળખાં પણ અલગ-અલગ છે.

*આશાઃ* સંગઠનોના પ્રકાર કેવા હતા?

*એકતાઃ* આ તબક્કામાં થયેલાં સંગઠનોના પ્રકાર અને કામગીરીને નીચે મુજબ વહેંચી શકાયઃ

**સંગઠનોના પ્રકારઃ**

1. આંદોલનાત્મક, પ્રચારાત્મક અને જનજાગૃતિનું કામ કરતી સ્ત્રીઓનાં નાનાં જૂથો
2. હિંસા કે અન્યાયનો ભોગ બનેલી સ્ત્રીઓને કાનૂની, રહેવાની કે અન્ય સુવિધાઓ પૂરી પાડતાં કેન્દ્રો કે આશ્રય ગૃહો.
3. પોતાના વ્યવસાયમાં નારીવાદી વિકલ્પો ઊભા કરતા ડોક્ટરો, વકીલો, પત્રકારો વગેરે વ્યવસાયી લોકોનાં જૂથો.
4. નારી અભ્યાસ, દસ્તાવેજીકરણ અને સંશોધન કરતાં જૂથો.
5. ટ્રેડ યુનિયન, ખેતમજૂરોના યુનિયન, આદિવાસી સંગઠનો, માનવ અધિકાર જૂથો જેવાં જન આંદોલનો કે જેમાં સ્ત્રીઓ મોટી સંખ્યામાં હોય અને સ્ત્રીઓના સવાલો પણ ઉઠાવાતા હોય.
6. વિકાસ કામો સાથે સંકળાયેલાં, નારીવાદી વિચારધારા ધરાવતાં બિન-સરકારી સ્વૈચ્છિક સંગઠનો (એનજીઓ).
7. વ્યક્તિઓ કે સંગઠનોના મુદ્દા આધારિત મંચ (નેટવર્ક).

જો કે એવું નથી કે એક પ્રકારનું કામ કરતાં સંગઠન બીજા પ્રકારનું કામ ન જ કરતાં હોય. ઉપરાંત, મોટા ભાગનાં સંગઠનો વિવિધ તબક્કે લગભગ દરેક પ્રકારનું કામ કરતાં હોય એવું જોવા પણ મળે છે.

*નીરુ:* પણ આમ બધાં પોતપોતાની રીતે કામ કરે તો તેને આંદોલન કેવી રીતે કહેવાય?

*આશાઃ* હા, ને તેની અસર પણ કેવી રીતે થાય?

*એકતાઃ* તમારા જેવા જ પ્રશ્નો ઘણા લોકો અને અભ્યાસુઓ પણ કરે છે અને તેથી ક્યારેક એવો પ્રશ્ન પણ પૂછવામાં આવે છે કે ભારતમાં ખરેખર રાષ્ટ્રીય કહી શકાય તેવું નારી આંદોલન છે ખરું? આ પ્રશ્નનો જવાબ મેળવવા માટે આપણે આંદોલનની વ્યાખ્યા સમજવી પડે.

ગેઈલ ઓમ્વેટ નામના એક અભ્યાસુ અને કાર્યકરના કહેવા મુજબ, 'સ્ત્રી સમાનતા અને નારીમુક્તિના ધ્યેયને હાંસલ કરવાનો સંગઠિત પ્રયાસ એટલે નારી આંદોલન. આંદોલનમાં આ ઉદ્દેશો કઈ રીતે હાંસલ કરી શકાય તે અંગેની સૈદ્ધાંતિક સમજણ હોવી જરૂરી છે. ઉપરાંત, જુદે જુદે સમયે સ્ત્રીઓની વિવિધ માંગોને લક્ષ્યમાં રાખીને તેમને એકજૂથ કરવાની પણ એટલી જ આવશ્યકતા છે.'

*શકરી:* મને તો આ લાંબી લાંબી વાતમાં કાંઈ જ સમજ ન પડી.

*એકતા:* તો હું આ લાંબી વાતને ટૂંકાં વાક્યોમાં સમજાવું.
સમાજ પરિવર્તન માટેના કોઈ પણ આંદોલનમાં નીચે મુજબનાં લક્ષણો હોવાં જોઈએ:

- જે તે સમૂહના મુદ્દાઓ કે પ્રશ્નો સ્પષ્ટ હોવા જોઈએ.
- આ પ્રશ્નોને સમજવા માટેની વિચારધારા હોવી જોઈએ.
- તેના ઉકેલ માટેની માગણીઓ હોવી જોઈએ
- આંદોલન ચલાવવા માટેનું સંગઠન.
- તેને યોગ્ય દિશા આપે તેવી નેતાગીરી જરૂરી છે.
- અને તે ઉપરાંત સામૂહિક રીતે સંઘર્ષ કરવા માટેની સજ્જતા (મોબીલાઈઝેશન) સૌથી મહત્ત્વની વાત છે.

આ વ્યાખ્યા પ્રમાણે જોતાં સ્વાયત્ત નારી આંદોલનને ભારતના નારી આંદોલનનો એક જોમવંતો અને ગતિશીલ તબક્કો કહી શકાય. કારણ કે આ તબક્કામાં આંદોલનના હેતુઓ અને મુદ્દાઓ સ્પષ્ટ છે. ઉપરાંત આ મદ્દાઓ અંગેની સૈદ્ધાંતિક સમજ વિકસાવવાના પ્રયત્નો પણ છે અને અંતે તે સમજમાંથી ઊભી થતી માંગોને હાંસલ કરવા માટે સ્ત્રીઓનો સામૂહિક સંઘર્ષ (મોબીલાઈઝેશન) પણ નોંધપાત્ર છે.

*રેશ્મા:* તો આ બધાં અલગ અલગ પ્રકારનાં સંગઠનોને જોડતી સૈદ્ધાંતિક સમજ શું હતી?

*કમલા:* અને તેના મુદ્દાઓ શું હતા?

*એકતા:* પહેલાં આપણે સ્વાયત્ત આંદોલનમાં સંકળાયેલાં સંગઠનોની કેટલીક સામાન્ય સૈદ્ધાંતિક પૂર્વધારણાઓને સમજીએ.

1☼ સ્ત્રીઓ આ સમાજનું એક એવું જૂથ છે કે જેમના પર દમન થાય છે (ઓપ્રેસ્ડ ગ્રૂપ). જ્યારે અન્ય જમણેરી જૂથો સ્ત્રીઓના પ્રશ્નોને તેમની વ્યક્તિગત કમનસીબી કે તેમના વ્યક્તિત્વના પ્રશ્ન તરીકે જુએ છે ત્યારે સ્વાયત્ત નારી આંદોલન તેને એક જૂથના દમનના પ્રશ્ન તરીકે જુએ છે.

*નીરુ:* એટલે?

*એકતા:* એટલે કે એક જૂથ તરીકે સ્ત્રીઓનો દરજ્જો નીચો રહે તે માટે તેના પર અન્યાય, ભેદભાવ અને અત્યાચાર એટલે કે 'દમન' કરવામાં આવે છે. તે 'સ્ત્રી' છે માટે દમન થાય છે, નહીં કે તેનું નસીબ ખરાબ છે અથવા તો તેના કુટુંબના માણસો ખરાબ છે એટલા માટે.



*ફરઝાના:* ને બીજો સિદ્ધાંત?

*એકતા:* બીજો સિદ્ધાંત,

2 ☼ સ્ત્રીઓનો નીચે દરજ્જો ને દમન, અનિવાર્ય કે કુદરતી નથી, માનવસર્જિત છે. કુદરતે જ સ્ત્રી-પુરુષને અસમાન નથી સર્જ્યા પરંતુ માનવ ઇતિહાસના વિકાસમાં એક તબક્કે સમાજમાં અસમાનતા આવી છે અને તેને બદલી શકાય તેમ છે. આ બદલી શકાય છે તેવી માન્યતા એ બીજો મહત્ત્વનો સિદ્ધાંત છે કે જે નારી આંદોલનને ચાલુ રાખવાનું બળ આપે છે.

3 ☼ ને ત્રીજો સિદ્ધાંત એ કે સ્ત્રી-પુરુષ વચ્ચે સમાજે જે કામની વહેંચણી કરેલી છે તે અન્યાયી છે. કુટુંબમાં, સમાજમાં અને કામના સ્થળે તમામ કામોમાં, આ સ્ત્રીનું કામ અને આ પુરુષનું કામ તેવી વહેંચણી જ યોગ્ય નથી. દા.ત. પુરુષ બાળકને જન્મ ન આપી શકે, તેને સ્તનપાન ન કરાવી શકે પરંતુ તેને ઉછેરવાનું કે તેણે ભીનું કર્યું હોય તો તેનાં બળોતિયાં બદલવાનું કામ પણ પુરુષ ન કરે તેની પાછળ કુદરતી શ્રમ વિભાજન નથી પરંતુ સામાજિક મૂલ્યો અને માન્યતાઓ છે.

*આશા:* બરોબર છે. આ બે મુદ્દાઓ વિશે તો આપણે પહેલાં જ ચર્ચા કરી ચૂક્યા છીએ.

*શકરી:* હા, મને પણ યાદ છે કે કુદરતી લિંગના તફાવત અને સામાજિક લિંગના ભેદભાવ વિશે આપણે શરૂઆતમાં જ વાત કરી હતી.

*એકતા:* તમને સારું યાદ રહ્યું છે. પણ બધાને તે વાત તાજી થાય માટે આપણે ફરી એક વાર તે વાંચી લઈએ.

4☼ ચોથો સિદ્ધાંત એ છે કે માત્ર કાયદામાં ફેરફાર કરવાથી કે સરકારી કાર્યક્રમો દ્વારા પરિવર્તન નહીં આવે અને માત્ર પ્રચાર અને જનજાગૃતિથી પણ નહીં આવે. તે માટે સમાજનાં પિતૃસત્તાક મૂલ્યો અને માળખાં એમ બંનેમાં ધરમૂળથી ફેરફાર કરવા પડશે.

| **કુદરતી લિંગ (સેક્સ)** | **સામાજિક લિંગ (જેન્ડર)** |
|---|---|
| સ્ત્રી અને પુરુષ વચ્ચેના કુદરતી શારીરિક તફાવતને લિંગ કહે છે. | છોકરા-છોકરી, સ્ત્રી-પુરુષ વચ્ચેના સમાજ દ્વારા ઊભા કરવામાં આવેલા ભેદભાવોને સામાજિક લિંગ એટલે કે જેન્ડર કહે છે. |
| લિંગનો તફાવત જન્મથી જ હોય છે. | જેન્ડરનો તફાવત છોકરા અને છોકરીને અલગ અલગ રીતે ઉછેરવાને કારણે, (સમાજીકરણની પ્રક્રિયા દ્વારા) જે રીતે તેમનું ઘડતર થાય છે તેમાંથી ઊભો થાય છે. |
| લિંગનો તફાવત કુદરતી હોવાથી દરેક સ્થળ, સમય, દેશ કે સંસ્કૃતિમાં એકસરખો જ હોય છે. | સામાજિક ભેદભાવ સ્થળ, સમય, દેશ, ધર્મ, સંસ્કૃતિ પ્રમાણે અલગ અલગ હોય છે. બદલાયા કરે છે. |
| તે કુદરતી હોવાથી બદલી શકાતો નથી. (જાતિ પરિવર્તનનું ઓપરેશન કરીને થતો ફેરફાર એક અપવાદ છે.) | તે સમાજે બનાવ્યો હોવાથી બદલાયો છે અને હજુ પણ એ બદલાવાની પ્રક્રિયા ચાલુ જ છે. |

સમાજ પરિવર્તનશીલ છે. જેમ જેમ સમય, સંજોગો, અર્થતંત્ર, રાજકારણ, સમાજવ્યવસ્થા વગેરે બદલાય છે તેમ તેમ સ્ત્રી-પુરુષની જવાબદારી, ભૂમિકા અને અધિકારમાં ફેરફારો થતા રહ્યા છે. જો તમને લાગતું હોય કે સ્ત્રી-પુરુષ વચ્ચે કામ, ગુણો અને અધિકારોની હાલની વહેંચણી અન્યાયી છે તો તેને સ્વીકારી લેવાની જરૂર નથી. **સમાજનાં મૂલ્યો, માન્યતાઓ, રીતરિવાજો અને કાયદાઓ બદલાયા છે, હજુ પણ બદલી શકાય છે અને તેને બદલવામાં આપણી ભૂમિકા મહત્ત્વની છે.**

*રેશમાઃ* એટલે કાયદામાં સુધારા માટે માંગ નહીં કરવાની?

*એકતાઃ* એવું નથી. કાયદામાં સુધારા માટેની માંગ તો કરવાની, પણ એ સમજ સાથે કે કાયદો બદલાશે એટલે સમાનતા મળી જશે એવું નથી. તેની સાથે કુટુંબ, સમાજ અને સરકારના પિતૃસત્તાક માળખામાં ફેરફાર લાવવાનો સંઘર્ષ પણ કરવો પડશે.

પિતૃસત્તાના માળખા અંગેની સમજ અને તેની સામે વિવિધ પ્રકારનો સંઘર્ષ એ સ્વાયત્ત નારી-આંદોલનની મહત્ત્વની લાક્ષણિકતા છે.

*કમલાઃ* પિતૃસત્તાના માળખા અને અંકુશો વિશે તો આપણે વાત કરી હતી તે મને યાદ છે.

*એકતાઃ* તે વાત પણ બધાને ફરીથી તાજી થાય માટે આપણે એક વાર વાંચી લઈએ.

*એકતાઃ* તે ઉપરાંત આ સ્વાયત્ત સ્ત્રી સંગઠનોએ સંગઠનના માળખા અને કામ કરવાની પદ્ધતિમાં પણ અનેક નવા પ્રયોગો કર્યા.

*નીરુઃ* કેવા પ્રયોગો કર્યા?

## પિતૃસત્તાક વ્યવસ્થામાં સ્ત્રીઓ પરના અંકુશના પ્રકાર

### ઉત્પાદકતા અને શ્રમશક્તિ પર અંકુશ

- ઘરના કામનું કોઈ મૂલ્ય નહીં
- વેતન માટે કામ કરવું કે નહીં, તેના નિર્ણય પર પુરુષોનો અંકુશ
- વેતન માટે કામની પસંદગી, ક્યાં કામ કરવું, કયા સમયે કરવું, ક્યારે છોડી દેવું, વગેરે પર અંકુશ
- સ્ત્રીના કામનું કેટલું વેતન આપવું તેની પર અંકુશ
- સ્ત્રીઓના પગારનો ઉપયોગ કઈ રીતે કરવો

### પ્રજનન શક્તિ પર અંકુશ

- બાળકને જન્મ આપવો કે નહિ
- ગર્ભ નિરોધક વાપરવાં કે નહિ
- ક્યારે સગર્ભા થવું
- કેટલાં બાળકોને જન્મ આપવો
- કઈ જાતિના બાળકને જન્મ આપવો
- બાળકો પર કોનો અધિકાર, બાળકો કોના નામે ઓળખાય

*એકતાઃ* અત્યાર સુધી રાજકીય પક્ષો કે આમ સંગઠનોમાં મોટે ભાગે એવી જ પદ્ધતિ જોવા મળતી હતી કે એક અથવા થોડાક લોકો સંગઠનના આગેવાન હોય, જે બધા નિર્ણયો લે. બાકીના સભ્યો તેમના આદેશોનું અનુસરણ કરે. પણ સ્વાયત્ત નારી સંગઠનોની એવી સમજ હતી કે જો આપણે સમાનતા માટે લડતા હોઈએ તો આપણાં ધ્યેય અને વિચારસરણીનું પ્રતિબિંબ આપણા સંગઠનમાં પણ પડવું જોઈએ. તેથી સ્વાયત્ત સંગઠનોમાં સામૂહિક નિર્ણય-પ્રક્રિયા અને સામૂહિક કાર્યપદ્ધતિ અપનાવવાનો પ્રયત્ન કરવામાં આવ્યો. સભ્યોની નોંધણી જેવી ઔપચારિકતામાં પડવાને બદલે આવા જૂથમાં સામેલ થવા માંગતી તમામ સ્ત્રીઓને તેમાં આવકારવામાં આવતી. આમ, અવિધિસરના ખુલ્લા માળખા અને કાર્યપદ્ધતિને કારણે શરૂઆતનાં વર્ષોમાં સ્વાયત્ત સ્ત્રી સંગઠનો સાથે અલગ અલગ વિચારસરણી અને અનુભવોની પૂર્વભૂમિકામાંથી આવેલી સ્ત્રીઓ સંકળાઈ શકી. નારીવાદી વિચારોના ઘડતરના શરૂઆતના આ તબક્કે આ પ્રકારનું માળખું ખૂબ અસરકારક સાબિત થયું.


**જાતીયતા પર અંકુશ**

- સ્ત્રી અને પુરુષ માટે જાતીયતાનાં બેવડાં ધોરણો
- શીલ-પવિત્રતા માત્ર સ્ત્રી માટે જ
- સ્ત્રીનું શરીર શરમજનક વસ્તુ છે તેવાં મૂલ્યો
- સ્ત્રીએ કોની સાથે કેટલું હસવું, બોલવું કે કેવો સંબંધ રાખવો તેની પર અંકુશ
- લગ્ન કરવાં કે નહિ, ક્યારે કરવાં, કોની સાથે કરવાં તેની પર અંકુશ
- લગ્ન પછી જાતીય સંબંધોમાં પુરુષની ઇચ્છાનું પ્રભુત્વ



*આશાઃ* તો શું સ્વાયત્ત સંગઠનો હજુ પણ આવા ખુલ્લા માળખામાં જ કામ કરે છે?

*એકતાઃ* વખત જતાં જ્યાં પણ નાનાં-નાનાં જૂથોથી આગળ વધીને વધુ સ્ત્રીઓ સુધી પહોંચવાનો પ્રયત્ન થયો, ત્યાં આ અવિધિસરના માળખામાં વધતે-ઓછે અંશે ફેરફાર કરવાની જરૂર પડી. જો કે આવા કોટીક્રમ વગરના માળખામાં કામ કરવાના અનુભવો માત્ર નારી આંદોલન માટે જ નહિ પરંતુ સમાનતા માટે પ્રયત્નશીલ તમામ આંદોલનો માટે મહત્ત્વના સાબિત થયા.



*શકરીઃ* આ તો તમે માળખાની વાત કરી પણ તેમણે વિકસાવેલી આંદોલનની પદ્ધતિઓ પહેલાંના આંદોલન કરતાં કઈ રીતે અલગ હતી?

*એકતાઃ* પહેલાંના આંદોલનમાં સરકાર સમક્ષ રજૂઆત કરવી, અરજીઓ કરવી જેવી પદ્ધતિઓ અપનાવવામાં આવતી હતી. તેને બદલે સ્વાયત્ત નારી આંદોલનમાં જાહેર રસ્તાઓ પર આવીને રાજ્યતંત્ર એટલે કે સરકાર, પોલીસ, ન્યાયતંત્ર, વહીવટી તંત્ર વગેરે સામે વિરોધ પ્રદર્શિત કરવાના અને સાથે સાથે લોકજાગૃતિ માટે ધરણાં, રેલી, જાહેર સભાઓ, પત્રિકાઓ, સામયિકો, મુખપત્ર, શેરી નાટકો, ગીતોનો ઉપયોગ કરવામાં આવ્યો.

બધાં સંગઠનો વચ્ચે સંકલન માટે વખતોવખત યોજાતાં સ્વાયત્ત નારી આંદોલનનાં રાષ્ટ્રીય સંમેલનોએ ખૂબ મહત્ત્વની ભૂમિકા ભજવી છે. આ રાષ્ટ્રીય સંમેલનો વિશે તમને ક્યારેક વિગતે જણાવીશું.

*રેશમા:* તો હવે તેમણે ઉઠાવેલા મુદ્દાઓ અંગે જણાવો.

*એકતા:* 1975થી 1985ના પ્રથમ દાયકા દરમ્યાન સ્ત્રીઓ પરની હિંસા સામેની લડત એ આંદોલનનો સૌથી મહત્ત્વનો મુદ્દો હતો. આ સમયમાં બળાત્કાર, દહેજ અને દહેજહત્યા, કુટુંબમાં સ્ત્રીઓ પર થતી શારીરિક, માનસિક હિંસા જેવા હિંસાના સીધા મુદ્દાઓ સામે લડતની શરૂઆત થઈ. આ સમયગાળો સ્વાયત્ત નારી આંદોલનનો ઉદ્ભવ અને વિકાસનો સમયગાળો કહી શકાય. આ સમયમાં નારી આંદોલને સમાજ અને રાજકારણમાં પોતાનું મહત્ત્વ સાબિત કર્યું. 1985 પછીનો સમય એ પ્રશ્નો અને પડકારોનો સમયગાળો કહી શકાય. કારણ કે આ સમયગાળામાં નારી આંદોલન વધારે વિસ્તૃત બન્યું અને સાથે સાથે તેની સામે અનેક નવા પડકારો આવ્યા કે જે આપણે આજે પણ અનુભવી રહ્યા છીએ. પહેલાં આપણે બળાત્કાર સામેની લડત વિશે જોઈશું.

*ફરઝાના:* આજે મારે જવાનો સમય થઈ ગયો છે. બળાત્કાર વિરોધી લડત અંગે કાલે વાત કરીશું.

*રેશ્મા:* બરોબર છે કારણ કે એ ચર્ચા તો આપણે વિગતે જ કરવી પડશે.

*કમલા:* હા. અમે વિદ્યાર્થી જૂથોમાં ફરીને જાતીય સતામણીના બનાવ અંગે વાત કરીએ છીએ તે દરમ્યાન અમારે ઘણી ચર્ચાઓ થાય છે. અમારે તેમની દલીલોના જવાબો આપવા પડે છે. અમે કાલે પેલા સહલને પણ આપણી મિટિંગમાં બોલાવ્યો છે. અમને લાગ્યું કે એક્તાબહેન અને તમે બધા જ આ ચર્ચામાં હશો તો અમે તેને સારી રીતે સમજાવી શકીશું અને અમને પણ બીજા વિદ્યાર્થીઓ સાથે કઈ રીતે ચર્ચા કરવી તેનો અનુભવ મળશે.

*આશા:* તો આજે હું તમને સંગઠન અને એકતાનો વાયદો કરતું ગીત ગવડાવીશ.

## વાદા કરેં

જબ બન હી ગયા બહનોં કા સંગઠન
ઇસકો મજબૂત કરને કા વાદા કરે

ચાર દિન કી સહેલી, સહેલી નહીં
ઉમ્ર ભર સાથ દેને કા વાદા કરેં


ઔરતોં કે સવાલોં પર આ કર સભી
ખૂબ ચર્ચા ચલાને કા વાદા કરેં

ઔરતોં કે લિએ કુછ ભી મુશ્કિલ નહીં
ઐસી હિમ્મત જગાને કા વાદા કરેં

દુખ કોઈ બહન પર અગર આ પડે
પ્યાર કી છાઁવ દેને કા વાદા કરેં.

*(પ્યાર કે મોડ પર, કવ્વાલી કી ધુન પર)*

**- આભા**





# સ્ત્રીઓ પર હિંસા એ અંગત મામલો નથીઃ બળાત્કાર વિરોધી સંઘર્ષ

(બધાં બહેનો રેશ્મા અને કમલાની રાહ જોતાં બેઠાં છે. એટલી વારમાં રેશ્મા, કમલા તેમના મિત્ર સહલને લઈને આવે છે. બધા તેમને આવકારે છે અને પરસ્પર પરિચય કરી વાત શરૂ કરે છે.)



*એકતાઃ* સહલ તમે આ ન્યાય માટેની લડતમાં સાથ આપ્યો તે બદલ અભિનંદન!

*સહલઃ* અરે! એ તો અમારી ફરજ છે. હું રેશ્માને અને પેલા લફંગા છોકરાને પણ સારી રીતે જાણું છું. આવા છોકરાને એક વાર તો પાઠ ભણાવવો જ જોઈએ.

મને કમલા અને રેશ્માએ વાત કરી કે આજે તમે આપણા દેશમાં બળાત્કાર ને છેડતી સામેની લડત કઈ રીતે થઈ, તેની વાત કરવાનાં છો તેથી હું પણ ચર્ચામાં જોડાવા આવ્યો છું. અમારા અમનભાઈ પણ આવવાના હતા પણ તેમને અચાનક કામ આવી ગયું તેથી ન આવી શક્યા.

*ફરઝાના:* આ અમનભાઈ કોણ છે?

*સહલ:* તે માનવ અધિકાર અને સમાજ પરિવર્તનના ઘણા મુદ્દાઓ પર કામ કરે છે. અમે કેટલાક વિદ્યાર્થીઓ તેમના કામમાં ક્યારેક જોડાઈએ છીએ.

*આશા:* આ મારો વર રમેશ પણ તેમના વિશે વાત કરતો હતો. કામદારોની સભામાં જેમણે ભાષણ આપ્યું તે તો નહીં?

*એકતા:* હા. એ જ અમનભાઈ. સહલ તેમને કહેજો કે ક્યારેક જરૂર અમારી ચર્ચામાં સામેલ થાય.

*શકરી:* તમે આવ્યા તેથી અમને ખૂબ સારું લાગ્યું. હવે આપણે ચર્ચા શરૂ કરીએ.

## (1) માન્યતાઓ અને હકીકતો

*એકતા:* બળાત્કાર એ સ્ત્રીઓ પરની હિંસાનો સૌથી વધુ ઘૃણાસ્પદ અને ક્રૂર પ્રકારોમાંનો એક છે.

*ફરઝાના:* અરે, અમારા ફળિયામાં પેલી સબીહાની દીકરી ગળે ફાંસો નાંખીને નો'તી મરી ગઈ! તેના કેસમાં પણ એવું જ બન્યું હતું.

*આશા:* શું બન્યું હતું?

*ફરઝાના:* કોણે તેની આબરૂ લૂંટી તેની ખબર નથી પણ તેને દા'ડા રહ્યા હતા. તે કુટુંબની આબરૂ બચાવવા તેણે જીવ આપી દીધો.

*નીરુ:* બરોબર છે, આમ 'ઈજ્જત' જાય તેના કરતાં તો કૂવો પૂરવો સારો.

*રેશ્મા:* પણ એ તો સાવ ખોટું કહેવાય. કોઈ બળાત્કાર કરે તેમાં તેણે શું ગુનો કર્યો?

*શકરી:* 'કરે કોઈ ને ભોગવે કોઈ', તે જ તો આપણા સમાજની રીત છે.

*એકતા:* આ રીતના કારણે જ બળાત્કારના મોટા ભાગના બનાવો બહાર આવતા નથી. આ એક એવો ગુનો છે કે જેમાં ગુનેગારને નહીં પરંતુ ગુનાનો ભોગ બનનારને અનેક વાર યાતનામાંથી પસાર થવું પડે છે. તમે જે શબ્દો વાપર્યા કે 'ઈજ્જત ગઈ' 'આબરૂ લૂંટાઈ ગઈ' વગેરે શબ્દો જ દર્શાવે છે કે કઈ રીતે બળાત્કારના

ગુનામાં સ્ત્રીના શરીર સાથે કુટુંબ અને સમુદાયની ઈજ્જતને જોડી દઈને તેને ચૂપ રહેવાની ફરજ પાડવામાં આવે છે.

*સહલ:* આ વિદ્યાર્થી નેતાઓ, સમાજની રીતે અને ઈજ્જતના નામે જ તો રેશ્માને ફરિયાદ પાછી ખેંચવા દબાણ કરતા હતા ને!

*કમલા:* પણ અમે તે દબાણને વશ ન થયા અને અમારો સંઘર્ષ ચાલુ રાખ્યો.

*એકતા:* તમારી વાત સાચી છે. આપણા સમાજમાં એવી ખોટી માન્યતા છે કે એક સ્ત્રી માટે અકસ્માતમાં હાથ-પગ કપાઈ જાય કે આંખોની રોશની ચાલી જાય તેના કરતાં પણ બળાત્કારનો ભોગ બનવું તે વધારે ભયંકર છે. ખરેખર તો 'ઈજ્જત ગઈ', 'લાજ લૂંટાઈ ગઈ', 'કલંક લાગ્યું' જેવા શબ્દો વાપરવા તે જ સ્ત્રી માટે સૌથી મોટો અન્યાય છે.

*આશા:* જાણે કે કોઈએ બળાત્કાર કર્યો એટલે સ્ત્રીને ગૌરવપૂર્વક જીવવાનો પણ અધિકાર નહીં!

*શકરી:* એટલે જ તો સ્ત્રીઓ ચૂપ રહેવા મજબૂર બને છે અને બળાત્કારીઓ ખુલ્લેઆમ સમાજમાં છૂટથી ફરે છે.

*એકતા:* પણ હવે સમય આવી ગયો છે એ સમજવાનો કે બળાત્કાર કરનાર ગુનેગાર છે, ભોગ બનનાર સ્ત્રી નહીં. માટે ઈજ્જત બળાત્કાર કરનાર પુરુષની જાય છે, ભોગ બનનાર સ્ત્રીની નહીં.

*સહલ:* તમારી વાત મોટા ભાગના બનાવોમાં સાચી હશે પણ કેટલીય વાર છોકરીઓ જ એવાં કપડાં પહેરે છે કે જેથી છોકરાઓ છેડતી કરવા ઉશ્કેરાય છે.

*ફરઝાના:* સાચી વાત. આજ કાલની છોકરીઓ સ્વચ્છંદી થઈ ગઈ છે.


*એકતા:* તમે જાણો છો ને કે બળાત્કાર 3 વર્ષની બાળકીથી માંડને 80 વર્ષની વૃદ્ધ સ્ત્રી પર પણ થાય છે?

*કમલા:* ને ઘૂમટામાં ને બુરખામાં રહેતી સ્ત્રી પર પણ બળાત્કાર થાય છે.

*એકતા:* આમ કપડાં એ બળાત્કારનું મૂળ કારણ નથી.

*નીરુ:* પણ આ છોકરીઓ અંધારું થયા પછી પણ ગમે ત્યાં એકલી ફર્યા કરે તેથી જ બળાત્કાર વધી ગયા નથી?

*શકરી:* શું તમે પણ નીરુબહેન! મારા જેવી એકલી રહેતી અને મહેનત કરીને ઘર ચલાવતી કેટલીય સ્ત્રીઓને ગમે તે સમયે ગમે ત્યાં એકલા જ જવું પડે છે. તેથી શું કોઈને બળાત્કાર કરવાની છૂટ મળી જાય?



*એકતાઃ* સાચી વાત. સ્ત્રીને ભારતના સ્વતંત્ર નાગરિક તરીકે કોઈ પણ સમયે કોઈ પણ સ્થળે જવાનો અધિકાર છે અને તેને સલામતી આપવી તે સમાજ તેમ જ સરકારની ફરજ છે. પણ બળાત્કાર રાત્રે અંધારામાં કે અજાણી જગ્યાએ જ થઈ શકે, અજાણ્યા માણસો દ્વારા જ થઈ શકે એ પણ ખોટી માન્યતા છે.

*ફરઝાનાઃ* બરોબર છે. સસરા, જેઠ કે સગા બાપુ ને કાકાએ બળાત્કાર કર્યો હોવાના પણ કેટલા કેસ બહાર આવે છે!

*નીરુઃ* મને તો લાગે છે કે પુરુષનો સ્વભાવ જ એવો છે. એમની જાતીય ઇચ્છા ન સંતોષાય એટલે કોઈ પણ સ્ત્રીને પકડે.

*એકતાઃ* પુરુષો કુદરતી રીતે જ આક્રમક નથી હોતા પણ સમાજે આક્રમકતાને પુરુષનો ગુણ માન્યો છે અને મર્દાનગી સાથે તેને જોડી દીધો છે. પરંતુ પુરુષ બળાત્કાર કે જાતીય સતામણી એ મૂળભૂત રીતે જાતીય વૃત્તિ સંતોષવા નહીં પરંતુ છોકરી-સ્ત્રી પર પોતાની સત્તા કે અંકુશ સાબિત કરવા માટે કરે છે. તેની પાછળ સ્ત્રીઓ જીવંત માનવી નહીં પરંતુ કોઈ વસ્તુ કે પુરુષના ઉપભોગનું સાધન છે તેવી માનસિકતા જવાબદાર છે.

*રેશ્માઃ* સાચું કહ્યું. આ છોકરાઓ શબ્દો પણ એવા જ વાપરે છે. ચીજ, માલ, ફટાકો... વગેરે

*કમલાઃ* પણ મને નવાઈ એ વાતની લાગે છે કે પોતાની બહેન કે દીકરી સામે કોઈ જુએ તો મારામારી કરતા પુરુષો પણ બીજી છોકરીની છેડતી ખુલ્લેઆમ કરતા હોય છે.

*એકતા:* કારણ કે પુરુષપ્રધાન સમાજમાં સ્ત્રીને કુંટુંબ કે સમુદાયની મિલકત અને 'ઇજ્જત'નું પ્રતીક માનવામાં આવે છે. માટે જ તો સૌથી વધુ બળાત્કાર યુદ્ધ, કોમી દંગા કે રમખાણો દરમ્યાન બીજી કોમ, જ્ઞાતિ કે સમુદાયને નીચા પાડવા માટે કરવામાં આવે છે.

*સહલ:* મને લાગે છે કે આજકાલ ટી.વી., ફિલ્મો વગેરેમાં અશ્લીલતા વધી ગઈ છે માટે બળાત્કારની ઘટનાઓ વધી છે.

*એકતા:* જ્યારે ફિલ્મો, ટી.વી. ન હતાં ત્યારે પણ બળાત્કાર થતા હતા. ટી.વી., ફિલ્મો, વગેરેની અસરને કારણે બળાત્કાર વધી ગયા હોય તે વાત અમુક હદે સાચી હોઈ શકે છે; કારણ કે આ ફિલ્મો, સિરિયલો, ગીતો, જાહેરાતો દ્વારા સ્ત્રી તે પુરુષના ઉપભોગનું સાધન છે, તે વ્યક્તિ નથી, પરંતુ વસ્તુ છે; સ્ત્રી એટલે માત્ર શરીર, સ્ત્રીને પોતાની આગવી ઇચ્છા કે શક્તિ હોતાં નથી, વગેરે જેવી જૂની માન્યતાઓ દૃઢ કરે છે અને કેટલીક નવી માન્યતાઓ પણ પ્રસારિત કરે છે. જેમ કે સુંદર દેખાવું તે જ સ્ત્રીના જીવનનું અંતિમ ધ્યેય છે. અને સૌંદર્ય-પ્રસાધનો વાપરવાં કે સૌંદર્ય સ્પર્ધમાં ભાગ લેવો તેને ખોટી રીતે નારીમુક્તિનું નામ આપવામાં આવે છે. આ પ્રકારનાં મૂલ્યો છોકરીઓ તેમ જ છોકરાઓ બંનેને અસર કરે છે અને સમાજમાં સ્ત્રીના નીચલા સ્થાનને મજબૂત બનાવે છે.

*નીરુ:* એકતાબહેન આપણે આપણી સંસ્કૃતિ ભૂલી પશ્ચિમની સંસ્કૃતિ અપનાવી છે માટે બળાત્કાર વધી ગયા હોય એવું નથી?

*એકતા:* ભારતના લોકો પશ્ચિમની સંસ્કૃતિના સંપર્કમાં આવ્યા ત્યાર પહેલાં પણ બળાત્કાર થતા હતા. તમામ પુરુષપ્રધાન સંસ્કૃતિમાં જ્યાં જ્યાં પણ સ્ત્રીને જીવંત મનુષ્ય નહીં, પરંતુ પુરુષની મિલકત કે ઉપભોગનું સાધન માનવામાં આવે છે, ત્યાં ત્યાં બળાત્કાર થાય છે. હિન્દુ પુરાણોમાં પણ બળાત્કારનાં ઉદાહણો છે. ગૌતમ ઋષિની પત્ની અહલ્યા પર વેશ બદલી ઇન્દ્રએ બળાત્કાર કર્યો અને પરિણામે શ્રાપ અહલ્યાને ભોગવવો પડ્યો હોવાનું ઉદાહરણ રામાયણમાં છે, તો મહાભારતમાં ભરી સભામાં દ્રૌપદીનાં વસ્ત્ર હરણ કરવાની વાત છે. હજુ ગઈ સદીમાં ખેતમજૂર સ્ત્રીઓના શ્રમ પર જ નહીં પણ તેમનાં શરીર પર પણ જમીનદારોનો અધિકાર હોય તેને સહજ ગણવામાં આવતું.

સમય જતાં બળાત્કારના પ્રકાર બદલાયા છે પરંતુ પૂર્વની કે પશ્ચિમની દરેક પુરુષપ્રધાન સંસ્કૃતિમાં બળાત્કાર પહેલાં પણ થતા હતા અને આજે પણ થાય છે. હવે સ્ત્રીઓએ તેની સામે વિરોધ કરવાનું શરૂ કર્યું છે અને પોતાના શરીર પર પોતાના અધિકારની માગણી બુલંદ બનાવી છે.

*સહલ:* પણ સ્ત્રીઓના આ વિરોધની કોઈ અસર થઈ છે ખરી?

*એકતા:* એક સમય એવો હતો કે જ્યારે બળાત્કારની સમસ્યાની ચર્ચા પણ જાહેરમાં ભાગ્યે જ થતી હતી. તેને બળાત્કારનો ભોગ બનનાર સ્ત્રીની અંગત સમસ્યા ગણવામાં આવતી હતી. પરંતુ સ્વાયત્ત નારી આંદોલન દ્વારા આ સમસ્યા પ્રકાશમાં આવી. તે જાહેરમાં ચર્ચાવાની શરૂઆત થઈ અને તેને સ્ત્રીની અંગત સમસ્યા તરીકે નહીં પરંતુ એક સામાજિક તેમ જ રાજકીય સમસ્યા તરીકે અને માનવ અધિકારના ભંગ તરીકે જોવાની શરૂઆત પણ ત્યાર પછી જ થઈ.

*આશા:* બળાત્કાર સામે કઈ મહત્ત્વની લડતો થઈ?

*એકતા:* ભારતમાં બળાત્કાર સામેની લડતની શરૂઆત, 1970ના દાયકામાં, પોલીસ અથવા લશ્કર દ્વારા કરવામાં આવેલા બળાત્કારના બનાવોમાંથી થઈ. 1978માં હૈદરાબાદમાં બનેલ રમીઝાબીનો કેસ, કર્ણાટક, ગુવાહાટી, સંથાલ વગેરે સ્થળોએ પોલીસ કે લશ્કર દ્વારા કરવામાં આવેલા બળાત્કાર સામે આંદોલનો થયાં. તેમાં સ્ત્રી સંગઠનોની સાથે જ નાગરિક અધિકાર માટે લડતાં સંગઠનો અને નીડર પત્રકારોની મહત્ત્વની ભૂમિકાને કારણે સ્ત્રીઓના પ્રશ્નનું માનવ અધિકારના પ્રશ્ન સાથેનું જોડાણ શરૂઆતથી જ રહ્યું. જો કે, બળાત્કારની સમસ્યા સામે એક રાષ્ટ્રીય આંદોલનની શરૂઆત 1979માં મથુરા બળાત્કાર કેસમાં સુપ્રીમ કોર્ટે આપેલા ચુકાદા પછી થઈ. આ કેસ ભારતના નારી આંદોલનમાં એક સીમાચિહ્ન રૂપ બની ગયો.

*શકરી:* મથુરા કેસ વિશે અમને કહોને.

**મથુરા બળાત્કાર કેસ**

*એકતા:* મથુરા, મહારાષ્ટ્રના ચંદ્રપુર ગામમાં રહેતી એક 14 વર્ષની છોકરી હતી. તેને એક રાત્રે પોલીસ સ્ટેશન પર એક કેસમાં જવાબ આપવા બોલાવવામાં આવી હતી. જ્યાં દારૂ પીધેલી

હાલતમાં પોલીસોએ તેણી પર બળાત્કાર કર્યો હતો. તેનો કેસ ચાલ્યો અને નીચલી કોર્ટે બળાત્કારી પોલીસો ગણપત અને તુકારામને નિર્દોષ ઠેરવ્યા. કેસ હાઈકોર્ટમાં ગયો અને હાઈકોર્ટે પોલીસોને કસૂરવાર જાહેર કર્યા. પરંતુ સુપ્રીમ કોર્ટમાં કેસ જતાં ફરીથી ચુકાદો બદલાયો અને સુપ્રીમ કોર્ટે તેમને નિર્દોષ જાહેર કર્યા.

*ફરઝાનાઃ* તે કઈ રીતે?

*એકતાઃ* સુપ્રીમ કોર્ટે બચાવ પક્ષની એવી દલીલો સ્વીકારી લીધી કે મથુરાના શરીર પર ઈજાનાં કોઈ નિશાન નથી એટલે તેણે વિરોધ કર્યો એવું સાબિત થતું નથી. જો તેણે વિરોધ નથી કર્યો તો તેનો અર્થ એ છે કે તેની સાથેના શરીર સંબંધમાં તેની સહમતિ હતી!

*નીરુઃ* તે સુપ્રીમ કોર્ટે એ ન વિચાર્યું કે રાતના સમયે પોલીસ સ્ટેશનમાં હથિયારધારી પોલીસો સામે કોઈ છોકરી કઈ રીતે વિરોધ કરી શકે?

*આશાઃ* હાસ્તો, આવે વખતે ડરના માર્યા વિરોધ કરવાનો વિચાર પણ ના આવે.

*એકતાઃ* ઉપરાંત, સુપ્રીમ કોર્ટે એવી દલીલ પણ માન્ય રાખી કે મથુરાના અગાઉ બીજા છોકરા સાથે સંબંધ હતા તેથી તેનું ચારિત્ર્ય શંકાસ્પદ છે. એટલે તેણે પોલીસો સાથે પણ પોતાની મરજીથી સંબંધ બાંધ્યો હશે!

*સહલઃ* મરજી હોય કે ના હોય પણ પોલીસો પોલીસ સ્ટેશનમાં કોઈ છોકરી સાથે આવો સંબંધ કઈ રીતે બાંધી શકે?

*રેશ્માઃ* અને બીજા છોકરા સાથે સંબંધ હોય તેથી તેણે પોલીસોને સહમતિ આપી હશે એવો અર્થ કઈ રીતે કરી શકાય? મતલબ કે સ્ત્રી એક જણ સાથે પોતાની મરજીથી સંબંધ રાખતી હોય તો તેની પર બળાત્કાર કરવાની બધાંને છૂટ!

*કમલાઃ* હા. ને આવા તર્ક પ્રમાણે જે સ્ત્રી પોતાનું શરીર વેચવાનો ધંધો કરતી હોય તેની સાથે કોઈ પણ બળજબરીથી સંબંધ બાંધે તેને બળાત્કાર કહેવાય જ નહીં!

*એકતાઃ* તમને બધાને જે ગુસ્સો આવે છે તેવો જ ગુસ્સો ઘણા લોકોને આ ચુકાદો જાણીને આવ્યો હતો. ગુનેગારને છાવરવાનું અને ભોગ બનનારને ગુનેગાર ઠેરવવાનું જે વલણ સુપ્રીમ કોર્ટે અપનાવ્યું તેનો વિરોધ વ્યક્ત કરતો ખુલ્લો પત્ર દિલ્લીની લૉ

કોલેજના ચાર પ્રોફેસરોએ લખ્યો. મુંબઈના બળાત્કાર વિરોધી મંચે (ફોરમ અગેઈન્સ્ટ રેપ) આ સ્ત્રી-વિરોધી ચુકાદા સામે વિરોધ કરવા દેશભરનાં સંગઠનોને પત્રો લખ્યા અને મુંબઈ, દિલ્લી, નાગપુર, બેંગલોર, હૈદરાબાદ, અમદાવાદ અને વડોદરા જેવાં શહેરોમાં તમામ સંગઠનોએ આંતરરાષ્ટ્રીય મહિલાદિન નિમિત્તે વિશાળ વિરોધ પ્રદર્શિત કરી આ કેસ ફરીથી ખોલવા માટે માંગણી કરી.

*શકરી:* જાણે કે આ કોઈ એક કેસ નહીં પણ આખું આંદોલન થઈ ગયું.

*એકતા:* બિલકુલ સાચું. આ કેસના પરિણામે પ્રથમ વખત દેશભરનાં જૂથો કોઈ એક અભિયાન માટે એકસાથે થયાં. અને કેટલેક સ્થળે તો આ અભિયાનમાંથી નવાં સ્ત્રી જૂથોનો જન્મ પણ થયો.

ઉપરાંત, મથુરાના કેસના પગલે દેશના જુદા જુદા ભાગોમાંથી પોલીસો દ્વારા બળાત્કારના કેસ બહાર આવવા માંડ્યા. જેમ કે, બિહારના પટનામાં, રાજસ્થાનના વિજયનગરમાં, ઉત્તરકાશીમાં ધુંદા અને બાંકુરા જેવાં સ્થળોએ પોલીસ બળાત્કાર, છેડતી સામે લડાયક આંદોલનો થયાં. નારીવાદી સ્ત્રી સંગઠનોએ સમાજમાં બળાત્કાર અને તેની પાછળનાં કારણો અંગેની સમજ વધે તે માટે મોટા પાયે ચર્ચાઓ, જાગૃતિ કાર્યક્રમો, શેરી નાટકો, પત્રિકાઓનો ઉપયોગ કર્યો ને સાથે સાથે બળાત્કારના કાયદામાં ફેરફાર



કરવા સરકાર સામે માગણી પણ મૂકી.

*આશા:* કાયદામાં કેવા ફેરફાર લાવવા શું માંગણીઓ કરી?

**કાયદામાં ફેરફાર**

*એકતા:* મથુરા અને બીજા કેસોના અનુભવ પરથી કાયદા અંગેની ચર્ચામાં બે મહત્ત્વના મુદ્દાઓ બહાર આવ્યા.

- સહમતિનો પ્રશ્ન
- સ્ત્રીના જાતીય ઈતિહાસનો પ્રશ્ન

આ બંને પ્રશ્નો બળાત્કારની વ્યાખ્યા સાથે સંકળાયેલા છે. પ્રવર્તમાન કાયદા મુજબ કોઈ પુરુષ દ્વારા સ્ત્રીની ઇચ્છા વિરુદ્ધ, તેની સહમતિ વગર જાતીય સંબંધ બાંધવો તેને બળાત્કાર કહે છે. બળાત્કાર ત્યારે જ થયો કહેવાય છે કે જ્યારે સ્ત્રીની યોનિમાં પુરુષનું લિંગ પ્રવેશે. જો પુરુષ બળાત્કાર કરવાનો પ્રયત્ન કરે પરંતુ તેનું લિંગ સ્ત્રી યોનિમાં ન પ્રવેશી શકે તો તેને બળાત્કારનો પ્રયત્ન અથવા સ્ત્રીના સન્માન કે ઈજ્જત પરનો હુમલો ગણવામાં આવે છે, જે બળાત્કાર જેટલો ગંભીર ગુનો નથી ગણાતો. પુરુષના લિંગને બદલે તેની આંગળી, લાકડી કે બીજા કોઈ સાધન વડે કરેલ જાતીય હિંસાનો સમાવેશ બળાત્કારમાં નથી થતો.

*ફરઝાના:* બાપ રે આવી કેવી વ્યાખ્યા? મને તો સ્ત્રીના શરીરમાં કોઈ લાકડી નાંખે તેનો વિચાર કરતાં જ કમકમાં આવે છે. તેને કેમ બળાત્કાર ન કહેવાય?

*એકતા:* કારણ કે કાયદા મુજબ બળાત્કારની વ્યાખ્યામાં સ્ત્રીની ‘પવિત્રતા’ અથવા તો તેની પરના તેના પતિના અધિકારને ધ્યાનમાં રાખવામાં આવ્યો છે. તેમાં સ્ત્રીના શરીર પર સ્ત્રીનો પોતાનો અધિકાર કે તેની શારીરિક અખંડતા (બોડીલી ઈન્ટિગ્રિટી)ને ધ્યાનમાં રાખવામાં નથી આવી.

આમ, બળાત્કારને સ્ત્રીની પવિત્રતા સાથે જોડવાની વિચારધારા સહમતિના મુદ્દાને અસર કરે છે. એવું વારંવાર કહેવામાં આવે છે કે સ્ત્રી માટે બળાત્કારના ભોગ બનવું તે મૃત્યુ કરતાં પણ બદતર છે. મતલબ કે તમે બળાત્કારની ફરિયાદ કરવા માટે જીવતા રહો અને કોર્ટ સુધી જાવ તો કોર્ટ તમારી પાસે એવી અપેક્ષા રાખે કે તમે મરણતોલ થઈ જાવ એટલી ઈજા થવી જોઈએ. જો ન થઈ હોય તો એનો અર્થ

એ કે તમે જાતીય સંબંધ માટે સહમતિ આપી છે. અથવા તમારા માટે 'પવિત્રતા' અને 'ઈજ્જત' મહત્ત્વનાં નથી અને જે સ્ત્રીઓ ચારિત્ર્યશીલ નથી, પવિત્ર નથી, તેની પર જબરજસ્તી થાય તો તે બળાત્કાર નથી. એટલે બળાત્કારના દરેક કેસમાં સ્ત્રી ચારિત્ર્યહીન છે તેમ સાબિત કરવા માટે તેના જાતીય ઇતિહાસને ઉછાળવામાં આવે છે.

*શકરી:* મથુરાના કેસમાં પણ આમ જ બન્યું હતું ને!

*કમલા:* જાણે કે સ્ત્રી કોઈ જીવંત માનવી નહીં પરંતુ 'ઈજ્જત' અને 'પવિત્રતા'નું એક પોટલું ન હોય!

*એકતા:* આ માન્યતા પુરુષપ્રધાન તો છે જ ઉપરાંત તેમાં ઉપલી જ્ઞાતિ અને વર્ગની બ્રાહ્મણીય માનસિકતા પણ જોવા મળે છે. આ માનસિકતા મુજબ જે સ્ત્રીઓ પરદામાં, ઘરમાં પુરાઈને કે કોઈ એક પુરુષના અંકુશમાં નથી રહેતી તેઓનાં શરીર તો બધા જ પુરુષો માટે ઉપલબ્ધ છે. આમ ગરીબ, દલિત જ્ઞાતિની, આદિવાસી, પોતાની આજીવિકા માટે શરીર વેચતી કે સ્વતંત્ર રહેતી સ્ત્રીઓ માટે ચારિત્ર્ય એ મહત્ત્વની વસ્તુ નથી. તેથી તેમની પરનો બળાત્કાર એ કોઈ ગંભીર ગુનો નથી.

*રેશ્મા:* આ માનસિકતા તો સ્ત્રીના પોતાના શરીર પરના પોતાના અધિકારની વાતને તદ્દન નજરઅંદાજ કરે છે.

*એકતા:* આથી જ નારી આંદોલને અવાજ ઉઠાવ્યો કે સ્ત્રીના જાતીય ઇતિહાસ કે કોઈ સાથેના ભૂતકાળના સ્વૈચ્છિક સંબંધોની વાત જે તે કેસમાં કોર્ટમાં ન ચર્ચાવી જોઈએ.

*સહલ:* તો શું તેના પરિણામે કાયદામાં ફેરફાર થયા?

*એકતા:* દેશભરમાં ચાલેલા અભિયાનના અંતે સરકારે નીમેલા લૉ કમિશને સ્ત્રી સંગઠનો સાથે ચર્ચા-વિચારણા કરી કેટલીક પ્રગતિશીલ ભલામણો સંસદમાં રજૂ કરી. પરંતુ તેમાંની અમુક જ ભલામણો સ્વીકારવામાં આવી અને 1984માં બળાત્કારના કાયદામાં કેટલાક ફેરફાર કરવામાં આવ્યા. જેમ કે, કસ્ટોડિયલ રેપ એટલે કે સ્ત્રી જેના રક્ષણ હેઠળ કે વાલીપણા હેઠળ હોય તેના દ્વારા થતા બળાત્કાર જેમ કે પોલીસ સ્ટેશનમાં પોલીસ દ્વારા; જેલ, નારી સંરક્ષણ ગૃહ કે હોસ્ટેલમાં સુપ્રિન્ટેન્ડન્ટ દ્વારા, હોસ્પિટલમાં ડોક્ટર દ્વારા; સરકારી અધિકારી દ્વારા પોતાના હાથ નીચે કામ કરતી સ્ત્રી

પરના બળાત્કાર કે જેમાં આરોપી કોઈ ને કોઈ રીતે ફરિયાદી પર સત્તા ધરાવતા હોય તેવા કસ્ટોડિયલ રેપના કેસોમાં જો સ્ત્રી કહે કે તેણે સહમતિ નથી આપી તો સહમતિ આપી છે તેવું સાબિત કરવાની જવાબદારી આરોપીની રહે. અંગ્રેજીમાં તેને બર્ડન ઓફ પ્રુફ કહે છે. આમ કસ્ટોડિયલ રેપ એ વધુ ગંભીર ગુનો છે તે વાત કાયદાએ પણ સ્વીકારી.

*કમલાઃ* તો નારી આંદોલનની કઈ માંગણી કાયદામાં સ્વીકારવામાં ન આવી?

*એકતાઃ* બળાત્કારના કેસમાં સ્ત્રીના જાતીય ભૂતકાળની ચર્ચા અદાલતમાં પુરાવા તરીકે ન થવી જોઈએ તે વાતનો સ્વીકાર બિલકુલ સ્પષ્ટ રીતે કરવામાં આવ્યો નહીં. બીજો એક સુધારો એ કરવામાં આવ્યો કે કસ્ટોડિયલ રેપના કેસોમાં, સામૂહિક બળાત્કારમાં, સગર્ભા સ્ત્રી પર બળાત્કારના કેસમાં અને 12 વર્ષથી નાની ઉંમરની છોકરીના કેસમાં ઓછામાં ઓછી 10 વર્ષની સજા કરવાની જોગવાઈ દાખલ કરવામાં આવી.

*રેશમાઃ* મને તો લાગે છે કે બળાત્કારના કેસમાં તો ફાંસીની જ સજા કરવી જોઈએ.

*નીરુઃ* બરોબર છે, એવાઓને તો જીવવાનો અધિકાર જ ન હોવો જોઈએ.

*આશાઃ* એકને ફાંસી થાય ને તો બીજા તેવું કરતાં ડરે.

*એકતાઃ* હું તમારી લાગણી સમજી શકું છું. પણ આ લાગણીની નહીં, કાયદાની વાત છે. તેને બે રીતે સમજવી જોઈએ. એક એ કે કાયદામાં સજા કરતાં પહેલાં કોર્ટમાં ગુનો સાબિત કરવો પડે છે અને ગુનામાં જેટલી વધારે સજાની જોગવાઈ હોય તેટલાં વધારે મજબૂત સાબિતી ને પુરાવા પણ આપવાં પડે.

*ફરઝાનાઃ* તે બળાત્કારના કેસમાં સાબિતી કઈ રીતે લાવવી? આવા બનાવો થોડા જ કોઈની સાક્ષીમાં થાય છે?

*એકતાઃ* આથી જ બળાત્કારની સજા તરીકે ફાંસી નક્કી કરવાથી ગુનેગારને સજા મળશે જ એવું કેવી રીતે માની લેવાય? મૂળ પ્રશ્ન એ છે કે સજાની જોગવાઈ વધારવાથી નહીં પણ ઝડપથી ને ન્યાયી રીતે કેસ ચલાવી યોગ્ય સજા થાય તો જ આ ગુનો ઘટે.

*સહલ:* અમારા અમનભાઈ કહેતા હતા કે માનવ અધિકારમાં માનતા લોકો ફાંસીની સજા નાબૂદ કરવાની માંગણી કરે છે.

*એક્તા:* બરોબર છે. માનવ અધિકારના સિદ્ધાંત મુજબ આપણે કોઈને જીવન આપી શકતા નથી તો કોઈનો જીવ લેવાનો પણ અધિકાર નથી. કદાચ કોઈ કેસમાં કોઈની સામે જૂઠા પુરાવા ઊભા કરીને તેને ફાંસી આપી દેવામાં આવે અને પછીથી સાચી વાત બહાર આવે તો આપણે તેને પાછો સજીવન કરી શકતા નથી એટલે માનવ અધિકારમાં માનતા તમામ લોકો માને છે કે ગુનેગારને આજીવન કેદની સજા ભલે કરો પણ ફાંસીની નહીં.

*શકરી:* હા, મને તો તે બરોબર પણ લાગે છે. ફાંસી આપવાથી તો એક જ મિનિટમાં સજા પૂરી થઈ જાય અને લોકો પણ તે વાત ભૂલી જાય પણ જેલમાં રહે તો તેને આખી જિંદગી પોતાની ભૂલનો પસ્તાવો થાય અને બીજાને પણ દાખલો બેસે.

*આશા:* મારે એક વાત કરવી છે. જો કોઈ પતિ પોતાની પત્ની પર બળાત્કાર કરે તો શું પત્ની પોતાના પતિ સામે બળાત્કારનો કેસ કરી શકે?

*એક્તા:* આ પ્રશ્ન ઘણી પરિણીત સ્ત્રીઓને સતાવે છે અને કેટલાક દેશોમાં તે અંગેનો કાયદો પણ છે પણ આપણા દેશના હાલના કાયદા મુજબ પતિને પત્ની સાથે જાતીય સંબંધ બાંધવાનો અબાધિત અધિકાર છે. માટે પતિ દ્વારા સ્ત્રીની ઇચ્છા વિરુદ્ધ કે જબરજસ્તીથી કરવામાં આવેલા જાતીય સંબંધને બળાત્કાર ગણવામાં નથી આવતો, સિવાય કે પત્નીની ઉંમર 15 વર્ષ કરતાં ઓછી હોય. તે જ રીતે 16 વર્ષ કરતાં નાની ઉંમરની છોકરી સાથેનો સંભોગ બળાત્કાર ગણવામાં આવે છે પછી ભલેને તેમાં તેની સહમતિ હોય. બળાત્કારના કાયદામાં જણાવેલી સહમતિ માટેની વય બધા જ આધુનિક કાયદાઓ કરતાં જુદી જ છે. જેમ કે લગ્ન કરવાની કાયદેસરની ઉંમર 18 વર્ષની. સ્વૈચ્છિક રીતે લગ્ન કરવાનો નિર્ણય છોકરી ત્યાર પછી જ લઈ શકે, મતદાનના અધિકાર અને કોઈ પણ કોન્ટ્રાક્ટ કરવા માટેની કાયદેસરની વય મર્યાદા 18 વર્ષની. પરંતુ જાતીય સંબંધની બાબતમાં 16 વર્ષની. અને પતિને 'ના' કહેવાનો અધિકાર તો છોકરી માત્ર

15 વર્ષની ઉંમરે જ ગુમાવી બેસે છે. જો કે, 2006માં અમલમાં આવેલ કૌટુંબિક હિંસા અધિનિયમ હેઠળ પત્ની સાથે જબરજસ્તી સંભોગ કરવાને હિંસાની વ્યાખ્યામાં પહેલી વાર સમાવવામાં આવ્યો છે.

*સહલ:* એટલે કે બળાત્કાર સામેની લડતને ખાસ સફળતા ન મળી એવું કહેવાય.

*એકતા:* ના. આ ઝુંબેશની બધી માગણીઓ હજુ પણ પૂરી થઈ નથી. પરંતુ તેને કેટલીક સફળતા પણ મળી છે. આ ઝુંબેશને પરિણામે પહેલી વાર બળાત્કાર એક સામાજિક સમસ્યા છે અને તેની જાહેરમાં ચર્ચા થવી જોઈએ તે વાત સ્વીકારાઈ. અને આપણે આગળ જોયું તેમ કાયદામાં સુધારા પણ કરવામાં આવ્યા. બીજી મહત્ત્વની સફળતા એ રહી કે આ ઝુંબેશ દરમ્યાન દેશભરનાં સંગઠનોએ એકસાથે મળી કામ કર્યું અને દેશવ્યાપી સંકલનની એક પરંપરા શરૂ થઈ.

*ફરઝાના:* તો કાયદામાં ફેરફાર થયા પછી બળાત્કાર સામેની લડત આસાન બની હશે નહીં?

*એકતા:* કાયદામાં સુધારો થયા પછી પણ બળાત્કાર સામેના સંઘર્ષમાં ખૂબ જ ઓછા કેસમાં ખરેખર સફળતા મળી. જાણીતા નારીવાદી કાર્યકર અને વકીલ ફ્લેવીયા એગ્નીસે કરેલા એક અભ્યાસ મુજબ જ્યારે બળાત્કાર વિરોધી ઝુંબેશ પૂરજોશમાં હતી તે દરમ્યાન આવેલા ચુકાદાઓ સ્ત્રીઓ પ્રત્યે વધુ સંવેદનશીલ વલણ દર્શાવે છે પણ કાયદામાં ફેરફાર થયા બાદ ઝુંબેશ શાંત પડી ત્યાર પછીના ચુકાદાઓમાં આ સંવેદનશીલતાનો અભાવ જોવા મળે છે.

તેથી મોટે ભાગે બળાત્કાર સામેની લડતમાં પ્રત્યેક કેસમાં કાનૂની પ્રયત્નોની સાથે સાથે પોલીસ, સરકાર, ન્યાયતંત્ર પર દબાણ અને જનજાગૃતિ લાવવાના પ્રયત્નો કરવા જ પડે છે.

*નીરુ:* અમને તેનાં ઉદાહરણ આપીને સમજાવોને.

**પ્રશ્નની જટિલતા અને જનજાગૃતિના પ્રયાસો**

*એકતા:* જેમ કે, ગુજરાતમાં સાગબારામાં આદિવાસી બહેન પર પોલીસોએ કરેલા બળાત્કાર સામેના સંઘર્ષમાં આ તમામ રસ્તાઓ અપનાવવામાં આવ્યા હતા. રાજપીપળા સમાજસેવા સંઘ, સહિયર (સ્ત્રી સંગઠન), લોક અધિકાર સંઘ અને

ચિનગારી દ્વારા વડોદરા, રાજપીપળા અને સાગબારામાં હજારોની જાહેર સભા, દેખાવો, સહીઝુંબેશ, શેરી નાટકો, પત્રિકાઓ, પુસ્તિકાઓ વગેરે દ્વારા જાગૃતિનું વાતાવરણ ઊભું થયું હતું. આ જાગૃતિ કાર્યક્રમમાં બળાત્કારી પોલીસો સામેના કેસને મજબૂત બનાવવાની સાથે સાથે લોકમાનસમાં રહેલી બળાત્કર અંગેની ભ્રમણાઓ દૂર કરવાનો પ્રયત્ન કરવામાં આવ્યો હતો. સંગઠનોના તપાસ અહેવાલ અને જાહેર જનતા તેમ જ માધ્યમોના સહકારથી ઊભા કરેલા દબાણને કારણે સુપ્રીમ કોર્ટે સી.બી.આઈ. દ્વારા બનાવની તપાસ કરવાનો હુકમ કર્યો હતો. અંતે આ કેસમાં કેટલાક ગુનેગારોને સજા અને બળાત્કારનો શિકાર બનેલી બહેનને વળતર મળ્યું હતું. ભારતના નારી આંદોલનમાં કાયદાની લડતમાં સફળ રહ્યા હોય અને બહેનને વળતર મળ્યું હોય તેવા કેસ માંડ આંગળીના વેઢે ગણી શકાય તેટલા જ છે.

જ્યાં સુધી વકીલો, ન્યાયાધીશો અને સમગ્ર સમાજની માનસિકતા ન બદલાય ત્યાં સુધી આ સવાલ માત્ર કોર્ટ અને કાયદા પર છોડીએ તો આસાનીથી ન્યાય મળતો નથી. આને કારણે આંદોલનમાં કાયદા સિવાયના રસ્તાઓ શોધવાના પ્રયોગો પણ થયા છે.

*શકરી:* કાયદા સિવાયનો રસ્તો?

*એકતા:* વર્ષો સુધી કોર્ટ કાર્યવાહીમાં સમય વેડફી વારંવાર બળાત્કારના અનુભવમાંથી ફરીફરી પસાર થવાને બદલે સંગઠનના બળથી વળતર અને જમીન અપાવવા જેવાં પગલાંઓ લેવાયા હોવાના બનાવો પણ બન્યા છે. દા.ત. તામિલનાડુમાં 'રૂરલ વીમેન્સ લિબરેશન મુવમેન્ટ'એ ગામડાની ખેતમજૂર સ્ત્રીઓનું એક મજબૂત સંગઠન છે. તેમણે કોર્ટ કચેરીના ચક્કરમાં પડવા કરતાં બળાત્કાર કરનારનો ન્યાય સ્ત્રીઓના સમૂહ દ્વારા કરવાનાં પગલાં લીધાં છે. મહિલા સામખ્ય અને બીજા કેટલાક સમૂહોમાં પણ સ્ત્રીઓના મજબૂત સંઘો બની શક્યા છે. ત્યાં બહેનોનાં સંગઠનના બળે વળતર અપાવ્યું હોવાનાં ઉદાહરણો જોવા મળે છે.

*સહલ:* અમે બવંડર નામનું એક ચલચિત્ર જોયું હતું. તેમાં રાજસ્થાનના એક બહેનની વાત હતી. તો શું તે સાચી ઘટના પર આધારિત ફિલ્મ છે?

*એકતાઃ* હા. રાજસ્થાનમાં બનેલી ભંવરીદેવીનો કેસ પણ નારી આંદોલનમાં એક સીમાચિહ્ન રૂપ બની ગયો.

*રેશ્માઃ* તે કઈ રીતે?

*એકતાઃ* ભંવરીદેવી, રાજસ્થાનના સ્ત્રી વિકાસ કાર્યક્રમ (ડબલ્યુ.ડી.પી. - વીમેન્સ ડેવલપમેન્ટ પ્રોગ્રામ)નાં કાર્યકર હતાં. 1992માં તેમણે પોતાના ગામમાં એક વર્ષની નાની બાળકીના બાળલગ્ન ન કરવા અંગે લોકોને સમજાવવાનો પ્રયત્ન કર્યો. પણ ગામના ગુજ્જર જાતિના વગ ધરાવનાર આગેવાનો આથી ખૂબ ગુસ્સે થયા. ભંવરીદેવીને પાઠ ભણાવવા ગામના મુખી ગ્યારસા, બાળકીના પિતા, સસરા, બનેવી વગેરેએ ભેગા મળી ભંવરીના પતિને માર માર્યો અને તેના પતિની હાજરીમાં તેની પર સામૂહિક બળાત્કાર કર્યો. ભંવરીદેવી ફરિયાદ કરવા તાલુકા પોલીસ મથકે ગયાં તો તેમની ફરિયાદ લેવામાં અને દાકતરી તપાસમાં વિના કારણ ખૂબ વિલંબ કરવામાં આવ્યો કે જેથી કોઈ પુરાવા ન રહે. જ્યારે કોર્ટમાં કેસ ચાલ્યો ત્યારે તેમના કેસમાં 180 મુદતો પડી. પાંચ વખત ન્યાયાધીશ બદલાયા, 17 સાક્ષીઓને તપાસવામાં આવ્યા.

*આશાઃ* પણ ત્યાર પછી તો કોર્ટે ન્યાય આપ્યો ને..?

*એકતાઃ* સેશન્સ કોર્ટના ચુકાદામાં જણાવવામાં આવ્યું કે, 'ભંવરીદેવી જૂઠું બોલે છે. કારણ કે, 'મુખી ગામના સન્માનનીય વ્યક્તિ છે તે બળાત્કાર ન કરી શકે.. અલગ અલગ જ્ઞાતિના લોકો ભેગા થઈને બળાત્કાર ન કરી શકે... બળાત્કાર સગાં-વહાલાં ને સન્માનનીય વડીલોની હાજરીમાં ન થઈ શકે... ભંવરીએ ફરિયાદ લખાવવામાં ઢીલ શા માટે કરી, વગેરે...'

*કમલાઃ* આ તો હડહડતો અન્યાય કહેવાય.





*એકતા:* હા. આ અન્યાયી ચુકાદા સામે દેશભરનાં સ્ત્રી સંગઠનોએ વિરોધ જાહેર કર્યો. જયપુરમાં વિશાળ રેલી અને સભાનું આયોજન કર્યું. તો સામે ગુજ્જર જ્ઞાતિની 38 ગામની પંચાયતોએ ભેગા થઈ ઠરાવ કર્યો કે ભંવરી જૂઠી છે અને તેને નાત બહાર મૂકવી.

*નીરુ:* પણ સરકાર... તેણે કાંઈ ન કર્યું?

*એકતા:* ભંવરીના વિરોધમાં માત્ર ગુજ્જરોએ જ નહીં પણ રાજસ્થાનમાં સત્તા પર બેઠેલા ભાજપના નેતાઓ, અરે! મહિલા નેતાઓએ સભાઓ કરી અને તેઓ પણ ભંવરીને જૂઠી ઠેરવતા કાર્યક્રમમાં સામેલ થયાં.

*સહલ:* પોતાની સત્તા ટકાવવામાં ગુજ્જરોનો ટેકો મેળવવા માટે જ ને?

*એકતા:* હા. તમામ સ્થાપિત રાજકીય પક્ષો, સ્ત્રીઓની વાતો કરતા હોય છે પણ હકીકતમાં સમાજના આ અડધા હિસ્સાના અધિકારો કરતાં પોતાની વિચારધારા કે રાજકીય હિતોને જ પ્રાધાન્ય આપે છે.

ઉપરાંત ભંવરીદેવીના કેસમાં એ વાત પણ સમજવાની છે કે સ્ત્રીઓ જ્યારે જાહેર જીવનમાં સક્રિય થાય છે અને પોતાના વિચારો મુજબ મક્કમતાથી સમાજનાં સ્થાપિત હિતોને પડકારે છે ત્યારે તેમને ચૂપ કરવા માટે બળાત્કારનો ઉપયોગ કરવામાં આવે છે.

આમ, આ કેસમાં મથુરાના કેસ પછી કાયદામાં જે સુધારા મેળવ્યા હતા તે પણ કોર્ટ અને રાજકારણનાં વલણોને કારણે નાકામિયાબ રહ્યા.

*નીરુ:* આ તો જાણે દળી દળીને કુલડીમાં નાંખ્યું હોય તેવું થયું.

*ફરઝાના:* આ સાંભળીને એમ થાય છે કે સંઘર્ષ કરવો જ ન જોઈએ.

*એકતા:* એવું નથી. ભંવરીનો સંઘર્ષ ચાલુ જ છે પણ તેમના કેસમાંથી એક બીજી મહત્ત્વની આડવાત બની, જે કામ કરતી અને અભ્યાસ કરતી તમામ સ્ત્રીઓ માટે એક મહત્ત્વનો અધિકાર બની ગઈ છે. ભંવરીને મદદ કરનાર વિશાખા નામની સંસ્થાએ સુપ્રીમ કોર્ટમાં કેસ કર્યો કે ભંવરી સરકારના કાર્યક્રમમાં કામ કરતી હતી અને પોતાના કામના ભાગ રૂપે બાળલગ્નો અટકાવવાની ફરજ બજાવતી હતી. તેથી એક માલિક તરીકે સરકારની ફરજ છે કે તેના સંઘર્ષમાં સાથ

આપે. કામનું સ્થળ જાતીય સતામણી અને જાતીય શોષણથી મુક્ત હોય તે સ્ત્રીનો મૂળભૂત અધિકાર છે. અને વિશાખા વિરુદ્ધ રાજસ્થાન સરકારના આ કેસમાં સુપ્રીમ કોર્ટે જે ચુકાદો આપ્યો તે વિશાખા જજમેન્ટ તરીકે જાણીતો બન્યો છે.

*આશા:* અમને તેના વિશે કહો ને.

**(2) કામના સ્થળે જાતીય સતામણી અને શોષણ**

*એક્તા:* કામના સ્થળે અને શાળા-કોલેજોમાં પણ સ્ત્રીઓને જાતીય સતામણીના ભોગ બનવું પડે છે. કામના સ્થળે જો માલિક અથવા ઉપરી અધિકારી દ્વારા સતામણી થતી હોય તો તેના હાથ નીચે કામ કરતી સ્ત્રી માટે બે જ વિકલ્પ રહે છે, સહન કરો અથવા નોકરી છોડી દો.


*આશા:* સાથી કાર્યકરો દ્વારા થતી સતામણીના કેસમાં પણ જોવા મળ્યું છે કે જો સ્ત્રી ફરિયાદ કરે તો માલિકો, અધિકારીઓ તેને મદદ કરવાને બદલે નોકરી છોડી દેવાની સલાહ આપે છે અથવા પોતે જ તે સ્ત્રીને નોકરીમાંથી કાઢી મૂકે છે કે જેથી 'કામના સ્થળનું વાતાવરણ ન બગડે'.

*એક્તા:* આ પરિસ્થિતિમાં વિશાખા વિ. રાજસ્થાન રાજ્યના કેસમાં સુપ્રીમ કોર્ટે ઓગસ્ટ 1997માં આપેલો ચુકાદો એક મહત્ત્વનું સીમાચિહ્ન બની ગયો છે. આ ચુકાદામાં પહેલી વાર ભારતની સર્વોચ્ચ અદાલતે, આંતર્રાષ્ટ્રીય માનવ અધિકારના કન્વેશન - કન્વેશન ઓન એલિમિનેશન ઓફ ઓલ ફોર્મ્સ ઓફ ડિસ્ક્રીમિનેશન અગેઈન્સ્ટ વીમેન (સીડો) - એટલે કે, 'સ્ત્રીઓ પ્રત્યેના ભેદભાવનાં તમામ સ્વરૂપો દૂર કરવા માટેનો ખરડો'નો આધાર લીધો છે. તેમાં જાતીય સતામણીની સ્પષ્ટ વ્યાખ્યા પણ આપી છે.

*કમલા:* શું વ્યાખ્યા આપી છે?

*એક્તા:* આ વિસ્તૃત અને શકવર્તી ચુકાદામાં નીચે મુજબની અનિચ્છનીય વર્તણૂકોનો જાતીય સતામણીમાં સમાવેશ કર્યો છે:

- શારીરિક સંપર્ક / સ્પર્શ કરવો કે તેમ કરવાની કોશિશ કરવી.
- જાતીય સંબંધ બાંધવાની માગણી કરવી કે તેમ કરવા દબાણ કરવું.
- અશ્લિલ વાક્યો - શબ્દો વાપરવા કે અશ્લિલ ચિત્રો બતાવવાં.
- ઉપર જણાવેલી તમામ વર્તણૂક ઉપરાંત શરીર દ્વારા, શબ્દો દ્વારા કે તે સિવાય ઈશારા વગેરે દ્વારા કરેલી કોઈ પણ પ્રકારની અનિચ્છનીય વર્તણૂક-વ્યવહારનો જાતીય સતામણીમાં સમાવેશ થાય છે.



*સહલ:* છોકરા છોકરીઓ એક બીજાની મજાક મશ્કરી કરે તેને પણ જાતીય સતામણી કહેવાય? એવું હોય તો અમારે છોકરીઓ સાથે બોલવાનું જ બંધ કરી દેવું પડશે.

*એકતા:* એવું નથી. જ્યાં સુધી બંને વ્યક્તિને ગમતું હોય, યોગ્ય લાગતું હોય ત્યાં સુધી બે પુખ્ત વયની વ્યક્તિ પરસ્પર સહમતીથી જે કાંઈ કરે તે જાતીય સતામણી નથી પણ જ્યારે સામી વ્યક્તિની સ્વૈચ્છિક સહમતી ન હોય અને તેને અણગમતું કે તેને અનિચ્છનીય લાગતું વર્તન કરવામાં આવે તેને જ જાતીય સતામણી કહેવાય.

*ફરઝાના:* કોઈની સાથે જાતીય સતામણી થાય તો તેણે ક્યાં ફરિયાદ કરવાની? પોલીસમાં?

*એકતા:* પોલીસમાં ફરિયાદ થઈ શકે પણ તે ઉપરાંત સુપ્રીમ કોર્ટે પ્રત્યેક કામ કરવાના સ્થળ કે અન્ય સંસ્થાઓમાં કામદાર, કર્મચારીની જાતીય સતામણી ન થાય તેવાં પગલાં ભરવાની અને આવા બનાવ બને તો તેના નિવારણ માટે યોગ્ય માળખું ઊભું કરવાની જવાબદારી માલિકોના માથે રાખી છે. તે

મુજબ આવા કેસમાં ફરિયાદી સ્ત્રીને યોગ્ય ન્યાય મળી રહે અને ફરિયાદની સુનાવણી સંવેદનપૂર્ણ રીતે થાય તે હેતુથી દરેક કામના સ્થળે એક ફરિયાદ સમિતિની રચના કરવાની રહે છે. આ ઉપરાંત, તટસ્થ સભ્ય તરીકે સમિતિમાં જે તે કાર્યસ્થળની બહારની, સ્ત્રીઓના મુદ્દા પર કામ કરતી સ્વૈચ્છિક સંસ્થાના પ્રતિનિધિનો સમાવેશ કરવાની જોગવાઈ રાખેલી છે.

*આશા:* પણ અમારી ઓફિસમાં તો આવી કોઈ સમિતિ નથી.

*રેશ્મા:* ને અમારી કોલેજમાં પણ નથી. જો અમારી કોલેજમાં આવી સમિતિ હોત તો અમે ત્યાં ફરિયાદ કરી શકત.

*એકતા:* હજુ સુધી આ ચુકાદાનો અમલ ખૂબ જ ઓછાં કાર્યસ્થળોમાં કરવામાં આવ્યો છે. તેના અમલ માટેનો સંઘર્ષ ચાલુ જ છે.

*શકરી:* ને અમારા કામ કરવાના સ્થળે આ ચુકાદો લાગુ પડે?


*એકતા:* તમારો પ્રશ્ન મહત્ત્વનો છે. સુપ્રીમ કોર્ટના ચુકાદાનો અમલ સરકારી સાહસો, ઓફિસોમાં કે યુનિવર્સિટીઓમાં થાય તો પણ તમારા જેવી મોટા ભાગની સ્ત્રીઓ આ ચુકાદાના દાયરાની બહાર જ રહે છે. ભારતની 94 ટકા સ્ત્રીઓ અસંગઠિત ક્ષેત્રમાં કામ કરે છે. જેમ કે, કોન્ટ્રાક્ટનું કામ, છૂટક મજૂરી, ફેરી, ઘર-નોકર તરીકે કામ કરતી સ્ત્રીઓ, ખેતર કે જંગલમાં મજૂરી કરતી સ્ત્રીઓ, દુકાનો કે કંપનીઓમાં સેલ્સનું કામ કરતી સ્ત્રીઓને પણ રક્ષણ મળે તેવો અસરકારક કાયદો સરકાર બનાવે તે માટે સ્ત્રીઓ અને માનવ અધિકાર માટે લડતાં કેટલાંય સંગઠનો કોશિશ કરી રહ્યાં છે.

*કમલા:* આપણી સહી ઝુંબેશની પત્રિકામાં કોલેજમાં જાતીય સતામણી વિરોધી સમિતિની રચના કરવામાં આવે તેવી માગણી આપણે ઉમેરી દઈશું.

*સહલ:* જરૂર આપણે આ માંગણી કરવી જ જોઈએ. આજે આ ચર્ચામાં ઘણી જાણકારી મળી. મને તમારી મિટિંગમાં સામેલ કર્યો તે બદલ આભાર!

*આશા:* આમ ખાલી આભાર માનો તે નહીં ચાલે, અમારી મિટિંગનો નિયમ છે કે ચર્ચાનો અંત એક ગીતથી કરવો. આજે તમારે ગીત ગાવું પડશે.

*સહલ:* જરૂર આજે હું એક ગીત ગવડાવું છું.




## ગીત ગા રહે હૈં આજ હમ

ગીત ગા રહે હૈં આજ હમ રાગિની કો ઢૂંઢતે હુએ
આ ગયે યહાં જવાં કદમ જિંદગી કો ઢૂંઢતે હુએ

ઇન દિલોં મેં યે ઉમંગ હૈ યે જહાં નયા બનાયેંગે
જિંદગી કા દૌર આજ સે દોસ્તોં કો હમ સિખાયેંગે
ફૂલ હમ નયે ખિલાયેંગે તાજગી કો ઢૂંઢતે હુએ
આ ગયે યહાં જવાં કદમ...

દહેજ કા બુરા રિવાજ હૈ આજ દેશ મેં સમાજ મેં
હૈ તબાહ આજ આદમી લૂટ પર ટિકે સમાજ મેં
હમ સમાજ ભી બનાયેંગે આદમી કો ઢૂંઢતે હુએ
આ ગયે યહાં જવાં કદમ...

ફિર ન રો સકે કોઈ દુલ્હન જોર-જુલ્મ કા ન હો નિશાં
મુસ્કુરા ઉઠેં ધરા ગગન હમ રચેંગે ઐસી દાસ્તાં
હમ વતન કો યૂં સજાયેંગે હર ખુશી કો ઢૂંઢતે હુએ
આ ગયે યહાં જવાં કદમ...



# દહેજ નહીં, મિલકતમાં અધિકાર આપોઃ
# દહેજ, દહેજ-હત્યા અને કુટુંબમાં હિંસા સામે સંઘર્ષ

*એકતાઃ* આજે આપણે દહેજ અને દહેજ-હત્યા સામેની ઝુંબેશ વિશે વાત કરીશું. બળાત્કાર કે છેડતી સામેની લડત એ ઘણાખરા સંજોગોમાં મુખ્યત્વે કુટુંબની બહારનાં પિતૃસત્તાક પરિબળો સામેની લડત છે. જ્યારે દહેજ અને કૌટુમ્બિક હિંસા સામેની લડતમાં કુટુંબના પિતૃસત્તાક માળખા સામે સીધો સંઘર્ષ કરવો પડે છે.

*ફરઝાનાઃ* એટલે?

*એકતાઃ* જેમની સાથે રોજેરોજ જીવવાનું છે, જેમને પોતાના માન્યા છે તેમની સામે અવાજ ઉઠાવવાની આ વાત છે. સમાજ પણ એવું જ માને છે કે કુટુંબમાં થતી હિંસા એ 'કુટુંબનો આંતરિક મામલો', 'પતિ-પત્ની વચ્ચેનો અંગત ઝગડો' છે અને બહારની વ્યક્તિ તેમાં દખલગીરી કરે તે યોગ્ય નથી.



'ઘરનો મામલો' હોવાથી આ અપમૃત્યુ પોલીસ ચોપડે 'સ્ટવ ફાટ્યો ને સળગી ગઈ', 'ચા બનાવતાં પાલવને ઝાળ લાગી' જેવાં કારણો બતાવી, અકસ્માત મૃત્યુના નામે નોંધાય અને ટૂંક સમયમાં ભીનું સંકેલાઈ જાય છે.

*રેશમા:* મને તો એ જ સમજાતું નથી કે શા માટે વહુઓ સળગાવે ત્યારે જ સ્ટવ ફાટે છે?

*આશા:* હા, સાસુ સળગાવે ત્યારે કોઈ દિવસ સ્ટવ ફાટતો નથી!

*એકતા:* આવા જ કેટલાક પ્રશ્નોનો જવાબ મેળવવા, "મહિલા દક્ષતા સમિતિ"એ 1979માં દિલ્લીમાં સ્ત્રીઓના સળગી જવાના બનાવો અંગે તપાસ કરી અને રિપોર્ટ જાહેર કર્યો કે આ અકસ્માત મૃત્યુના બનાવો નથી પરંતુ હત્યાના બનાવો છે. દિલ્લીમાં દહેજ હત્યા વિરોધી આંદોલનની શરૂઆત થઈ અને તે દેશભરમાં પ્રસર્યું.

*નીરુ:* દિલ્લીમાં કઈ રીતે આ આંદોલન થયું?

*એકતા:* 1979માં દિલ્લીમાં મોડેલટાઉન વિસ્તારમાં તરવિંદર કૌર નામની નવવધૂને સળગાવી દેવામાં આવી ને પોલીસે અકસ્માત મૃત્યુના કાગળો કર્યા. આ ઘટના સામે વિરોધ વ્યક્ત કરવા 'સ્ત્રી સંઘર્ષ' નામના મંચની શરૂઆત થઈ. આ આંદોલનમાં મોડેલ ટાઉનના ઘણા રહેવાસીઓ જોડાયા અને તરવિંદરના હત્યારાઓને સજા કરવાની માંગણી કરી. સ્ત્રી સંઘર્ષના સતત પ્રયત્નોને પરિણામે, 'અકસ્માત મૃત્યુ' તરીકે નોંધાતાં આ ખૂન દહેજ-હત્યાના નામે પ્રચલિત બન્યાં.

*શકરી:* દહેજ હત્યા સામે થયેલી મહત્ત્વની લડતો વિશે અમને જણાવો.

*એકતા:* એક મહત્ત્વની લડત સુધા ગોયલના કેસમાં થઈ હતી. આ કેસમાં સેશન્સ કોર્ટે આરોપીઓને કસૂરવાર ઠેરવ્યા પણ દિલ્લી હાઈકોર્ટે અપૂરતા પુરાવાના નામે એ ચુકાદો ઊલટાવીને આરોપીઓને નિર્દોષ જાહેર કર્યા. હાઈકોર્ટ સામે વિરોધ વ્યક્ત કરવા દિલ્લીનાં સંગઠનો જેવાં કે જનવાદી મહિલા સમિતિ, કર્મિકા અને મહિલા દક્ષતા સમિતિ વગેરેએ દેખાવો કર્યા. તો સંગઠનના કાર્યકરો સામે કોર્ટનો તિરસ્કાર કરવા અંગેનો કેસ દાખલ કરવામાં આવ્યો. જો કે, લોકોની જાગૃતિ અને માધ્યમોના સહકારને કારણે આ કેસ સાંભળનાર જજે કાર્યકરો સામે કોઈ પગલાં લીધાં નહીં.

ત્યાર બાદ દહેજ-હત્યા સામેની લડતનો સિલસિલો દેશના અલગ અલગ ભાગોમાં જોવા મળ્યો. કલકત્તામાં દેબજાની ભૌમિક, રાંચીમાં નિવેદિતા દત્તા, પુનામાં મંજુશ્રી સારડા, અમદાવાદમાં વર્ષાના કેસે અને રાજસ્થાનના આશારાનીના કેસે દહેજ-મૃત્યુના સવાલને રાષ્ટ્રીય ફલક પર લાવી મૂક્યો.

*ફરઝાનાઃ* તેમાંથી કોઈ એક કેસ વિશે અમને વિગતો જણાવોને!

**આશારાની કેસ**

રાજસ્થાનમાં 'આશારાની દહેજ મૃત્યુ કેસ' ખૂબ નોંધપાત્ર રહ્યો. મધ્યમવર્ગી કુટુંબની આશારાનીને સગર્ભાવસ્થામાં જ દહેજને કારણે સળગાવી દેવામાં આવી હતી. 90 ટકા સળગી ગયેલી આશાનું મૃત્યુ પહેલાંનું નિવેદન (ડાઈંગ ડેક્લેરેશન) કોઈ મેજિસ્ટ્રેટે લીધું ન હતું પરંતુ તેની સારવાર કરનાર ડોક્ટરને તેણે જણાવ્યું હતું કે તેના દિયર અશોકે તેના પર કેરોસિન છાંટ્યું છે. જયપુરના વિશ્વવિદ્યાલયમાં શરૂ થયેલા 'રાજસ્થાન યુનિવર્સિટી વીમેન્સ એસોસીએશન (રુવા)'એ આ કેસ હાથમાં લીધો. આશાના સાસરાના ઘરની આસપાસ તપાસ કરી અને સાચી માહિતી મેળવી. પોલીસની નબળી તપાસ સામે અને લોકોમાં જાગૃતિ લાવવા 500 જેટલી સ્ત્રીઓએ રસ્તા પર આવી વિરોધ પ્રદર્શન કર્યાં. રાજસ્થાનમાં આ પ્રથમ કેસ બન્યો કે જેમાં મધ્યમવર્ગી પરિવારની સ્ત્રીઓ રસ્તા પર આવી. પોલીસને આરોપીઓની ધરપકડ કરવાની ફરજ પડી. કેસ કોર્ટમાં ગયો ત્યારે નીચલી અદાલતે મેજિસ્ટ્રેટની ગેરહાજરીમાં ડોક્ટરે લખેલ નોંધને માન્ય ન રાખી અને ઉપરથી કહ્યું કે નોંધ કરનાર ડોક્ટર એક સ્ત્રી છે તેથી તેની નોંધ પર ભરોસો ન રાખી શકાય.

*કમલાઃ* અરે, આ તે કેવી દલીલ? મને તો લાગે છે કે ચુકાદો આપનાર ન્યાયાધીશ પુરુષ છે તેથી ચુકાદા પર જ ભરોસો ન રાખી શકાય.

*એકતાઃ* ખરેખર! આવા ચુકાદા સામે સ્ત્રીઓ અને મહિલા ડોક્ટરોનો આક્રોશ ભભૂકી ઊઠ્યો. તેમણે જાહેરમાં સવાલ કર્યો કે, 'તમે પહેલાં પુરુષ છો કે વકીલ છો? પહેલાં પુરુષ છો કે પોલીસ છો તેનો જવાબ આપો પછી અમે આગળ વાત કરીશું.'

આ ચુકાદા સામે તેઓ હાઈકોર્ટમાં ગયા અને લોકજુવાળ જોતાં હાઈ કોર્ટે ડોક્ટરની નોંધને મૃત્યુ પૂર્વેના નિવેદન તરીકે

માન્ય રાખ્યું. આરોપીઓ સુપ્રીમ કોર્ટમાં ગયા પરંતુ તેણે પણ હાઈકોર્ટના હુકમને માન્ય રાખ્યો અને આરોપીઓને જન્મટીપની સજા થઈ.

*રેશ્મા:* પણ દહેજની પ્રથા જ શા માટે હોવી જોઈએ? તેને કારણે કેટલીય છોકરીઓનાં જીવન બરબાદ થાય છે.

*આશા:* જૂના જમાનામાં છોકરીઓ ભણેલી-ગણેલી ન હતી તેથી કદાચ દહેજપ્રથા હશે તેવું માની લઈએ પણ હવે નવા જમાનામાં શા માટે આ પ્રથા ચાલુ રહી છે?

*શકરી:* અમારામાં તો પહેલાંના જમાનામાં દહેજ ન હતું. પરંતુ હવે દેખાદેખીથી તેની શરૂઆત થઈ ગઈ છે.

*ફરઝાના:* હા, અમારામાં પણ પહેલાં કરતાં હવે દહેજ ધીમે ધીમે વધી રહ્યું છે.

*કમલા:* આ તો નવાઈની વાત કહેવાય! જેમ શિક્ષણ વધે તેમ દહેજ વધે છે!

**દહેજનું સ્વરૂપ: પહેલાં અને આજે....**

*એકતા:* હા. જે રીતે દહેજ અને દહેજ-મૃત્યુનો ફેલાવો 70ના દાયકા પછીનાં વર્ષોમાં જોવા મળે છે તે જૂની પરંપરા કરતાં જુદું જ છે. સામંતશાહી સમાજમાં દહેજપ્રથા મુખ્યત્વે કહેવાતી ઉચ્ચ જ્ઞાતિઓ અને જમીનો ધરાવનાર વર્ગ પૂરતી મર્યાદિત હતી. કારણ કે આપણે આગળ જોયું તેમ આ જ્ઞાતિઓમાં સ્ત્રીઓને સામાજિક ઉત્પાદનમાં ભાગ લેવા દેવામાં આવતો નહીં. એક બાજુ તેમને જનાનામાં પૂરી રાખવામાં આવતી અને બીજી બાજુ તેમને એક બોજો ગણવામાં આવતી. તેને માટે 'પારકું ધન', 'સાપનો ભારો' જેવા શબ્દો વપરાતા. જ્યારે કહેવાતી 'નીચલી' જ્ઞાતિઓમાં એટલે કે શ્રમજીવી વર્ગમાં દહેજ ન હતું પરંતુ લગ્ન સમયે પતિના કુટુંબ તરફથી પિતાના કુટુંબને કંઈક આપવાનો રિવાજ હતો.

*શકરી:* બરોબર છે અમારી જ્ઞાતિમાં એવો જ રિવાજ હતો.

*આશા:* એવો ઊંધો રિવાજ શા માટે?

*એકતા:* આ ઊંધો રિવાજ નથી. શ્રમજીવી જ્ઞાતિઓમાં પુત્રી પરણીને બીજા કુટુંબમાં જાય એટલે પિતાના કુટુંબમાંથી એક કામ કરનાર વ્યક્તિ ઓછી થાય, તેની ખોટ ભરપાઈ કરવા માટે વર પક્ષ કન્યા પક્ષને કંઈક આપતો એમ કહી શકાય. ઉપરાંત



કેટલીક જ્ઞાતિઓમાં દહેજ, 'સ્ત્રી ધન' તરીકે પણ પ્રચલિત હતું. આ મિલકત મુખ્યત્વે ઘરેણાં, જર-ઝવેરાતના સ્વરૂપે રહેતી અને તેની પર સ્ત્રીનો જ અધિકાર ગણાતો.

દહેજના આ પરંપરાગત સ્વરૂપમાં આજે ઘણું જ પરિવર્તન આવ્યું છે. હવે દહેજ કહેવાતી ઉપલી જ્ઞાતિઓ પૂરતું મર્યાદિત નથી રહ્યું પરંતુ અન્ય જ્ઞાતિઓમાં પણ ફેલાવા માંડ્યું છે અને તેમાં ઘરેણાં, કપડાં ઉપરાંત સ્કુટર, ટી.વી., ફ્રીઝ, નવું ઘર વસાવવાની તમામ ઘરવખરી વગેરે માંગવામાં આવે છે.

*આશાઃ* મારા લગ્ન વખતે તેઓએ શરતો કરી હતી કે, 'જાનની આગતા-સ્વાગતા સારી રીતે થવી જોઈએ... આટલી મીઠાઈ તો જોઈએ જ...' અરે, જમણ માટે અને મંડપ ડેકોરેશન માટેના કોન્ટ્રાક્ટ કોને આપવા તે પણ તેમણે જ નક્કી કર્યું હતું. જો કે, તેના પૈસા તો મારાં મા-બાપને જ ચૂકવવાના હતા.

*રેશ્માઃ* ગયા મહિને મારી બહેનપણી અમેરિકા ગયેલા એક છોકરાને પરણી તો બન્નેનો અમેરિકા જવાનો ખર્ચો છોકરીના મા-બાપને જ આપવો પડ્યો. આ પણ એક જાતનું દહેજ જ કહેવાયને!

*કમલા:* ને મારી એક બહેનપણી પરણી તો સાસરા વાળાએ તેમના ધંધાની નવી ઓફિસ ખોલવા માટે લાખોનો ખર્ચો માંગ્યો.

*એકતા:* આ બધા જ દહેજનાં બદલાતાં જતાં સ્વરૂપનાં ઉદાહરણો છે. આમાંથી જ વધુ દહેજ મેળવવા અને ન મળે તો બીજા લગ્ન કરી ફરી વાર દહેજ મેળવવા માટે પત્નીને સળગાવી દેવાની - દહેજ-હત્યાની - શરૂઆત થઈ હોય એવું કહી શકાય. સ્ત્રી સંઘર્ષના અભ્યાસ મુજબ દહેજ-મૃત્યુનું પ્રમાણ મધ્યમવર્ગી ધંધાદારી કુટુંબોમાં વધારે જોવા મળતું હતું.

*રેશ્મા:* જે જ્ઞાતિઓમાં દહેજ ન હતું ત્યાં પણ હવે આ દૂષણ પ્રસરી રહ્યું છે તેનું કારણ શું હશે?

*એકતા:* આ અંગે નારી આંદોલનમાં અલગ અલગ વિચારો જોવા મળે છે. એક પ્રવાહ માને છે કે દહેજ એ વધતી જતી લોભવૃત્તિ અને ઉપભોક્તાવાદનું પરિણામ છે. સ્કૂટર, ગાડી, ફ્રીઝ વગેરે વપરાશી વસ્તુઓની માગણીમાં તે દેખાય છે. આ વાત મધ્યમ વર્ગી કુટુંબો માટે સાચી લાગે છે.

તો બીજી એક દલીલ એ છે કે દહેજની વધતી જતી વ્યાપકતા પાછળ મોજૂદ વ્યવસ્થામાં જે રીતે સ્ત્રીનું આર્થિક અવમૂલ્યન થઈ રહ્યું છે તે જવાબદાર છે. પહેલાં કહેવાતી ઉપલી જ્ઞાતિઓમાં જ દહેજ હતું કારણ કે તેમની સ્ત્રી એક અનુત્પાદક બોજો ગણાતી. પણ હવે મોજૂદ મૂડીવાદી વ્યવસ્થામાં કહેવાતી નીચલી જ્ઞાતિઓ માટે પણ કુટુંબ એ ઉત્પાદનનું એકમ રહ્યું નથી. શ્રમબજારમાં સ્ત્રીના શ્રમનું અવમૂલ્યન થયું છે માટે ત્યાં પણ દહેજપ્રથા પ્રસરી રહી છે. આ દલીલથી દલિત અને શ્રમજીવી વર્ગમાં પ્રસરી રહેલી દહેજપ્રથાને સમજી શકાય છે.

*આશા:* પણ જો દહેજનું કારણ આર્થિક અવમૂલ્યન જ હોય તો ભણેલી-ગણેલી અને કમાતી સ્ત્રીઓ પણ શા માટે દહેજ અને દહેજમૃત્યુનો શિકાર બને છે?

*એકતા:* તેની સ્પષ્ટતા ઉપરની દલીલમાં થતી નથી. તેથી જ મારિયા મીસ જેવા અભ્યાસુઓ દહેજ માટે અનુલોમ-પ્રતિલોમના નિયમોને કારણભૂત ગણે છે.

*નીરુ:* અનુલોમ-પ્રતિલોમના નિયમ એટલે શું?

*એકતા:* એટલે, દીકરી આપવા અને લેવાના નિયમો કે જેમાં દીકરીને ઊંચા કુટુંબમાં અપાય પણ નીચા કુટુંબમાં નહીં. આ નિયમો

મુજબ દીકરીનું કુટુંબ હંમેશાં નીચું જ રહે છે તેથી વર પક્ષના ઊંચા સ્થાનના આદર રૂપે ભેટ તરીકે તેમને દહેજ આપે છે. તો મધુ કિશ્વર તેના માટે 'અમુક ઉંમર પછી દીકરી એક બોજો છે, (પછી ભલે તે ભણેલી-ગણેલી અને કમાતી કેમ ન હોય) અને તેનું લગ્ન કરવું જ પડે તેવી પ્રથાને મૂળભૂત રીતે જવાબદાર ગણે છે. સ્ત્રીની પવિત્રતા અને શીલના રક્ષણ માટે તેની જાતીયતા પર અંકુશ રાખવા અને તેના બોજાને જિંદગીભર પાલવવા માટે પિતાના કુટુંબ તરફથી પતિના કુટુંબને દહેજ આપવામાં આવે છે.'

*શકરીઃ* મને તો ઉપરનાં બધાં જ કારણોમાં થોડી-ઘણી વાત સાચી લાગે છે.

*રેશ્માઃ* મને તો લાગે છે કે દહેજને કારણે તો સ્ત્રીઓ પર હિંસા થાય છે જ. ઉપરાંત, દહેજની પ્રથા એ ખુદ સ્ત્રીઓ પરની હિંસા છે.


*એકતાઃ* અને સ્ત્રીના માનવ અધિકારનો ભંગ પણ છે કારણ કે તેમાં સ્ત્રીને વ્યક્તિ કે સમાન માનવી ગણવામાં નથી આવતી પરંતુ એક બોજો ગણવામાં આવે છે.

*આશાઃ* પણ દહેજ માંગવામાં તો સ્ત્રીઓ જ આગળ હોય છે ને?

*એકતાઃ* દહેજની વાટાઘાટો કરવામાં અને માગણી કરવામાં સાસુ, નણંદ વગેરેને આગળ ધરવામાં આવે છે. પરંતુ સાસુની કે નણંદની ભૂમિકા તેમાં સુપરવાઈઝર તરીકેની હોય છે. દહેજની મિલકત પર અધિકાર તો કુટુંબના પુરુષોનો જ રહે છે. આમ 'દહેજ એ એક કુટુંબના પુરુષો તરફથી બીજા કુટુંબના પુરુષોને સ્થળાંતરિત કરવામાં આવતી મિલકત છે'.

*ફરઝાનાઃ* તો શું દહેજ સામેના સંઘર્ષમાં તેને રોકવાનો કાયદો બનાવવાની વાત પણ હતી?

*એકતાઃ* 1961નો દહેજ પ્રતિબંધક કાયદો, દહેજ મૃત્યુના બનાવોને રોકવામાં સાવ બિનઅસરકારક જણાતાં દેશવ્યાપી વિરોધના પરિણામે સરકારને કાયદામાં ફેરફાર કરવાની જાહેરાત કરવી પડી. ઉપરાંત, ફોજદારી ધારામાં ભારતીય દંડસંહિતાની કલમ 498-અ નો સમાવેશ કરવામાં આવ્યો. તેમાં સાસરિયા દ્વારા પરિણીત સ્ત્રી પર થતા શારીરિક-માનસિક ત્રાસને બિનજામીનપત્ર ગુનો ગણવામાં આવ્યો. કોઈ પણ નવવધૂનું મૃત્યુ લગ્નજીવનનાં સાત વર્ષ દરમ્યાન



શંકાસ્પદ રીતે થાય તો તેનું પોસ્ટમોર્ટમ કરવું ફરજિયાત ગણવામાં આવ્યું.


*નીરુ:* છોકરી મરી જાય પછી પોસ્ટમોર્ટમ કરો કે સાસરિયાને જેલમાં મોકલો તેથી શું ફાયદો? ખરેખર તો જીવતી હોય ત્યારે જ કોઈ પગલાં ભરવાં જોઈએ.

*એકતા:* દહેજના કેસોમાં કામ કરતાં કાર્યકરોને કેટલાય એવા અનુભવો થયા હતા કે મોટા ભાગની દીકરીઓએ પોતાને થતા ત્રાસની વાત મૃત્યુ પામતાં પહેલાં વારંવાર મા-બાપને જણાવી જ હતી. પરંતુ ત્યારે પિયરિયાઓએ તેને મદદ કરવાને બદલે 'બે વાસણ તો ખખડે જ', 'અમે તને પરણાવી દીધી એટલે અમારી ફરજ પૂરી થઈ. હવે તો સાસરું એ જ તારું સાચું ઘર', જેવું વલણ અપનાવી તેને સાસરે પાછી ધકેલી દીધી હતી. આવા અનુભવ પછી કાર્યકરોએ એ વાત પર ભાર મૂકવા માંડ્યો કે સ્ત્રીઓના અપમૃત્યુની જવાબદારી માત્ર સાસરિયાની જ નહીં, પિયરના કુટુંબની પણ છે.

*રેશ્મા:* સાચી વાત. જો મા-બાપને જ પોતાની દીકરીની કિંમત ન હોય તો સાસરાના કુટુંબને ક્યાંથી હોય?

*કમલા:* મા-બાપ જ નહિ, સંચાર માધ્યમો, પોલીસ અને આખો સમાજ જ્યાં સુધી દીકરી મૃત્યુ ન પામે ત્યાં સુધી દહેજને સમસ્યા તરીકે જોતો જ નથી. તેની એક ખૂબ સરસ કવિતા તમને સંભળાવું.






## પ્રેસની અડોઅડ

પ્રેસની અડોઅડ,
કે પછી પોલીસ સ્ટેશનની પડખે?
એક કલીત, વૃદ્ધ માનવે દીકરી અને
દહેજથી ભરેલો પટારો
મૂક્યો મૂરતિયાને ઉંબરે.
પ્રેસની અડોઅડ,
કે પછી પોલીસ સ્ટેશનની પડખે?
ના દીઠા કોઈએ ક્રોધે જલતી
જિહ્વાના લબકારા

કે ના ગંધાઈ ધૂમ્રસેર
કોઈએ કશુંય ના જોયું
પટારો જ્યાં લગી બન્યો નહીં
એક વિકરાલ કરાલ જ્વાલા,
તુરંત ચર્ચાઈ આ બાબત
છપાઈ અને જાહેર થઈ,
વીસરશો ના,
બની હતી એ
પ્રેસની અડોઅડ,
કે પછી પોલીસ
સ્ટેશનની પડખે?



**- જોય દેશમુખ**
**અનુવાદ: સોનલ શુક્લ**

*આશાઃ* પણ સ્ત્રીને શારીરિક માનસિક ત્રાસ માત્ર દહેજને કારણે જ થાય એવું તો નથી...

*એકતાઃ* સાચી વાત. દહેજ તરફ વધારે પડતું ધ્યાન આપવાથી દહેજ સિવાય પણ કુટુંબમાં મોટા પાયે હિંસા થાય છે તે વાત ગૌણ બની ગઈ હતી.

*એકતાઃ* આ પ્રશ્ન પર વિચાર કરતાં, પિતાના ઘરમાં છોકરીઓનું સ્થાન, તેમના પર થતી હિંસા અને લગ્ન માટેના દબાણ વગેરે અનેક પ્રશ્નો ઊભા થયા અને પિતૃસત્તાક કુટુંબ સંસ્થામાં સ્ત્રીના સ્થાન અંગેના પ્રશ્નો વધુ સ્પષ્ટ રીતે બહાર આવ્યા. સાસરા તેમ જ પિયરનાં કુટુંબોમાં માનસિક ત્રાસથી શરૂ કરીને થતી અનેક પ્રકારની શારીરિક હિંસા, મારપીટ, પુત્રી-ગર્ભ-હત્યા જેવા હિંસાના બીજા પ્રકારો તરફ નારી આંદોલનનું ધ્યાન ખેંચાયું અને હિંસા સામેની લડત વધુ વ્યાપક બની.

**કુટુંબમાં હિંસાઃ**

*ફરઝાનાઃ* આપણે જ્યારે પણ સ્ત્રીઓ પરની હિંસાની વાત કરીએ છીએ તો તરત જ લોકો કહે છે કે, 'આજ-કાલની સ્ત્રીઓ ઘર છોડીને બહાર નીકળતી થઈ ગઈ છે માટે જ તેમની પર હિંસા થાય છે.'

*આશાઃ* હા. આવી દલીલ કરનારાઓ સ્ત્રીઓને સલામતીને નામે ઘરમાં જ રહેવાની સલાહ આપે છે પણ ખરેખર ઘરમાં પણ સ્ત્રીઓ સલામત છે ખરી?

*શકરીઃ* શું ખાધેપીધે સુખી ઘરોમાં પણ સ્ત્રીઓ માર ખાતી હશે?

*રેશ્માઃ* અને શહેરોમાં પણ...?

*એકતાઃ* રોજબરોજની કૌટુમ્બિક હિંસા સમાજમાં કેટલા પ્રમાણમાં ફેલાયેલી છે તેનો સાચો અંદાજ મેળવવો અઘરો છે. ગુજરાતના વિકસિત કહી શકાય તેવા ખેડા જિલ્લાનાં ગામોમાં લીલાબહેન વિસારિયાએ કરેલા પરિણીત સ્ત્રીઓના એક અભ્યાસ મુજબ, 42 ટકા એટલે કે દર પાંચમાંથી બે સ્ત્રીઓ પોતાના કુટુંબમાં શારીરિક કે જાતીય હિંસાનો ભોગ બને છે અને બીજી 23 ટકા સ્ત્રીઓ શાબ્દિક કે માનસિક હિંસાનો ભોગ બને છે. ભારતનાં અલગ-અલગ રાજ્યોમાં થયેલા અભ્યાસો મુજબ અલગ અલગ શહેરો અને



સમુદાયોમાં કૌટુમ્બિક હિંસાનું પ્રમાણ 35 ટકાથી માંડીને 75 ટકા જેટલું નોંધાયું છે.

*કમલાઃ* મને તો નવાઈ લાગે છે કે કૌટુમ્બિક હિંસાનું આટલું ઊંચું પ્રમાણ હોવા છતાં મોટા ભાગની સ્ત્રીઓ તેના વિશે ભાગ્યે જ કોઈને વાત પણ કરે છે!

*ફરઝાનાઃ* મોટા ભાગની સ્ત્રીઓને ગળથૂથીમાંથી જ શિખવાડવામાં આવે છે કે તેમનો જન્મ જ સહન કરવા માટે થયો છે.

*એકતાઃ* ગરીબ વર્ગનાં સાંકડાં રહેઠાણોમાં નાનપણથી જ બાળકો હિંસા થતી જુએ છે અને તેને સ્વાભાવિક માની લે છે. મોટા ભાગની સ્ત્રીઓ પાસે બીજો કોઈ વિકલ્પ પણ હોતો નથી.

*શકરીઃ* સાચી વાત. ધણી સામે વિરોધ કરે તો ઘર છોડીને ક્યાં જાય? વધારામાં સમાજના બધા જ પુરુષોથી જાત બચાવીને જીવવું પડે. એવી તાણ વેઠવા કરતાં એક પુરુષના હાથનો માર ખાવો વધારે સારો.

*આશાઃ* મેં તો મારા પિતાના ઘરમાં કોઈ દિવસ આવું જોયું ન હતું એટલે જ્યારે મને પહેલી વાર માર પડ્યો ત્યારે એટલી શરમ આવી કે કેટલાય વખત સુધી તો કોઈને ય કહી જ ના શકી.

*એકતાઃ* સાચી વાત. મધ્યમ વર્ગની ઘણી છોકરીઓએ પોતાના ઘરમાં ખુલ્લી હિંસા જોઈ હોતી નથી. માટે જ તેઓ જ્યારે પહેલી

વાર હિંસાનો અનુભવ કરે છે ત્યારે તે માની જ શકતી નથી કે તેમની સાથે આવું થઈ શકે. પરંતુ તેમનાં ઘરોમાં છોકરા-છોકરી વચ્ચેનો ભેદભાવ, ચૂપચાપ સહન કરવાની તાલીમ, ઉપરાંત જાણે લગ્ન કરવા માટે જ છોકરીને મોટી કરવામાં આવતી હોય તેવું વાતાવરણ તો હોય છે જ. તેથી મોટા ભાગની સ્ત્રીઓ હિંસાનો ભોગ બને ત્યારે વિરોધ કરવાને બદલે પોતાનો જ વાંક શોધવા પ્રયત્ન કરે છે.

*આશા:* હા, અને કોઈને વાત કરીએ તો પણ, પિયરિયા, પડોશી કે પોલીસ, બધા એવી જ સલાહ આપે છે કે સહન તો કરવું જ પડે, 'ઘર હોય તો વાસણ ખખડે'.


*એકતા:* 1984 સુધી સ્ત્રીઓ પરની હિંસા સામે કોઈ કાયદો પણ ન હતો. સ્ત્રી સંગઠનોની લડત પછી 1984માં ફોજદારી કાયદામાં 498-કની કલમ દાખલ કરવામાં આવી અને પહેલી જ વાર સાસરાના ઘરમાં થતી હિંસાને બિનજામીન પાત્ર ગુનો ગણવામાં આવ્યો. પરંતુ વર્ષો સુધી પોલીસતંત્રે આ કાયદાને નજરઅંદાજ કર્યો. શરૂઆતમાં એક ગેરસમજ એવી પણ હતી કે આ કલમ દહેજના ત્રાસ માટે જ છે તેથી ફરિયાદમાં 'દહેજ માટે છે' તેવું ઉમેરી દેવાની સલાહ અપાતી. અને જે જ્ઞાતિઓમાં દહેજનો રિવાજ નથી તેમાં મારપીટ નથી થતી તેવું ખોટું તારણ આપોઆપ કાઢવામાં આવતું. સ્ત્રી સંસ્થાઓની સતત ઝુંબેશ પછી જ કોઈ પણ કારણસર કે કારણ વગર થતા શારીરિક-માનસિક ત્રાસ સામે આવો કોઈ કાયદો છે અને તેનો ઉપયોગ કરી શકાય તે વાત પોલીસ સ્ટેશનમાં બેઠેલા કર્મચારીઓ અને અધિકારીઓને ગળે અમુક અંશે ઉતારી શકાઈ છે.

*નીરુ:* તેમ છતાં કોઈ સ્ત્રી એકલી ફરિયાદ કરવા જાય તો આજે પણ પોલીસો તેને ધક્કે જ ચડાવે છે. કાલે અમારા મંડળની ઉષાની છોકરી ફરિયાદ લઈને ગઈ તો પોલીસે તેને આમ-તેમ સમજાવી પાછી જ મોકલી દીધી. પછી હું ગઈ અને મંડળનું નામ દીધું ત્યારે પોલીસે માંડ માંડ ફરિયાદ લીધી.

*એકતા:* સાચી વાત છે. એકલ-દોકલ સ્ત્રી માટે આ કલમનો ઉપયોગ કરવો આજે પણ મુશ્કેલ છે. જો સ્ત્રી સંસ્થાનો સાથ હોય તો જરૂર ફરક પડે છે.

તેથી જ જ્યાં પણ સ્ત્રીઓનું લડાયક સંગઠન હોય ત્યાં કૌટુમ્બિક હિંસા સામેની લડત વધારે સફળ થાય છે. ઉપરાંત, જ્યારે સ્ત્રીઓ કોઈ પણ મુદ્દા માટે સંગઠિત થાય ત્યાં સ્ત્રીઓ પરની હિંસાનો મુદ્દો બહાર આવે જ છે. 1978-81 દરમ્યાન બિહારમાં ભૂમિહીન ખેતમજૂરોની જમીન મેળવવા માટે 'સંઘર્ષવાહિની' દ્વારા કરવામાં આવેલ લડત આનું જ્વલંત ઉદાહરણ છે. બોધગયામાં હજારો એકર જમીનની માલિકી ધરાવનાર મઠની સામે દલિત ખેતમજૂરોના જમીન માટેના સંઘર્ષમાં સ્ત્રીઓએ ખૂબ જ લડાયક ભાગ ભજવ્યો હતો. આ સંઘર્ષમાં તેમણે પોલીસ તેમ જ મઠના ગુંડાઓ દ્વારા લાઠી-ગોળી-બળાત્કારનો સામનો પણ કર્યો હતો. પરંતુ ઘરમાં પોતાના પુરુષોનો માર ખાતી હતી. સ્ત્રીઓને લાગ્યું કે, 'અત્યારે જ પુરુષો અમને મારે છે તો જ્યારે જમીન મળશે ત્યારે કાઢી જ મૂકશે.' સ્ત્રીઓએ માગણી કરી કે જે જમીન સૌના સામૂહિક સંઘર્ષને પરિણામે મળે તેમાં પતિ-પત્ની બંનેનું નામ હોવું જોઈએ કે જેથી પુરુષો અમને મારકૂટ કરીને કાઢી ન મૂકે. પોતાના નામે જમીન કરવા સ્ત્રીઓએ પોતાના સંગઠનમાં, કુટુંબમાં અને અંતે સરકાર સામે પણ સંઘર્ષ કરવો પડ્યો.

ભારતના નારી આંદોલનમાં સ્ત્રીઓ પર થતી હિંસાને જમીન, મિલકત પરના અધિકાર સાથે જોડવાની વાત સૌથી પહેલાં બોધગયાના આંદોલનમાં બહાર આવી. વર્ગ સંઘર્ષની સાથે પિતૃસત્તા સામેનો સંઘર્ષ સંકળાયો તેવો આ અભૂતપૂર્વ બનાવ કહી શકાય.



સ્ત્રીઓ પરની હિંસા અને દારૂ વિરોધી લડત વચ્ચેના સંબંધો પણ અનેક સ્થળોએ જોવા મળ્યા.

*શકરી:* હા, આપણે આગળ પણ એક એવી વાત કરી હતી.

*રેશ્મા:* બરોબર, મહારાષ્ટ્રના શાહદાની આદિવાસી સ્ત્રીઓની લડત વિશે મને યાદ છે.

*એકતા:* તે જ રીતે મધ્ય પ્રદેશમાં 'છત્તીસગઢ ખાણ શ્રમિક સંઘ'ની લડત, હિમાચલ પ્રદેશમાં 'સૂત્ર' અને ઉત્તર પ્રદેશમાં 'ઉત્તરાખંડ સંઘર્ષવાહિની'ની લડત, મણિપુરમાં સ્ત્રીઓની લડતોમાં કૌટુમ્બિક હિંસા સામે સફળતાપૂર્વક અવાજ ઉઠાવવામાં આવ્યો.

આંધ્ર પ્રદેશના નારોલ જિલ્લામાં શરૂ થઈને આખા રાજ્યમાં પ્રસરેલી દારૂ સામેની લડતોએ એક ઇતિહાસ સર્જ્યો. તેના વિશે ક્યારેક વિગતે વાત કરીશું.
ઘણાં બધાં સંગઠનોએ સ્ત્રીઓની સમૂહ શક્તિથી પ્રશ્ન ઉકેલવા નારી અદાલત, ન્યાય સમિતિ જેવા નવા પ્રયોગો પણ કર્યા.

*કમલા:* નારી અદાલત! એ શું છે?

*એકતા:* નારી અદાલત કે ન્યાય સમિતિમાં સ્ત્રીઓ સંગઠિત બની પોતાની અદાલત ચલાવે છે. બંને પક્ષોને બોલાવીને વાટાઘાટો કરે છે અને પોતે જ ચુકાદો આપે છે. જરૂર પડે સાથે મળી બહેનને બાળકનો કબજો કે સ્ત્રીધન અપાવવા તેની સાથે જાય છે.

*કમલા:* પણ જ્યાં સ્ત્રીઓનાં સંગઠનો ના હોય ત્યાં કઈ રીતે કામ થયું?

*એકતા:* એવા સંજોગોમાં, ખાસ કરીને અનેક શહેરોમાં સ્ત્રી સંગઠનોએ, પોતાને થતા અન્યાય કે અત્યાચાર સામે લડતી સ્ત્રીઓ હૈયું ઠાલવી શકે અને પોતાની લડત માટે સંવેદનાત્મક અને કાનૂની મદદ મેળવી શકે, એવાં કેન્દ્રો શરૂ કર્યાં. પરંપરાગત કુટુંબ સલાહ કેન્દ્રોમાં સ્ત્રીને હંમેશાં અનુકૂલન સાધીને રહેવાની જ સલાહ અપાતી. તેમાં કુટુંબ અને બાળકોનું હિત ધ્યાનમાં રાખીને કાર્યવાહી થતી. પછી ભલે તે સ્ત્રીના હિતમાં ન હોય. આ નવાં કેન્દ્રોએ પ્રત્યેક સ્ત્રીના પ્રશ્નને વધુ સંવેદનશીલ રીતે સમજવાનો પ્રયત્ન કર્યો અને તેને વડીલની જેમ સલાહ આપવાને બદલે સાચા અર્થમાં

સહિયરની જેમ તેના પડખે ઊભા રહી તેની જિંદગીનો નિર્ણય જાતે જ કરી શકે તે માટે સહકાર આપવાનો પ્રયત્ન કર્યો. ઉપરાંત, તેમણે આ સ્ત્રીઓના પ્રશ્નોને માત્ર વ્યક્તિગત સવાલો કે કુટુંબીઓના ખરાબ સ્વભાવને કારણે ઊભા થતા પ્રશ્નો તરીકે ન જોતાં કુટુંબ અને સમાજમાં સ્ત્રી પુરુષ વચ્ચે સત્તાના સંબંધો તરીકે જોવાનો પ્રયત્ન કર્યો.

*રેશ્મા:* મારી એક બહેનપણી આગળ ભણવા માંગતી હતી. પણ તેના પિતાએ તેનું લગ્ન નક્કી કર્યું. છોકરીએ વિરોધ કર્યો તો તેને હવે ઘરમાં પૂરી રાખે છે ને બહાર પણ નીકળવા દેતા નથી. તેને છેલ્લી પરીક્ષામાં પણ બેસવા ન દીધી. તો શું તેને મદદ કરવા 498-ક હેઠળ ફરિયાદ કરી શકાય?

*એકતા:* ના. 498-ક માત્ર પરિણીત સ્ત્રી પર સાસરામાં થતી હિંસા સામે લાગુ પડે છે. પણ પિતાના ઘરમાં હિંસાનો ભોગ બનતી છોકરીઓ માટે સ્ત્રી સંગઠનોની સતત માગણી બાદ એક નવો કાયદો પસાર કરવામાં આવ્યો છે, તે કૌટુમ્બિક હિંસા અધિનિયમ 2005.

## કૌટુમ્બિક હિંસા અધિનિયમ (2005)

*આશા:* આ કાયદા વિશે તો મારે પણ જાણવું છે. પણ હમણા મારો વર રમેશ મને લેવા આવશે. આજે અમારે સામાજિક પ્રસંગે એક પરિચિતના ઘરે જવાનું છે. તે આવે તે પહેલાં આપણે વાત કરી લઈએ.

*નીરુ:* અરે બહેન, એને આવવા દેને. અમે એને આપણી મિટિંગમાં રોકી પાડીશું.

*આશા:* તમે લોકોએ તેની સાથે અવારનવાર ચર્ચાઓ કરી છે. તેથી તેનામાં થોડો ફરક તો પડ્યો જ હતો અને હવે આ અમનભાઈના સંપર્કમાં આવ્યા પછી થોડો વધારે ફરક પડ્યો છે. આ કાયદા વિશે પેપરમાં આવ્યું ત્યારે પૂછતો હતો કે સરકાર બધા કાયદાઓ સ્ત્રીઓ માટે જ કેમ બનાવે છે?

*એકતા:* તો ભલે, આજે તેમને તેમના પ્રશ્નનો જવાબ પણ મળી જશે. (એટલી વારમાં રમેશ આવે છે.)

*નીરુ:* આવો રમેશભાઈ, અમારી મિટિંગ પૂરી થવાની તૈયારીમાં છે. છેલ્લી થોડી વાત કરવાની છે તો તમે પણ અમારી ચર્ચામાં જોડાઓ.

*રમેશઃ* અમારે મોડું થશે.

*ફરઝાનાઃ* ના. ના. 10-15 મિનિટનો જ સવાલ છે. અને હવે અમે ચર્ચા પણ કૌટુંબિક હિંસા અધિનિયમ અંગે કરવાના છીએ. તેમાં તમારા વિચારો પણ અમને જાણવા મળે તો સારું ને.

*રમેશઃ* હમણાં આ કાયદા વિશે ખૂબ ચર્ચા ચાલે છે. મેં તેના વિશે પેપરમાં વાંચ્યું છે.

*એકતાઃ* શું વાંચ્યું છે?

*રમેશઃ* કે આ કાયદાને લીધે પુરુષોએ હવે સ્ત્રીઓથી ડરવું પડશે.

*શકરીઃ* મેં પણ વાંચ્યું હતું કે કોઈ સ્થળે પુરુષોના સંગઠને તેનો વિરોધ પણ કર્યો હતો.

*એકતાઃ* અરે, હજુ તો આ કાયદાનો પૂરો અમલ પણ થયો નથી તે પહેલાં જ સમાજમાં અને ખાસ કરીને પુરુષો વચ્ચે એવી ચર્ચા થવા માંડી છે કે હવે સ્ત્રીઓ આ કાયદાનો દુરુપયોગ કરશે. પુરુષ સ્ત્રીને સ્હેજ ધમકાવશે તો પણ તેઓ ફરિયાદ કરવા દોડી જશે અને પુરુષને જેલની સજા તેમ જ 20,000 રૂપિયાનો દંડ થશે. આ કાયદાને લીધે છૂટાછેડાના બનાવો વધી જશે અને કુટુંબ વ્યવસ્થા પડી ભાંગશે. સમાજમાં વ્યભિચાર, કલેશ, વધશે વગેરે વગેરે.

*ફરઝાનાઃ* તો શું ખરેખર આ કાયદાથી પુરુષોને અન્યાય થશે?

*એકતાઃ* ના. આ કાયદાની જોગવાઈઓ વિશેની પૂરતી જાણકારી મેળવ્યા વગર જ અનેક પ્રકારની ગેરસમજણો પર આધારિત ચર્ચાઓ વર્તમાનપત્રો, મેગેઝિનોમાં ને સમાજમાં થવા માંડી છે. ક્યાંક સનસનાટી ઊભી કરવા માટે અને ક્યાંક કૌટુમ્બિક હિંસા જેવા ગંભીર પ્રશ્નને મજાકનું સાધન બનાવી દેવા આ રીતની વાતો થાય છે. પણ હકીકતમાં આ એક દિવાની કાયદો છે. તેનો મુખ્ય હેતુ સ્ત્રીને હિંસા સામે સુરક્ષા અને વળતર અપાવવાનો છે. ફોજદારી કાયદાની જેમ સજા કરવાનો નથી.

*રેશ્માઃ* તો શું તેમાં પુરુષોને જેલમાં મોકલવાની જોગવાઈ નથી?

*એકતાઃ* માત્ર ફરિયાદ કરે તેથી તરત જેલમાં મોકલવાની કોઈ જોગવાઈ નથી.

*રમેશઃ* પણ શું સ્ત્રીઓ પુરુષો પર હિંસા નથી કરતી?

*નીરુઃ* હા, અમારા મહોલ્લામાં જ એવું બન્યું હતું. પુરુષ બિચારો સાવ સીધો હતો. પણ તેની પત્નીના પિયરિયા બહુ પૈસાવાળા

ને જબરા હતા. બંને વચ્ચે મનમેળ નોતો થતો ને કોઈ કારણસર ઝઘડો થયો તો છૂટા થવા ખોટો ખોટો કેસ કરી દીધો ને પોલીસે આખા કુટુંબને એક રાત જેલમાં રાખ્યા.

*એકતાઃ* ક્યારેક આવા બનાવ પણ બનતા હોય છે. આપણા સમાજમાં અને કુટુંબમાં પોતાની સત્તા સ્થાપિત કરવા માટે કે પોતાના નિર્ણયો બીજાને મનાવવા માટે હિંસાને વાજબી માનવામાં આવે છે. જ્યારે જેની પાસે તક કે સત્તા હોય તે બીજાને દબાવવા માટે હિંસાનો ઉપયોગ કરે છે. પછી તે પુરુષ હોય કે સ્ત્રી. પરંતુ સ્ત્રી પુરુષ પર હિંસા કે અન્યાય કરે તો સમાજ તેને વાજબી નથી માનતો. જ્યારે વડીલો કે પુરુષો દ્વારા સ્ત્રી પર થતી હિંસાને વાજબી ગણવામાં આવે છે. તે માટે રોજબરોજની ભાષામાં અનેક કહેવતો પણ છે.

*શકરીઃ* જેમ કે, 'ધણી હોય તે ધોલ મારે', 'બુધે નાર પાંસરી'

*કમલાઃ* 'દીકરી ને ગાય દોરે ત્યાં જાય', 'દીકરી સાપનો ભારો' વગેરે .

*એકતાઃ* આવી કહેવતો આ હિંસાને જાણે 'સ્વાભાવિક' ગણે છે. અને તેથી જ સ્ત્રી માટે તેની સામે ફરિયાદ તો શું તેની વાત બીજાને કરવી પણ મુશ્કેલ છે.

*રેશ્માઃ* બરોબર છે. આવી એક પણ કહેવત સ્ત્રી દ્વાચ પુરુષ પર થતી હિંસા માટે નથી!

*એકતાઃ* માટે જ સ્ત્રી દ્વારા થતી હિંસાના બનાવો અપવાદરૂપ છે. આવા કિસ્સામાં સમાજ હિંસાને સમર્થન આપતો ન હોવાથી તેમ જ સમાજે પુરુષને સ્ત્રી પર આધારિત રાખ્યો ન હોવાથી એ જે તે કુટુંબનો વ્યક્તિગત કિસ્સો રહે છે. લગ્ન પછી સ્ત્રીને જ પોતાનું ઘર છોડી બધા જ અજાણ્યા લોકોના આશ્રયે રહેવા જવું પડે છે. તેથી સ્ત્રીઓ પરની હિંસા એક વ્યાપક સામાજિક સમસ્યા બની છે અને તેને રોકવા કાયદાની જરૂર પડે છે. પરંતુ આપણા દેશમાં વર્ષો સુધી કુટુંબમાં થતી હિંસા સામે કોઈ ખાસ કાયદો ન હતો. સતત સંઘર્ષ બાદ 1984માં પ્રથમ વખત સાસરિયાઓ દ્વારા પરિણીત સ્ત્રીઓ પર થતી

શારીરિક-માનસિક હિંસાને ફોજદારી કાયદાની કલમ 498(એ) મુજબ ગુનો ગણવામાં આવ્યો. જો કે, આ એક ફોજદારી કાયદો હોવાથી તેમાં પોલીસની દરમ્યાનગીરી અનિવાર્ય બની જતી નથી.

*આશાઃ* પણ રોજ મારપીટ થાય તો રોજ કોઈ સ્ત્રી થોડી જ પોલીસમાં જાય?

*ફરઝાનાઃ* અને પોલીસમાં ફરિયાદ કરે પછી તે જ ઘરમાં પાછી રહેવા કેવી રીતે જાય?

*એકતાઃ* તેથી જ અતિશય હિંસા સહન કર્યા બાદ જ્યારે કોઈ રસ્તો ન રહે ત્યારે જ સ્ત્રીઓ તેમાં ફરિયાદ કરવાનું વિચારતી હોય છે. આ કાયદો અંતિમ કક્ષાના શારીરિક કે માનસિક ત્રાસ વખતે ખૂબ જ ઉપયોગી છે. પરંતુ મોટે ભાગે અંતિમ કક્ષાની હિંસા ત્યારે જ થાય છે જ્યારે રોજબરોજ થતી હિંસાને રોકવામાં ન આવે. ઉપરાંત, આ કાયદો માત્ર સાસરાના ઘરમાં થતી હિંસા સામે જ રક્ષણ આપતો હતો તે સિવાયના કેસોમાં નહીં. તેથી સ્ત્રી સંગઠનોએ વળી પાછો એક બીજા કાયદા માટે સંઘર્ષ કર્યો. દસ વર્ષ કરતાં પણ લાંબા સંઘર્ષ બાદ કૌટુમ્બિક હિંસા અધિનિયમ-2005, 26 ઓક્ટોબર 2006ના રોજ અમલમાં મુકાયો છે.

*કમલાઃ* અમને આ કાયદા વિશે વિગતે કહોને.



## 'કૌટુમ્બિક હિંસા અધિનિયમ-2005'ની કેટલીક મહત્ત્વની જોગવાઈઓ

*એકતાઃ* 'કૌટુમ્બિક હિંસા અધિનિયમ-2005', એક દિવાની કાયદો છે અને તે પોલીસની દરમ્યાનગીરી વગર પણ હિંસાના રોજબરોજના બનાવોને રોકવામાં મદદરૂપ થાય છે. તેમાં હિંસાની વ્યાપક વ્યાખ્યા કરવામાં આવી છેઃ

**હિંસાની વ્યાખ્યાઃ**

આ કાયદામાં હિંસાની વ્યાખ્યા કરવામાં આવી છે, જેમાં હિંસાના અલગ અલગ પ્રકારોનો સમાવેશ કરવામાં આવ્યો છેઃ




**શારીરિક હિંસાઃ** દા.ત. થપ્પડ મારવી, લાત મારવી, ચૂંટલાં ખણવાં, ધક્કા મારવા વગેરે...



**જાતીય હિંસાઃ** દા.ત. સ્ત્રીને જાતીય સતામણી અથવા બળજબરીથી જાતીય સંબંધ બાંધવા મજબૂર કરવી, પરાણે અશ્લિલ સાહિત્ય, ફિલ્મ જોવા મજબૂર કરવી કે સ્ત્રીને મંજૂર ન હોય તેવી રીતે જાતીય ક્રિયા કરવી વગેરે.



**સંવેદનાત્મક હિંસાઃ** દા.ત. ચારિત્ર્ય અંગેના આક્ષેપો કરવા, બાળક ન હોવા બદલ કે પુત્ર ન હોવા બદલ મહેણાં મારવાં, સ્ત્રી અથવા તેનાં બાળકોને શાળા, કોલેજ કે અન્ય શૈક્ષણિક સંસ્થામાં જતાં રોકવાં, સ્ત્રીને નોકરી કરતી રોકવી અથવા નોકરી છોડવાની ફરજ પાડવી, છોકરીને તેની ઇચ્છા વિરુદ્ધ લગ્ન કરવા ફરજ પાડવી અથવા તેની પસંદગીની વ્યક્તિ સાથે લગ્ન કરતી રોકવી.



**આર્થિક હિંસાઃ** દા.ત. સ્ત્રીનું તેમ જ તેનાં બાળકોનું ભરણ પોષણ ન કરવું, કપડાં, દવા વગેરેથી વંચિત રાખવી, તેના ઘરના કોઈ ભાગ કે ઘરની વસ્તુઓ વાપરતાં રોકવી, સ્ત્રીને નોકરી કરતાં રોકવી કે તેની નોકરીમાં દખલગીરી કરવી, તેનો પગાર લઈ લેવો, ભાડાના ઘરમાં રહેતા હોય તો તેનું ભાડું ન ભરવું વગેરે.

- આ કાયદો પ્રથમ વખત સ્ત્રીઓ પરની કૌટુમ્બિક હિંસાને તેમના માનવ અધિકારના ભંગ તરીકે જુએ છે અને એક નાગરિક તરીકેના તેમના અધિકારનો ભંગ થતો રોકવાની જવાબદારી કેન્દ્ર અને રાજ્ય સરકારોને સોંપે છે.
- કુટુંબમાં રહેતી કોઈ પણ સ્ત્રી કે છોકરીને પતિ, પિતા, ભાઈ કે અન્ય પુરુષ સંબંધી દ્વારા કરવામાં આવતી હિંસા સામે રક્ષણ આપે છે. કાયદેસરનાં લગ્ન કર્યા વગર પણ જો સ્ત્રી-પુરુષ કુટુંબ તરીકે સાથે રહેતાં હોય તેવા સંબંધોને પણ આવરી લેવામાં આવ્યા છે.

*શકરી:* આ કાયદા હેઠળ સ્ત્રી ફરિયાદ કઈ રીતે કરી શકે?

*એકતા:* સ્ત્રીને ફરિયાદ કરવા માટે મદદરૂપ થવા સરકારે સુરક્ષા અધિકારીની નિમણૂક કરવાની હોય છે જે મેજિસ્ટ્રેટ તેમ જ સેવા આપનાર સંસ્થાઓ સાથે સંકળાઈને હિંસાને રોકવા માટે જરૂરી પગલાં ભરે છે અને કાઉન્સેલિંગ, સ્વાસ્થ્ય સેવા અને આશ્રયગૃહની સેવાઓ મેળવવામાં સહાય કરે છે. આગળ ફોજદારી કાર્યવાહી કરવાની જરૂર પડે તો તે માટે પોલીસની દરમ્યાનગીરી મેળવવા માટે પણ મદદરૂપ થાય છે.

*આશા:* પણ કેસ કરીએ તેના ચુકાદામાં તો વરસો વીતી જાય. એમાં ન્યાય ક્યારે મળે?

આ તાત્કાલિક રાહત આપવા માટેનો કાયદો છે કારણ કે તેમાં હિંસાની અરજી મળતાં ત્રણ દિવસમાં તેની પ્રથમ સુનાવણી કરીને પ્રોટેક્શન ઓફિસરને મેજિસ્ટ્રેટે હુકમ કરવાનો હોય છે. ત્યાર બાદ વધુમાં વધુ બે મહિનામાં તેની બીજી સુનાવણી કરવાની હોય છે.

મેજિસ્ટ્રેટ હિંસા કરનારને ફરજિયાત કાઉન્સેલર પાસે કાઉન્સેલિંગમાં જવાનો હુકમ કરી શકે છે. કાઉન્સેલિંગ દરમ્યાન સ્ત્રીને રક્ષણ મળે, સ્ત્રી તે જ ઘરમાં સુરક્ષિત રીતે રહી શકે તેની લેખિત બાંયધરી લઈ શકે છે. જરૂર પડે હિંસા કરનારને ઘર છોડવાનો કે તેના ખર્ચે સ્ત્રી માટે વૈકલ્પિક વ્યવસ્થા કરવાનો હુકમ પણ કરી શકે છે.

*રેશ્મા:* આમાં આપણા જેવાં મંડળો કે સ્ત્રી સંગઠનો સ્ત્રીને મદદરૂપ થઈ શકે?

*એકતા:* સોસાયટીઝ એક્ટ હેઠળ રજિસ્ટર્ડ થયેલ સ્વૈચ્છિક સંસ્થાઓ આ કાયદા હેઠળ સુરક્ષા અધિકારીને સહાયરૂપ થવા માટેની

અરજી કરી શકે છે. તેઓ સ્ત્રીનું બયાન નોંધી સુરક્ષા અધિકારીને પહોંચાડવામાં, કાઉન્સેલિંગ, કાનૂની સહાય, દાક્તરી સારવાર કે આશ્રયસ્થાન વગેરે સેવાઓ મેળવવામાં મદદરૂપ થઈ શકે છે.

આમ, આ કાયદાની જોગવાઈઓ હાલના અન્ય મોજૂદ કાયદાઓનો અમલ કરાવવા માટેનું માળખું પૂરું પાડે છે. તેમાં હિંસાની ફરિયાદ કરવાથી તે ફોજદારી ગુનો નથી બની જતો પરંતુ આ કાયદા હેઠળ મેજિસ્ટ્રેટ હિંસા રોકવા માટે જે હુકમ કરે તેનો ભંગ કરનારને એક વર્ષની જેલ અને / અથવા રૂ. 20,000 સુધીનો દંડ થઈ શકે છે. ઉપરાંત, તેનો અમલ ન કરાવનાર પ્રોટેક્શન ઓફિસરને પણ ઉપર મુજબની સજા થઈ શકે છે.

*નીરુ:* ખરેખર મને હવે લાગે છે કે આ કાયદો આવવાથી અને તેના વિશે જાણ થવાથી એકદમ જ બધી જ સ્ત્રીઓ પોલીસ સ્ટેશન અને કોર્ટમાં દોડી જશે અને કુટુંબ વ્યવસ્થા ભાંગી જશે તેવી માન્યતા ભૂલભરેલી છે.

*એકતા:* હા, ઉપર જણાવ્યા મુજબ આ કાયદામાં પોલીસની દરમ્યાનગીરી વગર કાઉન્સેલિંગથી માંડીને અલગ અલગ પ્રકારના હુકમો થઈ શકે છે, જે સ્ત્રીને એક નાગરિક તરીકે આપણા બંધારણે બક્ષેલ ગૌરવપૂર્ણ જીવન જીવવાના અધિકારને પ્રસ્થાપિત કરે છે અને કુટુંબ તેમ જ સમાજને હિંસામુક્ત બનાવવામાં મદદરૂપ થાય છે.

*રમેશ:* તમારી વાત સાંભળ્યા પછી લાગે છે કે છાપાઓએ આ કાયદા વિશે ખોટો હાઉ ઊભો કર્યો છે. પુરુષ પણ આખરે માણસ છે. ક્યારેક તેની પણ ભૂલ થાય. તેને જેલમાં મોકલવાથી કોને લાભ?

(સૌ એકબીજા સામે સૂચક નજરે જુએ છે)

*ફરઝાના:* સાચી વાત. ભૂલ કબૂલ કરે અને તેને સુધારવાની તૈયારી બતાવે તે જ સાચો મરદ કહેવાય.

આજની ચર્ચા કયા ગીતથી પૂરી કરીશું?

## આઓ બહનોં

આઓ બહનોં એક હો જાયેં, ઈસ જુલ્મ કા હમ પ્રતિકાર કરેંગે
નારી શરીર પર અત્યાચાર નહી સહેંગે, નહીં સહેંગે


નારી શરીર કા હક, ગૈરોં કા વો અધિકાર નહીં,
આઓ મિલકર દિખલાયેંગે, નારી બાજારુ ચીજ નહીં,
માનવતા પર અબ યે કલંક હમ નહીં સહેંગે, નહીં સહેંગે
નારી શરીર પર...

નારી તો અબ ન અબલા હૈ, બુદ્ધિમતી હમ સબલા હૈં
નારી તો અબ ન અબલા હૈ, બુદ્ધિમતી હમ સબલા હૈં
નારી કે માન પર બલ કા અબ અહંકાર હમ નહીં સહેંગે
નારી શરીર પર...

અબ તક સ્ત્રી કે તન મન કો, બુદ્ધિ શક્તિ, પ્રતિભાઓં કો
અબ તક સ્ત્રી કે તન મન કો, બુદ્ધિ શક્તિ, પ્રતિભાઓં કો
કુચલ દિયા પર અબ ઇનકે અપમાનોં કો હમ નહીં સહેંગે,
નારી શરીર પર...

હમ માનવ હૈં, હમ દાસી નહીં, હમ માનવ હૈં હમ દેવી નહીં
હમ માનવ હૈં, હમ દાસી નહીં, હમ માનવ હૈં હમ દેવી નહીં
અપની માનવતા કા અપમાન અબ નહીં સહેંગે, નહીં સહેંગે
નારી શરીર પર...

**- જ્યોતિ મહાપસેકર,**
**છાયા રાજે**



# ગર્ભ જાતિ પરીક્ષણ અને પસંદગી વિરુદ્ધ ઝુંબેશ

*ફરઝાનાઃ* ગઈ કાલે મારી બહેન સાથે ઝઘડો થઈ ગયો.

*નીરુઃ* કેમ?

*ફરઝાનાઃ* તેની વહુને દા'ડા રહ્યા છે અને તે કહેતી હતી કે એક દીકરી તો છે, હવે ટી.વી.માં જોવડાવીને ખાતરી કરી લેવી છે કે દીકરો જ છે. જો દીકરી હોય તો આ વખતે રાખવી નથી.

*રેશ્માઃ* ટી.વી.માં જોવડાવીને!

*આશાઃ* એટલે કે સોનોગ્રાફી કરાવીને.

*નીરુઃ* પણ એમાં ઝઘડો શું કામ કર્યો? એને એક દીકરી તો છે જ ને. આ મોંઘવારીના જમાનામાં કેટલાં છોકરાં પોસાય?

*કમલાઃ* અરે, તમે સ્ત્રી થઈને આવી વાતો કરો છો?

*આશાઃ* મોટા ભાગના લોકો એક દીકરી હોય પછી જ બીજી વખત સોનોગ્રાફી કરાવે છે.

*એકતાઃ* પણ વિચારવાની વાત એ છે કે જે લોકોને પ્રથમ પુત્ર હોય તે બીજી વખત પુત્રી મેળવવા માટે તેમના કુટુંબીઓ કે તેઓ સોનોગ્રાફી કરાવે છે ખરા?

*રેશ્માઃ* અને ઘણા લોકો તો પહેલી સગર્ભાવસ્થામાં પણ સોનોગ્રાફી કરાવે છે. અમારા એક સગાને એક જ બાળક જોઈતું હતું ને એક જ બાળક જોઈએ એટલે તો એ પુત્ર જ હોવો જોઈએ ને!

*કમલાઃ* પણ શા માટે પુત્ર જ જોઈએ? શું દુનિયાના બધા જ દેશોમાં લોકો પુત્રને આટલું મહત્ત્વ આપે છે?

*એકતાઃ* ના. પરંતુ ભારત, પાકિસ્તાન, ચીન જેવા દક્ષિણ એશિયાના ઘણા દેશોમાં સ્ત્રીઓ પરની હિંસાનો આ ખાસ પ્રકાર જોવા મળે છે. તેને સમાજશાસ્ત્રીઓ 'પુત્ર ઘેલછા' અને 'પુત્રી દ્વેષ' કહે છે. અંગ્રેજીમાં તેને સન પ્રેફરેન્સ અને હાટ્રેડ ફોર ડોટર કહેવામાં આવે છે.

*નીરુ:* બરોબર. પહેલાંના જમાનામાં પણ દીકરીને દૂધપીતી કરવાનો રિવાજ હતો ને!.

*એકતા:* પુત્ર ઘેલછાને કારણે સદીઓથી ભારતની કેટલીક જ્ઞાતિઓમાં દીકરીને જન્મતાં જ 'દૂધ પીતી' કરવાનો રિવાજ તો હતો જ. પરંતુ તે જેમાં ખૂબ દહેજ આપવું પડતું તેવી અમુક જ્ઞાતિઓ પૂરતો મર્યાદિત હતો. આજે તમામ જ્ઞાતિઓ અને વર્ગોમાં તે પ્રસરી ગયો છે. આપણે આગળ જોયું તેમ જે જ્ઞાતિઓમાં દહેજ ન હતું ત્યાં પણ હવે દીકરી પરણાવવાના ખર્ચાઓ વધવા માંડ્યા છે. અને સમાજની આ પુત્રી-વિરોધી માનસિકતાનો ઉપયોગ તબીબી વ્યવસાય સાથે સંકળાયેલા લોકોએ પૈસા કમાવા માટે કરવા માંડ્યો છે અને વિજ્ઞાનના દુરુપયોગથી એક ગંભીર સમસ્યા ઊભી કરી દીધી છે.

*રેશ્મા:* એટલે?

*એકતા:* મેડિકલ વિજ્ઞાનમાં ગર્ભમાંના બાળકને કોઈ વારસાગત રોગ કે ખોડખાંપણ છે કે નહિ તે જાણવા માટે એમ્નીઓસેન્ટેસીસ



ટેસ્ટ શોધાયો હતો. પરંતુ આ ટેસ્ટમાં બાળકની જાતિની ખબર પડે છે તેવી જાણ થતાં જ ભારતમાં તેનો દુરુપયોગ થવા માંડ્યો. જન્મતાં પહેલાં જ પુત્રીગર્ભનો નિકાલ કરવાની પદ્ધતિ સૌએ હોંશે હોંશે સ્વીકારી લીધી. જોતજોતાંમાં તો જંગલમાં આગ પ્રસરે તેમ મોટાં શહેરોથી માંડીને નાનાં નગરો અને પછી ગામડાંઓ સુધી પહોંચી ગઈ. 1982 પછી તો આ જ ટેસ્ટ કરનારાં ખાસ ક્લિનિકો ખૂલવા માંડ્યાં અને તેમના દ્વારા આ ટેસ્ટની ખુલ્લેઆમ જાહેરાતો થવા માંડી કે, 'બાબો કે બેબીની તપાસ કરાવો', 'વીસ વર્ષ પછી દહેજમાં પાંચ લાખ ખર્ચવા કરતાં આજે પાંચસો રૂપિયા ખર્ચો.' આમ ભારતમાં આ ટેસ્ટનો ઉપયોગ 99 ટકા કેસમાં સ્ત્રીગર્ભના નિકાલ કરવા માટે જ થવા માંડ્યો.

*ફરઝાના:* આ તો ઉપયોગ કહેવાય કે દુરુપયોગ?

*શકરી:* દુરુપયોગ જ તો, પણ તેની સામે કોઈએ વિરોધ ના કર્યો?

*એકતા:* 80ના દાયકાના અંત ભાગમાં દેશભરમાંથી સ્ત્રી સંગઠનોએ અને સ્વાસ્થ્ય માટે કામ કરતાં પ્રગતિશીલ સંગઠનોએ સાથે મળીને ગર્ભજાતિ પરીક્ષણના વધતા જતા ઉપયોગ સામે ઝુંબેશ ચલાવી.

*નીરુ:* તો સરકારે શું કર્યું?

*એકતા:* દેશના ખૂણે ખૂણેથી ઊઠેલા વિરોધને પરિણામે કેન્દ્ર સરકાર, પ્રસૂતિ પૂર્વ નિદાન ટેકનિક (નિયંત્રણ અને દુરુપયોગ અટકાવવા) અંગેનો કાયદો, પસાર કર્યો જે 1996ની પહેલી જાન્યુઆરીથી અમલમાં આવ્યો. પરંતુ સ્ત્રી સંગઠનોની વારંવાર રજૂઆત છતાં સરકારે આ કાયદામાં અનેક છટકબારીઓ રહેવા દીધી પરિણામે કાયદાનો ક્યાંય અસરકારક અમલ ન થયો. ઉપરાંત, આ વર્ષો દરમ્યાન એમ્નીઓસેન્ટેસીસ કરતાં વધુ સરળ એવી સોનોગ્રાફી દ્વારા ગર્ભનું જાતિ પરીક્ષણ કરવાની પદ્ધતિ વધુ પ્રચલિત બની. નાનકડાં મોબાઈલ સોનોગ્રાફી મશીનો લઈ દાકતરો નાનાં નાનાં નગરો કે ગામડાંમાં પણ ગર્ભ જાતિ પરીક્ષણની સેવાઓ પૂરી પાડવા જવા લાગ્યા.

*રેશ્મા:* તો તો જન્મતાં પહેલાં જ દીકરીઓનો નિકાલ કરવાનું પ્રમાણ કેટલું વધી ગયું હશે!

*એકતાઃ* ઘણું બધું વધી ગયું, અને તેના પરિણામે 2001ની વસ્તી ગણતરીના આંકડાઓમાં છ વર્ષની ઉંમર સુધીનાં બાળકોમાં પુત્રોની સરખામણીમાં પુત્રીઓનું પ્રમાણ ખૂબ ઓછું જોવા મળ્યું. 1991માં આ પ્રમાણ 1000 પુત્રોએ 945 પુત્રીઓનું હતું તે ઘટીને 2001ની સાલમાં 927 થઈ ગયું. અને પંજાબ, મહારાષ્ટ્ર, ગુજરાત જેવાં પ્રગતિશીલ અને આર્થિક રીતે વિકસિત ગણાતાં રાજ્યોમાં આ પ્રમાણ ઘણું વધારે ઓછું જોવા મળ્યું. ગુજરાતમાં છ વર્ષ સુધીનાં બાળકોમાં દર 1000 પુત્રોએ પુત્રીઓનું પ્રમાણ માત્ર 878 છે!

*આશાઃ* પણ દીકરીઓની સંખ્યા ઓછી થાય એટલે સમાજમાં તેમનું મહત્ત્વ વધે એવું ન બને? દીકરીઓની અછતને કારણે અત્યારે જેમ દીકરીનાં મા-બાપને દહેજ આપવું પડે છે તેના બદલે દીકરાનાં મા-બાપને આપવું પડે તેવું પણ થઈ શકે.

*એકતાઃ* કદાચ સ્ત્રીને વેચાતી લેવાના બનાવો વધે પણ તેનું મહત્ત્વ ના વધે. હકીકત દર્શાવે છે કે જે પ્રદેશોમાં કે જ્ઞાતિઓમાં છોકરીઓની સંખ્યા ખૂબ જ ઓછી છે ત્યાં સાટા પદ્ધતિ, અપહરણ, બળાત્કારના બનાવો વધતા જાય છે. અરે, કેટલીક જ્ઞાતિઓમાં તો સ્ત્રી પરણીને જે કુટુંબમાં જાય તે કુટુંબના બધા પુરુષો સાથે સંબંધ બાંધવાની તેને ફરજ પાડવામાં આવે છે.

*કમલાઃ* મતલબ કે જેમ સ્ત્રીઓની સંખ્યા ઘટે તેમ તેમના પરની હિંસા વધે છે.

*એકતાઃ* હા, ગર્ભ જાતિ પરીક્ષણ દ્વારા ગર્ભનો નિકાલ કરવાથી દીકરીઓને જન્મવાનો અધિકાર તો છીનવાય છે જ, ઉપરાંત સમાજની તમામ સ્ત્રીઓની સલામતી જોખમાય છે, તેમના પરની હિંસા વધે છે.

*નીરુઃ* પણ હવે તો સરકાર પણ આ પ્રશ્ન અંગે ઘણું કામ કરતી હોય એવું લાગે છે.

*ફરઝાનાઃ* હા, 'બેટી બચાઓ'ના નારા સાથે સરકાર અને નેતાઓ મોટી સભાઓ, રેલીઓ પણ કરે છે.

*એકતાઃ* સ્ત્રી સંગઠનોની સતત ઝુંબેશને પરિણામે દીકરીઓની ઘટતી સંખ્યા એ ગુજરાતની સળગતી સમસ્યા છે, તે વાતનો સ્વીકાર તો કમ-સે-કમ હવે સરકાર સહિત સૌને કરવો પડ્યો છે. પણ 'બેટી બચાઓ'ના નામે સભા-સંમેલનો ભરીને રાતોરાત સમસ્યાને ઉકેલી દેવા માટે જે કાર્યક્રમો યોજાઈ રહ્યા છે તે

ખરેખર ચિંતાજનક છે. કારણ કે તેને લીધે એવી છાપ ઊભી થાય છે કે સરકાર દ્વારા આ અંગે ખૂબ કામ ચાલી રહ્યું છે. જ્યારે વાસ્તવમાં આ રોગની નહીં, માત્ર તેનાં લક્ષણોની ઉપરછલ્લી સારવાર કરવા જેવી વાત છે.

*શકરી:* એટલે?


*એકતા:* હકીકત એ છે કે જો આજે જ ગર્ભપરીક્ષણ દ્વારા થતા પુત્રીગર્ભના ગર્ભપાત રોકવામાં આવે તો પણ આવનારાં 20-30 વર્ષો સુધી સમાજમાં દીકરીઓની સંખ્યા ઓછી જ રહેશે. આથી ગર્ભ જાતિ પરીક્ષણ વિરોધી કાયદાનો તાત્કાલિક કડક અમલ કરવાની જરૂર છે. પણ કાયદાના અમલ માટેનું અસરકારક તંત્ર ઊભું કરવાની જવાબદારી અને સત્તા સરકારી તંત્ર પાસે જ છે. તે કામ કરવાને બદલે સરકાર આપણા જેવાં સંગઠનોની જેમ સભા, સંમેલન, રેલી વગેરે કરીને સંતોષ માની રહી છે. વળી, તેમની સભાઓમાં થતાં ભાષણોમાં આ પ્રશ્નને અને તેના મૂળને ગંભીરતાપૂર્વક સમજવાના પ્રયત્નોનો અભાવ જોવા મળે છે.

*નીરુ:* અને ઘણાં બધાં જ્ઞાતિમંડળો પણ આવા મેળાવડાઓ ભરે છે.

*એકતા:* જ્ઞાતિમંડળો આ અંગે સક્રિય થાય તે સારું છે પણ આ પ્રશ્ન અંગેની તેઓની સમજ બદલવાની જરૂર છે.

*આશા:* એટલે?

*એકતા:* જ્ઞાતિમંડળો આ ઝુંબેશ કરે છે કારણ કે તેમની જ્ઞાતિમાં દીકરીઓ ઓછી હોવાથી પુરુષો વાંઢા રહે છે અથવા બીજી જ્ઞાતિની છોકરીઓ લાવે છે જેથી જ્ઞાતિની વ્યવસ્થામાં ગરબડ ઊભી થઈ રહી છે. તેઓ આ આખાય પ્રશ્નને 'માંગ અને પુરવઠા'ના સંદર્ભમાં જુએ છે અથવા તો પોતાની જ્ઞાતિઓના હચમચી જતા માળખા અંગે ચિંતા સેવે છે. તેમના વિચારોના કેન્દ્રમાં સ્ત્રીના અધિકાર કે દરજ્જાની કે બાળકીને જન્મવાના અધિકારની પાયાની વાત ખૂબ ઓછી જોવા મળે છે. આ બધી સભાઓમાં મોટા પાયે સ્ત્રીઓને બોલાવી જાણે તેઓ જ આ માટે જવાબદાર હોય તેવી લાગણી તેમનામાં ઊભી કરવામાં આવે છે. હકીકત એ છે કે આ આખીય પ્રક્રિયામાં નિર્ણય લેવાથી માંડીને સોનોગ્રાફી કે ગર્ભપાત કરવામાં કુટુંબના અને દાક્તરી વ્યવસાયના પુરુષોની જવાબદારી સ્ત્રીઓ કરતાં અનેક ગણી વધારે છે, પરંતુ સલાહ માત્ર અને માત્ર સ્ત્રીઓને જ આપવામાં આવે છે.



*નીરુ:* પણ હું તો કહું છું કે જો ગર્ભપાતને જ ગેરકાયદેસર કરવામાં આવે તો આ પ્રશ્ન આપોઆપ ઊકલી જાય.

*એકતા:* ઘણા લોકો અને ખાસ કરીને ધાર્મિક વડાઓ અને નેતાઓ આવી જ દલીલ કરે છે. લાગણીઓને હચમચાવે તેવાં વાક્યો, દા.ત. 'કોખને કબર બનાવી દીધી છે...' વગેરે દ્વારા ગર્ભપાત કરાવવો એ અનૈતિક છે, ધર્મવિરોધી છે તેવો સંદેશો આપી સ્ત્રીઓને જ વધુ ગુનાહિત લાગણી ધરાવવા તરફ ધકેલે છે. પણ ખરેખર ગર્ભપાતનો અધિકાર એ સ્ત્રી માટે ખૂબ જરૂરી છે કારણ કે આપણા પુરુષપ્રધાન સમાજમાં સ્ત્રીના શરીર પર તેનો અધિકાર નથી. લગ્ન કરવાં કે નહીં, ક્યારે કરવાં, સગર્ભા થવું કે નહીં, ગર્ભ રહે તો તેને ચાલુ રાખવો કે નહીં વગેરે નિર્ણયો પુરુષો જ લે છે. લગ્ન પછી સ્ત્રીના શરીરની સંપૂર્ણ માલિકી જાણે તેના પતિની જ ગણાય છે. આવી પરિસ્થિતિમાં સ્ત્રીઓ માટે ઘણીવાર ગર્ભપાત કરાવવો અનિવાર્ય બની જાય છે.

*રેશ્મા:* અને કોઈ વાર સ્ત્રી બળાત્કારને કારણે ગર્ભવતી થાય તો પણ તેને ગર્ભપાત કરાવવાની જરૂર પડી શકે છે.

*એકતા:* બરોબર. તેથી જ ન જોઈતા ગર્ભનો ગર્ભપાત એ સ્ત્રીનો અધિકાર છે.

*આશાઃ* તો પછી જો પુત્રી ન જોઈતી હોય તો ગર્ભપાત કરાવે તેમાં ખોટું શું છે?

*એકતાઃ* કોઈ પણ બાળક ન જોઈતું હોય તો ગર્ભપાત કરાવવાનો સ્ત્રીને અધિકાર છે. પરંતુ માત્ર પુત્ર સંતાન જોઈતું હોય તેથી પુત્રીગર્ભનો ગર્ભપાત કરાવવો તે પુત્રી પ્રત્યેનો ભેદભાવ છે અને આ પ્રકારનો ભેદભાવ કરવો તે ગુનો છે. જો આ સ્પષ્ટતા કેળવવામાં નહીં આવે તો 'બેટી બચાઓ'નો આખોય પ્રચાર ઊંધી દિશામાં જશે અને માત્ર સ્ત્રીને ગુનાહિત લાગણી તરફ ધકેલવા ઉપરાંત કોઈ જ પરિણામ લાવી શકશે નહીં.

*કમલાઃ* મને તો લાગે છે કે જો સ્ત્રીઓમાં શિક્ષણ વધે તો આ પ્રશ્ન ઊકલે.

*એકતાઃ* ના. માત્ર શિક્ષણ મળી જવાથી આ પ્રશ્ન ઊકલે તેવો નથી. અમદાવાદ, ગાંધીનગર, વડોદરા, રાજકોટ જેવાં શહેરો કે જ્યાં શિક્ષણનું પ્રમાણ 80 ટકા કરતાં વધારે છે ત્યાં પુત્રોની સરખામણીમાં બાળકીઓનું પ્રમાણ ડાંગ, પંચમહાલ જેવા કહેવાતા પછાત, આદિવાસી વિસ્તારોની સરખામણીમાં ઘણું ઓછું છે. ગુજરાતના વિકસિત ગણતા મહેસાણા જિલ્લામાં દર 1000 દીકરાએ દીકરીનું પ્રમાણ માત્ર 797 છે.

*આશાઃ* એટલે શિક્ષણ કે આર્થિક વિકાસ વધારે હોય ત્યાં દીકરીઓનું પ્રમાણ ઓછું છે! એવું શા માટે?

*એકતાઃ* કારણ કે આપણા સમાજમાં શિક્ષણ એ જ્ઞાન કે નવા, પ્રગતિશીલ વિચારો મેળવવા માટે નહીં, પરંતુ પૈસા કમાવવા માટેનું સાધન બની ગયું છે અને ક્યારેક તો શિક્ષણ સમાનતાના મૂલ્યોના બદલે પિતૃસત્તાક મૂલ્યોને પોષે છે. તેથી જ તો કહેવાતા વધુ શિક્ષિત છોકરાઓ વધારે દહેજ માંગે છે.

*નીરુઃ* સાચી વાત. સામાન્ય ક્લાર્ક કરતાં ડોક્ટર ને એન્જિનિયર છોકરા વધારે દહેજ માંગે છે.

*રેશ્માઃ* ને કલેક્ટર કે પોલીસ અધિકારીના ભાવ તો તોનાથી ય ઊંચા હોય છે.

*એક્તાઃ* ઉપરાંત, 'વિકાસ'ની જે નીતિ અપનાવવામાં આવી છે તેને કારણે સ્ત્રીઓ વધુ ને વધુ હાંસિયામાં ધકેલાતી જાય છે. સામાન્ય લોકો માટે નિયમિત અને ચોક્કસ આજીવિકા

મેળવવાના રસ્તાઓ ઘટતા જાય છે તેથી સ્ત્રીઓ પોતાનું અને કુટુંબનું જીવન ટકાવી રાખવા શ્રમ બજારમાં કોઈ પણ પ્રકારનું કામ કરવા મજબૂર બની રહી છે, તો બીજી બાજુ વધતી જતી તાણને લીધે કૌટુમ્બિક હિંસા વધી રહી છે. આમ, સ્ત્રીઓ નથી ઘરમાં સલામત કે નથી બહાર સલામત. આવા અસલામત સમાજમાં કુટુંબોને દીકરીઓ વધારે બોજારૂપ લાગી રહી છે. ઉપરાંત, સરકારની વસ્તીનીતિ પણ બળતામાં ઘી હોમવાનું કામ કરે છે.

*ફરઝાના:* વસ્તી નીતિ કઈ રીતે અસર કરે?

*એકતા:* જ્યાં જ્યાં પણ બે બાળકોનો આગ્રહ રાખવામાં આવ્યો છે અને ચૂંટણીમાં ઊભા રહેવા માટે બે બાળકની મર્યાદા અમલમાં આવી છે ત્યાં દીકરીગર્ભના ગર્ભપાત વધ્યા છે અને પુરુષોએ ટિકિટ મેળવવા માટે ત્રીજું બાળક પેદા કરનાર સ્ત્રીને છોડી દીધી હોય કે તેના ચારિત્ર્ય પર આક્ષેપો કર્યા હોય, બાળકોને તરછોડ્યાં હોય તેવાં નક્કર ઉદાહરણ મધ્ય પ્રદેશમાં થયેલા અભ્યાસમાં બહાર આવ્યાં છે.

*રેશ્મા:* પણ વસ્તીવધારો રોકવાની જરૂર તો છે જ. તેને કારણે આપણે કેટલી સમસ્યાઓનો સામનો કરવો પડે છે!

*એકતા:* વસ્તી વધારો અને વસ્ત્રી-નિયંત્રણનું રાજકારણ સ્ત્રીઓને કઈ રીતે અસર કરે છે તેની ચર્ચા જરા વધારે સમય માંગી લે તેમ છે તેથી તેની વાત આપણે આવતી કાલે કરીશું.

*આશા:* તો દીકરીઓની ઘટતી જતી સંખ્યાને રોકવા સરકારે શું કરવું જોઈએ, તે તો કહો!

*એકતા:* સરકાર જો ખરેખર આ રોકવા માંગતી હોય તો છટકું ગોઠવીને સગર્ભા સ્ત્રીઓને તપાસ માટે મોકલી, ગર્ભનું જાતિ પરીક્ષણ કરતા સોનોલોજીસ્ટોને રંગે હાથ પકડવા જોઈએ. કારણ કે કાયદાના અમલનું કામ માત્ર સરકાર જ કરી શકે તેમ છે. અને જન જાગૃતિનું કામ સ્વૈચ્છિક સંસ્થાઓ પણ કરી શકે છે. સરકારે આ કામમાં તેમને ટેકો કરવો જોઈએ. ઉપરાંત, કાયદાનો અમલ કરનાર સરકારી સમિતિઓ સ્ત્રી સંગઠનો સાથે મળીને કામ કરે તો જ આમાં અસરકારક પરિણામ આવે.

ટૂંકમાં, આ સળગતી સમસ્યા સામે નારી આંદોલને એક સાથે અનેક મોરચે લડત આપવી રહી. જેમ કે-

(1) સમાજ અને કુટુંબનાં પિતૃસત્તાક - પુરુષપ્રધાન મૂલ્યો સામે.

(2) દાક્તરી નૈતિકતા અને દેશના કાયદાનો ભંગ કરી ગર્ભજાતિ પસંદગીની 'સેવા'ઓ ફેલાવનાર દાક્તરી વ્યવસાયના એક જૂથ સામે.

(3) સરકારની વસ્તીનીતિ અને વિકાસનીતિ સામે.

*નીરુ:* આટલા બધા મોરચે લડત કઈ રીતે આપવી?

*શકરી:* અને શરૂઆત ક્યાંથી કરવી?

*એક્તા:* દરેક સંસ્થા કે સંગઠન માટે આ તમામ મોરચે લડવાના કાર્યક્રમો યોજવા શક્ય ન પણ હોય પરંતુ અલગ અલગ મોરચે લડતાં સંગઠનો એક બીજાને ટેકારૂપ બની સંકલન જરૂર ઊભું કરી શકે. દરેક સંગઠન પોતાના જાગૃતિ કાર્યક્રમો દ્વારા, દીકરીઓની ઘટતી જતી સંખ્યા એ માત્ર માંગ અને પુરવઠાનો પ્રશ્ન નહીં, પણ પિતૃસત્તાક સમાજ વ્યવસ્થામાં સ્ત્રીના શરીર, શ્રમ, જાતીયતા અને પ્રજનનતંત્ર પરનો અંકુશ કાયમ રાખવા આચરવામાં આવતી વિવિધ પ્રકારની હિંસાનો એક ભાગ છે, તે વાત સામાન્ય લોકો, જ્ઞાતિ મંડળો અને સરકારો સુધી લઈ જાય. સરકારની ગરીબ-વિરોધી તથા સ્ત્રીવિરોધી વસ્તીનીતિનો અમલ કરવાનો હાથો ન બને. વિકાસનીતિ સામે લડતાં બીજાં જૂથોની લડતમાં સામેલ થાય કે તેને પોતાનો ટેકો જાહેર કરે.

*રેશ્મા:* આ વસતીનીતિ વિશે અમને વિગતે સમજાવોને.

*કમલા:* એક્તાબહેન વસતીનીતિ વિશે વાત કરો તે પહેલાં આપણે દીકરીઓના મનનાં સપનાં રજૂ કરતું એક ગીત ગાઈએ.

*એક્તા:* આ ગીતમાં દુનિયાને બદલવાની ભાવના ખૂબ સરસ છે. પણ તેનાથીય મહત્ત્વની વાત એ છે કે દુનિયાને બદલવા માટે પહેલા દુનિયાને સમજવી પડે.



## બેટી હું મૈં

બેટી હું મૈં બેટી મૈં તારા બનુંગી
તારા બનુંગી મૈં સહારા બનુંગી...
બેટી હું મૈં...

ગગનમેં ચમકે ચંદા, મૈં ધરતી પર ચમકુંગી...
ધરતી પર ચમકુંગી ઉજીયાલા કરુંગી...
બેટી હું મૈં...

પઢુંગી લીખુંગી મૈં મહેનત કરુંગી
અપને પાઁવ ચલકર દુનિયા કો દેખુંગી.
દુનિયા કો દેખુંગી મૈં દુનિયા કો સમજુંગી
દુનિયા કો સમજુંગી મૈં દુનિયા કો બદલુંગી...
બેટી હું મૈં...

બેટી હું મૈં બેટી મૈં તારા બનુંગી
સહારા બનુંગી, દુનિયા કો દેખુંગી, દુનિયા કો સમજુંગી,
દુનિયા કો બદલુંગી, દુનિયાકો બદલુંગી, દુનિયા કો બદલુંગી...



**વસ્તી નીતિ અને સ્ત્રીઓનું સ્વાસ્થ્ય**

*રેશ્મા:* બરોબર એકતાબહેન, તો આપણે હવે વસ્તી વધારા અંગે વાત શરૂ કરીએ છીએ ને?

*એકતા:* ના. આપણે વસ્તીવધારા વિશે નહીં પરંતુ વસ્તીનીતિ અને તેની સ્ત્રીઓ પર પડતી અસર અંગે વાત કરવાના છીએ.

*આશા:* તે એ બેમાં કોઈ ફરક ખરો? કે બધું એકનું એક?

*એકતા:* તમને એવું લાગે છે, કારણ કે આજે સરકારી પ્રચાર વસ્તી નિયંત્રણની આસપાસ જ ફરતો હોય છે. પણ હકીકતમાં તેમાં વસ્તીની સંખ્યા જ નહીં, તેની ગુણવત્તા વધારવા માટેનું આયોજન પણ હોવું જોઈએ.

*કમલા:* પણ અમને તો એ જ શીખવવામાં આવે છે કે ભારતની તમામ સમસ્યાઓના મૂળમાં વસ્તીવધારો જ છે. ગરીબી, બેકારી, મોંઘવારી, જીવનજરૂરી સાધન-સામગ્રીની અછત અને પર્યાવરણના પ્રશ્નો પણ વસ્તીવધારાને કારણે જ થાય છે. માટે જો સંખ્યા ઘટે તો જ ગુણવત્તા સુધરે.

*ફરઝાના:* બરોબર છે, નાનું કુટુંબ સુખી કુટુંબ.

*શકરી:* ના હો, અમારા ફળિયાના જશીબહેનને ત્રણ બાળકો છે અને મારે બે. હવે સવાર સવારમાં પાણી ભરવા સરકારી નળે લાઈન પડે, રેશન કે કેરોસીન ખલાસ થઈ ગયું હોય તો ત્યાંની લાઈનમાં ઊભા રહેવાનું, પાછું ઘરનું કામકાજ પરવારીને કામે જવાનું હોય. જો મારા ઘરમાં એક પણ જણ સાજું માંદું હોય તો અમે સમયસર આ બધું પહોંચી જ ન શકીએ. ને જશીબહેન ત્રણ બાળકોની મદદથી ફટાફટ પરવારીને કામે જાય. પછી તેની મોટી છોકરી ઘરે રહે તે પણ ઘરમાં રહીને રાખડી બનાવવાનું, ડ્રેસને ટીલડી ચોંટાડવાનું એમ કંઈ ને કંઈ કામ કરે ને ઘરમાં ટેકો કરે. મને તો લાગે છે કે મારા કરતાં એ વધારે સુખી છે.


*નીરુ:* સાચી વાત, આ કુટુંબ નિયોજન ને એવું બધું તો હવે નીકળ્યું, બાકી જૂના લોકો તો એમ જ કહેતા કે બાળકો તો ભગવાનની ભેટ છે. ને ગામડામાં ખેતીવાડીવાળા ઘરમાં તો ત્રણ-ચાર બાળકો હોય તો જ પહોંચી વળાય.

*રેશ્મા:* જ્યાં સુધી આપણા દેશના લોકો અભણ ને ગરીબ છે ત્યાં સુધી તેઓ કુટુંબ નિયોજનની વાત સમજી જ નહીં શકે. એકતાબહેન તમે કેમ કાંઈ કહેતાં નથી?

*એકતાઃ* હું તમારી વાતો સાંભળી રહી હતી. સરકાર અને શહેરી મધ્યમ વર્ગને લાગે છે કે વસ્તીવધારા માટે ગરીબો ને અભણ લોકો જવાબદાર છે. તેમની સમજ ઓછી છે તેથી જ તેઓ કુટુંબ નિયોજન અપનાવતા નથી. પણ મધ્યમ વર્ગનાં નોકરિયાત કુટુંબોમાં બાળકોને ઉછેરવાનો, ભણાવવાનો ખર્ચો ઘણો મોટો છે તેથી તેમના માટે બાળકો એક બોજો છે. જ્યારે ગરીબો સુધી શિક્ષણ કે પાયાની સ્વાસ્થ્ય સેવાઓ અને વૃદ્ધાવસ્થામાં સામાજિક સલામતી સરકાર નથી પહોંચાડી શકતી તેથી બાળમૃત્યુનું પ્રમાણ ઘણું મોટું છે. બાળકો નાની ઉંમરે જ કમાવા લાગે છે. અને વૃદ્ધાવસ્થામાં તેમને કોઈ પેન્શન મળતું નથી.

*ફરઝાનાઃ* સાચી વાત. તેમનાં બાળકો જ તેમનો સહારો હોય છે.

*એકતાઃ* આમ, ગરીબ અને ગામડાંના લોકોની બાળકોની સંખ્યા અંગેની સમજ તેમના જીવન સંજોગોમાંથી ઊભી થઈ છે. તેમને અભણ અને અણસમજુ કહેવા તે ભણેલા લોકોનું મિથ્યાભિમાન છે. દુનિયાભરમાં જ્યાં પણ શિક્ષણ વધ્યું છે, સ્વાસ્થ્ય સુવિધાઓ વધી છે, આવકો વધી છે ત્યાં આપોઆપ બાળકોનું પ્રમાણ ઓછું થયું છે. માટે વસ્તી નિયંત્રણ કરવું હોય તો પાયાની સુવિધાઓ તમામ લોકો સુધી પહોંચે તેમ કરવું જોઈએ.



*શકરી:* નહીં તો ગરીબી હટવાને બદલે ગરીબો જ હટી જશે.

*આશા:* પણ એક પછી એક છોકરા જણીને સ્ત્રીઓની શું હાલત થાય તેનો તો જરા વિચાર કરો!

*એકતા:* સાચી વાત. સ્ત્રીઓને પોતાના શરીર પર પોતાના અધિકાર માટે તેમ જ પોતાના કુટુંબનું નિયંત્રણ કરવા માટે સલામત અને અસરકારક ગર્ભનિયોજનનાં સાધનોની જરૂર છે. પરંતુ સરકારની વસ્તી નિયંત્રણની નીતિ સ્ત્રીઓની આ જરૂરિયાતને ધ્યાનમાં રાખીને નથી ઘડાતી. તેનો હેતુ યેન કેન પ્રકારેણ વસ્તીવૃદ્ધિના દરમાં ઘટાડો લાવવાનો છે. પછી ભલે તે સ્ત્રીઓના સ્વાસ્થ્યના ભોગે આવે. અને આંતરરાષ્ટ્રીય રાજકારણ પણ તેમાં મહત્ત્વનો ભાગ ભજવે છે.

*કમલા:* તે કઈ રીતે?

*એકતા:* વિશ્વ બેંક અને આઈ.એમ.એફ. જેવી નાણાં સંસ્થાઓ જ્યારે વિકાસશીલ દેશોની સરકારને ધિરાણ આપે છે ત્યારે તેમની શરતોમાં વસ્તી નિયંત્રણની શરત પણ સામેલ હોય છે. પરદેશી બહુરાષ્ટ્રીય કંપનીઓને પોતાના ગર્ભનિરોધકો વેચવા માટે બજાર જોઈએ છે અને તેઓ પરદેશમાં પ્રતિબંધિત થયેલા કે આડ અસરોને કારણે ખૂબ જ વગોવાયેલા હાનિકારક ગર્ભનિરોધકો ભારત જેવા ગરીબ દેશની સ્ત્રીઓ પર લાદે છે. આવા ગર્ભનિરોધકોના પ્રયોગો તેમની પર કરવામાં આવે છે અને તેમના સ્વાસ્થ્ય પર તેની શું અસર થશે તેની તેમને જાણ પણ કરવામાં આવતી નથી. ડીપો પ્રોવેરા અને નેટ એન જેવા હોર્મોનયુક્ત ગર્ભ નિરોધકો કે જે ઈન્જેક્શન કે સર્જરી દ્વારા શરીરમાં દાખલ કરવામાં આવે છે તે આનાં ઉદાહરણ છે.

*રેશ્મા:* અરે! આનો અર્થ તો એ થયો ને કે તેઓ ભારતની ગરીબ સ્ત્રીઓને જાણે પ્રયોગશાળામાં પ્રયોગ કરવાના સસલા કે ઉંદર સમજે છે.

*એકતા:* આ સાધનોનો પ્રચાર એ રીતે કરવામાં આવતો કે ગર્ભનિયોજનની આ એક ખૂબ જ સરળ પદ્ધતિ છે. તેમાં ગોળી લેવાની કે આંકડી મુકાવવાની ઝંઝટમાંથી બચી જવાય છે. પરંતુ આ લાંબા ગાળાની અસર કરનાર હોર્મોનયુક્ત નિરોધકની સ્ત્રીના સ્વાસ્થ્ય પર તેના માસિક ચક્ર પર શું અસર થશે તેની તેમને પૂરતી જાણકારી આપવામાં આવતી ન હતી.

*નીરુ:* તો સ્ત્રી સંગઠનોએ આનો વિરોધ ન કર્યો?

*એકતા:* 1986માં 'સ્ત્રી શક્તિ સંગઠન' (હૈદરાબાદ), 'સહેલી' (દિલ્લી) અને 'ચિનગારી' (અમદાવાદ) એમ ત્રણ સ્ત્રી સંગઠનોએ નેટ એન ભારતમાં દાખલ કરવા સામે સુપ્રિમ કોર્ટમાં કેસ દાખલ કર્યો. ડીપો પ્રોવેરા અને નેટ એન બાદ નોરપ્લાન્ટ, એન્ટી ફર્ટીલીટી વેક્સીન જેવા જાતજાતના હોર્મોનયુક્ત ગર્ભનિરોધકો સામે લડત હજુ ચાલુ જ છે.

*આશા:* પણ આ બધી મેડિકલ અને વૈજ્ઞાનિક વાતોની ચર્ચા સામાન્ય સ્ત્રીઓ કઈ રીતે સમજી શકે?

*એકતા:* ટેક્નોલોજી અને વૈજ્ઞાનિક પરિભાષાથી સભર એવા આ વિષય અંગે શોધખોળ કરવા તથા તે અંગેની માહિતી સામાન્ય લોકો સુધી પહોંચાડવા માટે ખાસ પ્રકારનાં સંગઠનો અને આંતરરાષ્ટ્રીય સંકલનો વિકસ્યાં છે. આ અભિયાનના ભાગરૂપે સ્ત્રીનું શરીર શરમની વસ્તુ છે અને જાતીયતાનું ક્ષેત્ર સ્ત્રીઓ માટે વર્જ્ય છે વગેરે જેવી રૂઢિગત માન્યતાઓને પડકારવામાં આવી. સ્ત્રી પોતે પોતાના શરીરને સમજે અને તેનું ગૌરવ કરતી થાય, પોતાના સ્વાસ્થ્ય અને શરીર પરના અધિકારને સમજતી થાય તે માટે સચિત્ર અને સરળ ભાષામાં લખાયેલું સાહિત્ય બહોળા પ્રમાણમાં તૈયાર કરવામાં આવ્યું છે. તો બીજી બાજુ પ્રજોત્પત્તિના અધિકારો (રિપ્રોડક્ટિવ રાઈટ્સ)ના સંદર્ભમાં રાષ્ટ્રીય તેમ જ આંતરરાષ્ટ્રીય કક્ષાએ અનેક સવાલો ઊઠ્યા છે.

રિપ્રોડક્ટીવ ટેક્નોલોજી અને ખાસ પ્રકારની સંતતિ મેળવવા માટે થતા જીનેટીક એન્જીનિયરિંગના પ્રયોગોની નૈતિકતા અને પ્રસ્તુતતા સામે પડકાર ઊભો કરવામાં આવ્યો છે. વિશ્વકક્ષાએ થયેલા આ સંકલિત પ્રયાસોને પરિણામે સ્ત્રીના પ્રજનન અધિકારો અંગે અને ત્યાર બાદ સ્ત્રીના સર્વાંગ સ્વાસ્થ્ય અંગેની રજૂઆત આ અંગેના વિશ્વ સંમેલનમાં રજૂ કરવામાં વિશ્વનું નારી આંદોલન સફળ રહ્યું. અને સમાજમાં પણ આની જાગૃતિ લાવવાના પ્રયાસો ચાલુ છે.

*ફરઝાના:* ખરેખર સ્ત્રીઓ પરની હિંસાના કેટકેટલા પ્રકારો વિશે અને તેની સામેની લડતો વિશે આપણે જાણ્યું.

*કમલા:* સાચી વાત. સ્ત્રી જન્મે ત્યારથી મરે ત્યાં સુધીના જીવનકાળ દરમ્યાન કેટકેટલી હિંસાનો ભોગ બને છે!

*શકરી:* અરે જન્મે ત્યારથી જ નહીં જન્મતા પહેલાં માના પેટમાં હોય ત્યારથી જ તેના પ્રત્યે ભેદભાવ શરૂ થઈ જાય છે.

*રેશમા:* એકતાબહેન કેટલાક દિવસોથી આપણે સ્ત્રીઓ પરની હિંસા અંગે ચર્ચા કરી રહ્યા છીએ. આજે ફરી એક વાર તેને ટૂંકમાં જોઈ લઈએ તો કેવું?

*એકતા:* ભલે. પહેલાં હિંસાના પ્રકારો વિશે જોઈશું.
સંયુક્ત રાષ્ટ્રસંઘ દ્વારા કરવામાં આવેલી હિંસાની વ્યાપક વ્યાખ્યામાં નીચે મુજબના પ્રકારોનો સમાવેશ કરવામાં આવ્યો છે.

(1) કુટુંબ તેમજ સમુદાયમાં શારીરિક, જાતીય કે માનસિક હિંસા
(2) પતિ દ્વારા મારપીટ
(3) બાળકીનું જાતીય શોષણ
(4) દહેજ સંબંધિત હિંસા
(5) બળાત્કાર અને લગ્નજીવનમાં થતા બળાત્કાર
(6) સ્ત્રીઓને હાનિ પહોંચાડે તેવી પરંપરાઓ
(7) શાળા, કોલેજ તેમજ કામના સ્થળે થતી જાતીય સતામણી
(8) સ્ત્રીઓનું વેચાણ તેમજ તેમને દેહ વ્યાપાર કરવા ફરજ પાડવી.
(9) રાજ્ય દ્વારા કે રાજ્યના સમર્થનથી થતી હિંસા. જેમ કે યુદ્ધમાં કે અશાંત વિસ્તાર જાહેર કરેલ સ્થળોએ લશ્કર દ્વારા થતી હિંસા, બળાત્કાર.

આ ઉપરાંત, આત્મહત્યા અને પોતાની જાતને નુકસાન પહોંચાડે તેવા વર્તનનો પણ હિંસામાં સમાવેશ કરવામાં આવ્યો છે.

*આશા:* ખરેખર સ્ત્રી પોતાના જ ઘરમાં અને બહાર પણ પરિવારના સભ્યો દ્વારા, સમુદાય દ્વારા, સમાજના સભ્યો દ્વારા અને રાજ્ય દ્વારા થતી હિંસાનો સામનો કરતી આવી છે.

*ફરઝાના:* એકતાબહેન જેમ આપણે હિંસાના પ્રકારો વિશે વાત કરી તેમ તેના મૂળ કારણ અંગે પણ વાત કરી લઈએ.

*એકતા:* હિંસાનું મૂળ કારણ તો આપણે જોયું તેમ સ્ત્રી-પુરુષ વચ્ચેની માનવસર્જિત અસમાનતાને ચાલુ રાખવાનું જ છે.

*કમલા:* એટલે કે પુરુષપ્રધાન સમાજે નક્કી કર્યા મુજબની માતા-પત્ની કે પુત્રીની બીબાઢાળ ભૂમિકામાંથી સ્ત્રી બહાર નીકળવા પ્રયત્ન કરે તો શિક્ષા રૂપે તેની પર હિંસા કરવી એમ જ ને!

*નીરુ:* અને થોડીક સ્ત્રીઓ પર હિંસા થાય એટલે બાકીની બધીય સમજી જાય કે આપણે આપણી મર્યાદામાં રહેવાનું છે. તેઓ આ અન્યાયી સમાજવ્યવસ્થા સામે અવાજ ઉઠાવતાં અટકે.

*એકતા:* અને આ સમાજવ્યવસ્થા સામે અવાજ ઉઠાવવો એટલે સમાજની કેટકેટલી સંસ્થાઓમાં રહેલી પિતૃસત્તા સામે થવું! જેમ કે કુટુંબની, શિક્ષણસંસ્થાની, ધર્મ, કાનૂન, સરકાર, આંતર્રાષ્ટ્રીય સંસ્થાઓ અને વૈશ્વિક બજાર એમ તમામ પિતૃસત્તાક માળખાં અને મૂલ્યો સામે અવાજ ઉઠાવવાનો છે.

*રેશમા:* આપણે કેટલાં બધાં પરિબળો સામે લડવાનું છે, તે જાણીને થોડી બીક પણ લાગે છે.

*એકતા:* સમાજ, કુટુંબ, સરકાર, દુનિયાની આંતર્રાષ્ટ્રીય સંસ્થાઓ અને સર્વવ્યાપી બજારના તંત્ર સામે લડવું સહેલું તો નથી જ.

*શકરી:* પણ એમ ડરી ગયે કંઈ ચાલશે? મને તો પેલું મજૂરોવાળું સૂત્ર સહેજ બદલીને બોલવાનું મન થાય છે - "દુનિયાની બહેનો એક થાવ - આપણે હિંસા સિવાય કશું ગુમાવવાનું નથી."

*બધા:* "દુનિયાની બહેનો એક થાવ - આપણે હિંસા સિવાય કશું ગુમાવવાનું નથી."

# કૌટુંબિક કાયદાઓ સામે સંઘર્ષ

*રેશ્મા:* આશાબહેન, તમે કેમ આટલાં ઉદાસ છો?

*આશા:* આજે રસ્તામાં મારી એક બહેનપણી મળી હતી. તેને બિચારીને આજે 40 વર્ષની ઉંમરે તેના ભાઈઓએ ઘરમાંથી કાઢી મૂકી. તે જ્યારે ભણતી હતી ત્યારે તેના પિતાને હાર્ટ એટેક આવ્યો તેથી તેણે ભણવાનું છોડીને કમાવાનું શરૂ કર્યું. રાત-દિવસ જોયા વગર મહેનત કરી કે જેથી ભાઈઓ સારી રીતે ભણી શકે. તેને કારણે પોતે લગ્ન પણ ના કર્યા. ભાઈઓ ભણ્યા, નોકરીએ લાગ્યા ને પરણી ગયા. પિતાનું મૃત્યુ થયું. હવે મોટી બહેન કોઈને ગમતી નથી. તેથી કહે છે, તું તારી મેળે જુદું ઘર ભાડે કરી લે. બાપનું મોટું ઘર છે તેમાં તેનો કોઈ ભાગ નહીં.

*રેશ્મા:* પણ મેં તો સાંભળ્યું છે કે બાપની મિલકતમાં દીકરા અને દીકરીને સરખો હક્ક મળે.



*આશા:* તેણે જ્યારે ઘરમાં ભાગ માંગ્યો ત્યારે ભાઈઓએ પિતાનું વસિયતનામું બતાવ્યું જેમાં લખ્યું હતું કે બંને ભાઈઓને સરખા ભાગે મિલકત મળે અને બહેનને માત્ર 10 હજાર રૂપિયા અને થોડાં ઘરેણાં.

*કમલા:* જે દીકરીએ કુટુંબને ખરે વખતે સાચવ્યું તેને ઘરમાં પણ ભાગ નહીં?

*આશા:* હા. તેના પિતાએ વિલ બનાવ્યું ત્યારે માતાએ દીકરીનો ભાગ રાખવા કહ્યું હતું પણ પિતાએ જવાબ આપ્યો કે મિલકત તો દીકરાને જ મળે ને! દીકરીને મિલકત સાચવતાં ન આવડે!

*ફરઝાના:* પણ બાપ બધી મિલકતનું વસિયતનામું કરી શકે? અમારામાં તો કાયદેસરના વારસદારોને બાજુ પર મૂકી બધી મિલકતનું વસિયતનામું ન થાય.

*શકરી:* એટલે તમને જુદા કાયદા લાગુ પડે?

*રેશ્મા:* કેમ ભૂલી ગયા? એકતાબહેને બંધારણની વાત કરી ત્યારે તે વિશે જણાવ્યું હતું.

*કમલા:* હા, મને યાદ આવ્યું. તમે જણાવ્યું હતું કે બધા ધર્મના કૌટુંબિક કાયદાઓ અલગ અલગ છે અને એ પણ કહ્યું હતું કે બંધારણ સભામાં પણ કેટલાક સભ્યોએ આવા અલગ અલગ કૌટુંબિક કાયદાઓનો વિરોધ કર્યો હતો.

*આશા:* ને બાબાસાહેબ આંબેડકરે તેના માટે રાજીનામું આપ્યું હતું.

*નીરુ:* બરોબર, કહ્યું તો હતું પણ તે જરા ફરીથી યાદ કરાવી દો ને.


*એકતા:* હા. તમને ફરીથી ટૂંકમાં યાદ કરાવું કે ભારતમાં બધા જ ફોજદારી અને દિવાની કાયદાઓ પ્રત્યેક ધર્મના નાગરિક માટે સમાન છે પણ કૌટુમ્બિક કાયદાઓ અલગ અલગ ધર્મના નાગરિકો માટે જુદા જુદા છે. હિંદુ, મુસ્લિમ, ખ્રિસ્તી અને પારસી કૌટુમ્બિક કાયદાઓ ઉપરાંત કેટલીક જ્ઞાતિઓ અને આદિવાસીઓના પરંપરાગત કાયદાઓને પણ બંધારણે માન્યતા આપેલી છે. તેમાં (1) લગ્ન (2) છૂટાછેડા (3) ભરણપોષણ (4) વાલીપણા અને દત્તક લેવાનો કાયદો તેમ જ (5) સંપત્તિમાં અધિકારને લગતા કાયદાઓનો સમાવેશ થાય છે. 'આઝાદી'ની પૂર્વ સંધ્યાએ ભારતનું બંધારણ ઘડાયું ત્યારે અનેક પ્રગતિશીલ લોકો અને સ્ત્રી સંગઠનોએ સમાન નાગરિક ધારા માટે માગણી કરેલી પણ સ્વતંત્ર ભારતની

સરકારે સ્ત્રી સમાનતાને બાજુ પર મૂકી તમામ ધર્મોના રૂઢિચુસ્તવાદીઓના હાથ મજબૂત કર્યા હતા. અને બહુમતી સમુદાયના હિંદુ ધારામાં સુધારો કરવા માટે દાખલ કરેલ હિંદુ કોડ બીલને પણ જ્યારે પડતું મૂકવામાં આવ્યું ત્યારે તે વખતના કાયદા પ્રધાન, બંધારણના ઘડવૈયા ડો. બાબાસાહેબ આંબેડકરે તેના વિરોધમાં રાજીનામું આપ્યું હતું.

*નીરુ:* હા, હવે યાદ આવ્યું. તમે કહ્યું હતું કે સ્ત્રીના જીવનની લગભગ બધી જ મહત્ત્વની બાબતો આ કૌટુમ્બિક કાયદાઓમાં સમાવી લીધી છે.

*એકતા:* આ કાયદાઓ એક બાજુ સ્ત્રીઓને ધર્મના આધારે વહેંચે છે તો બીજી બાજુ બધી જ સ્ત્રીઓના ઊતરતા દરજ્જા મજબૂત કરે છે. કારણ કે તમામ ધર્મના કૌટુમ્બિક કાયદાઓ પાછળ એવી પૂર્વધારણાઓ રહેલી છે કે સ્ત્રી પુરુષ કરતાં ઊતરતી છે અને પુરુષ પર આધારિત છે. કુટુંબનો વડો અને બાળકનો કુદરતી વાલી પિતા જ છે.

*શકરી:* સાચી વાત, મારા બાળકની કસ્ટડી લેવાની હતી ત્યારે વકીલ એમ જ કહેતો હતો કે તમને બાળક તો મળશે પણ તેના કુદરતી વાલી તેના પિતા છે એટલે તેમની સંમતિ વગર બાળકને લગતા મહત્ત્વના નિર્ણયો તમે નહીં લઈ શકો.



*રેશ્મા:* આ તો નવાઈની વાત! કુદરતે તો માતાને જ બાળકને જન્મ આપવાનો હક્ક આપ્યો છે.

*એકતા:* પણ આપણા સમાજ અને કાયદાએ પિતાને કુદરતી વાલી ગણ્યો છે.

*ફરઝાના:* આઝાદી વખતે તો સ્ત્રીઓની લડતને સફળતા ન મળી તો શું ફરીથી સ્ત્રીઓએ લડત આપવાનો પ્રયત્ન કર્યો જ નહીં?

*એકતા:* 1980ના દાયકામાં સ્ત્રીઓ પરની હિંસા સામેની લડતમાં સ્ત્રીઓને કૌટુમ્બિક કાયદાઓની દીવાલોનો સામનો કરવો પડ્યો. ત્યારે ફરી એક વાર સ્ત્રીઓએ કૌટુમ્બિક કાયદાઓમાં રહેલ સ્ત્રી-વિરોધી અસમાનતાને દૂર કરવાની માગણી સાથે પ્રયત્નો કર્યા હતા.

*શકરી:* અમને તેમના વિશે જણાવો.

*એકતા:* 1983માં હિંદુ ધારા સામે તેલુગુ ફિલ્મની અભિનેત્રી સરિતાએ કરેલા કેસની વાત તમને કરું. સરિતા પોતાના પતિથી અલગ રહેતી હતી અને તેના પતિએ તેની સામે લગ્નજીવનના અધિકારો ભોગવવા માટેનો (રેસ્ટિટ્યુશન ઓફ કોનજુગલ રાઈટ્સ) કેસ કર્યો હતો. હિંદુ લગ્ન ધારાની કલમ-9 મુજબ લગ્નજીવન દરમ્યાન જો પતિ અથવા પત્ની કોઈ પણ વાજબી કારણ વગર પોતાના પરણેતરથી અલગ રહેતા હોય તો તેની સામે બીજો સાથીદાર કાર્યવાહી કરી અને તેને સાથે રહેવાની ફરજ પાડી શકે.

*કમલા:* અરે, આ તો આઝાદી પહેલાં રકમાબાઈ જે કાયદા સામે લડ્યાં હતાં તેની જ વાત લાગે છે. (વધુ વિગત માટે વાંચો ભાગ-3, પાના નં. 46)

*એકતા:* બરોબર. આઝાદીનાં આટલાં વર્ષો પછી સરિતાને પણ તેની જ સામે લડવાનો વારો આવ્યો. તેણે હિંદુ લગ્ન ધારાની કલમ સામે પ્રશ્નો ઊભા કર્યા કે જો કોઈ સ્ત્રી પોતાની નોકરી અથવા વ્યવસાય માટે પતિ કરતાં અલગ શહેરમાં રહેતી હોય તો પતિ તેને નોકરી છોડી સાથે રહેવાની ફરજ પાડી શકે કે કેમ, પતિ પત્ની વચ્ચે અણબનાવ હોય અને તેઓ છૂટાછેડાની કાર્યવાહીમાં પડ્યા વગર પરસ્પરની સહમતિથી અલગ રહેતા હોય તો પછીના કોઈ તબક્કે પતિ, પત્નીને પોતાની સાથે જાતીય સંબંધ બાંધવા મજબૂર કરી શકે કે કેમ વગેરે.

*આશાઃ* બરોબર છે. આ કાયદો તો બદલાવો જ જોઈએ. પુરુષો કેટલી આસાનીથી પોતાના કામ ધંધા માટે કે પોતાની મરજીથી બીજે રહેવાનો નિર્ણય કરે છે! જ્યારે સ્ત્રીને તો તેવો વિચાર પણ કરવાનો અધિકાર નથી. મારી એક બહેનપણીની લગ્ન પહેલાં સારી કાયમી નોકરી હતી. તેના પતિ તો તે વખતે હંગામી હતા ને સારી નોકરી શોધતા હતા પણ જેવાં લગ્ન થયાં કે તરત તેને પોતાની કાયમી નોકરી છોડીને તેને પતિના શહેરમાં રહેવા જવું પડ્યું ને કોઈને વિચાર પણ ન આવ્યો કે તેના પતિ પોતાનું શહેર છોડીને તેની સાથે રહેવા આવે.

*નીરુઃ* વાત તો સાચી લાગે છે. બીજા કયા કાયદા સામે લડત થઈ તે પણ અમને કહો.

*એકતાઃ* મેરી રોયે મિલકતના અધિકાર માટે ખ્રિસ્તી કાયદા સામે એક પડકાર કર્યો હતો. મેરી રોય પોતાના પતિથી અલગ રહી એક શિક્ષિકા તરીકે કામ કરી પોતાનું અને બાળકોનું ભરણ પોષણ કરતી હતી. તેના પિતા એક ખૂબ પૈસાદાર સીરિયન ખ્રિસ્તી હતા. પણ પિતાના મૃત્યુ પછી તેમની અઢળક સંપત્તિમાંથી મેરીને 5000 રૂપિયા આપીને તેના ભાઈઓ છૂટી પડ્યા. ત્રાવણકોર એક્ટ-1916 મુજબ પિતાની મિલકતમાંથી પુત્રીને લગ્ન સમયે ભાઈના ભાગ કરતાં ચોથા ભાગનું સ્ત્રી ધન અથવા 5000 રૂપિયા, બેમાંથી જે ઓછું હોય તે મળે. મેરી રોયે આ કાયદા સામે સુપ્રીમ કોર્ટમાં કેસ દાખલ કર્યો.

થેરેસામલનો અનુભવ પણ એવો જ હતો. તેમને સાધ્વી બનવું હતું. પરંતુ કુટુંબની પરવાનગી ન મળવાથી તે શિક્ષિકા તરીકે નોકરી કરવા લાગી. નિવૃત્ત થયા પછી પણ તેણે પોતાનાં વૃદ્ધ મા-બાપની ચાકરી કરી હતી પણ પિતાનું મૃત્યુ થયું ત્યારે તેના ભાઈઓએ તેને ઘરમાંથી નીકળી જવાનો હુકમ કર્યો. કેરાલા હાઈ કોર્ટે જણાવ્યું કે ત્રાવણકોર એક્ટ મુજબ પિતાના ઘર પર તેનો કોઈ અધિકાર નથી. થેરાસામલ આ ચુકાદા સામે સુપ્રીમ કોર્ટમાં ગઈ. 1986માં સુપ્રીમ કોર્ટે ત્રાવણકોર એક્ટને ગેરબંધારણીય ગણી રદબાતલ કરતો હુકમ કર્યો.

*ફરઝાના:* તો આખરે તેમની જીત થઈ ખરી.

*એકતા:* હા. પરંતુ આ કાનૂની જીતથી સ્ત્રીઓની યાતનાઓનો અંત ન આવ્યો. ખ્રિસ્તી આગેવાનોએ ચર્ચ સાથે મળીને દીકરીઓને મિલકતમાંથી કોઈ પણ રીતે બાકાત રાખવા લોકોએ કેવા પ્રકારનું વસિયતનામું બનાવવું તેની સલાહ આપવાની વ્યવસ્થા ગોઠવી!

*રેશ્મા:* સાચે જ! આપણે કાયદા પાસે હક્ક લેવા જઈએ તો સમાજ વચમાં આવે છે ને સમાજ પાસે માગીએ તો ધર્મ આડો આવે છે.

*એકતા:* સાચી વાત છે પણ માત્ર ધર્મ આધારિત કાનૂનો જ સ્ત્રીને અન્યાય કરે છે તેવું નથી. રીત-રિવાજ પર આધારિત અને પ્રમાણમાં સમાન માનતા આદિવાસી કાયદાઓમાં પણ અનેક પ્રશ્નો છે. આદિવાસી હો જાતિના રિવાજ મુજબ ત્યાં પુત્રીઓ પિતાની જમીન ખેડી શકે અને તેનું ઉત્પાદન લઈ શકે પરંતુ જમીન પર તેમનો અધિકાર નહીં. તેથી તેમનાં લગ્ન થાય તો તેમણે તે જમીન છોડવી પડતી.



*રેશ્મા:* એવું શા માટે?

*નીરુ:* કારણ કે જમીનમાં જેટલા ભાગ પાડો તેટલા તેના ટુકડા થાય.

*એકતા:* જ્યારે દીકરીઓને ભાગ આપવાનો હોય ત્યારે જ આવી દલીલ કરવામાં આવે છે. પરંતુ જ્યારે ઘણા બધા પુત્રો વચ્ચે જમીન વહેંચવાની હોય ત્યારે નહીં.

એ જ રીતે હૉ જાતિમાં એવો પણ રિવાજ હતો કે પતિની જમીન પર પત્નીને ખેડવાનો અધિકાર ખરો પણ જમીન તેમના નામે થાય નહીં. આથી સ્ત્રી વિધવા થાય કે તેના છૂટાછેડા થાય તો તેમની જમીન પતિના પુરુષ કુટુંબીઓ લઈ લેતા. આની સામે મકીબાઈ અને સોનામુનીએ 'માનુષી'ના તંત્રી મધુ ક્રિશ્વર સાથે મળીને સુપ્રીમ કોર્ટમાં કેસ દાખલ કર્યો હતો.

*ફરઝાના:* એટલે કે દરેક ધર્મના કાયદાઓ અને પરંપરાગત કાયદાઓ પણ કોઈ ને કોઈ રીતે સ્ત્રી પર અન્યાય કરે છે પણ જાહેર ચર્ચા તો મોટે ભાગે મુસલમાનોના કાયદા વિશે જ થાય છે.

*એકતા:* સાચી વાત. સામાન્ય ચર્ચાઓમાં હંમેશા લઘુમતિઓના અને ખાસ કરીને મુસલમાનોના કૌટુમ્બિક કાયદાઓની વાતને જ આગળ ધરવામાં આવે છે. મુસ્લિમ કૌટુમ્બિક કાયદાઓ સામે સૌથી પહેલો અવાજ શહેનાઝ શેખે ઉઠાવ્યો હતો. પરંતુ તેનો વિવાદ અને કોમવાદીકરણ શાહબાનોના કેસથી શરૂ થયું. વારંવાર શાહબાનો કેસની વાત મુસલમાનોના તુષ્ટિકરણ તરીકે રજૂ કરવામાં આવે છે પણ તે કેસની વિગતો ભાગ્યે જ કોઈ જાણે છે.

*નીરુ:* અમને શાહબાનોના કેસ વિશે કહો.

**શાહબાનોનો કેસ**

શાહબાનો એક 75 વર્ષની વૃદ્ધા હતી. તેના પતિએ તેને તરછોડી દીધી હતી. તેથી 1978માં ઈન્દોરની કોર્ટમાં તેણે ક્રિમિનલ પ્રોસીઝર કોડની કલમ 125 હેઠળ ભરણ પોષણનો દાવો કર્યો હતો. કેસ ચાલતો હતો ત્યારે શાહબાનોના એડવોકેટ પતિ મોહમ્મદ અહમદ ખાને તેને એક સાથે ત્રણ વાર 'તલાક' આપી અને મહેરની રકમ રૂ. 3,000 ચૂકવીને પોતે છૂટી પડ્યો. આ દરમ્યાન મેજિસ્ટ્રેટે રૂપિયા 25 માસિક ભરણ પોષણનો હુકમ કર્યો.


*ફરઝાના:* 25 રૂપિયા!

*એકતા:* હા. આ મશ્કરીરૂપ ભરણપોષણની રકમ સામે શાહબાનો હાઈ કોર્ટમાં ગઈ, તો હાઈ કોર્ટે આ રકમ વધારીને રૂપિયા 179 અને 20 પૈસા કરી! પણ આ નજીવી રકમ સામે તેનો પતિ સુપ્રિમ કોર્ટમાં ગયો અને એવી દલીલ કરી કે હાઈ કોર્ટનો ચુકાદો મુસ્લિમ કૌટુમ્બિક કાયદાઓની (શરિયતના કાયદાની) વિરુદ્ધમાં છે. શરિયતના કાનૂન મુજબ છૂટાછેડા બાદ મુસ્લિમ સ્ત્રીઓ પોતાના ભૂતપૂર્વ પતિ પાસે ભરણપોષણની  હક્કદાર નથી. તેને માત્ર ત્રણ મહિનાના ઈદ્દતના સમય સુધી જ ભરણપોષણ મળી શકે.

શાહબાનોના વકીલે પણ કુરાનમાંથી બે વિધાનો ટાંકી એવી દલીલ કરી કે મુસ્લિમ કૌટુમ્બિક કાયદાઓ મુજબ પણ તેને ભરણપોષણનો અધિકાર છે. આમ, આ કેસમાં ક્રિમિનલ કાયદાની કલમ 125 હેઠળ 'સ્ત્રી નિરાધાર ન થાય' તે હેતુથી કરવામાં આવેલ દાવાને છૂટાછેડા મેળવેલ મુસ્લિમ સ્ત્રીના શરિયત કાનૂન મુજબના અધિકાર સાથે ગૂંચવી નાંખવામાં આવ્યો.

1985ની 23મી એપ્રિલ ચીફ જસ્ટિસ ચંદ્રચૂડ સહિતના પાંચ ન્યાયાધીશોની બેન્ચે પોતાના ચુકાદામાં જણાવ્યું કે શાહબાનોને કલમ 125 હેઠળ તેમ જ મુસ્લિમ કૌટુમ્બિક કાયદાઓ મુજબ (શરિયત કાનૂન હેઠળ) એમ બંને રીતે ભરણપોષણનો અધિકાર છે. ઉપરાંત તેમણે મનુસ્મૃતિ તેમ જ





શરિયતમાંથી સ્ત્રી વિરોધી વિધાનો ટાંકી એમ પણ જણાવ્યું કે, 'એવી માન્યતા છે કે કૌટુમ્બિક કાયદાઓમાં સુધારા લાવવા માટે મુસ્લિમ સમુદાયે પહેલ કરવી જોઈએ કારણ કે સમાન નાગરિક ધારો અલગ અલગ વિચારધારાવાળા કાયદાઓ પ્રત્યેની વફાદારી દૂર કરી રાષ્ટ્રીય એકતા લાવવામાં મદદરૂપ થશે. કોઈ પણ સમુદાય આ માટે જાતે પહેલ નહીં કરે, માટે સરકારે આ દિશામાં પહેલ કરવી જોઈએ.'

આમ, આ ચુકાદામાં મુસ્લિમ કાયદાઓની ટીકા ઉપરાંત મુસ્લિમ સમુદાય આવા અન્યાયકારી કાયદાઓ ચાલુ રાખવા માગે છે માટે સરકારે તેમની પર ન્યાયી કાયદા લાદવા તેવો સૂર નીકળતો હતો. ઉપરાંત, માત્ર સ્ત્રીને ન્યાય મળે તે માટે નહિ પણ રાષ્ટ્રીય એકતા માટે આમ કરવું જરૂરી છે તેવી દલીલ પણ હતી.

*કમલાઃ* તો શું આ ચુકાદાને કારણે પહેલી વાર કોઈ તલાક મળેલ મુસ્લિમ સ્ત્રીને ભરણપોષણનો અધિકાર મળ્યો હતો?

*એકતાઃ* ના. આ અગાઉ મુખ્ય ન્યાયમૂર્તિ કૃષ્ણઐયરે બે કેસોમાં તલાક મળેલ મુસ્લિમ સ્ત્રીઓને ભરણપોષણ અપાવ્યું હતું અને મુસ્લિમ કૌટુમ્બિક કાયદાઓની ટીકા પણ કરી હતી. પરંતુ તેમાંથી કોઈ વિવાદ ઊભો થયો ન હતો.

*આશાઃ* તો પછી આ ચુકાદાથી કેમ વિવાદ ઊભો થયો?

*એકતાઃ* આ ચુકાદાથી વિવાદ ઊભો થવાનું એક કારણ એ હતું કે તેમાં બિનજરૂરી રીતે ધર્મ, રાષ્ટ્રીય એકતા અને સ્ત્રીના અધિકારના પ્રશ્નને મુસ્લિમ ધર્મ અને મુસ્લિમ પુરુષો વિરોધી પ્રશ્નમાં ફેરવીને ગૂંચવી નાંખવામાં આવ્યો હતો. પરિણામે કહેવાતા "મુસ્લિમ ધર્મગુરુઓએ" તેને પોતાના સમુદાય પરના હુમલા તરીકે જોયો અને ફતવો બહાર પાડ્યો કે છૂટાછેડા પછી મુસ્લિમ સ્ત્રીઓએ કલમ-125 હેઠળ ભરણપોષણ લેવું જોઈએ નહિ. આની સામે હિંદુ કોમવાદીઓએ બાંયો ચડાવીને કહ્યું કે સુપ્રીમ કોર્ટના ચુકાદાને ન માનનાર મુસલમાનો જંગલી અને દેશદ્રોહી છે. અને આમ સ્ત્રીના અધિકારનો પ્રશ્ન લઘુમતી-બહુમતીના રાજકારણમાં ફેરવાઈ ગયો.

*રેશ્માઃ* તો પ્રગતિશીલ લોકોએ આના માટે શું કર્યું?

*એકતા:* ઉદારમતવાદી મુસલમાનો, નારીવાદી સંગઠનો અને પ્રગતિશીલ લોકોએ મુસલમાન સ્ત્રીઓને અધિકાર મળે તે માટે અભિયાન શરૂ કર્યું. મુસ્લિમ સત્યશોધક સભા અને તલાક મુક્તિ મોરચાએ મહારાષ્ટ્રના જિલ્લાઓમાં ચુકાદાની તરફેણમાં પોસ્ટર પ્રદર્શન લઈ યાત્રા કરવાનું શરૂ કર્યું. તેમની પર ઠેર ઠેર કટ્ટરવાદી મુસલમાનોએ હુમલાઓ કર્યા, કાળા વાવટા ફરકાવ્યા અને એક તબક્કે પથ્થરમારો કરી તેમની યાત્રાને અટકાવી.

*ફરઝાના:* મુસલમાન સ્ત્રીના અધિકાર સામે મુસલમાનોએ જ આવું ન કરવું જોઈએ. પણ અગાઉના ચુકાદા સામે આટલો ઉગ્ર વિરોધ ન થયો તો આ ચુકાદા સામે શા માટે થયો?

*એકતા:* આ સવાલ આટલો ઉગ્ર બનવા પાછળ બીજાં ઘણાં પરિબળો પણ કામ કરી ગયાં. આ સમયમાં વિશ્વ હિન્દુ પરિષદે રામ જન્મભૂમિનું આંદોલન ઉગ્ર બનાવ્યું હતું તો મુસ્લિમ ધર્માંધ તત્ત્વોએ તેની સામે બાબરી એક્શન કમિટીની સ્થાપના કરી હતી. તેના નેતા શાહબુદ્દીને એક ચૂંટણીમાં, શાહબાનો કેસ તેમ જ બાબરી મસ્જિદના મુદ્દાનો ઉપયોગ કરી કોંગ્રેસના મુસ્લિમ ઉમેદવારને ભારે બહુમતિથી હરાવ્યો. કોંગ્રેસે 'મુસ્લિમ મતદારો'નો આ ગુમાવેલો વિશ્વાસ પાછો મેળવવા માટે સુપ્રીમ કોર્ટના ચુકાદા વિશે ફેર વિચારણા કરી ૨૫મી ફેબ્રુઆરી 1986ના રોજ મુસ્લિમ સ્ત્રી (છૂટાછેડા વખતના અધિકારો) અંગેનું બીલ સંસદમાં દાખલ કર્યું. તેમાં છૂટાછેડા મેળવેલ મુસ્લિમ સ્ત્રીઓને 125મી કલમના ઉપયોગમાંથી બાકાત રાખવામાં આવી અને ઈદ્દતના સમય પછી તેમના ભરણપોષણની જવાબદારી તેમના પિતાના કુટુંબ પર અને જો પિતાનું કુટુંબ ભરણપોષણ ન કરી શકે તો તે જવાબદારી સ્થાનિક વકફ બોર્ડ પર નાંખવામાં આવી.

*ફરઝાના:* આ તો અન્યાય કહેવાય!

*નીરુબહેન:* તો આ અન્યાય સામે વિરોધ ના થયો?

*એકતા:* દેશભરનાં સ્ત્રી સંગઠનો અને પ્રગતિશીલ મુસ્લિમ સમાજે તેનો વિરોધ કર્યો. જે દિવસે બિલ દાખલ કરવામાં આવ્યું તે દિવસે દિલ્લીમાં જનવાદી મહિલા સમિતિ, મહિલા દક્ષતા સમિતિ, નેશનલ ફેડરેશન ઓફ ઈન્ડિયન વીમેન અને દહેજ વિરોધી ચેતના મંચના 150-200 જેટલા કાર્યકરોએ સંસદ

સામે દેખાવો કર્યા તો તેમની ધરપકડ કરવામાં આવી. કોંગ્રેસે આ બિલની તરફેણ કરવા માટે પોતાના સભ્યોને વ્હિપ (આદેશ) આપ્યો.

*શકરીઃ* વ્હિપ (આદેશ) એટલે?

*એકતાઃ* એટલે કે પોતાના સભ્યોને ફરજિયાત રીતે બિલની તરફેણમાં મત આપવા હુકમ કર્યો. કદાચ આ પહેલો જ એવો પ્રસંગ હશે કે જેમાં સ્ત્રીઓને સ્પર્શતા કોઈ મુદ્દા પર કોઈ રાજકીય પક્ષે પોતાના સભ્યોને વ્હિપ આપી હોય.

*ફરઝાનાઃ* ને તે પણ સ્ત્રીના અધિકારની વિરુદ્ધમાં!

*એકતાઃ* કોંગ્રેસ સરકારની આ નીતિના વિરોધમાં તેના એક પ્રગતિશીલ મુસ્લિમ સભ્ય, આરીફ મોહમ્મદ ખાને મંત્રીપદ પરથી રાજીનામું આપી દીધું. પરંતુ સ્ત્રી સંગઠનો અને સુધારાવાદી મુસ્લિમોનો આ વિરોધ નિષ્ફળ ગયો અને રાજીવ ગાંધીની સરકારે બહુમતીના જોરે લોકસભામાં આ બિલ પસાર કર્યું.

*રેશ્માઃ* છૂટાછેડા મળેલ મુસ્લિમ સ્ત્રીઓના ભરણ પોષણના અધિકાર પર તરાપ મારી સરકારે બિલકુલ સ્ત્રી વિરોધી વલણ અપનાવ્યું.

*એકતાઃ* ઉપરાંત, તેનાથી હિંદુ કોમવાદીઓને પોતાનું કોમવાદી ઝેર ફેલાવવાનો એક મુદ્દો મળી ગયો. અને કૌટુમ્બિક કાયદાઓ સામેના સંઘર્ષમાં નારી આંદોલનને કેવી રીતે આગળ વધવું તે અંગે અનેક સવાલો ઊભા થયા જે આપણે આજે પણ ઉકેલી શક્યા નથી.

*કમલાઃ* આ સવાલો વિશે અમને જણાવો.

**વ્યૂહ રચનાના સવાલો**

*એકતાઃ* શરૂઆતના તબક્કામાં લગભગ બધાં જ પ્રગતિશીલ પરિબળો અને નારીવાદીઓ સમાન નાગરિક ધારાની માગણી કરતા હતા કારણ કે અલગ અલગ ધર્મના કાયદાઓ સ્ત્રીઓને ધર્મના વાડાઓમાં વહેંચી દે છે અને તે સ્ત્રીઓના સમાન નાગરિક તરીકેના બંધારણીય દરજ્જાની વિરુદ્ધમાં છે. તેમની સમજ એ હતી કે સમાન નાગરિક ધારો સ્ત્રી-પુરુષ સમાનતા પર આધારિત જ હોય. પરંતુ શાહબાનો કેસ પછી હિન્દુત્વવાદી કોમવાદી સંગઠનોએ પણ સમાન નાગરિક

ધારાનો ઝંડો ઉઠાવી લીધો. તેમણે કહ્યું કે મુસલમાનોના કાયદાઓ સ્ત્રી-વિરોધી છે.

*આશાઃ* અરે, આ લોકોને રોજેરોજ દહેજને કારણે સળગાવી દેવામાં આવતી કે ઘરેઘરમાં હિંસા સહન કરતી હિંદુ સ્ત્રીઓને થતા અન્યાય સામે વિરોધ કરવાનો તો વિચાર સુધ્ધાં નથી આવતો!

*શકરીઃ* તો તેમને મુસલમાન સ્ત્રીઓની વાતો કરવાનો શું હક્ક છે?

*એકતાઃ* ઉપરાંત, તેમના કહેવાતા સમાન નાગરિક ધારામાં શું હશે તેની કોઈ સ્પષ્ટતા નથી. અને જે રીતે હિંદુ કોમવાદી તત્ત્વો સતત લઘુમતીઓ પર હુમલા કરતાં રહ્યાં છે તેને કારણે ઘણા બધા મુસ્લિમ સુધારકોનાં મનમાં પણ દહેશત ઊભી થઈ કે ભા.જ.પ. અને સંઘ પરિવારનાં અન્ય સંગઠનો સમાન નાગરિક ધારાના નામે હિંદુ ધારો બધાની ઉપર થોપવા માંગે છે. મુસલમાનોનાં ધર્માંધ તત્ત્વોએ સમુદાયની આ લાગણીને



બહેકાવી સ્ત્રીઓની માગણીઓ પાછળ ધકેલવામાં તેનો ઉપયોગ કર્યો. આવા દહેશતના વાતાવરણમાં સ્ત્રીઓ પર ધાર્મિક વડાઓની પકડ મજબૂત બની અને બહુમતીના હુમલા સામે પોતાના સમુદાયના રક્ષણ માટે તેમ જ સમુદાયની ઓળખ કાયમ રાખવાના નામે તેમને ચૂપ રહેવાની ફરજ પડી.

આમ, હિન્દુ તેમ જ મુસલમાન ધર્માંધ તત્ત્વોએ મળીને આ આખાય પ્રશ્નને સ્ત્રીઓના સમાન અધિકારના પ્રશ્નને બદલે લઘુમતી વિરુદ્ધ બહુમતીના પ્રશ્નમાં ફેરવી દીધો. આ પરિસ્થિતિમાં અનેક પ્રગતિશીલ, બિનસાંપ્રદાયિક અને નારીવાદી લોકો પણ માનવા લાગ્યા કે આ તબક્કે સમાન નાગરિક ધારાની માગણી કરવાને બદલે ધર્મના માળખાની અંદર રહીને સ્ત્રીઓના અધિકારો માટે સુધારા કરવા જોઈએ અને તે સુધારાની માંગ પણ જે તે ધાર્મિક સમુદાયની અંદરથી ઊઠવી જોઈએ.

*રેશ્મા:* એનો અર્થ તો એ જ થયો કે મારો પ્રશ્ન હોય તેમાં ફરઝાનાબહેન ના બોલી શકે અને શકરીના પ્રશ્નમાં હું ન બોલી શકું. કારણ કે અમારા ધર્મ ને જ્ઞાતિ જુદાં જુદાં છે.

*ફરઝાના:* પણ આથી તો સ્ત્રીઓમાં ભાગલા ના પડે?

*એકતા:* હા. આમ, અલગ અલગ ધર્મને જ્ઞાતિની પિતૃસત્તા સામે અલગ અલગ રહીને લડત આપીએ તો આપણી લડત જ નબળી પડે. ઉપરાંત, દરેક ધર્મના કાયદાઓ મૂળભૂત રીતે સ્ત્રી-પુરુષ અસમાનતાના પાયા પર રચાયેલા છે અને માટે તેની અંદર રહીને સુધારા કરવાથી સ્ત્રી સમાનતાનું ધ્યેય સંપૂર્ણ રીતે હાંસલ કરી શકાય નહીં. તેથી નારી આંદોલનનો બીજો પ્રવાહ માનતો હતો કે જો માનવ અધિકારોનાં મૂલ્યો પર આધારિત કૌટુમ્બિક કાયદો બને તો જ સ્ત્રીઓ પ્રત્યેનો અન્યાય સંપૂર્ણ રીતે દૂર થઈ શકે. સંઘ પરિવારની સમાન નાગરિક ધારાની માગણી કરતાં પોતાની માગણી અલગ છે તે વધુ સ્પષ્ટ રીતે દર્શાવવા તેઓ સમાન નાગરિક ધારો નહીં પરંતુ સ્ત્રી-પુરુષ સમાનતા પર આધારિત, બિનસાંપ્રદાયિક કાનૂની માગણી કરે છે. અંગ્રેજીમાં તેને જેન્ડર જસ્ટ સેક્યુલર લૉઝ કહે છે.

*નીરુ:* મને તો લાગે છે કે સમુદાયની અંદર રહી સુધારા કરવાની જરૂર પણ છે કારણ કે તેથી વધારે સ્ત્રીઓ આ લડતમાં જોડાશે.

*ફરઝાના:* અને તેની સામે પ્રમાણમાં ઓછો વિરોધ થશે તેથી સ્ત્રીઓને તાત્કાલિક કેટલીક રાહતો મળી શકે.

*કમલા:* પણ તેની સાથે સમાનતા માટેનો સંઘર્ષ ચાલુ રાખવો જ જોઈએ કે જેથી લાંબા ગાળે પણ તમામ ધર્મોની ઉપર ઊઠી સમાનતા અને માનવ અધિકારનાં મૂળભૂત મૂલ્યો પર આધારિત કાયદાઓ મેળવી શકાય.

*શકરી:* પણ આ બંને પ્રકારની લડતોએ એકબીજાને ટેકો તો કરવો જ જોઈએ.

*એકતા:* સાચી વાત છે. ધર્મના માળખાની અંદર રહીને અને માનવ અધિકારના આધારે કામ કરનારા બધા લોકો પોતપોતાની રીતે પ્રયત્ન કરે અને એકબીજા સાથે સંકલન રાખે તો જ આ પ્રશ્ન ઊકલી શકે.


*રેશ્મા:* તમે અગાઉ કહ્યું હતું કે 1985 પછીનો સમયગાળો એ નારી આંદોલન સામે પડકારનો સમયગાળો છે. તેની પાછળનું કારણ આ શાહબાનો કેસનો અનુભવ તો નથી?

*એકતા:* હા, પરંતુ માત્ર એ જ એક કારણ નથી. શાહબાનો કેસ તો સ્ત્રીઓના સવાલોના કોમવાદીકરણની અને ધર્મના નામે સ્ત્રીના અધિકારો છીનવવાની શરૂઆત જ હતી. ત્યાર બાદ રાજસ્થાનમાં બનેલા સતીના બનાવમાં આ પ્રવાહ ઘણી જ સ્પષ્ટ રીતે આગળ વધતાં જોવા મળે છે. અને હિંદુત્વના નામે કોમવાદી ઝેર ફેલાવનાર પરિબળોની સ્ત્રી વિરોધી માનસિકતા તેમાં ખુલ્લી પડે છે.

*આશા:* સતીનો બનાવ? પણ અમે તો વાંચ્યું છે કે આઝાદી પહેલાં રાજા રામમોહન રાયે સતીપ્રથા નાબૂદ કરાવી હતી!

*એકતા:* સતીનો બનાવ અને ઓળખના રાજકારણની વાત આપણે હવે પછીની મિટિંગમાં કરીશું. આજની મિટિંગના અંતમાં હું કૌટુંબિક કાયદાના અન્યાયી ન્યાયનું ગીત ગવડાવું છું.

# અન્યાયી ન્યાય



*(લોકગીત 'નથનિયા દય્યા હાલે' ની ધુન પર આધારિત)*

**- કમલા ભસીન**

હો અન્યાયી ન્યાય યે કૈસે સહા જાયે
બાડ ખેતોં કો ખાયે યે કૈસે સહા જાયે

મામલેં ઘરોં કે નિજી કાનૂન કહાયેં
મર્દાને ધર્મોં કે ઇન પર હૈં સાયે
યે સારે ઔરત કો દબાયેં
ખુદ ન્યાય દબાયે યે કૈસે સહા જાયે
હો અન્યાયી...

પરિવાર કા મુખિયા પતિ ક્યોં કહાયે
બચ્ચોં પર હક ભી પિતા હી ક્યોં પાયે
ન્યાય કહના ઇસે હૈ અન્યાય
ઐસા ઉલ્ટા હો ન્યાય યે કૈસે સહા જાયે
હો અન્યાયી...

જાયદાદ આધી કહાં, આધી ગવાહી
મર્દોં કો ચાર શાદી હમકો મનાહી
દોગલે કાનૂન ઔર કિતને ગિનાયેં
ખુદ અન્ધા હો ન્યાય યે કૈસે સહા જાયે
હો અન્યાયી...

ન્યાય કરાને જો જજ સાહબ આયે
મર્દાના ચશ્મા હૈં વો ભી ચઢાયે
પિદરશાહી પુલિસ ભી ચલાયે
ન્યાય કહીં ભી ન પાયેં યે કૈસે સહા જાયે
હો અન્યાયી...

સહને કો રહને દેં કહને પે આયેં
કોર્ટ કચહરી કે ધોખે ન ખાયેં
કાનૂન મર્દોં કે અબ ન ચલાયેં
કાનૂન નયે બનાયેં તો બડા મઝા આયે
કોઈ આધા ન પાયે તો બડા મઝા આયે
કોઈ જ્યાદા ન પાયે તો બડા મઝા આયે

## રૂપકુંવરનો બનાવ અને સતી વિરોધી આંદોલન

*એકતા:* રાજા રામમોહન રોય જેવા અનેક સમાજ સુધારકોના અથાક પ્રયત્નોથી 1929માં સતી વિરોધી કાનૂન બન્યો હતો. પણ ત્યાર પછી પાંચ દાયકા બાદ 1987ની ૪થી સપ્ટેમ્બરે રાજસ્થાનના દેવરાલા ગામમાં 18 વર્ષની રૂપકુંવરને સતી બનાવવામાં આવી. રૂપકુંવર માંડ છ મહિના પોતાના માનસિક બીમારીથી પીડાતા પતિ સાથે રહી હતી. આ બનાવ અંગે કેટલાંક સ્ત્રી સંગઠનો અને સંવેદનશીલ પત્રકારોની જાત તપાસમાં બહાર આવેલ કેટલીક હકીકતો મુજબ રૂપકુંવરને પુષ્કળ નશીલી દવાઓ આપી પરાણે ચિતા પર ચઢાવી દેવામાં આવી હતી. તેણે એક વાર નાસી છૂટવાનો પ્રયત્ન કર્યો તો તેને પાછી પકડી લાવવામાં આવી હતી. પત્રકારો સ્થળ પર આવવાના છે તેવી ખબર પડતાં જાહેર કરેલા સમય પહેલાં જ રૂપકુંવરને ચિતા પર ચડાવી દેવાઈ હતી. જ્યારે પત્રકારો સ્થળ પર પહોંચ્યા ત્યારે સતી સ્થળનું રક્ષણ કરતા સ્વયંસેવકોએ તેમને રીતસરના ધક્કે ચડાવ્યા હતા.

*શકરી:* અરેરે, આ તો 'સતી' કે ખૂન?

*નીરુ:* જો કે પહેલાંના જમાનામાં તો કેટલીક સ્ત્રીઓને ખરેખર સત ચઢતું હતું.

*કમલા:* ના રે, આ તો એક અંધશ્રદ્ધા જ છે. પોતાના સ્વજનનું મૃત્યુ થાય તો દરેકને થોડી વાર માટે એમ થાય કે મારે જીવવું નથી પરંતુ ધીમે ધીમે આઘાત ઓછો થાય એટલે સૌ જીવવા માંડે.

*નીરુ:* ના..ના..

*એકતા:* આ શ્રદ્ધા છે કે અંધશ્રદ્ધા તેની ચર્ચા ફરી ક્યારેક કરીશું. પણ માનો કે રૂપકુંવર સ્વેચ્છાએ ચિતા પર ચડી હોય તો પણ પાયાનો પ્રશ્ન છે કે એક યુવાન વિધવા કે જેની સામે આખી જિંદગી પડી છે તે શા માટે મોત પસંદ કરે? આપણા સમાજમાં આજે પણ એક વિધવા સાથે એવું તે કેવું વર્તન થાય છે કે તેને જીવન કરતાં મૃત્યુ વધારે સારું લાગે?

*રેશ્મા:* સાચી વાત. મારાં માસી નાની ઉંમરે વિધવા થયાં ને પછી તો તેમનાં સાસરિયાંઓએ તેમને ઘરમાં રહેવા પણ ન દીધાં. સસરાની સહિયારી મિલકતમાંથી ભાગ ના આપવો પડે એટલે ત્રાસ આપીને ઘરમાંથી કાઢ્યાં અને લખાણ કરાવી લીધું કે તેમનો કે તેમનાં બાળકોનો મિલકતમાં કોઈ હક્ક નહીં.

*આશા:* મારાં ફોઈએ વિધવા થયા પછી એકલે હાથે તકલીફ વેઠીને દીકરીને મોટી કરી, ભણાવી-ગણાવી પણ જ્યારે તેનાં લગ્ન થયાં ત્યારે કન્યાદાન કરવા એ જ દિયર ને દેરાણીને બેસાડવાં પડ્યાં કે જેમણે દીકરીને ઉછેરવામાં કોઈ મદદ નો'તી કરી. કારણ કે વિધવા સ્ત્રીથી શુભ કામમાં ન બેસાય!

*એકતા:* સાચી વાત. આજે પણ સમાજમાં વિધવાઓને અનેક સામાજિક અને આર્થિક અન્યાય સહન કરવા પડે છે. તેથી જ રૂપકુંવરના કેસમાં પ્રશ્ન થાય છે કે તેના કુટુંબીઓએ માત્ર ધાર્મિક વૃત્તિથી આ બધું કર્યું હતું કે તેની પાછળ કોઈ બીજો હેતુ હતો? હકીકતો જણાવે છે કે રૂપકુંવરને સળગાવ્યા પછી રાતોરાત તેમણે સતીધર્મ રક્ષા સમિતિ નામનું ટ્રસ્ટ શરૂ કર્યું ને સતી સ્થળ પાસે પૂજાપો, પ્રસાદ, સતીના ફોટા, ચૂંદડી વગેરેની દુકાનો ખૂલી ગઈ. લાઉડસ્પીકરો, ખાવા-પીવાના સ્ટોલ અને પાર્કિંગની વ્યવસ્થા સાથેનું રોજની લાખો રૂપિયાની આવક થાય તેવું યાત્રાધામ ઊભું થયું. પતિનું મસ્તક ખોળામાં લઈને હસતે મુખે ચિતા પર બેઠી હોય તેવું રૂપકુંવરનું રંગીન ચિત્ર દેશના ખૂણેખૂણે તમામ ભાષાનાં અખબારોમાં છપાઈ ગયું અને એક યુવાન સ્ત્રીના અકાળ મૃત્યુને જાણે કોઈ મહાન ચમત્કારિક બનાવ હોય તેવો પ્રચાર કરવાનો પ્રયત્ન સફળ રીતે કરવામાં આવ્યો.

*શકરી:* આ તો લોકોની અંધશ્રદ્ધાનો વેપાર થતો હોય એવું જ લાગે છે.

*એકતા:* આટલું ઓછું હોય તેમ બનાવના બારમા દિવસે, 16મી સપ્ટેમ્બરના રોજ સતી ધર્મ રક્ષા સમિતિએ દેવરાલામાં ચૂનરી મહોત્સવ ઊજવવાનું એલાન કર્યું.

*રેશ્મા:* એક નાનકડી યુવતીના મૃત્યુ પાછળ મહોત્સવ! આ તો દાઝ્યા પર ડામ જેવું થયું?

*એકતા:* સતીના નામે સ્ત્રીને જીવતી સળગાવી દેવા સામે જયપુર તેમ જ દેશભરની સ્ત્રી સંસ્થાઓ અને અન્ય પ્રગતિશીલ લોકોએ વિરોધ વ્યક્ત કર્યો. ચૂનરી મહોત્સવ સામે જયપુર હાઈ કોર્ટમાંથી સ્ટે મેળવ્યો. હાઈ કોર્ટે રાજસ્થાન સરકારને ચૂનરી મહોત્સવ ન ઊજવાય તે જોવા માટે હુકમ કર્યો. પણ આ હુકમનું પાલન કરવા રાજસ્થાન સરકારે સાદા પોષાકમાં માત્ર 500 પોલીસ ત્યાં મોકલી આપી, જેથી ત્યાં એકઠા થયેલા લોકોને પોલીસની હાજરીથી અજૂગતું ન લાગે! હાઈ

કોર્ટના સ્ટે છતાં ચૂનરી મહોત્સવ ધામધૂમથી થયો અને ભણેલા-ગણેલા રજપૂત યુવાનોએ પોતાની રાજપૂત તરીકેની ઓળખ આગળ કરી શહેરોમાં સાફા પહેરી, તલવારો બાંધી વિજય સરઘસો કાઢ્યાં.

*કમલાઃ* માનવતાની વાત તો જવા દો પણ કોર્ટના હુકમને પણ જાણે ઘોળી પીધો!

*એકતાઃ* તેની સામે સ્ત્રી સંગઠનો ઉપરાંત અલગ અલગ પ્રકારનાં પ્રગતિશીલ જૂથોએ દેશભરમાં વિરોધ કર્યો. આર્ય સમાજના સ્વામી અગ્નિવેશ જેવાએ ધાર્મિક માળખાની અંદર રહીને દેવરાલાની બહાર ધરણાં કર્યાં અને તેમણે બનારસ તેમ જ પુરીના શંકરાચાર્યોને પડકાર ફેંક્યો કે ધાર્મિક ગ્રંથોમાંથી સતીનું સમર્થન કરતાં અવતરણો ટાંકી બતાવે. શંકરાચાર્યોએ આ પડકાર ન ઝીલ્યો તેથી ઓરિસ્સામાં પુરીના શંકરાચાર્ય સામે ગાંધીવાદીઓએ 10,000 સ્ત્રીઓનું સરઘસ કાઢ્યું. મહારાષ્ટ્રમાં જ્ઞાતિવાદ વિરોધી સંગઠનોએ સતી પ્રથાનો વિરોધ કર્યો. રાજસ્થાનમાં મોટી સંખ્યામાં ગ્રામ્ય સ્ત્રીઓએ સતી પ્રથાના વિરોધમાં સરઘસ કાઢ્યાં.

*આશાઃ* આટલો બધો વિરોધ જોઈને તો રાજકારણીઓની આંખો ખૂલી હશે ને?



*એકતાઃ* ના. કારણ કે મતની પાછળ પડેલા રાજકારણીઓને તો રોજેરોજ સતી સ્થળની મુલાકાત લેતા લાખો લોકોની અંધશ્રદ્ધાનો ઉપયોગ કરવાની સારી તક મળી ગઈ. ભા.જ.પ., કોંગ્રેસ કે જનતા દળ એમ તમામ પક્ષના નેતાઓએ સતી સ્થળ પર પૂજા કરી પોતાની ધાર્મિકતા સાબિત કરી અને રજપૂત જેવા પ્રભાવશાળી જૂથનું સમર્થન મેળવવાની હોડ બકી. ભા.જ.પ.ના વિજયારાજે સિંધિયા જેવા રાષ્ટ્રીય નેતાઓએ તો જાહેર સભાઓમાં હિંદુ સંસ્કૃતિ અને પરંપરાના નામે સતી પ્રથાનું સમર્થન કર્યું.

*શકરીઃ* કેવી બેવડી નીતિ? શાહબાનોના કેસમાં આ જ લોકો તેને અન્યાય થાય છે એમ કહીને તૂટી પડ્યા હતા! હવે તેમની સ્ત્રીઓ માટેની લાગણી ક્યાં ગઈ?

*રેશ્માઃ* 19મી સદીમાં તો સતી પ્રથાની પાછળ પુત્રીઓનાં બાળલગ્નો, બાળવિધવાઓનું પ્રમાણ, વિધવાઓ પરના અંકુશો, પુનઃલગ્નની મનાઈ, સ્ત્રીઓમાં શિક્ષણનો અભાવ વગેરેમાંથી ઊભી થયેલી પરિસ્થિતિ કારણભૂત હોઈ શકે પણ આટલાં વર્ષો પછી સતીના પ્રશ્નએ ફરી વાર માથું ઊંચક્યું તેનું કારણ શું?

*એકતાઃ* હકીકત એ છે કે શિક્ષણ વધ્યું છતાં આજે પણ આપણા સમાજમાં પતિવ્રતાની વિચારધારા અને પુરુષ આધિપત્ય કાયમ જ છે. બાળલગ્નો ઓછાં થયાં તેથી બાળ વિધવાઓનું પ્રમાણ ઓછું થયું પણ વિધવાઓ પ્રત્યેની સમાજની દૃષ્ટિમાં ખાસ ફેર પડ્યો નથી અને સાથે સાથે આધુનિક લોકશાહીમાં સત્તા હાંસલ કરવા ઓળખનું રાજકારણ ખેલાઈ રહ્યું છે. પરંપરાઓનું માત્ર બહારી સ્વરૂપ ધાર્મિક છે પરંતુ તેનો ઉપયોગ સત્તા અને સંપત્તિ પ્રાપ્ત કરવા માટે થઈ રહ્યો છે. આ અંગેનું એક ગીત આપણે ગાઈશું

*આશાઃ* આ ગીતથી સ્પષ્ટ થાય છે કે, પિતૃસત્તા, રાજકારણ અને અર્થકારણની આ સાંઠગાંઠમાં ગુમાવવાનું તો સ્ત્રીઓએ જ છે. તેમ છતાં કેટલીય સ્ત્રીઓ શા માટે આને ટેકો આપે છે?

*કમલાઃ* કારણ કે તેમને આ ચાલ સમજાતી નહીં હોય.

*એકતાઃ* ઉપરાંત, ધર્મના નામે રાજકારણ ખેલતાં આ પરિબળો કેટલીક સ્ત્રીઓને તત્કાલ પૂરતી પોતાની પિતૃસત્તામાં ભાગીદારી આપીને તેમને પોતાના પક્ષે લેવામાં સફળ થયા છે. પણ તેનાથી તમામ સ્ત્રીઓનું લાંબા ગાળાનું હિત જોખમાય છે.

*નીરુઃ* એટલે?



# હમ તુઝે
# દેવી
# બનાયેંગે



| | |
|---|---|
| રાજકારણી નેતા | હમ તુઝે દેવી બનાયેંગે<br>ઝટપટ સતી બન જા રે |
| ઔરત | મુઝે વેદી પર નહીં ચઢના રે<br>જમીન પર મૈં ઠીક હું જી |
| મુખિયા | તુઝે સ્વર્ગ મેં સ્થાન મિલેગા રે<br>ઝટપટ સતી બન જા રે |
| ઔરત | મુઝે ધરતી પર હી જીના રે<br>પઢુંગી, નૌકરી કર લૂંગી |
| પુરોહિત | તેરે નામ ભજન કીર્તન હોંગે<br>ઝટપટ સતી બન જા રે |
| ઔરત | મુઝે પૂજા નહીં રોટી ચાહિએ<br>સંપત્તિ હક્ક મૈં માંગુંગી |
| વ્યાપારી | તુ દેશ મેં નામ કમાએગી<br>ઝટપટ સતી બન જા રે |
| ઔરત | ના, મેરે નામ સે તુમ હી કમાઓગે<br>સોને કે અંડે મૈં નહીં દૂંગી |
| આદમી | અગ્નિદેવ તુઝે પાવન કરેંગે<br>ઝટપટ સતી બન જા રે |
| ઔરત | આપ ખુદ હી પાવન હો જાઓ ના<br>હમેં સતી નહીં બનના રે<br>હમેં સતી નહીં બનના રે |

- વિભૂતિ પટેલ

રચના સંદર્ભઃ
મુંબઈની મહિલા સમૂહો દ્વારા
આયોજિત પથનાટક 'નારી
ઇતિહાસની તલાશમાં'.





*એકતાઃ* સાસુ-વહુના સંબંધનું એક સાદું ઉદાહરણ જોઈએ. જે રીતે પિતૃસત્તાક કુટુંબમાં સાસુને થોડી સત્તા આપવામાં આવે છે તેથી તે તમામ સ્ત્રીઓના લાંબા ગાળાના હિતના વિરોધમાં કામ કરે છે. એ જ રીતે, બહુમતી સમુદાય કે 'ઉચ્ચ જ્ઞાતિ'ની સ્ત્રીઓને લઘુમતી સમુદાય કે 'નીચલી જ્ઞાતિ' સામે થોડી સત્તા આપી પિતૃસત્તા પોતાના પક્ષે લેવામાં સફળ થાય છે. પરિણામે સતીના પ્રશ્નમાં નારીવાદી સંગઠનોને ધર્માંધ અને કોમવાદી સંગઠનો સાથે સંકળાયેલી સ્ત્રીઓનો સીધો સામનો કરવો પડ્યો. અને 'હમ ભારત કી નારી હૈ, ફુલ નહીં ચિનગારી હૈ' જેવાં સૂત્રો સાથે સતી પ્રથાનું સમર્થન કરતી આ સ્ત્રીઓનો સામનો કઈ રીતે કરવો તે નારી આંદોલન સામે એક પડકાર બનીને ઊભો રહ્યો છે.

*રેશ્માઃ* ખરેખર આપણે સતીનો વિરોધ કરવા સરઘસ કાઢ્યું હોય અને સામે આપણી જ બહેનો, 'સતી થવાનો સ્ત્રીનો અધિકાર છે' એવા નારા બોલાવતી આવે તો આપણી લડત કેટલી મુશ્કેલ થઈ જાય!

*એકતાઃ* અને આ તો હજુ શરૂઆત હતી. ત્યાર બાદના 90ના દાયકામાં અને પછીનાં વર્ષોમાં થયેલા કોમવાદી-જ્ઞાતિવાદી દંગાઓમાં સ્ત્રીઓની વધતી જતી સામેલગીરી અથવા મૂંગો ટેકો આપણા માટે પડકાર બની ગયા છે.

*નીરુઃ* પણ કોમવાદ અને જ્ઞાતિવાદ સાથે સ્ત્રી સંગઠનોને શું લાગેવળગે છે? મારો ભત્રીજો વિજય આજકાલ એક યુવાનોના દળમાં જોડાયો છે. તે કહેતો હતો કે આ માનવ અધિકાર વાળાઓ જ કોમવાદીઓ અને દેશદ્રોહી આતંકવાદીઓને પ્રોત્સાહન આપે છે. તેમના ચાળે ચડીને તમારા મંડળના આગેવાનો પણ તેમાં જોડાય છે. તમારા મંડળની બહેનોને કહેજો કે તમે બધાં બેટી બચાવો, દહેજ, છેડતી જેવા સ્ત્રીઓના મુદ્દાઓ છોડીને આ દંગાઓની બાબતમાં પડવાનું બંધ કરે.

*કમલાઃ* કોમવાદી અને જ્ઞાતિવાદી દંગાઓમાં થતી હિંસા અને સ્ત્રીઓ પર થતી હિંસા વચ્ચે કોઈ સંબંધ છે ખરો? આપણે શા માટે એમાં પડવું જોઈએ?

*એકતાઃ* જરા વિચાર કરો, જો તમારા ગામમાં દંગા-તોફાન થાય ત્યારે સ્ત્રીઓ શું કરે છે?

*આશાઃ* સ્ત્રીઓ શું કરે? ઘરના પુરુષો તેમને બહાર જ ન નીકળવા દે. કહે કે, 'તમતમારે ઘરમાં બેસી રહો, વાતાવરણ ખરાબ છે.'

*રેશ્માઃ* અને કોલેજ પણ જવા ના દે. ગયા વર્ષે સ્હેજ વાતાવરણ તંગ થયું હતું અને કોલેજમાં ખાસ કામ હતું છતાં ના જવા દીધી.

*શકરીઃ* અને કામધંધો બધું જ બંધ થઈ જાય. તોફાનો થાય એટલે મારી આસપાસની બધી બહેનોની રોજી છીનવાય. શાક વેચવા ન જવાય કે મજૂરીએ પણ ન જવાય.

*ફરઝાનાઃ* ને મારી ભાણીને તો નિશાળ જ બંધ કરી દીધી. 10 ધોરણ સુધી તો ગામમાં ભણી પછી આગળ ભણવા તે જે વર્ષે તાલુકાની શાળામાં દાખલ થઈ તે જ વર્ષે તોફાનો થયાં એટલે તેને ઉઠાવી મૂકી તે પછી ફરી જવા જ ન દીધી.

*કમલાઃ* બાપરે, બિચારીની તો જિંદગી ખીલતાં જ કરમાઈ ગઈ!

*એકતાઃ* માટે જ માત્ર ભારતમાં જ નહીં પરંતુ દુનિયાભરમાં નારીવાદીઓ કોમવાદ અને ધર્માંધતા સામેની લડતમાં મોખરે રહ્યા છે. કારણ કે ઈરાન હોય કે પાકિસ્તાન, આફ્રિકા હોય કે અફઘાનિસ્તાન, અમેરિકા હોય કે મેક્સીકો, પ્રત્યેક દેશમાં જ્યારે જ્યારે ધર્માંધતા વધે ત્યારે સૌથી પહેલો હુમલો સ્ત્રીઓના અધિકારો પર થાય છે.

*નીરુઃ* એ કઈ રીતે?

*એકતાઃ* કારણ કે કોમવાદ એટલે માત્ર કોમી દંગાઓ જ નથી. કોમવાદી વિચારધારા અને કોમવાદી રાજકારણ પણ એનો એટલો જ મહત્ત્વનો ભાગ છે. પણ એને વિગતે સમજવા માટે આપણે લાંબી ચર્ચા કરવી પડશે. માટે એ વાત આપણે કાલે કરીશું.

નીરુબહેન, તમારા ભત્રીજાને પણ આપણી મિટિંગમાં બોલાવજો. હું અમનને પણ આવવા જણાવીશ, એ પણ ઘણા વખતથી આવવાનું કહેતો હતો.

# કોમવાદનું રાજકારણ અને સ્ત્રીઓના સવાલો

(આજે સૌ સમયસર આવી ગયાં. મિટિંગમાં રોજના સભ્યો ઉપરાંત વિજય અને અમન પણ હાજર છે. સૌ પરસ્પર પરિચય કરે છે અને ત્યારબાદ ચર્ચા ચાલુ થાય છે.)

*એકતા:* અમન, વિજય, અમે છેલ્લા કેટલાક વખતથી સ્ત્રીઓના પ્રશ્નોને અને આ પ્રશ્નો સામે થયેલા સ્ત્રીઓનાં આંદોલનોને સમજવાની કોશિશ કરી રહ્યાં છે. આજે અમે 'કોમવાદનું રાજકારણ અને સ્ત્રીઓના સવાલો', વિષય પર ચર્ચા કરવાનાં છીએ એટલે તમારા બંનેના વિચારો પણ અમને જાણવા મળે માટે તમને આમંત્રણ આપ્યું છે.

*અમન:* મને પણ ઘણા વખતથી તમારા મંડળની મુલાકાત લેવાની ઇચ્છા હતી અને આજનો વિષય પણ ખૂબ મહત્ત્વનો છે એટલે ચર્ચામાં ઘણું જાણવા મળશે.



*વિજય:* મને તો એ જ સમજાતું નથી કે તમારે મહિલા મંડળને કોમવાદ સાથે શું લાગે વળગે? આ તો નીરુકાકીએ ખૂબ આગ્રહ કર્યો એટલે હું આવ્યો છું. બાકી અમે ના હોઈએ તો આ કોમવાદી લોકો તમને સ્ત્રીઓને રસ્તા પર ચાલવા પણ ના દે. આ તો અમારે લીધે એ લોકો થોડી મર્યાદામાં રહે છે. જો આ અમનભાઈ જેવા લોકો તેમને માનવ અધિકારના નામે માથે ના ચડાવે તો અમે તેમને બરોબર પાઠ ભણાવી દઈએ.

*એકતા:* તું કોને પાઠ ભણાવવાની વાત કરે છે?

*વિજય:* આ મુસલમાનોને જ તો. રહેવું છે ભારતમાં ને વર્તન પાકિસ્તાન તરફી કરે છે. એ તો આપણે સહનશીલ છીએ એટલે! પણ ક્યાં સુધી આવું સહન કરવાનું?

*નીરુ:* ભાઈ વિજય તું તો બધા મુસલમાનોને એક જ લાકડીએ હાંકે છે. પણ અમારા મંડળમાં તો દરેક ધર્મની બહેનો છે, એ તો કોઈ દિવસ પાકિસ્તાનની તરફદારી નથી કરતી.

*કમલા:* આ એ. આર. રહેમાન જેવા સંગીતકારે આપણા દેશનું નામ દુનિયામાં રોશન કર્યું અને સાનિયા મિર્ઝા, ઈરફાન પઠાણ કે યુસૂફ પઠાણ ના હોત તો રમતગમતના ક્ષેત્રે આપણે કેટલા પાછળ રહેત!

*રેશ્મા:* સાહિત્ય, સંગીત, કલા, વિજ્ઞાન, વ્યાપાર... એવું એક પણ ક્ષેત્ર નથી જ્યાં ભારતના તમામ ધર્મના લોકોનો ફાળો ન હોય.

*આશા:* અરે! આઝાદીની લડતનો ઇતિહાસ અમે જાણ્યો તેમાં પણ જોયું કે હિંદુ-મુસલમાન સ્ત્રીઓ અને પુરુષો ખભેખભો મિલાવીને લડ્યાં હતાં. પછી તમે આવું કઈ રીતે કહી શકો?

*વિજય:* ઠીક છે, થોડા ઘણા મુસલમાનો સારા પણ હોય છે. તેમનો આપણે થોડો જ વિરોધ કરીએ છીએ? પણ એ લોકોએ બહારથી આવી આપણા દેશ પર હુમલો કર્યો અને તલવારના જોરે બધાને વટલાવ્યા.

*અમન:* વિજય, આ દેશમાં કોણ બહારથી આવ્યું અને કોણ મૂળ વતની છે તે ખૂબ ઊંડા અભ્યાસનો વિષય છે. ઇતિહાસના એક સંશોધન મુજબ તો આર્યો કે જેને હિંદુઓ પોતાના પૂર્વજ માને છે તે પણ બહારથી જ આવ્યા હતા અને તેમણે જ્ઞાતિપ્રથા દાખલ કરી અહીંના મૂળ વતનીઓને દાસ બનાવ્યા, અછૂત બનાવ્યા કે પછી જંગલોમાં ધકેલી આદિવાસી બનાવ્યા હતા.

*એકતા:* અને મુસલમાનોએ માત્ર તલવારના જોરે જ બધાને વટલાવ્યા હોય એવું પણ નથી.

*શકરીઃ* સાચી વાત. અમે પહેલા ભાગની ચર્ચામાં વિગતે વાત કરી હતી કે ઘણા 'નીચલી જ્ઞાતિ'ના કે અછૂત ગણાતા લોકોએ કહેવાતી ઉપલી જ્ઞાતિના લોકોની જોહુકમીથી બચવા મુસલમાન ધરમ સ્વીકાર્યો હતો.

*કમલાઃ* અને કેટલાક ઉપલી જ્ઞાતિના અમીર-ઉમરાવો-જાગીરદારોએ મુસલમાન રાજાના દરબારમાં ઊંચું સ્થાન મેળવવાની લાલચથી તેમને ખુશ કરવા ધર્મ પરિવર્તન કર્યું હતું.

*વિજયઃ* પણ તેમણે આપણાં મંદિરો તોડી મસ્જિદો બાંધી તે વાત તો સાચી જ ને?

*અમનઃ* મધ્યયુગના તે સમયમાં માત્ર મુસલમાન રાજાઓએ જ નહીં, હિંદુ રાજાઓએ પણ મંદિરો તોડ્યાં હતાં.

*વિજયઃ* ખોટી વાત. કોઈ હિંદુ રાજા આવું કામ કરે જ નહીં.

*નીરુઃ* એકતાબહેને પહેલા વિભાગની ચર્ચામાં અમને તે સમજાવ્યું હતું.

*અમનઃ* સાચી વાત. મધ્ય યુગના એ સમયમાં હિન્દુ રાજા અને મુસલમાન રાજા બંને જ્યારે એકબીજાના પ્રદેશો પર ચડાઈ કરે ત્યારે બીજાના વિસ્તારનાં ધર્મસ્થાનોને નિશાન બનાવતાં હતાં.

*વિજયઃ* પણ શા માટે?

*એકતાઃ* કારણ કે એ સમયે મંદિર, મસ્જિદ જેવાં ધર્મસ્થાનોમાં પુષ્કળ સંપત્તિ રહેતી હતી. દરેક રાજા પોતાના રાજ્યની હદ વધારવા તેમજ રાજ્યની સંપત્તિમાં વધારો કરવા બીજાં રાજ્યો પર આક્રમણ કરતા, લૂંટફાટ કરતા અને મંદિરો પણ લૂટતા.

*વિજયઃ* એવા કોઈ એક રાજાનું ઉદાહરણ તો આપો.

*અમનઃ* દા.ત. ટીપુ સુલતાનના રાજ્યમાં આવેલ શ્રીરંગપટ્ટમ મંદિરને મરાઠાઓએ તોડ્યું અને ટીપુસુલતાને તે ફરીથી બંધાવ્યું હતું.



*એકતાઃ* રાજતરંગિણી નામના પુસ્તકમાં જણાવ્યા મુજબ અગિયારમી સદીમાં કાશ્મીરના રાજા હર્ષના રાજ્યમાં મંદિરો તોડવા માટે ખાસ અધિકારીઓ નીમેલા હતા.

*અમનઃ* એ જ રીતે મુસલમાન રાજાઓએ મસ્જિદો પણ તોડી છે અને અનેક બૌદ્ધ ધર્મસ્થાનો તોડી હિંદુ મંદિર બનાવાયાં હોય એવા બનાવો મધ્યયુગમાં બૌદ્ધ અને હિંદુઓ વચ્ચે અને વૈષ્ણવો અને શૈવો વચ્ચે પણ બન્યા છે.

*કમલાઃ* ઔરંગઝેબ જેવા ચુસ્ત મુસલમાન રાજાએ પણ અનેક હિંદુ મંદિરોને નિભાવવા મદદ કરી હતી.

*આશાઃ* અને તમે જેને હિંદુઓના પ્રતિનિધિ માનો છો તેવા શિવાજીના લશ્કરમાં અનેક મુસલમાનો હતા.

*રેશ્માઃ* તેમના તોપખાનાના પ્રમુખ ઈબ્રાહીમ ગારદી અને એક મંત્રી મૌલાના હૈદરઅલી હતા.

*વિજયઃ* ખરેખર આવું બન્યું છે કે નહીં તે મારે તપાસ કરવી પડશે.

*એકતાઃ* ખૂબ સાચી વાત. કોઈએ પણ કહેલી વાત આપણે તપાસ કર્યા વગર માનવી ન જોઈએ. આ અંગે તારે વાંચવું હોય તો મને કહેજે, હું તને પુસ્તકો આપીશ.

*વિજયઃ* પણ તેમણે હિંદુ સ્ત્રીઓ પર અત્યાચારો ગુજાર્યા છે તે વાત તમે મહિલા મંડળની બહેનો કેમ ભૂલી જાવ છો?

**કોમવાદ અને સ્ત્રીઓ**

*એકતાઃ* સ્ત્રીઓ પર, કોઈ પણ ધર્મની સ્ત્રીઓ પર અત્યાચાર કરનારને અમે ક્યારેય માફ નથી કરતા. પછી તે અત્યાચાર કરનાર ગમે તે ધર્મનો હોય કારણ કે યુદ્ધ અને દંગાના સમયમાં બીજા દેશ, પ્રદેશ કોમ કે જ્ઞાતિની માલ મિલકત લૂંટવી અને તેમની સ્ત્રીઓ પર બળાત્કાર કરવા એ તમામ દેશ-ધર્મના યુદ્ધખોરો અને દંગાખોરો માટે એક હાથવગું હથિયાર બની ગયું છે.

*ફરઝાનાઃ* પણ સ્ત્રીઓ તો યુદ્ધ કે દંગો કરવા નીકળતી નથી છતાં શા માટે સ્ત્રીઓ પર બળાત્કાર કરવામાં આવે છે?

*એકતાઃ* કારણ કે પિતૃસત્તાક સમાજ સ્ત્રીઓને એક આગવી વ્યક્તિ નહીં, પરંતુ તેમના કુટુંબ કે સમુદાયની મિલકત અને કુટુંબ કે સમુદાયની ઈજ્જતનું પ્રતીક માને છે. તેથી જ જ્યારે જ્યારે માણસો ઈન્સાન મટીને હેવાન બને છે ત્યારે ત્યારે યુદ્ધમાં કે

દંગામાં એકબીજાનાં માલ-મિલકત લૂંટવાં, ઘર બાળવાં ને જીવ લેવાની સાથે સાથે સામાવાળા સમૂહની સ્ત્રીઓ પર બળાત્કાર કરી સમગ્ર સમુદાયની ઈજ્જત લૂંટવાનો પ્રયાસ કરે છે.

*અમન:* ભારતમાં આઝાદીના વખતથી થતા કોમવાદી દંગાઓમાં અને ભારત-પાકિસ્તાનના ભાગલા વખતે પણ હજારો હિંદુ તેમ જ મુસ્લિમ સ્ત્રીઓનાં અપહરણ અને બળાત્કાર પાછળ આ જ માનસિકતા જોવા મળે છે.

*આશા:* બરોબર. ભારત-પાકિસ્તાનના ભાગલા વખતે હિંદુઓએ મુસલમાન સ્ત્રીઓ સાથે અને મુસલમાનોએ હિંદુ સ્ત્રીઓ સાથે કેવું વર્તન કર્યું તે આપણે ત્રીજા વિભાગમાં કમળાબહેન પટેલના અનુભવો પરથી જાણ્યું હતું.

*કમલા:* સાચી વાત. વિજય, આ તો ઘણો જૂનો ઇતિહાસ પણ નથી કે જેની તપાસ કરવી મુશ્કેલ હોય. ભાગલા વખતે અપહરણ થયેલ સ્ત્રીઓ સાથે કામ કરતાં કમળાબહેન પટેલે પોતાના પુસ્તકમાં જાતે જોયેલી વાત લખી છે.

*રેશ્મા:* હા. કેટલું ખરાબ! મુસલમાન સ્ત્રીઓને હિંદુઓએ પવિત્ર સુવર્ણમંદિરમાં નિર્વસ્ત્ર કરીને નચાવી અને લાહોરના રસ્તા પર હિંદુ સ્ત્રીઓને મુસલમાનોએ નિર્વસ્ત્ર કરીને ફેરવી હતી.

*ફરઝાના:* આઝાદીના સમય સુધી જવાની પણ જરૂર નથી. આ 2002નાં તોફાનોમાં મારા એક સગાને તો ઘર, મહોલ્લો છોડીને માંડ માંડ જીવ બચાવી ભાગવું પડ્યું હતું. પાછળથી તેમનું આખું ઘર લૂંટીને બાળી દીધું. બિચારાં સાવ હાથે-પગે થઈ ગયાં. આજે પણ તેઓ પાછા પોતાના મહોલ્લામાં જઈ શકતાં નથી. અને છતાં તેઓ કહે છે કે એટલું તો સારું છે કે છોકરીઓ સલામત રહી... કહે છે કે કેટલીય સ્ત્રીઓ પર બળાત્કાર કરીને તેમને સળગાવી દીધી.

*નીરુ:* શું આ બધી વાતો સાચી છે?

*વિજય:* આ મુસલમાનોએ ગોધરામાં હિંદુ કારસેવકો સળગાવી દીધા તેથી જ તેમની સાથે આવું કર્યું.

*કમલા:* જે મુસલમાનોએ હિંદુઓને જીવતા સળગાવ્યા હોય તે ગુનેગાર છે, તેમને સજા થવી જોઈએ પણ તેથી શું બધા જ મુસલમાન ગુનેગાર બની જાય છે? શું તમારા નાતનાં કે ઘરની કોઈ વ્યક્તિ મને નુકસાન કરે તો મને તમને સજા કરવાનો હક્ક મળે છે?

*રેશ્મા:* બરોબર છે, આ તો એવી જ વાત થઈ ને!

*આશા:* અમને કહો ને કે ખરેખર શું બનાવ બન્યા હતા ગોધરાકાંડ વખતે.

*અમન:* 2002માં ફેબ્રુઆરી માસમાં વિશ્વ હિંદુ પરિષદના નેજા હેઠળ રામજન્મભૂમિ માટે અયોધ્યા જઈને પરત ફરતા કારસેવકો અને ગોધરા સ્ટેશન પરના ફેરિયાઓ વચ્ચે તકરાર થઈ. ત્યાર બાદ સાબરમતી એક્સપ્રેસના ડબ્બામાં આગ લગાડવામાં આવી. આગ કઈ રીતે લાગી કે કોણે લગાડી તેની સાચી માહિતી હજુ સુધી બહાર આવી નથી. પણ તે દિવસે આ ડબ્બામાં મુસાફરી કરનારા 56 જેટલા યાત્રીઓ જીવતા સળગીને મૃત્યુ પામ્યા.

*એકતા:* કોઈ પણ સંવેદનશીલ વ્યક્તિને હચમચાવી નાંખે તેવી આ ઘટના હતી. પણ ગોધરામાં મૃત્યુ પામેલા હિન્દુઓનો બદલો લેવાના નામે મહિનાઓ સુધી આખા ગુજરાતમાં જે બનાવો બન્યા તે તેનાથી પણ વધારે ભયંકર છે.

*અમન:* હિંસાનો જે નગ્ન નાચ ચલાવવામાં આવ્યો તેમાં ગુજરાતનાં અનેક શહેરો, ગામડાંઓ અને આદિવાસી વિસ્તારોમાં હજારો નિર્દોષ મુસલમાન સ્ત્રી, બાળકો, પુરુષોના જાન લેવામાં આવ્યા. 1,50,000 કરતાં વધારે લોકોએ પોતાનાં ઘરબાર ગુમાવ્યાં અને પોતાના જ દેશમાં મહિનાઓ સુધી તેમને નિરાશ્રિત તરીકે રહેવું પડ્યું.

*આશા:* પણ તેમણે પોલીસને ફરિયાદ ન કરી?

*એકતા:* અરે, કોને ફરિયાદ કરે? સરકાર અને પોલીસે હિંસાના આ દોરને ચાલવા દીધો ને ક્યારેક તો હિંસા કરનારાઓને મદદ પણ કરી તે વાત કેટલાય જાત તપાસના અહેવાલોમાં બહાર આવી છે.

*અમન:* આ મહિનાઓ દરમ્યાન 2,000 કરતાં વધારે લોકોની હત્યા કરવામાં આવી. કેટલાય લોકોને પોતાના ઘરમાં જીવતા સળગાવી દેવામાં આવ્યા અને સ્ત્રીઓ સાથે જે વ્યવહાર થયો તે તો અસહ્ય અને અકલ્પનીય છે.

*એકતા:* 300 કરતાં પણ વધારે મુસલમાન સ્ત્રીઓ પર અત્યંત ક્રૂર રીતે બળાત્કાર કરવામાં આવ્યા અને તેમાંથી મોટા ભાગની સ્ત્રીઓને બળાત્કાર બાદ જીવતી સળગાવવામાં આવી. ગર્ભવતી સ્ત્રીઓના બાળકોને ગર્ભમાંથી ચીરવામાં આવ્યાં.

આવી તદ્દન અધમ અને અંતિમ કક્ષાની હિંસાનો શિકાર ખરેખર કેટલી સ્ત્રીઓ બની છે તેની સંખ્યા આજે પણ ખબર નથી.

*નીરુ:* આ બધા વિશે આપણાં છાપાંમાં તો કાંઈ જ નહોતું આવતું.

*અમન:* તે વખતે ગુજરાતી છાપાઓએ માત્ર એકતરફી રીતે સમાચારો છાપી અને સાચી વાતો ગુજરાતની જનતા સુધી આવવા દીધી ન હતી. તેમણે ધિક્કાર અને કોમવાદી હિંસા ફેલાવનારાઓને મદદ કરવાની ભૂમિકા ભજવી હતી.

*વિજય:* પોલીસ ખોટી, સરકાર ખોટી, છાપા વાળાય ખોટા અને માત્ર મુસલમાનોએ તમને કહ્યું તે જ સાચું! એવું તમે કઈ રીતે માની લીધું?

*એકતા:* મુસલમાનોએ કહેલી વાત નથી માની લીધી પરંતુ અનેક સ્ત્રી કાર્યકરોએ આ સ્ત્રીઓની મુલાકાત લઈ તેમની હાલત જોઈ છે, તેમની કથનીઓ સાંભળી છે અને નોંધી પણ છે. હજુ તો દૂર દૂરનાં ગામડાંઓમાં બનેલા કેટલાય બનાવો બહાર આવ્યા જ નથી. મોટા ભાગની સ્ત્રીઓ પોતાની ઉપર થયેલા અત્યાચારો અંગે ગુનો પણ નોંધાવી શકે તેમ ન હતી.

*ફરઝાના:* સામાન્ય સંજોગોમાં પણ સ્ત્રીઓ બળાત્કારનો ગુનો નોંધાવતાં અચકાય છે તો જ્યારે સરકાર, પોલીસ ને આખો સમાજ તેની વિરુદ્ધમાં હોય ત્યારે કોઈ ફરિયાદ કરવાની હિંમત કઈ રીતે કરે?

*એકતા:* તેમ છતાં કેટલીક સ્ત્રીઓએ પોલીસ ફરિયાદ કરવાની હિમ્મત કરી અને કેટલાક સાથીદારોના સહયોગથી છેક સુધી લડી.

*રેશ્મા:* એવી બહાદુર બહેનો કોણ છે?

*એકતા:* એમાંથી હું બે બહેનો વિશે જણાવીશ. એ છે પંચમહાલની મદીનાબીબી અને બિલ્કીશબાનુ. એરાલ ગામની મદીનાએ પોતાનાં તમામ સ્વજનો ગુમાવ્યાં. પણ તે તો હિમ્મતપૂર્વક પોતાના ગામમાં જ રહીને કેસ લડી અને સેશન્સ કોર્ટે કેટલાક ગુનેગારોને સજા કરી.

*અમન:* જ્યારે બિલ્કીશ બહેનનો કેસ સુપ્રીમ કોર્ટનો હુકમ મેળવી મહારાષ્ટ્રની કોર્ટમાં ચલાવવો પડ્યો. 2002માં સગર્ભા બિલ્કીશની આંખો સામે તેનાં 13 જેટલાં સ્વજનોને રહેંસી નાંખવામાં આવ્યાં હતાં અને તેની પર સામૂહિક બળાત્કાર ગુજારવામાં આવ્યો હતો. આ કેસ કરવાને કારણે મોતના

મુખમાંથી પાછી ફરેલી બિલ્કીશબહેનના જીવને જોખમ હતું. 6-6 વર્ષો સુધી તેથી માનવ અધિકાર માટે લડતા કાર્યકરોની મદદથી સલામતી માટે એકથી બીજા સ્થળે બેઘર બનીને ફરતી રહી પણ ન્યાય માટે સંઘર્ષ કર્યો. તા.21.01.2008ના રોજ મુંબઈની સેશન્સ કોર્ટ દ્વારા આપવામાં આવેલા બિલ્કીશબાનોના કેસનો ચુકાદો ન્યાય માટે વલખાં મારી રહેલી અનેક સ્ત્રીઓ માટે આશાના કિરણ જેવો છે. હજુ પણ તેના સંઘર્ષનો અંત આવ્યો નથી.


*એકતા:* સુપ્રીમ કોર્ટના આદેશથી ગુજરાતમાંથી મહારાષ્ટ્રમાં તબદીલ કરવામાં આવેલા આ કેસમાં હજુ તો સેશન્સ કોર્ટનો ચુકાદો છે. અંતિમ ન્યાય માટેનો સંઘર્ષ હજુ ચાલુ જ છે.

*આશા:* મારા એક હિંદુ સગા કહેતા હતા કે તેમના શહેરમાં તો કેટલાય દિવસ સુધી બધા જ આખી રાત ઉજાગરા કરતાં હતાં.

એકતા: હા. આ સમય દરમ્યાન તમામ કોમની સ્ત્રીઓ સતત અસલામતી અને ડરથી પીડાતી રહી. અફવાઓ કે છાપાંઓએ ફેલાવેલી ખોટી માહિતીને કારણે રાતભર જાગતી રહી કે, ક્યાંકથી ટોળું આવશે અને તેમને કશું કરશે.

*શકરી:* ને લોકોના ધંધારોજગાર ગયા તેનું શું?

*અમન:* તોફાનોને કારણે દિવસો સુધી કરફ્યુ રહ્યો અને કેટલાય



લોકોએ રોજગારી ગુમાવી. ઉપરાંત, આ બનાવોની લાંબા ગાળાની પણ અનેક અસરો પડી. જેમ કે અનેક ધંધા-ઉદ્યોગો પડી ભાંગ્યા અને આર્થિક સંકડામણ ભોગવતાં અનેક કુટુંબોની સામૂહિક આત્મહત્યાનો સિલસિલો પહેલી વાર ગુજરાતમાં જોવા મળ્યો. થોડાક જ મહિનાઓમાં 100 કરતાં પણ વધારે લોકોએ સામૂહિક આત્મહત્યામાં જીવ ગુમાવ્યા.

*એકતા:* શક્ય છે કે સામૂહિક આત્મહત્યાનું પગલું ભરતાં પહેલાં તેમના ઘરમાં માનસિક તાણ અને કૌટુમ્બિક હિંસા રોજની વાત બની ગઈ હશે. 2002ના બળાત્કારીઓ અને ગુનેગારો ખુલ્લેઆમ સમાજમાં ફરી રહ્યા છે તેથી તમામ સ્ત્રીઓની સલામતી જોખમમાં છે. રોજેરોજ છાપાંમાં આવતા નાની છોકરીઓ પર બળાત્કારના કેસ આનું ઉદાહરણ છે.

*ફરઝાના:* પણ આ કોમવાદ થાય છે જ કેમ? કોમવાદ એટલે શું?

*એકતા:* પહેલાં કોમવાદ એટલે શું તે સમજીએ -
જ્યારે સરખો ધર્મ પાળતા જૂથના સભ્યો એવું માનવા માંડે કે તેમનો ધર્મ એક છે તેને કારણે તેમનાં સામાજિક, રાજકીય અને આર્થિક હિતો પણ સમાન છે ત્યારે કોમવાદી વિચારધારાની શરૂઆત થાય છે.

*અમન:* આથી આગળ વધીને જ્યારે એમ માનવામાં આવે કે અલગ અલગ ધર્મમાં માનતાં જૂથોનાં તમામ હિતો એક-બીજાથી જુદાં છે અને જુદાં જ નહીં પણ પરસ્પર વિરોધી છે ત્યારે તેઓ એમ પણ માનવા માંડે છે કે એક જૂથનો ફાયદો બીજા જૂથના ભોગે જ થાય છે.

*એકતા:* આવા વાતાવરણમાં કોમવાદી વિચારધારાનું કોમવાદી હિંસામાં રૂપાંતર થવું ખૂબ આસાન થઈ જાય છે.

*આશા:* પણ સરખો ધર્મ પાળનારનાં આર્થિક ને સામાજિક હિત એકસરખાં કઈ રીતે હોઈ શકે? હું હિંદુ ધર્મ પાળું છું ને મારા બોસ પણ હિંદુ જ છે. પણ હું પગારવધારો માંગું તો તરત જ તેમને વાંધો પડે છે.

*શકરી:* સાચી વાત. મારા શેઠના ઘરમાં હું બધી મજૂરી કરું પણ રસોડામાં જવાની કે માટલાને અડકવાની મને છૂટ નહીં કારણ કે અમે દલિત છીએ.

*ફરઝાના:* અને હું ચૂંટણીમાં એને જ મત આપવો પસંદ કરીશ કે જે

અમારા જેવા સામાન્ય લોકોનું હિત જુએ પછી તે હિંદુ હોય કે મુસલમાન. મુસલમાનોમાં પણ એવા નેતાઓ હોય છે જ જે ગરીબ મુસલમાનની પરિસ્થિતિ સમજી શકતા જ નથી.

*એકતા:* તમને આ ખૂબ સીધી-સાદી સમજની વાત લાગે છે પણ મોટાભાગના લોકો સુધી આ સાદી સમજ ના પહોંચે તેના માટે રાજકારણીઓ રાત-દિવસ એક કરે છે. જ્યારે કોમવાદી વિચારધારા અને કોમવાદી રાજકારણ ભેગાં થાય ત્યારે કોમી હિંસાની આગ જોવા મળે છે.

*નીરુ:* આ વાતો પરથી તો લાગે છે કે કોમવાદી તોફાનોમાં સૌથી વધારે સ્ત્રીઓને જ સહન કરવું પડે છે.

*એકતા:* માત્ર કોમવાદી તોફાનોમાં જ નહીં પણ કોમવાદી વિચારધારાને કારણે પણ સ્ત્રીના નાગરિક તરીકેના અને માનવી તરીકેના અધિકારો છીનવાય છે.

*આશા:* તે કઈ રીતે?

*એકતા:* કોઈ ને કોઈ બહાના હેઠળ કોમવાદને જીવતો રાખવા માટે સતત સ્ત્રીઓનો ઉપયોગ કરવામાં આવ્યો છે. દા.ત. 1998ના વર્ષમાં ગુજરાતના બારડોલી, નવસારી, આમોદ, ઝંખવાવ, આથાડુંગરી, બાંડીબાર, રાજકોટ, કપડવંજ જેવાં નાનાં ગામો કે આદિવાસી વિસ્તારોમાં હિંદુ અથવા આદિવાસી યુવતીઓ અને મુસ્લિમ યુવકો વચ્ચેના પ્રેમ કે લગ્ન સંબંધના બનાવોને ચગાવવામાં આવ્યા. છોકરીને પરાણે ઉઠાવી જઈ ગોંધી રાખી તેના લગ્ન તોડાવવાના પણ પ્રયત્નો કરવામાં આવ્યા અને તેને નામે કેટલાય સ્થળે આખી ને આખી મુસ્લિમ વસ્તી પર હુમલાઓ કરવામાં આવ્યા.

*રેશ્મા:* પણ કોઈ એક છોકરો કે છોકરી પ્રેમ કે લગ્ન કરે તેમાં આખા સમુદાયને કઈ રીતે નિશાન બનાવાય?

*વિજય:* તમને ખબર નથી. આ વ્યક્તિગત પ્રશ્ન નથી. પણ હિન્દુ સ્ત્રીઓને ફસાવવા માટે મુસલમાનોને બીજા મુસ્લિમ દેશોમાંથી પૈસા મળે છે ને આ આખું આંતરરાષ્ટ્રીય ષડ્યંત્ર છે.

*અમન:* જો ખરેખર આવું ષડ્યંત્ર હોય તો સરકારે તેને ખુલ્લું પાડી ગુનેગારોને સજા કરવી જોઈએ. પણ આવું એકેય કાવતરું ખુલ્લું પડ્યું જાણ્યું છે?

*એકતા:* ના. પરંતુ આ ષડ્યંત્ર છે, તેવો પ્રચાર કરી હિંદુત્વવાદી મહિલા સંગઠનો દ્વારા જાણે બધા જ મુસ્લિમ પુરુષો, હિંદુ સ્ત્રીઓના



અપહરણ કરવાના કાવતરામાં સામેલ હોય તેમ સમગ્ર મુસ્લિમ સમાજનો સામાજિક-આર્થિક બહિષ્કાર કરવાની પ્રતિજ્ઞા લેવામાં આવી હતી. એવું બતાવવામાં આવતું હતું કે આ બધું હિંદુ સ્ત્રીઓના રક્ષણ કાજે કે તેમના હિત માટે થઈ રહ્યું હતું.

*કમલા:* પણ ઘરમાં ને સમાજમાં રોજેરોજ કેટલી હિંદુ સ્ત્રીઓ હિંદુ પુરુષોના અત્યાચારો અને શોષણનો શિકાર બને છે. તેની સામે તો આ હિંદુવાદી સંગઠનો કોઈ દિવસ લડવા નીકળ્યાં હોય તેવું જોવા મળ્યું નથી.

*એકતા:* તેવે વખતે આ હિંદુ સ્ત્રીઓના રક્ષણહારો ચૂપ રહે છે કારણ કે તેઓ સ્ત્રીઓને વ્યક્તિ કે જીવંત માનવી નહીં પરંતુ તેમના સમુદાયની મિલકત ગણે છે. અન્ય સમુદાયની વ્યક્તિ તેમની સ્ત્રી સામે આંખ ઊંચી કરે તો સમગ્ર સમુદાયને શિક્ષા કરવાનો પોતાને અધિકાર છે એવું માનનાર દરેક ધર્મના કટ્ટરપંથીઓ પોતે પોતાના સમુદાયની સ્ત્રીઓને કુટુંબમાં અને સમાજમાં સદાય કચડતા રહે છે. તેઓ સ્ત્રીઓનો અને સ્ત્રીઓના પ્રશ્નોનો ઉપયોગ પોતાનું કોમવાદી રાજકારણ ફેલાવવામાં હાથા તરીકે જ કરે છે. સરકારો તેમને પ્રોત્સાહન આપે છે. આ સ્ત્રીઓની પોતાનો સાથીદાર પસંદ કરવાની વ્યક્તિ-સ્વતંત્રતા પર સીધો જ હુમલો હતો.

*રેશ્મા:* માત્ર જીવનસાથી પસંદ કરવાના મુદ્દા પર જ નહીં પણ સ્ત્રીએ કેવાં કપડાં પહેરવાં તે નક્કી કરવાનો અધિકાર પણ આ તત્ત્વો પોતાની પાસે જ રાખવા માંગે છે. અમારી

કોલેજમાં ગયા વર્ષે બજરંગ દળે જાહેરાત કરી હતી કે છોકરીઓએ જીન્સ પહેરીને આવવું નહીં.

*અમન:* માત્ર તમારી કોલેજમાં જ નહિ પણ કાનપુર, અમદાવાદ, વડોદરા જેવાં શહેરોમાં કોલેજમાં યુવતીઓ માટે ડ્રેસ કોડ દાખલ કરવાનાં આંદોલનો તેઓ થોડા થોડા સમયે કરતા રહે છે.

*એકતા:* આ બધા બનાવો સ્પષ્ટ કરે છે કે સ્ત્રીને સમાન વ્યક્તિ કે જીવંત ઈન્સાન નહીં પરંતુ પોતાના સમુદાયની મિલકત, તેની ઈજ્જતનું પ્રતીક માનવાની વિચારસરણી ખૂબ ભયંકર ગતિથી આગળ વધી રહી છે. સમાનતા કે માનવ અધિકાર માટેની લડતો આનાથી જોજનો દૂર પાછી ધકેલાઈ ગઈ હોય એવું લાગે છે.

પાછલાં વર્ષો દરમ્યાન સતત બની રહેલા આ બધા બનાવોની પરાકાષ્ઠા અને માનવતા-વિરોધી સામૂહિક માનસિકતા ગુજરાતમાં 2002માં બનેલા બનાવોમાં જોવા મળી હતી.

*વિજય:* મને લાગે છે કે તમે બધા હિંદુ વિરોધી છો તેથી જ વારંવાર 2002ની વાત કરો છો. હું અમારા નેતાને લઈને ક્યારેક આવીશ. આજે મારે મોડું થાય છે એટલે હું નીકળું છું. (વિજય નીકળે છે.)

*આશા:* તો શું 2002ના આ બનાવો સામે કોઈ વિરોધ થયો ન હતો?

*એકતા:* કોમવાદી પ્રચારથી દોરવાઈને કે સરકાર, પોલીસ અને હિન્દુઓના નામે આતંક ફેલાવતાં તત્ત્વોના ડરથી ઘણાબધા લોકો ચૂપ રહ્યા પણ કેટલાંક મુઠ્ઠીભર સંગઠનોએ તેનો વિરોધ કર્યો અને જીવના જોખમે માનવ અધિકારોને જીવતા રાખ્યા, અસરગ્રસ્તોને મદદ કરી, જાત તપાસ દ્વારા માહિતી ભેગી કરી અને તેમની વાત માનવ અધિકાર પંચ અને સુપ્રિમ કોર્ટ સુધી લઈ જવામાં સાથ આપ્યો. માનવ સાંકળ, પોસ્ટર પ્રદર્શન, ધરણાં, રેલી જેવા જાહેર કાર્યક્રમો યોજી અફવાઓ અને ગેરસમજમાં ફસાયેલા લોકોને જાગૃત કરવા પ્રયત્નો કર્યા.

*ફરઝાના:* તો સ્ત્રીઓને જાગૃત કરવા આ જૂથોએ શું સંદેશો આપ્યો હતો. જરા અમને પણ કહોને!

*એકતા:* કોમવાદને ડામવા વડોદરામાં તમામ ધર્મની બહેનોએ સાથે મળી યોજેલા એક કાર્યક્રમમાં તેમણે જે પ્રતિજ્ઞા કરી હતી

|  |  |
|---|---|
|  | તેની પત્રિકા મારી પાસે છે. |
| *શકરીઃ* | આપણે પણ એવી પ્રતિજ્ઞા કરીએ. |
| *એકતાઃ* | ભલે વારા ફરતી દરેક જણ એક એક પ્રતિજ્ઞા વાંચન કરાવો. |
| *રેશ્માઃ* | અમે પ્રતિજ્ઞા કરીએ છીએ કે અમે સૌ બહેનો આજે ધર્મ-નાત-ભાષા-પહેરવેશના વાડા તોડી એક બન્યાં છીએ. પહેલાં અમે સ્ત્રીઓ છીએ, માનવી છીએ અને ત્યાર બાદ જ હિંદુ-મુસલમાન-શીખ-ઈસાઈ કે બીજા કોઈ પણ ધર્મમાં માનનાર કે ન માનનાર માનવતાવાદી છીએ. |
| *આશાઃ* | અમે તમને સ્પષ્ટ જણાવી દઈએ છીએ કે અમે અમારાં લોહી-માંસથી અમારાં બાળકોને જન્મ આપ્યો છે. જિંદગીભર મહેનત કરી અમે એક ઘર વસાવ્યું છે, મહેનત-મજૂરી કરી અમે રોજી રળીએ છીએ. તમારાં તોફાનો-દંગાઓમાં અમે અમારાં બાળકોને બેમોત મરવા દઈશું નહીં, કોઈનાં ઘર સળગાવવા દઈશું નહીં કે કોઈની રોજી-રોટી છીનવી લેવા દઈશું નહીં. |
| *કમલાઃ* | ધર્મનું જાહેર રસ્તાઓ પર પ્રદર્શન થવા દઈશું નહીં, ગણેશ ઉત્સવ હોય કે તાજિયા, તમામ તહેવારોની ઉજવણી રસ્તા પર શક્તિનું પ્રદર્શન કરીને નહીં પણ સાથે મળી પોતપોતાના મહોલ્લાઓમાં આનંદપૂર્વક કરીશું. |
| *ફરઝાનાઃ* | ધર્મના નામે ધિક્કાર અને હિંસા ફેલાવનાર કોઈ પણ પક્ષ કે વ્યક્તિને અમારા મહોલ્લામાં પ્રવેશવા નહીં દઈએ. ધર્મનો હથિયાર તરીકે ઉપયોગ કરનાર રાજકારણીઓને જાકારો આપીશું. કોમવાદ અને ધર્માંધતાના રાજકારણ સામે સાથે મળીને ઝઝૂમીશું. |
| *નીરુઃ* | અવિશ્વાસના વાતાવરણને દૂર કરવા એકબીજાને વધુ નજીકથી જાણવાની કોશિશ કરીશું. અમે તમામ ધર્મની બહેનો સાચી સહિયરની જેમ સાથે મળી અમારી અને આ શહેરની શાંતિનું તેમજ અમારાં બાળકોના ભવિષ્યનું રક્ષણ કરીશું. |
| *અમનઃ* | આજની મિટિંગના અંતમાં હું એક ગીત ગવડાવીશ. |

# મંદિર...

# મસ્જિદ...

# ગિરજાઘર...

મંદિર... મસ્જિદ... ગિરજાઘર... ને બાંટ લિયા ભગવાન કો
ધરતી બાંટી, સાગર બાંટા, મત બાંટો ઈન્સાન કો

હિંદુ કહતા મંદિર મેરા, મંદિર મેરા ધામ હૈ
મુસ્લિમ કહતા મક્કા મેરા, અલ્લાહ કા ઈમાન હૈ
દોનોં લડતે લડ-લડ મરતે, લડતે-લડતે ખતમ હુએ
દોનોંને એક દુજે પે ના જાને ક્યા ક્યા જુલ્મ કિયે
કિસકા યે મકસદ હૈ, કિસકી ચાલ હૈ યે જાન લો
ધરતી બાંટી, સાગર બાંટા, મત બાંટો ઈન્સાન કો

નેતાને સત્તા કી ખાતિર કૌમવાદ સે કામ લિયા
ધર્મ કે ઠેકેદાર સે મિલકર લોગોં કો નાકામ કિયા
સાથી બંટે ટુકડે-ટુકડે મેં નેતા કા ઈમાન બઢા
વોટ મિલે ઔર નેતા જીતા શોષણ કો આધાર મિલા
વક્ત નહીં બીતા હૈ અબ ભી વક્ત કી કીમત જાન લો
ધરતી બાંટી, સાગર બાંટા, મત બાંટો ઈન્સાન કો

પ્રજાતંત્ર મેં પ્રજા કો લૂટે યે કૈસી સરકાર હૈ
લાઠી ગોલી ઈશ્વર-અલ્લાહ યે સારે હથિયાર હૈ
ઇનસે બચો ઔર બચ કે રહો ઔર લડકર ઇનસે જીત લો
હક હૈ તુમ્હારા ચૈન સે રહના અપને હક કો છીન લો
અગર હો તુમ શૈતાની સે તંગ, ખત્મ કરો શૈતાન કો
ધરતી બાંટી, સાગર બાંટા, મત બાંટો ઈન્સાન કો

- વિનય મહાજન

# વૈશ્વિકરણમાં માધ્યમો, સૌંદર્ય સ્પર્ધાઓ અને વિકાસ નીતિ

**માધ્યમોમાં સ્ત્રીની છબી**

*રેશ્મા:* ગઈ કાલે કોમવાદની જે ચર્ચા કરી તેનાથી મારી તો વિચારવાની રીત જ બદલાઈ ગઈ. પણ આજે આપણે શેની ચર્ચા કરવાના છીએ તે નક્કી નથી કર્યું.

*એકતા:* બસ, તો આજે તમારા સૌનાં મનમાં જે વાત આવે તેની ચર્ચા કરીશું.

*નીરુ:* આજકાલ ટી.વી. અને સિનેમામાં સ્ત્રીઓ કેવાં ટૂંકાં વસ્ત્રો પહેરે છે. બળ્યું, આપણને પણ જોઈને શરમ આવે તો પુરુષને તો ખરાબ વિચાર આવે જ ને!

*ફરઝાના:* ને જાહેરાતોમાં પણ એવું જ હોય છે.

*આશા:* હા, ને સ્ત્રીઓના રોલ પણ કેવા કેવા હોય છે. આખો દિવસ કાવાદાવા જ કરતી હોય છે. શું તેમનાં ઘરોમાં આવું જ બનતું હશે?

*કમલા:* બનતું જ હશે ને, કહે છે કે 'માધ્યમો સમાજનું પ્રતિબિંબ છે.'

*એકતા:* માધ્યમો સમાજનું માત્ર પ્રતિબિંબ જ નથી, તે સમાજને ઘડવાનું કામ પણ કરે છે. ખાસ કરીને વૈશ્વિકરણના આ સમયમાં માસ મિડિયાના નામથી ઓળખાતાં દૃશ્ય-શ્રાવ્ય માધ્યમોની સમાજ પર ખૂબ તીવ્ર અસર પડે છે. સમાજની સ્ત્રી પ્રત્યેની માનસિકતા આવાં માધ્યમોથી ઘડાય છે. છાપાં, મેગેઝિન, જાહેરાત, સીનેમા, ટીવી, સીરીયલો, વગેરેનો અભ્યાસ કરતાં જણાય છે કે તેમાં કેટલાક અપવાદોને બાદ કરતાં મુખ્યત્વે સ્ત્રીની બે પ્રકારની છબી જોવા મળે છે. એક તો તમે કહ્યું તેમ સ્ત્રીનું શરીર પ્રદર્શનની વસ્તુ હોય, ઉપભોગનું સાધન હોય તેમ નફો કમાવવા માટે તેનો ઉપયોગ કરવામાં આવે છે. આ પ્રકારની છબી સામે ઘણા લોકોનો વિરોધ હોય છે.

*રેશ્મા:* ખરેખર, આ અંગપ્રદર્શનમાં ભારતીય સંસ્કૃતિનું અપમાન લાગે છે.

*એકતા:* જો કે નારી આંદોલનના વિરોધનો મૂળ મુદ્દો અંગ પ્રદર્શન નથી. પરંતુ તેમાં સ્ત્રીને એક જીવંત વ્યક્તિ નહીં પરંતુ ઉપભોગની વસ્તુ, ચીજ કે નફો કમાવાના માલ તરીકે રજૂ કરવામાં આવે છે તે છે.

તેથી જ સંસ્કૃતિના નામે સ્ત્રીને પતિ કે પરિવારની મિલકત માનવામાં આવે કે સ્ત્રી લાત ખાઈને પણ પતિના પગ પૂજે તેવી છબીનો પણ આપણે વિરોધ કર્યો છે.

ઉપરાંત, તમે જે 'કાવાદાવા કરતી સ્ત્રી'ની વાત કરી તેના વિશે પણ વિચાર કરવા જેવો છે. મોટે ભાગે માધ્યમોમાં સ્ત્રીને ખૂબ જ અવાસ્તવિક રીતે સારી અથવા ખરાબ સ્ત્રીની બીબાઢાળ ભૂમિકામાં ઢાળવામાં આવે છે. કેટલીક સ્ત્રીને હંમેશાં ત્યાગ, બલિદાન કરતી, ઘરમાં જ રહેતી અને પોતાના ભોગે પણ કુટુંબનું જ હિત સાચવતી સારી સ્ત્રી તરીકે દર્શાવવામાં આવે છે અને બીજી કેટલીકને સ્વાર્થી, ઉદ્ધત, સ્વકેન્દ્રી, મહત્ત્વાકાંક્ષી અને કુટુંબના ભોગે કેરિયર પર જ ધ્યાન આપતી ખરાબ સ્ત્રી તરીકે બતાવવામાં આવે છે. આ પણ તેના વ્યક્તિત્વ અને માનવીયતાનો અસ્વીકાર જ છે.



કારણ કે દરેક પુરુષમાં અને સ્ત્રીમાં સારા-નરસા ગુણો, માનવસહજ નબળાઈઓ અને ક્ષમતાઓ એમ બંને હોય છે.

*કમલા:* અને સારી સ્ત્રીને મોટે ભાગે સાડી પહેરેલી, લાંબા વાળવાળી, મંગળસૂત્ર પહેરેલી ને ગૃહિણી હોય તેવી જ બતાવે જ્યારે ખરાબ સ્ત્રી આધુનિક કપડાં પહેરેલી, ટૂંકા વાળવાળી કે કેરિયર પર ધ્યાન આપતી બતાવે છે. આમ સમાજમાં એવી માન્યતા દૃઢ થાય કે ટૂંકા વાળવાળી, ફેશન કરતી, નોકરી કે વ્યવસાય કરતી સ્ત્રીઓ ખરાબ જ હોય છે.

*નીરુ:* તો શું જે સ્ત્રીઓ નારીમુક્તિમાં માને તેણે ટૂંકા વાળ રાખવા, ફેશન કરવી તેવું તમે કહો છો?

*એકતા:* ના. કેવાં કપડાં પહેરવાં તે દરેકની વ્યક્તિગત પસંદગી પર આધાર રાખે છે. દરેકને પોતાનાં વસ્ત્રો પસંદ કરવાનો અધિકાર છે, એનો અર્થ એવો નહીં કે ટૂંકાં વસ્ત્રો પહેરવાં તે જ મુક્ત સ્ત્રીનું લક્ષણ છે.

*રેશ્મા:* પણ આજકાલ એવો પણ પ્રચાર કરવામાં આવે છે કે ફેશન-શૉ અને સૌંદર્યસ્પર્ધામાં ભાગ લેવો તે સ્ત્રી-સ્વતંત્રતાની નિશાની છે.

*એકતા:* આ તદ્દન ખોટો પ્રચાર છે. સ્ત્રીને ઘૂમટા કે બુરખામાં રહેવાની ફરજ પાડવી તે સ્ત્રી પરના જુલમનો એક પરંપરાગત પ્રકાર છે તો ખાસ પ્રકારની ફેશન અને દેખાવ હોવો તે જ સુંદરતા છે, તેવું દબાણ સ્ત્રીના શોષણનો આધુનિક પ્રકાર છે. સ્ત્રીને માનવી તરીકે નહીં પરંતુ વસ્તુ તરીકે સ્થાપિત કરવામાં આ બંને પ્રકાર એક જ સિક્કાની બે બાજુ જેવા છે.

*કમલા:* તે કઈ રીતે?

## સૌંદર્ય સ્પર્ધા અને ફેશન શૉ

*એકતા:* છેલ્લાં કેટલાંક વર્ષોથી વિશ્વસુંદરી અને મિસ યુનિવર્સ જેવી સ્પર્ધાઓમાં ભારતની સુંદરીઓની પસંદગી થવાના પગલે મોટાં શહેરોમાં જ નહીં પરંતુ નાનાં નગરોમાં, કોલેજો અને શાળાઓમાં પણ સૌંદર્ય સ્પર્ધાઓ અને ફેશન શૉની હારમાળા શરૂ થઈ છે.

*ફરઝાના:* આ સૌંદર્ય સ્પર્ધાઓને કારણે દ્વારા પાનના ગલ્લાની જેમ મહોલ્લે મહોલ્લે બ્યુટી પાર્લર પણ ફૂટી નીકળ્યાં છે.



*એકતાઃ* શરીરનાં અંગોનાં ચોક્કસ માપ, અમુક જ પ્રકારનાં દાંત, નાક, વાળ, ચાલ વગેરે દ્વારા તેને જીવંત વ્યક્તિ નહીં પરંતુ શોભાની પૂતળી બનાવી દેવામાં આવે છે. આવી સ્પર્ધાઓમાં ભાગ લેવાથી સ્ત્રીમાં આત્મવિશ્વાસ વધે છે અને ઉચ્ચ કેરિયરની તકો મળે છે તેવા બહાના હેઠળ સ્ત્રીનું શોષણ કરવાનું આ એક નવું હથિયાર છે અને જેની પાછળ સૌંદર્યપ્રસાધનો અને ફેશનનો સામાન વેચતી મોટી દેશી-વિદેશી કંપનીઓનો હાથ છે. આ સ્પર્ધાઓનો નિર્ણય આવી કંપનીઓ કયા દેશમાં પોતાના માલ માટે બજાર ઊભું કરવા માંગે તેની પર રહેલો હોય છે.

*આશાઃ* એક જમાનામાં સ્ત્રીને ઘૂમટામાં કે બુરખામાં રાખી તેના મનુષ્યત્વને નકારવામાં આવતું હતું. આજે તેને પ્રદર્શનની વસ્તુ બનાવી નફો કમાવા માટે તેના મનુષ્યત્વને નકારવામાં આવે છે.

*શકરીઃ* બરોબર આપણે પેલા ગીતમાં નહોતું ગાયું,
'બહુ દિન ફર્યા અમે ઘૂંઘટની આડમાં
ઉઠાવ્યો ઘૂંઘટ તો ફેશન પરેડમાં...
શોભાની પૂતળી નહીં થઈશું રે લોલ'

*એકતાઃ* ખૂબ સાચી વાત!

**'આ તે કેવો વિકાસ!'**

*રેશ્મા:* એકતાબહેન ચાલોને આપણે બધાં શહેરમાં ફરવા જઈએ.

*એકતા:* શહેરમાં ફરવા? શું તારા ગમતા હીરોની કોઈ નવી ફિલ્મ આવી છે?

*રેશ્મા:* જાવને હવે! આ તો મારી બહેનપણી શહેરમાં ગઈ હતી ને તે કહેતી હતી કે શહેરમાં નવા મોલ ખૂલ્યા છે.

*નીરુ:* શું ખૂલ્યું છે... માલ... એ વળી શું?

*કમલા:* માલ નહીં મોલ.. હા, મેં પણ સાંભળ્યું છે. આખો એસીવાળો ને અંદર પગથિયાંની લિફ્ટ જાણે. ભારતમાં જ અમેરિકા આવી ગયું હોય!!

*શકરી:* બળ્યું, તમે શેની વાત કરો છો? મને તો કાંઈ સમજાતું નથી.

*એકતા:* મોલ એટલે એક એવી મોટી દુકાન... અરે દુકાન શું એક આખું બજાર સમાઈ જાય તેટલી મોટી જગ્યામાં પાંચ-સાત માળનો જાણે મોટો મહેલ ને તેમાં શાક-ભાજીથી માંડીને અનાજ, કરિયાણું, કપડાં, ફર્નિચર, ફ્રિજ, ટીવી બધું જ મળે. ને ઉપર-નીચે જવા માટે એસ્કેલેટર, એટલે કે એવા દાદરા કે જેની ઉપર ઊભા રહો એટલે એ જાતે જ તમને ઉપર લઈ જાય.

*આશા:* હા. પીક્ચરોમાં એવું જોયું છે. હમણાં હમણાં આપણા દેશનો તો ખાસ્સો વિકાસ થઈ ગયો છે.

*રેશ્મા:* કહે છે કે આપણો વિકાસદર જો આવો જ રહેશે તો થોડાં વર્ષોમાં ભારત અમેરિકાની જેમ મહાસત્તા બની જશે.

*નીરુ:* ધૂળનો વિકાસ? અલ્યા, આપણાં ઘરોમાં વારંવાર લાઈટો જાય ને આખા ઘરમાં એક જ પંખો હોય તેય ચાલે નહીં ને આ મોટી દુકાનોમાં 24 કલાક એ.સી. ને ટ્યુબ લાઈટોના ધુમાડા થાય તેને વિકાસ કહેવાય?

*શકરી:* ને આવી મોટી દુકાનો શાક-બકાલા પણ વેચવા માંડશે તો મારી પડોશની બધી શાકભાજી વેચતી બહેનો શું કરશે?

*ફરઝાના:* હા, શહેરના રસ્તાઓ મોટા કરવાના બહાને ગલ્લા, પથારાવાળા ને ફેરિયાઓને બધાને હટાવી દીધા તે આ મોટા મોટા મોલને ઘરાકી કરાવવા તો નહીં હોય?

*નીરુ:* એવું જ લાગે છે. ગઈ કાલે મારા ભત્રીજાની નાનકડી દુકાન પર પણ નોટિસ મોકલી છે.

*શકરી:* આવો વિકાસ આપણે ના જોઈએ....
(અમન પ્રવેશ કરે છે)

*અમનઃ* શકરીબહેન, કેમ? તમને વિકાસ નથી જોઈતો?

*કમલાઃ* અમે શહેરમાં ખૂલેલાં મોલ અને મોટા રસ્તાઓની વાત કરતાં હતાં.

*નીરુ :* તમે આવ્યા છો તો તમારા વિચારો પણ જાણવા મળશે.

*એકતાઃ* બરોબર. આજે આપણે આર્થિક નીતિ ને વિકાસ નીતિની જ વાત કરીએ. કારણ કે આ નીતિઓથી સામાન્ય લોકોની, કેટલાય વંચિત સમૂહોની અને ખાસ કરીને સ્ત્રીઓની જિંદગી ધરમૂળથી બદલાઈ ગઈ છે. ચાલ અમન, ચર્ચાની શરૂઆત આજે તું કર.

*અમનઃ* તેની વાત કરતા પહેલાં તમને એક માહિતી આપું. આજે બપોરે આપણા ગામના બજારમાં આવેલ નાની દુકાનો અને કેટલાંય લારી-ગલ્લા નગરપાલિકાએ બુલડોઝરથી હટાવી દીધાં. કહે છે, આ જમીન મોટું કોમ્પલેક્સ બનાવવા કોઈ બિલ્ડરને વેચવાના છે.

*નીરુઃ* તો તો મારા ભત્રીજાની દુકાન પણ ગઈ હશે...

*અમનઃ* હા, તમારા ભત્રીજાની સાથે સાથે બીજાં 50થી 60 કુટુંબોની રોજીરોટી છીનવાઈ ગઈ છે.

*એકતાઃ* એટલે કે ઓછામાં ઓછા 250-300 જેટલા નાના-મોટા નાગરિકો રોટલા ભેગા નહીં થાય! તમે કોઈ કાર્યક્રમ વિચાર્યો છે?

*અમનઃ* હા, હું તેની વાત કરવા જ આવ્યો છું. છેલ્લા ત્રણ મહિનાથી આ તોડફોડની વાત તો ચાલતી હતી પણ નીરુબહેનનો ભત્રીજો વિજય તેમનો આગેવાન હતો. તેને ખૂબ વિશ્વાસ હતો કે તેના દળના નેતાઓને વાત કરશે એટલે તેમની દુકાનો નહીં તૂટે. થોડી દુકાનો મુસલમાનોની છે તે તોડશે પણ હિન્દુઓ કે જેમણે તેમને ભારે બહુમતીથી નગરપાલિકામાં ચૂંટ્યા છે તેમની દુકાનો તો સલામત રહેશે. પણ એવું ન બન્યું ત્યારે તેની આંખો ખૂલી અને તે બધા લારી, ગલ્લા, દુકાનોવાળાને લઈને અમારી પાસે આવ્યો. આવતી કાલે મોટી રેલીનું આયોજન છે. તમે સૌ તેમાં જોડાશો?

*એકતાઃ* જરૂર.

*નીરુઃ* હા, અમારા મંડળની બધી બહેનોને પણ અમે જોડાવા માટે જાણ કરીશું.

*એકતાઃ* તો હવે તું નવી આર્થિક નીતિ વિશેની ચર્ચાની શરૂઆત કર.

*અમન:* આઝાદી પછી ભારતના અર્થતંત્રને ભલે મિશ્ર અર્થતંત્ર નામ આપ્યું હોય પણ તેમાં મૂડીવાદી રીતે જ વિકાસ થયો છે. તમને મૂડીવાદ એટલે ખબર છે ને?

*રેશ્મા:* હા વળી. અમે બીજા વિભાગની ચર્ચામાં મૂડીવાદ કેવી રીતે આવ્યો તે વિગતે જોયું છે.

*કમલા:* જે આર્થિક વ્યવસ્થામાં ઉત્પાદન લોકોની જરૂરિયાત સંતોષવા માટે નહીં પણ બજારમાં વેચીને વધારે નફો મેળવવા માટે થાય તે મૂડીવાદ.

*અમન:* સાચી વાત. ભારતમાં પણ આવો જ મૂડીવાદી વિકાસ થયો તેથી ઉત્પાદન તો વધ્યું પણ આ કહેવાતા વિકાસમાં ગરીબો અને સ્ત્રીઓનું સીમાન્તીકરણ થયું છે.

*શકરી:* સીમાન્તીકરણ એટલે શું?

*એકતા:* સીમાન્તીકરણ એટલે કે મુખ્ય પ્રવાહની બહાર કે 'છેવાડે ધકેલાઈ જવું'. સાદા શબ્દોમાં કહું તો ગરીબો અને અમીરો વચ્ચેનું અંતર વધ્યું અને વિકાસનાં ફળો સ્ત્રીઓ સુધી તો પહોંચ્યાં જ નથી. ઉપરાંત, 1991ની સાલમાં ભારતમાં સરકાર દ્વારા નવી આર્થિક નીતિમાં જે આર્થિક સુધારાઓની ઘોષણા કરવામાં આવી તેથી તો ગરીબો અને સ્ત્રીઓના સીમાન્તીકરણમાં અભૂતપૂર્વ વધારો થયો છે.

*રેશ્મા:* તે નવી આર્થિક નીતિમાં કેવા કેવા આર્થિક સુધારા કરવામાં આવ્યા?

*અમન:* નવી આર્થિક નીતિમાં મુખ્ય ત્રણ પ્રકારના આર્થિક સુધારા કરવામાં આવ્યા -

**વૈશ્વિકીકરણ** એટલે આખું વિશ્વ એક બજાર બને. તેમાં પરદેશી મૂડી અને ટેક્નોલોજીને દેશના બજારમાં મુક્ત રીતે પ્રવેશવાની છૂટ આપવામાં આવી છે. નિકાસલક્ષી એટલે કે પરદેશમાં વેચવા માટેના ઉત્પાદનને પ્રોત્સાહન આપવામાં આવે છે.

**ઉદારીકરણ** જેમાં ઉદ્યોગો પર લદાયેલા ઘણા અંકુશો ઉઠાવી લેવામાં આવ્યા છે. નવો ઉદ્યોગ નાંખવા કે જૂનો બંધ કરવા માટે સરકારની પરવાનગી લેવાની જરૂર નથી. અને માલિકો મન ફાવે ત્યારે કામદારોને નોકરી પર લે અને ધારે ત્યારે છૂટા કરી શકે છે.

*એકતા:* અને ત્રીજું **ખાનગીકરણ!**


ખાનગીકરણની નીતિ દ્વારા સરકારી એટલે કે જાહેર ઉદ્યોગો ખાનગી કંપનીઓને વેચવામાં આવે છે. ઉપરાંત શિક્ષણ, સ્વાસ્થ્ય, વાહનવ્યવહાર વગેરે સામાજિક ક્ષેત્રોમાં સરકાર દ્વારા થતા ખર્ચમાં ઘટાડો કરી તેને ખાનગી માલિકોને હવાલે કરી દેવામાં આવ્યાં છે.

*ફરઝાના:* સરકારે શા માટે આવી નીતિ અપનાવી?

*અમન:* એક તરફ આ નીતિ, ભારત સરકારે વિશ્વબેંક અને આંતરરાષ્ટ્રીય નાણાં ભંડોળ પાસેથી લીધેલી લોનની શરત તરીકે આવેલા માળખાકીય ફેરફારોનો એક ભાગ છે તો બીજી બાજુ ભારતના મોટા ઉદ્યોગપતિઓને પણ તેનાથી ફાયદો જ છે.

*આશા:* તે સામાન્ય લોકો માટે આ આર્થિક સુધારાનાં પરિણામ શું આવ્યાં છે?

*એકતા:* અત્યાર સુધી રાજ્ય એટલે કે સરકારે કેટલાંક કલ્યાણલક્ષી કામોની જવાબદારી કાગળ ઉપર પણ સ્વીકારી હતી. પણ



હવે તો ગરીબી નાબૂદી, આર્થિક સમાનતા જેવા શબ્દો જાણે શબ્દોકોષમાંથી જ નીકળી ગયા છે અને તેને બદલે, 'બજારનું અર્થતંત્ર, મુક્ત હરીફાઈ, કાર્યક્ષમ અર્થતંત્ર' જેવા શબ્દો આવ્યા છે. પરિણામે લોકોને બજારની દયા પર છોડી દેવામાં આવ્યા છે. જેની પાસે પૈસા હોય તે અનાજ, પાણી, શિક્ષણ, સ્વાસ્થ્ય જેવી જીવનની પાયાની જરૂરિયાતો ખરીદે અને જેની પાસે નથી તેમના વિશે કોઈ વિચાર જ કરવામાં આવતો નથી.

*શકરી:* મતલબ કે ગરીબોને તેમના હાલ પર છોડી દેવામાં આવ્યા છે.

*અમન:* હા. સામાજિક ક્ષેત્રમાં સરકારી ખર્ચમાં થયેલા ઘટાડાને કારણે શિક્ષણ અને સ્વાસ્થ્ય સેવાઓ મોંઘી બની છે. રૂપિયાના અવમૂલ્યનથી ફુગાવો વધ્યો છે અને મોંઘવારીમાં ધરખમ વધારો થયો છે. ઉદ્યોગો પરના અંકુશો અને શ્રમ કાયદાઓમાં હળવાશ લાવવાને કારણે કામદારોનું શોષણ વધ્યું છે. છટણી, સ્વૈચ્છિક નિવૃત્તિ યોજનાઓ, જાહેર એકમોનું ખાનગીકરણ જેવાં પરિબળોને કારણે બેકારીમાં કૂદકે ને ભૂસકે વધારો થઈ રહ્યો છે.

*કમલા:* પણ સરકાર તો કહે છે કે દેશમાં કેટલાય નવા ઉદ્યોગો આવી રહ્યા છે. દેશી અને પરદેશી કંપનીઓ ખૂબ મોટા મોટા ઉદ્યોગો નાંખી રહી છે તો તેનાથી રોજગારી વધતી નથી?

*એકતા:* નવા ઉદ્યોગો ખૂલે છે પણ નોકરીની નવી તકો ઊભી થતી નથી. કારણ કે આ ઉદ્યોગોની ટેક્નોલોજી મૂડીપ્રધાન છે. એટલે કે તેમાં ખૂબ જ થોડા કામદારોથી ચાલતાં મોટાં મોટાં મશીનો છે. તેમાં ખૂબ ભણેલાગણેલા થોડા વ્યાવસાયિકોને જ નોકરી મળે છે. જ્યારે મોટા ભાગના સામાન્ય લોકોને તો છૂટક મજૂરી કે લારી-ગલ્લા-પથારા દ્વારા અસંગઠિત ક્ષેત્રમાં જ રોજી રળવી પડે છે કે જ્યાં નથી રોજેરોજ કામ મળવાની સલામતી કે નથી પૂરતા વેતનની ખાતરી.

*નીરુ:* પણ આ તો આખા કુટુંબની સમસ્યા છે, તેમાં સ્ત્રીઓ પર શું અસર થઈ છે?

*એકતા:* બેકારી અને મોંઘવારીથી વધતી જતી આર્થિક સંકડામણને કારણે સ્ત્રીઓને ઘર ચલાવવા અને બે છેડા ભેગા કરવા માટે

વધુ મથામણો કરવી પડે છે. ઘરના કામનું કોઈ વેતન તો મળતું નથી તેથી સ્ત્રીના અવેતન શ્રમમાં વધારો થયો છે એટલે તેને આવક મેળવવા કામ કરવાનો, જરૂરી આરામ કરવાનો કે અન્ય કામો કરવા માટે સમય ઓછો રહે છે.

*અમન:* ગરીબો વધુ ગરીબ બન્યા છે અને ગરીબીનું નારીકરણ થયું છે.

*શકરી:* ગરીબીનું નારીકરણ એટલે?

*એકતા:* એટલે કે ગરીબ પરિવારોમાં એવા પરિવારોનું પ્રમાણ વધ્યું કે જેમાં ઘરની મુખ્ય આર્થિક જવાબદારી સ્ત્રીઓની હોય છે. કારણ કે સ્ત્રીઓને ભાગે શ્રમબજારમાં ઓછા પગારવાળી, અસલામત, અનિયમિત અને હંગામી હોય તેવું કામ કે નોકરીઓ જ રહેતી હોય છે. આવા ક્ષેત્રને અસંગઠિત ક્ષેત્ર કહે છે.

આથી નારી આંદોલનમાં શહેર તથા ગામડાના ગરીબો તેમ જ અસંગઠિત ક્ષેત્રના શ્રમજીવીઓ સાથે કામ કરતાં સંગઠનોની સામેલગીરી અને સહભાગિતા ખૂબ જ મહત્ત્વનાં બની ગયાં છે

*અમન:* અને આવાં બિન-સરકારી સંગઠનો અને જન આંદોલનમાં પણ નારીવાદીઓની વધતી જતી સામેલગીરીથી સ્ત્રીઓના સવાલો અને સહભાગિતાને મહત્ત્વ આપવાની શરૂઆત થઈ ગઈ છે. ભારત તેમ જ ગુજરાતમાં પણ આ દિશામાં પ્રયત્નો થયા છે.

*રેશ્મા:* કેવા પ્રયત્નો થયા છે?

*અમન:* તેની વાત હવે પછીની મિટિંગમાં કરીશું. કાલે રેલીમાં બધા મળીશું.

*એકતા:* ભલે આજની મિટિંગની સમાપ્તિ આપણે નવી આર્થિક નીતિ વિશેના ગીતથી કરીએ.

# કૈસી નીતિ યે

જો દેશ ગુલામ બનાયે કૈસી નીતિ યે
વિદેશી જિસે ચલાયેં કૈસી નીતિ યે
- હાં જી
- કૈસી નીતિ યે...

ગરીબી ઔર બઢાયે-તૌબા
ગરીબોં કો યે મિટાયે-તૌબા
આઓ શૌર મચાયેં-હાં જી
ઇસ પે શોક મનાયેં-હાં જી
ઇસ પે રોક લગાયેં-હાં જી
- કૈસી નીતિ યે....



બિન બહુમત ઔર બિન જનમત કે હૈ યે કદમ ઉઠાયા
જનતા કી તો બાત હી છોડો સંસદ સે છુપાયા
- કૈસી નીતિ યે...

તાનાશાહી જનતા સે ઔર બાહર ઘુટને ટેકે
ભારત માં કે ચૂલ્હે મેં અમરિકા રોટી સેકેં
- કૈસી નીતિ યે...

સબ ચીજોં કા દામ બઢા હૈ સસ્તા સિર્ફ રુપૈયા
આઈ.એમ.એફ. કા નામ લેકે રો લો બહના ભૈયા
- કૈસી નીતિ યે...

કોકો કોલા પેપ્સી કોલા કિસમ કિસમ કા કોલા
પર પીને કો પાની ગાયબ જબ ભી નલ કો ખોલા
- કૈસી નીતિ યે...

વિશ્વ બૈંક અબ સબ કા આકા કાકી હો યા કાકા
અમરીકા કી પાંચોં ઘી મેં બાકી સબ કા ફાકા
- કૈસી નીતિ યે...

એમ.એન.સી. કો કહેં યે એન્ટર મજદૂરોં કો એક્ઝીટ
એસી ઉલ્ટી સરકાર કા અબ કેન્સલ કર દો પરમીટ
- કૈસી નીતિ યે...

ઈકોનોમી કર દી ઓપન પર અબ ક્લોઝડ ઈન્ફોર્મેશન
ચોરી ચોરી ડીલ હોતી, ઈન ધ ઈન્ટરેસ્ટ ઓફ નેશન

બીકાનેરી ભુજીયા ભી અબ પેપ્સી બનવાયેં
છોડ તંદુરી મુર્ગી અબ યે કન્ટુકી હી ખાયેં

નીતિ નહીં યે બદનીતિ હૈ ઇસકો નહીં હૈ સહના
ઇસકો જલ્દ હટાના હોગા હમ સબકા હૈ કહના
- કૈસી નીતિ યે...

*(પંજાબી લોક ગીત ચરખા ચંદન દા કી ધુન પર આધારિત)*

**- કમલા ભસીન**

ગીતમાં ઉપયોગ કરેલ અંગ્રેજી શબ્દોના ઉચ્ચાર અને અર્થ

1. એમ.એન.સી. (મલ્ટિનેશનલ કંપની)
2. એન્ટર (દાખલ કરવું)
3. એક્ઝિટ (બાહર કરવું)
4. કેન્સલ (રદ કરવું)
5. પરમીટ (પરવાનગી)
6. ઈકોનોમી (અર્થતંત્ર)
7. ઓપન (ખોલવું)
8. ક્લોઝડ ઈન્ફરમેશન (માહિતી જાહેર ન કરવી)
9. ડીલ્સ (કરાર)
10. કન્ટુકી (મરઘીની વાનગી બનાવતી પરદેશી કંપની)

# ઐસી આઝાદી પે બોલો ગર્વ ક્યા કર પાયેંગે?

**અસંગઠિત ક્ષેત્રની સ્ત્રી કામદારોની લડતો**

(સૌ બહેનો ભેગી થઈ એકતા તથા અમનની રાહ જોતાં વાતો કરે છે.)

*શકરી:* ગઈ કાલે રેલીમાં ઘણું જાણવા મળ્યું.

*નીરુ:* સાચી વાત, આપણી જ જિંદગી ને આપણા જ પ્રશ્નોને પકડીને બેસી રહીએ તો દુનિયામાં શું ચાલે છે તેની ખબર પણ ના પડે.

*કમલા:* ને દુનિયાને જાણ્યા વગર દુનિયાને બદલી ના શકાય તે તો આપણે જાણીએ જ છીએ. આશાબહેન, રમેશભાઈ પણ રેલીમાં જોડાયા હતા ને?



*આશાઃ* હા, પેલા ભાઈ જે ભાષણ કરતા હતા તે પહેલાં રમેશની સાથે જ કંપનીમાં કામ કરતા હતા. પણ કંપનીએ વીઆરએસ (સ્વૈચ્છિક નિવૃત્તિ)ની સ્કીમ જાહેર કરી એટલે નાની ઉંમરમાં જ નોકરી છોડી દીધી. પછી બીજે ક્યાંય નોકરી મળી નહીં. તેથી જે પૈસા મળ્યા તેમાંથી નાનકડો ગલ્લો ચાલુ કર્યો.

*ફરઝાનાઃ* તેમનાં પત્ની પણ કેટલું બોલતાં હતાં! બંને ઓરત-મરદ મળીને ગલ્લો ચલાવી રોટલા રળતાં હતાં પણ તે ગલ્લો ય હવે તો જતો રહ્યો.

*રેશ્માઃ* આ સરકાર બે હાથને કામ આપવાનું તો કરતી નથી ઉપરથી લોકો પોતાની મેળે આજીવિકા રળવાનો રસ્તો શોધે તો ત્યાંય તેમને ઠરીને કામ કરવા દેતી નથી.

*શકરીઃ* ખરેખર, આ તો ના જ ચાલે. આજે તેમનો વારો છે કાલે આપણો આવશે. આપણે ક્યાં સુધી ચૂપ રહેવાનું?
(એકતા અને અમન પ્રવેશ કરે છે)

*એકતાઃ* ચૂપ રહેવું પણ શા માટે જોઈએ?

*અમનઃ* અન્યાય કરનાર ગુનેગાર છે તો ચૂપચાપ સહન કરનાર પણ આ ગુનામાં ભાગીદાર છે.

*આશાઃ* આજે આપણે અન્યાય સામે લડતા સ્ત્રી કામદારોની જ વાત કરવાના છીએ ને! તો શરૂ કરો વાત.

*એકતાઃ* જરૂર. આજે આપણે અસંગઠિત ક્ષેત્રની સ્ત્રી કામદારોની કેટલીક મહત્ત્વની લડતોનાં ઉદાહરણો જોઈશું. આ ક્ષેત્રમાં આંતરરાષ્ટ્રીય કક્ષાએ ઉદાહરણરૂપ બનેલા ગુજરાતના 'સેવા'ના અનુભવ વિશે અગાઉ વાત કરી છે તે યાદ છે ને?

*કમલાઃ* હા . જેમાં શાકભાજી વાળી, લારીગલ્લા વાળી, બીડી વાળતી ને એવી બીજી લાખો બહેનો સભ્ય છે તે જ ને? ત્રીજા ભાગમાં આપણે તેની વાત કરી હતી.

*એકતાઃ* બરોબર. 1972માં સંગઠિત ક્ષેત્રના કામદારોના યુનિયન મજૂર મહાજનના ભાગ તરીકે શરૂ થયેલ 'સેવા' અસંગઠિત ક્ષેત્રે સ્ત્રી કામદારોનું યુનિયન હતું. વખત જતાં બન્નેનાં હિતો અલગ પડ્યાં પરંતુ 'સેવા'એ આ વર્ષો દરમ્યાન કામદાર ચળવળ, સહકારી ચળવળ અને નારી આંદોલન એમ ત્રણ ચળવળોના સંગમ તરીકે કાઠું કાઢ્યું છે, તો બીજી તરફ આદિવાસી વિસ્તારોમાં કામ કરતી 'દિશા' સંસ્થાએ જંગલની ગૌણ પેદાશો વીણતી બહેનો પર જંગલખાતાના અત્યાચાર અટકાવવા અને

તેના ભાવો વધારવા અંગે વર્ષો સુધી લડત આપી અને સફળતા મેળવી છે.

*અમનઃ* તે જ રીતે મુખ્યત્વે દલિત કામદારો સાથે કામ કરતાં શ્રમિક સેવા સંસ્થાન જેવા અસંગઠિત ક્ષેત્રના કામદારો સાથે કામ કરતાં મિશ્ર સંગઠનો પણ હવે સ્ત્રીઓના પ્રશ્નો ઉઠાવવા માંડ્યાં છે. ગુજરાતમાં આશરે એક લાખ સીરામિક કામદારો અસંગઠિત ક્ષેત્રમાં કામ કરે છે અને તેમાંના 90 ટકા દલિત છે. આખા કુટુંબના સભ્યો કામ કરતા હોવાથી બાળમજૂરોનું પ્રમાણ 30 ટકા છે. સીલીકોસિસને કારણે વ્યાવસાયિક સ્વાસ્થ્યના રોગોનું પ્રમાણ પણ ઘણું છે. સ્ત્રી કામદારોનું આર્થિક તેમ જ જાતીય શોષણનું પ્રમાણ ઘણું ઊંચું છે. તેની સામે સંઘર્ષ ચાલુ છે.

*એકતાઃ* અને દલિતોના પ્રશ્નોને ગુજરાતનાં ગામડાંઓથી માંડીને આંતરરાષ્ટ્રીય કક્ષા સુધી લઈ જવામાં 'નવસર્જન' સંસ્થાની મહત્ત્વની ભૂમિકા રહેલી છે. તેની સાથે સંકળાયેલ 'પરિવર્તન' નામની સંસ્થા ખેતમજૂરોના લઘુતમ વેતન અને સ્ત્રી-પુરુષ મજૂરોને સમાન વેતન મળે તે માટે સંઘર્ષ આપી રહી છે. તેમના આગેવાન કાર્યકરના કહેવા મુજબ મોટા ભાગના ખેતમજૂરો દલિત છે અને 60 ટકા ખેતમજૂરો સ્ત્રીઓ છે. આ સ્ત્રીઓનું શ્રમજીવી તરીકે તો શોષણ થાય છે જ. ઉપરાંત, દલિત તરીકે અને સ્ત્રી તરીકે પણ શોષણ થાય છે. ખેતમજૂરોમાં પણ જ્ઞાતિભેદને કારણે સંગઠન બનાવવું ખૂબ મુશ્કેલ છે પણ પરિવર્તનના અનુભવ મુજબ આ ભેદ તોડવામાં પુરુષો કરતાં સ્ત્રીઓ જલદી પહેલ કરે છે.

*અમનઃ* ખંભાતમાં અકીકનું કામ કરતા કામદારો, રસ્તા તેમજ મકાનોના બાંધકામમાં, મીઠાનાં અગરોમાં અને શેરડીનાં ખેતરોમાં કામ કરતા શ્રમિકોમાં પણ સ્ત્રી શ્રમિકોનું પ્રમાણ ઘણું મોટું છે. તેમનાં વિવિધ સંગઠનો આ પ્રશ્નો ઉઠાવી રહ્યાં છે.

એકતાઃ આ તો થઈ વેતન લઈ કામ કરતા શ્રમજીવીઓની વાત પણ જમીન, જંગલ, પાણી, જેવાં કુદરતી સંસાધનોનો ઉપયોગ કરી આજીવિકા રળતા, આદિવાસી, ખેડૂતો, માછીમારો વગેરે સીમાન્ત સમૂહોની હાલત પણ એટલી જ ખરાબ છે.

**કુદરતી સંસાધનો પર અંકુશ - વિસ્થાપનના સવાલો**

*અમન:* દેશી તેમ જ વિદેશી ઉદ્યોગોને નિરંકુશ છૂટછાટ આપવાને કારણે દેશનાં કુદરતી સંસાધનો - જંગલ, જમીન, પાણી પરનો લોકોનો અંકુશ અને અધિકાર ઝૂંટવાઈ રહ્યા છે. લોકોનું જીવન ટકાવવા માટેનાં જરૂરી સંસાધનોનો બેમર્યાદ ઉપયોગ ઉદ્યોગોમાં કાચા માલ તરીકે કરી નફો મેળવવા થઈ રહ્યો છે. આનાથી લોકો પાયાની જરૂરિયાત વિના ટળવળે છે અને ઉપરથી કુદરતના અવિચારી શોષણને કારણે પૃથ્વીના પર્યાવરણ અને માનવજાતના સ્વાસ્થ્ય માટે જ નહીં પણ તેના અસ્તિત્વ સામે જ ખતરો ઊભો થયો છે.

તેની સામે પર્યાવરણના ક્ષેત્રમાં કામ કરતાં સંગઠનો જેમ કે પર્યાવરણ સુરક્ષા સમિતિ, અને 'પર્યાવરણ મિત્ર' જેવાં સામયિક ઉપરાંત ગ્રામ વિકાસના ક્ષેત્રમાં કામ કરતાં સંગઠનોએ અવાજ ઉઠાવ્યો છે.

*એકતા:* દા.ત. 'અસાગ' દ્વારા ધોળકા વિસ્તારનાં ગામોમાં ચાલતા સ્ત્રીઓના સંગઠનને જ્યારે ખબર પડી કે ગામની ગૌચરની જમીન પરનાં વૃક્ષો કોન્ટ્રાક્ટરના માણસો ગુંડાની મદદથી કાપી જાય છે ત્યારે ગામની સ્ત્રીઓને સાથે લઈ તેની સામે સંઘર્ષ કર્યો. આ સંઘર્ષમાં ભાગ લેવા બદલ એક બહેનનું ઘર બાળી નાંખવામાં આવ્યું અને એક બહેનને તેમના પતિ સાથે છૂટાછેડા



લેવા પડ્યા. કાર્યકર્તા બહેનને પણ ખૂબ ધમકીઓ મળી અને તેમનાં કુટુંબીજનોનો વિરોધ સહન કરવો પડ્યો.

વિકાસ કાર્યક્રમો જેવા કે મોટા બંધો, કારખાનાંઓ, વિદ્યુત મથકો વગેરેને કારણે કરોડો લોકોને પોતાનાં ઘર, જંગલ, જમીન છોડીને વિસ્થાપિત કરવામાં આવે છે. તેમાં સૌથી વધુ ખરાબ પરિસ્થિતિ વિસ્થાપિત સ્ત્રીઓની થાય છે. તેથી જ વિસ્થાપિતોની લડતમાં સ્ત્રીઓનો ખૂબ જ લડાયક સહભાગ છે.

*આશાઃ* સાચી વાત. એકવાર નર્મદા બંધ સામે લડતા આદિવાસી વિસ્થાપિતોની મિટિંગમાં હું રમેશ સાથે ગઈ હતી.

*રેશ્માઃ* પણ નર્મદા બંધ તો લોકોના ભલા માટે છે. એને લીધે કચ્છ-સૌરાષ્ટ્રનાં કેટલાંય ગામોમાં તરસ્યાને પીવાનું પાણી મળશે.

*નીરુઃ* માટે જ તો તેને ગુજરાતની જીવાદોરી કહે છે.

*એકતાઃ* પણ આ 'જીવાદોરી' કેટલાંયે જીવન માટે મરણદોરી બની છે તેની હકીકત પણ આપણે જાણવી જોઈએ.

**નર્મદા બંધઃ વિસ્થાપિતોનો સંઘર્ષ**

*અમનઃ* ખરેખર. નર્મદા બંધથી કોને કેટલો લાભ થશે અને કોને કેટલું નુક્સાન થશે તેના આંકાડાઓ વિવાદાસ્પદ રહ્યા છે અને ખાસ કરીને જ્યારે લાભ મેળવનાર અને પોતાનું સર્વસ્વ ગુમાવનાર જૂથો અલગ અલગ હોય ત્યારે લાભ-ગેરલાભનું સાચું સરવૈયું કાઢ્યા વગર ચાલે તેમ નથી.

*આશાઃ* પણ દેશના વિકાસ માટે થોડા ઘણા લોકોને ભોગ આપવો પડે તો તેમાં ખોટું શું છે?

*એકતાઃ* તમને ખબર છે, આ આખાય પ્રોજેક્ટમાં કેટલા લોકો અસરગ્રસ્ત બન્યા છે?

*બધાઃ* કેટલા?

*અમનઃ* અત્યાર સુધી ભારતમાં બંધાયેલા બધા બંધોની સરખામણીમાં સરદાર સરોવરમાં પોતાનાં ઘર, જંગલ, જમીન ગુમાવનારની સંખ્યા અભૂતપૂર્વ છે.

*એકતાઃ* 245 ગામોનાં 45000 કુટુંબો એટલે આશરે 3 લાખ કરતાં પણ વધારે લોકો તો સરદાર સરોવરમાં જ પોતાનાં ઘર-ગામ-જમીન-જંગલ ગુમાવશે.

*અમનઃ* અને તે ઉપરાંત પાણી પહોંચાડવા માટે બંધાનાર નહેરો, પ્રોજેક્ટ સ્ટાફ માટેની કોલોની, ડૂબમાં જનાર જંગલના

બદલામાં જાહેર કરાયેલ અભયારણ્ય વગેરેમાં તેનાથી પણ વધારે લોકોને અસર થશે.

*કમલા:* પણ તેમને તો સરકાર જમીન આપે છે ને!

*એકતા:* સરદાર સરોવરમાં જેમની જમીન જશે તે સિવાયના નહેર, કોલોની વગેરેમાં જેમની જમીન જશે તેમને અસરગ્રસ્ત ગણવામાં જ નથી આવ્યા! તેમને જમીનો આપવાનું આયોજન જ નથી.

*અમન:* શરૂઆતમાં તો સરકારે પાણીના ભાવે જમીનો પડાવી લેવાનું શરૂ કર્યું હતું પણ અસરગ્રસ્તોની ખૂબ લાંબી અને જોરદાર લડતો પછી તેમણે અસરગ્રસ્ત પરિવારના પુખ્ત છોકરાને પાંચ એકર જમીન આપવાની જાહેરાત કરી.

*રેશ્મા:* કેમ છોકરાને જ, છોકરીઓને નહીં?

*એકતા:* ના. આ લડતમાં આગેવાનીથી માંડીને તમામ સ્તરે સ્ત્રીઓનું મહત્ત્વનું યોગદાન હોવા છતાં પરિપત્રમાં માત્ર પુખ્ત છોકરાને જ જમીન આપવાની વાત છે અને તે પણ વાસ્તવમાં કેવી, કેટલી અને કેવા સ્થળે મળે છે તે આજે પણ તપાસનો વિષય છે.

*અમન:* તમારે જાતે જઈને જોવું હોય તો વડોદરાની આસપાસમાં જ ધરમપુરી, માલુ, થુવાવી વગેરે પુનર્વાસ વસાહતોમાં ક્યારેક જરૂર જજો.

*એકતા:* અને સૌથી વધુ અન્યાય તો જે છ ગામની જમીનો સૌથી પહેલાં એટલે કે 1961થી કેવડિયા કોલોની બનાવવા માટે છીનવાઈ ગઈ છે તેમને થયો છે. તેમને માત્ર થોડું વળતર આપી સરકારે દેશહિતના નામે જમીનો તો લઈ લીધી પણ તેમાંથી ઘણી જમીનોનો ઉપયોગ ન થયો. અસરગ્રસ્ત આદિવાસી ખેડૂતોના આ નહીં વપરાયેલી જમીન પાછી મેળવવાના વર્ષોના સંઘર્ષ છતાં સરકારે તેને પાછી આપવાનો ઈન્કાર કરી તેની પર પ્રવાસ-પર્યટન વિકસાવવા હોટલ-રીસોર્ટ બાંધવા ખાનગી કંપનીઓને આપવાનું નક્કી કર્યું છે.

*શકરી:* આ તો હડહડતો અન્યાય કહેવાય. મારા એક સગા નર્મદા નહેરના કિનારે રહે છે તે કહેતા હતા કે અમારાં ઢોર-ઢાંખર ને ખેતર નહેરકિનારે તરસ્યાં રહે છે ને પાણી તો બધું મોટી મોટી કંપનીઓને વેચી દેવાય છે.

*અમન:* શકરીબહેન, તેમની ફરિયાદ સાચી છે.

*ફરઝાનાઃ* અરે! આ તો દેશહિતના નામે સરકાર જ લોકોને તરસ્યા રાખી પાણીનો વેપાર કરવા નીકળી છે.

*એકતાઃ* આવા તો અનેક અન્યાયોની પરંપરા સરકારો અને પોલીસે સાથે મળી કરી છે પણ આપણા માટે જાણવા જેવી ખાસ બાબત એ છે કે 1986થી શરૂ થયેલ આ સંઘર્ષમાં 24-25 વર્ષોના આ લાંબા સંઘર્ષ દરમ્યાન આગેવાની કરવાથી માંડીને લડતના તમામ કાર્યક્રમોમાં સ્ત્રીઓનું મોટું યોગદાન રહ્યું છે.

*આશાઃ* હા નર્મદા બચાઓ આંદોલનના મુખ્ય નેતા મેધા પાટકર વિશે અમે વાંચીએ છીએ. તેમને ઘણા અવોર્ડ પણ મળ્યા છે ને!

*અમનઃ* હા, તેમને રાઈટ લાઈવલીહુડ નામનો આંતરરાષ્ટ્રીય એવોર્ડ મળ્યો છે. પણ આંદોલન કોઈ એક નેતાથી લડાતું નથી. તેમાં આખી ટીમની જરૂર પડે છે.

*એકતાઃ* આ આંદોલન માટે મેધા પાટકર ઉપરાંત નંદિની ઓઝા, ચિત્તરૂપા પલિત, આરુંધતી ધ્રુવ અને બીજા અનેક સુશિક્ષિત સ્ત્રી કાર્યકરોએ પોતાની કારકિર્દી જ નહીં, અંગત જીવન પણ દાવ પર લગાવ્યાં છે. અને 'વિકાસના નામે થતા વિનાશ' સામે બહાદુરીથી લડનાર ગામેગામનાં લડાયક આગેવાન સ્ત્રી કાર્યકરોની યાદી કરવા બેસીએ તો આપણી મિટિંગનો સમય પણ ઓછો પડે. પણ તેમાંથી કેટલાંક નામો છે - બલીબહેન (ગામ કોઠી), જશીબહેન (કેવડિયા), અંબાબહેન (ગામ ગોરા), કપિલાબહેન (વાઘોડિયા), વડગામનાં ચંપાબહેન અને અંતરાલનાં બુધીબહેન

*નીરુઃ* આટલા લાંબા સંઘર્ષમાં કેટલા મહત્ત્વના બનાવો બન્યા હશે!

*અમનઃ* ઘણા બધા એવા કાર્યક્રમો થયા જેમાં હજારોની સંખ્યામાં લોકો રસ્તા પર આવ્યા હતા. આપણે તેમાંથી બે ત્રણ મહત્ત્વના કાર્યક્રમની વાત કરીશું.

*એકતાઃ* 1989માં બંધના સ્થળે 10,000 જેટલા લોકો ભેગા થયા, જેમાં હજારો આદિવાસી બહેનો સામેલ હતી અને તેમણે ધરપકડ વહોરી હતી.

*અમનઃ* અને એ જ વર્ષમાં મધ્યપ્રદેશના હરસૂદ ખાતે આખા દેશમાંથી જુદાં જુદાં સંઘર્ષશીલ જૂથોના પ્રતિનિધિઓ સહિત 50,000 જેટલા લોકોએ વિનાશકારી વિકાસ સામે બુલંદ અવાજ રજૂ કર્યો.

*એકતાઃ* 1991માં નર્મદા સંઘર્ષ યાત્રાનું આયોજન કરવામાં આવ્યું હતું.

પણ મધ્યપ્રદેશથી નીકળીને યાત્રા ગુજરાતમાં પ્રવેશે તે પહેલાં જ ફેરકૂવા પાસે તેને રોકવામાં આવી.

*અમનઃ* દુ:ખદ વાત એ હતી કે શાંતિપૂર્ણ રીતે પોતાની વાત ગુજરાતની પ્રજા સમક્ષ રજૂ કરવાના આશયથી યોજાયેલ આ યાત્રાને રોકવા માટે સરકારી તંત્ર અને પોલીસો જ નહીં પણ નર્મદા બંધનું સમર્થન કરતાં કેટલાંક બિનસરકારી સંગઠનો પણ ત્યાં ભેગાં થયાં. આની સામે નર્મદા બચાઓ આંદોલનનાં મેધા પાટકર સહિતના કાર્યકરોએ 22 દિવસ સુધી ભૂખ હડતાલ કરી હતી અને નક્કી કર્યું હતું કે 'અમારા ગામમાં અમારું રાજ'ના નારા સાથે સંઘર્ષને આગળ લઈ જવો.

*એકતાઃ* 1992માં સૌથી પહેલાં ડૂબમાં જનાર ગામ મણીવેલીને જબરજસ્તી ખાલી કરાવવા પોલીસો બુલડોઝર, ટ્રક ને બંદૂકો સાથે ઘૂસી ગઈ. અનેકને માર માર્યો અને સ્ત્રીઓની જાતીય સતામણી કરી હોવાના અહેવાલો પણ બહાર આવ્યા.

*કમલાઃ* તમે અગાઉ કહેતા હતા તેમ આ આંદોલનને તોડવા પણ પોલીસે જાતીય સતામણીનું હથિયાર વાપર્યું.

*એકતાઃ* એટલું જ નહીં, 1993માં પોલીસોએ અંતરાલ ગામના બુધીબહેન નામનાં આદિવાસી મહિલા આગેવાન પર બળાત્કાર ગુજાર્યો હોવાની ફરિયાદ પણ બહાર આવી હતી.

*ફરઝાનાઃ* આટલું બધું લડ્યા છતાં નર્મદા બંધ તો બની જ ગયો ને! આ લડતનો ફાયદો શો?

*અમનઃ* આ લડતનો સૌથી મોટો ફાયદો એ કે તેણે 'વિનાશકારી વિકાસ' અને 'કોનો વિકાસ કોના ભોગે?' જેવા પ્રશ્નોને દેશમાં જ નહીં, દુનિયાના આંદોલનોમાં પ્રાથમિકતા અપાવી. ભારતમાં પહેલી વાર વિસ્થાપિતોના પ્રશ્નો અને પુનર્વાસનીતિ અંગે ગંભીર ચર્ચાઓ થઈ.

*એકતાઃ* ઉપરાંત ઉદારીકરણ અને વૈશ્વિકીકરણની આર્થિક નીતિને કારણે જીવનનિર્વાહનાં સાધનો ગુમાવનાર અનેક લોકોને સંઘર્ષ કરવાની પ્રેરણા આ આંદોલનથી મળી.

*કમલાઃ* ને છતાં હજુ પણ ઘણા લોકો એવું જ માને છે કે ગુજરાતના વિકાસને રોકવા ગુજરાત વિરોધીઓનું આ કાવતરું હતું.

*અમનઃ* આવું માનનાર લોકોએ પોતાની જાતને જ એ જવાબ આપવો જોઈએ કે જે હજારો આદિવાસી ખેડૂત સ્ત્રી-પુરુષ ને બાળકો પોતાના જીવનનિર્વાહનાં સાધનો બચાવવા આ આંદોલનમાં


જોડાયાં અને હજુ પણ લડી રહ્યાં છે તે સૌ ગુજરાતી નથી. કેવડિયા, કોઠી વગેરે છ ગામના ખેડૂતો જેઓ આજે રસ્તે રઝળતા થઈ ગયા અને તેમની જમીનો પર પાંચતારક હોટલો બનશે તે ગુજરાતી નથી? આ લડતની આગેવાની કરનાર ટીમમાં પણ કેટલાય સુશિક્ષિત ગુજરાતી સ્ત્રી-પુરુષો હતાં.

*એકતા:* મને તો આ ચર્ચાનો મુદ્દો જ ખોટો લાગે છે જે રીતે આપણને સ્ત્રીઓને કહેવામાં  આવે છે કે જો મુસલમાન સ્ત્રીને અન્યાય થાય તો હિન્દુ સ્ત્રીએ ચૂપ રહેવું. ગામડાની સ્ત્રીને કંઈ થાય તો શહેરની સ્ત્રીને બોલવાનો હક્ક નથી. તેવી જ આ દલીલ છે. અને ગુજરાતમાં ગુજરાતના જ લોકો દ્વારા પણ બીજા આવા અનેક મહત્ત્વના સંઘર્ષ થયા છે તેને તમે શું કહેશો?

*આશા:* તો ગુજરાતમાં બીજાં પણ આવાં આંદોલનો થયાં છે? તેમના વિશે પણ અમને જણાવો.

*અમન:* ગુજરાતના ખૂણે ખૂણે કચ્છથી માંડીને ઉમરગામ સુધી આજે પણ અનેક આંદોલનો ચાલી રહ્યાં છે તેમાંથી અલગ-અલગ ભાગોમાં થયેલાં બે-ત્રણ આંદોલનો વિશે આપણે વાત કરીશું.

*એકતા:* હું તમને ઉત્તર ગુજરાતમાં થયેલા ધરોઈ બંધની જમીન અંગેના સંઘર્ષ વિશે જણાવું.



## ધરોઈ બંધની જમીન માટેની લડત

1982માં સાબરમતી નદી પર બાંધવામાં આવેલ આ બંધમાં ઈડર, ખેડબ્રહ્મા, ખેરાલુ અને દાંતા તાલુકાનાં ૫૬ જેટલાં ગામના 3550 કુટુંબો અસરગ્રસ્ત બન્યાં હતાં. જ્યારે ઓછો વરસાદ પડે ત્યારે ડૂબમાં ગયેલી ઘણી જમીન ખુલ્લી થતી અને પૈસાદાર ખેડૂતો અધિકારીઓ સાથે મળીને આ ખુલ્લી થયેલી જમીન પર ગેરકાયદેસર કબજો જમાવતા. આ જમીન પર મજૂરી કરનાર આદિવાસીઓને તો ઉત્પાદનના 10 ટકા પણ મળતા નહીં.

આ વિસ્તારમાં કામ કરતા માનવ કલ્યાણ ટ્રસ્ટના કાર્યકરોના ધ્યાનમાં આ વાત આવી. અનેક ચર્ચાઓ અને મિટિંગો પછી આદિવાસીઓએ સંગઠિત થઈ લડત ઉપાડી કે કાયદેસર રીતે આ જમીન પર પહેલો હક્ક પૈસાવાળા જમીનદારોનો નહીં પણ જમીનવિહોણા ખેતમજૂર આદિવાસીઓનો છે. તેમણે મંડળ બનાવી સરકાર પાસે જમીનની માંગણી મૂકી. પણ વારંવારની રજૂઆતો પછીય સરકારના પેટનું પાણી ના હાલ્યું.

1000 લોકોએ ભેગા થઈ દેખાવો કર્યા અને જમીન ખેડવાનો હક્ક માંગ્યો ત્યારે લોકોનો જુવાળ જોઈ અધિકારીઓએ મૌખિક ખાતરી આપી કે તેમને જમીન આપવામાં આવશે. વારંવારની વાટાઘાટો પછી થોડી એવી જમીન આપી કે જેની પર ખેતી થઈ જ ન શકે. અધિકારીઓને હતું કે વાટાઘાટોની લાંબી પ્રક્રિયામાં લોકોને થકવી નાંખવા. પરંતુ માનવ કલ્યાણ ટ્રસ્ટના કાર્યકરો તેજાભાઈ રબારી, બાસ્તાભાઈ વગેરે સજાગ હતા અને લોકોને લડતની આંટીઘૂંટી સતત સમજાવતા રહેતા હતા. આખરે સરકારે વચન પૂરું કરવા આપેલ સમયમર્યાદા પૂરી થઈ અને સંગઠિત લોકોએ સીધા સંઘર્ષની તૈયારી કરી.

13-14 ડિસેમ્બર ૧૯૮૭ના રોજ 20,000 જેટલા આદિવાસીઓ બંધની ખુલ્લી જમીન પર પહોંચી ગયા. અહીં પણ બહેનોની આગેવાની મહત્ત્વની હતી. પોલીસ સાથે સીધી હિંસક અથડામણ ટાળવા બહેનોની આઠ ટુકડીઓ ગંગાબેન ખેર, નાજુબેન ખેર, કેસરીબેન ઝામર, થવાઈબેન, રકમાબેન, સીરમીબેન, દીવાબહેન જેવી બહેનોની આગેવાનીમાં જમીનો કબજે કરવા માંડી. ખાધાપીધા વગર દિવસો સુધી એક કૂવા પરથી બીજા કૂવા સુધી ચાલતા ચાલતા જમીનનો કબજો લીધો.

કબજો લીધા પછી તેને ટકાવવાની લડત વધારે અઘરી હતી. અનાજ કાપવા, તેને લૂંટાતું બચાવવા અને પોલીસ તેમજ પૈસાદાર ખેડૂતોના હુમલાઓનો જવાબ આપવામાં બહેનોએ મહત્ત્વની ભૂમિકા ભજવી.

છેવટે સરકારને નમવું પડ્યું અને જ્યારે જમીન ખુલ્લી થાય ત્યારે જમીનવિહોણા આદિવાસીઓને તે પહેલાં આપશે તેવો કરાર કર્યો.

*શકરી:* ખરેખર આ બહેનોની હિંમતને સલામ કરવી જોઈએ.

*અમન:* તમને જાણીને નવાઈ લાગશે કે આ અહિંસક સત્યાગ્રહને પણ છાપાવાળાઓએ નક્સલવાદી લડતનું નામ આપ્યું હતું.

*એકતા:* શોષણ ને અન્યાય સામેના બધા જ અસરકારક સંઘર્ષને 'ગુજરાત વિરોધી', 'દેશ વિરોધી', 'વિકાસ વિરોધી', 'નક્સલવાદી' એમ અલગ અલગ નામ આપીને બદનામ કરવા એ તો જેમને આ અન્યાયી વ્યવસ્થા ચાલુ રાખવી છે તેમની ખાસ રીત છે.

*અમન:* આવા સંઘર્ષમાં માત્ર બદનામી જ નથી મળતી, તે ઉપરાંત ક્યારેક પોતાના જીવથી પણ હાથ ધોવા પડે છે. પછી ભલેને તે ભારતની સરહદોની રક્ષા ખાતર જીવને જોખમે લડનાર બહાદુર કર્નલ કેમ ન હોય!

*આશા:* એટલે? તમે કોની વાત કરો છો?

*એકતા:* શું તમે ઉમરગામના શહીદ કર્નલ પ્રતાપ સાવેની વાત તો નથી કરી રહ્યા?

*નીરુ:* તેમના વિશે અમને વિગતે કહો.

### ઉમરગામનું કિનારા બચાવો આંદોલન

*અમન:* દક્ષિણ ગુજરાતમાં વલસાડ પાસે આવેલ ઉમરગામ તાલુકાની 1,75,000 જેટલી વસ્તીમાં લગભગ 1,00,000 જેટલા માછીમારો છે અને બાકીના ખેડૂતો છે. દક્ષિણ ગુજરાતના આ ફળદ્રુપ પ્રદેશમાં દુનિયાભરમાં મશહુર એવી ફળોની વાડીઓ છે. કર્નલ પ્રતાપ સાવે કે જે 1964 અને 1971માં પાકિસ્તાન સામે યુદ્ધમાં સરહદ પર લડ્યા હતા તેમનું પ્રખ્યાત સજીવ ખેતીનું ફાર્મ પણ અહીં આવેલું છે.

ગુજરાત સરકારે આ વિસ્તારમાં બંદર બાંધવા માટે રૂ. 1200 કરોડ નો કોન્ટ્રાક્ટ બહુરાષ્ટ્રીય નોટેલ્કો-યુનોકોલ કંપનીને આપવાનું નક્કી કર્યું. જો અહીં બંદર બને તો માછીમારી પર આધારિત લાખો લોકોની રોજી રોટી છીનવાય અને નારિયેલ,

ચીકુ, કેરી જેવાં ફળોની વાડીઓ પણ નાશ પામે. લોકોએ આનો વિરોધ કર્યો. જ્યારે રજૂઆતો, આવેદનપત્રો, વગેરેથી સરકારને કાંઈ ના સંભળાયું ત્યારે લોકો **કિનારા બચાવો આંદોલન**ને નામે સંગઠિત થયા. કર્નલ પ્રતાપ સાવે પણ તેની આગેવાની કરનાર ટુકડીમાં જોડાયા. 7 એપ્રિલ 2000ના રોજ જમીનનો સર્વે કરવા અધિકારીઓ આવ્યા ત્યારે તેની સાથે વાત કરી તેમને રોકવા ભાઈઓની એક ટુકડી ગઈ. તે પાછી ન આવી અને કોઈ સમાચાર પણ ન મળ્યા ત્યારે બીજી ટુકડી ગઈ. તે પણ ન આવી આમ એક પછી એક ટુકડી પાછી ન આવતાં બહેનોની ટુકડી ગઈ. તેમને રોકવા પોલીસ તૈયાર જ ઊભી હતી. બહેનોની ટુકડીને ઘેરી લઈ પોલીસે બંદૂક તાકતા કહ્યું કે એક પણ શબ્દ બોલશો તો શૂટ કરી દઈશું. પણ બહેનોએ ડર્યા વગર દૂર ઊભેલા ગામલોકોને ચેતવવા એક સાથે જોરથી બૂમ પાડી સંદેશો આપ્યો, **જોખમ છે સાચવજો!**



18 બહેનો સહિત બધા આગેવાનોની પોલીસે ધરપકડ કરી. કસ્ટડીમાં માર પણ માર્યો. કર્નલ પ્રતાપ સાવે બીમાર હતા. તેમણે પોલીસને જાણ કરી છતાં ડી.એસ.પી. અમીને તેમને પણ માર્યા અને તેઓ બેભાન થઈ ગયા છતાં તેમને કોઈ પ્રકારની સારવાર આપવાનો પોલીસે ઈન્કાર કર્યો. ત્યાર બાદ તેઓએ ક્યારેય આંખો ન ખોલી અને બેભાન અવસ્થામાં 20મી મે એ તેમનું મૃત્યુ થયું. આ દરમ્યાન પોલીસે ગામમાં એટલો અત્યાચાર ને આતંક મચાવ્યો કે કર્નલ સાવેની અંતિમ ક્રિયામાં જતાં પણ લોકો ડરતા હતા. ત્યારે ફરીથી બહેનોએ પહેલ કરી અને પોલીસની નજર ચૂકવીને 3-4 કિ.મી. ચાલીને તેમની અંતિમ ક્રિયામાં હાજરી આપી. કર્નલ સાવેના પોલીસ કસ્ટડીમાં થયેલ મોત અંગેની એફઆઈઆર પણ બહેનોએ જ લખાવી.

*ફરઝાના:* ખરેખર આ બહેનોમાં આટલી હિંમત અને બહાદુરી કઈ રીતે આવ્યાં હશે!

*એકતા:* બહેનોમાં હિમ્મત ને બહાદુરી હોય છે જ પણ સમાજ તેને બહાર નથી આવવા દેતો. અને માછીમાર સમુદાયમાં તો ધંધા રોજગારમાં પણ સ્ત્રીઓની અડધો-અડધ ભાગીદારી હોય છે. પુરુષો દરિયામાંથી માછલાં પકડે પણ તેને સાફ કરવાનું, જુદાં

પાડવાનું ને બજારમાં વેચવાનું કામ સ્ત્રીઓ જ કરતી હોય છે. જ્યારે પોતાની રોજી-રોટી બચાવવાની વાત હોય ત્યારે તેઓ કઈ રીતે પાછળ રહી શકે?

*રેશ્મા:* અમને આ બહાદુર બહેનોનાં નામ તો જણાવો.

*એકતા:* કિનારા બચાવો આંદોલનની કેટલીક બહાદુર બહેનોનાં નામ તમને જણાવું જેમ કે, આભાબહેન ટંડેલ, નર્મદાબહેન, ઊર્મિલાબહેન, યશોદાબહેન, કલાવતી બહેન વગેરે.

*આશા:* ખરેખર ગુજરાતના ખૂણે ખૂણે લડાયક બહેનોની ખોટ નથી.

*કમલા:* હા. આજે તો ઘરે જવાનું પણ મન નથી થતું. અમને હજુ એક લડત વિશે જણાવોને.

*અમન:* હું તમને પૂર્વ ગુજરાતના ઓખા મંડળમાં થયેલ એસ.ઈ.ઝોન સામેની લડતની વાત કરીશ.

*નીરુ:* કેવા ઝોન સામે?

*એકતા:* એસ.ઈ.ઝેડ. એટલે સ્પેશિયલ ઈકોનોમિક ઝોન. એવો ખાસ જાહેર કરેલો વિસ્તાર કે જેમાં દેશ વિદેશના ઉદ્યોગો માટે ખાસ સુવિધાઓ હોય. કરવેરાના લાભ હોય અને ખાસ તો તેમને ભારતના બંધારણના મજૂર કાયદાઓ લાગુ ના પડે.

*ફરઝાના:* આ તો જાણે દેશની અંદર જ પરદેશની જમીન!

*અમન:* અને તે પણ દેશના મજૂરોના હિતના ભોગે! તો સાંભળો પોશિત્રાની વાત.

## પોશિત્રા સ્પેશિયલ ઈકોનોમિક ઝોન સામેનો સંઘર્ષ

ઓખા મંડળના કુદરતી રીતે ખૂબ જ સમૃદ્ધ દરિયાઈ વિસ્તાર પોશિત્રાને નેશનલ મરીન પાર્ક તરીકે જાહેર કરવામાં આવેલ છે. આ દરિયામાં દુર્લભ કહી શકાય તેવા દરિયાના જીવ, વનસ્પતિ અને સાચાં મોતી પણ મળે છે. આવા વિસ્તારમાં સરકારે બંદર વિકસાવવાના નામે એસ.ઈ.ઝેડ. માટે જમીનો સંપાદન કરવાનું શરૂ કર્યું.

તબક્કા વાર 43 ગામોની જમીનો કબજે કરવાનું આયોજન હતું. તે માટે સરકારે ગરીબ-અશિક્ષિત ખેડૂતોને નોટિસો આપવા માંડી. આ વાતની જાણ વિસ્તારમાં કામ કરતા ગ્રામ વિકાસ ટ્રસ્ટ તેમજ ઉન્નતિના કાર્યકરોને થઈ. તેમણે એસ.ઈ.ઝેડ.ની યોજના અંગે વધુ માહિતી મેળવી અને ગામે ગામ મિટિંગો કરી જાગૃતિ ફેલાવવાની શરૂઆત કરી. જમીન પર જ

જેમનો જીવનનિર્વાહ હોય તેવા હજારો ખેડૂતોએ નક્કી કર્યું કે, જમીન અમારી મા છે અમે તેને વેચીશું નહીં. ઓખા મંડળ ખેડૂત ગ્રામ બચાવ સંકલન સમિતિ બનાવી તેમાં હજારો ખેડૂતો જોડાયા. જેમને જમીનો ખરીદવી હતી કે વેચાવવી હતી તેવાં સ્થાપિત હિતોએ જાત જાતની લાલચો, ધાક-ધમકી અને ગેરમાર્ગે દોરતાં દબાણો કર્યાં છતાં ગામલોકો મક્કમ રહ્યા. વિસ્તારનાં મહિલા મંડળોએ આગેવાનીમાં મહત્ત્વનો ભાગ ભજવ્યો.

15 ગામના લોકોએ સહી કરી દેશના વડાપ્રધાન, ગુજરાતના મુખ્યમંત્રી, કલેકટર, મામલતદાર સૌને આવેદનપત્રો મોકલ્યા.

કાગળ યુદ્ધ પછી 15 ગામોમાં ફરે તેવી મહારેલીનું આયોજન કરવામાં આવ્યું. તેમાં અસરગ્રસ્ત ગામના લોકો ઉપરાંત અન્ય ગામોના લોકો અને ગ્રામ વિકાસ ટ્રસ્ટ, ઉન્નતિ, આનંદી, જનપથ, ચરખા, જન સંઘર્ષ મંચ જેવાં સંગઠનોના ગુજરાતના જાણીતા કર્મશીલો પણ જોડાયા.

આંદોલન સતત ચલાવવા નક્કી કરવામાં આવ્યું કે દર સોમવારે એક એક ગામના લોકો મામલતદાર કચેરી દ્વારકા ખાતે પ્રતીક ઉપવાસ કરે. દોઢ વર્ષ સુધી આ આંદોલન ચાલ્યું. અંતે ગુજરાત હાઈકોર્ટમાં જનપથ અને જનસંઘર્ષ મંચના સહકારથી કેસ દાખલ કરવામાં આવ્યો. ચુકાદો લોક લડતની તરફેણમાં આવ્યો અને 15 ગામના ખેડૂતોની જમીનો બચી ગઈ.

*શકરી:* આ સંઘર્ષમાં બહેનોની કોઈ ખાસ ભૂમિકા હતી?

*એકતા:* તમને કહ્યું તેમ દરેક લડતમાં ગામે ગામનાં મહિલા મંડળોની ભૂમિકા ખૂબ સક્રિય હતી. અને બહેનોના આગવા કાર્યક્રમો પણ યોજાયા હતા. આવા જ એક કાર્યક્રમમાં 300 બહેનોનું સરઘસ કાઢી મામલતદાર કચેરીએ આવેદન પત્ર આપવા જતાં તેના આગેવાન સરોજબહેન કેર પર હૃદયરોગનો હુમલો થયો અને તેમનું કરુણ અવસાન થયું.

આવા જ પ્રશ્નો આજે ગુજરાતનાં અનેક ગામોમાં જોવા મળે છે. એક બાજુ જંગલ-જમીન-પાણીની અછત છે તો બીજી બાજુ દેશી-વિદેશી મહાકાય ઉદ્યોગો ગામની સામૂહિક માલિકીનાં કુદરતી સંસાધનો પર પોતાનો કબજો જમાવી રહ્યા છે. ગ્રામ પંચાયતો પણ જ્યારે પૈસા માટે આ સંસાધનો

કંપનીઓને વેચી રહી છે ત્યારે પોતાનું જીવન ટકાવી રાખવા માટે સ્ત્રીઓને પંચાયતો, સરકાર અને ઉદ્યોગો સામે સંઘર્ષમાં ઊતર્યા વગર છૂટકો જ નથી. દિવસે દિવસે આ પ્રકારના સંઘર્ષ વધુ ને વધુ તીવ્ર બની રહ્યા છે.

*અમનઃ* માત્ર ગામડાંઓ જ નહિ, શહેરોને સુંદર બનાવવા માટે લારી-ગલ્લા અને ઝૂંપડાંઓ પર ફેરવાતાં બુલડોઝરોને કારણે શહેરી વિસ્થાપનનો પ્રશ્ન પણ એટલો જ ઉગ્ર બન્યો છે. અમદાવાદનો રીવરફ્રન્ટ પ્રોજેક્ટ હોય કે સુરત, વડોદરામાં રસ્તાઓ પહોળા કરવા, ઓવરબ્રીજ બનાવવા કે મોટા મોટા બિલ્ડિંગો બનાવવા બિલ્ડરોને જમીનો વેચવા માટે ઝૂંપડાઓ તોડાતાં હોય ત્યારે તે તમામ લડતોમાં સ્ત્રીઓની સહભાગિતા જ નહીં, આગેવાની પણ જોવા મળે છે.

*નીરુઃ* આજે ઘણું જાણવા મળ્યું અને હજુ વધુ જાણવું છે પણ હવે મોડું થયું છે આજે કયા ગીતથી મિટિંગની પૂર્ણાહુતિ કરીશું?

*અમનઃ* આજે વિકાસનીતિ પરનું એક ગીત આપણે ગાઈશું.

## દેશ હિત કે નામ પર...

દેશ હિત કે નામ પર ઈન્સાન લાખોં ઉજડેંગે
ઐસી આઝાદી પે બોલો ગર્વ ક્યા કર પાયેંગે।
આદિમ થીં જો સંસ્કૃતિ પીઢિયોં પલી વો જિંદગી
વન વનાંચલ જીવ જીવન, જોર જબરન કુચલેંગે
ઐસી...

ચુપચાપ સહતી તાકતી, યે પૂછતી હૈ પ્રકૃતિ
જાગ જા રે ભોગવાદી, તુમ હમ નિચૌડ જાયેંગે
ઐસી...

મુઠ્ઠી ભરે લુટતે ચલે, લાખોં કરોડો હાથ ફૈલે
ઐસે બંટવારે જહાં પર, ન્યાય હી કહલાયેંગે
ઐસી...
વિનાશ કો વિકાસ માને, વો ફંસે હૈ જાલ મેં
સચ બરતને વાલોં પે, જબ જેલગોલી બરસેગેં
ઐસી...

મત ચૂમ લો ઇસ ગીત કો, અબ જંજીરે ચકરા ભી દો
આઝાદ બંદે લડતે ચલે, આઝાદી કે હી રાસ્તે
ક્યોં ઉજડતે હી રહે હમ દેશ હિત કે વાસ્તે
દેશ હિત કે નામ પર ઇન્સાન લાખોં ઉજડેંગે
ઐસી....

# સશક્તિકરણ તરફ એક ડગલુંઃ વિકાસ કાર્યક્રમો, સ્વસહાય જૂથો, રાજકારણમાં ભાગીદારી

*રેશ્માઃ* ગયા વખતે આપણે જીવનનિર્વાહનાં સંસાધનો ઝૂંટવાઈ ન જાય તે માટેના સંઘર્ષની વાતો જાણી પણ વિકાસ કાર્યક્રમોમાં પણ સ્ત્રીઓ અને સ્ત્રી સંગઠનો સંકળાયેલાં છે તેમની વાત જણાવો ને.

*એકતાઃ* વિકાસ એટલે વધતી જતી રાષ્ટ્રીય આવક અને વધતું જતું ઉત્પાદન, એવા તર્ક પર આધારિત અર્થવ્યવસ્થાના વિરોધમાં ટકાઉ વિકાસ અથવા લાંબા ગાળાને ધ્યાનમાં રાખી થતો વિકાસ (સસ્ટેઈનેબલ ડેવલપમેન્ટ) અને માનવ વિકાસ પર આધારિત વિકાસના માપદંડોની વાત આજે સંગઠનો કરી રહ્યાં છે.

છેલ્લાં કેટલાંક વર્ષોમાં આનંદી, ઉત્થાન, સારથિ, કચ્છ મહિલા વિકાસ સંગઠન, મહિલા અંત્યોદય યોજના, સ્વાતિ, માહિતી, એ.કે.આર.એસ.પી., મારગ, બીહેવીયરલ સાયન્સ સેન્ટર વગેરે જેવા ગ્રામ વિકાસનાં વિવિધ પાસાંઓ અંગે કામ કરતાં સંગઠનોનો ઉદ્ભવ થયો છે. આ સંગઠનો સ્ત્રીઓનાં સ્થાનિક જૂથો બનાવી જે તે વિસ્તારની જરૂરિયાત અથવા સંસ્થાના હેતુઓ મુજબ પાણી-બળતણ-ચારાની સમસ્યા, સ્ત્રીઓના સ્વાસ્થ્યના સવાલો, બચત અને ધિરાણની મંડળીઓ, સહકારી મંડળીઓ, આર્થિક ઉત્પાદન માટેની મંડળીઓ વગેરે મુદ્દાઓને ધ્યાનમાં લઈ કામગીરી કરી રહ્યાં છે.

*કમલાઃ* તેઓ કઈ રીતે કામ કરે છે?

*એકતાઃ* એક અનુભવ ભાલ નળકાંઠાનો જોઈએ. આ વિસ્તારમાં દરબારો દ્વારા થતા આર્થિક-સામાજિક અને જાતીય શોષણ સામે 'ઉત્થાન' સંસ્થા સાથે સંકળાયેલાં બહેનોના બચત મંડળે અવાજ ઉઠાવ્યો. એક દિવસ એક દરબાર ઉઘરાણી કરવા

ગામમાં આવ્યો. એક દેવાદાર પાસે પૈસા નહોતા તો લાઠી વડે માર મારી દરબારે તેનો હાથ ભાંગ્યો. આ ગામમાં બહેનોનું મંડળ ખૂબ સક્રિય હતું. ગામની 200 બહેનો એકઠી થઈ અને દરબારને પકડ્યો. ગામના પુરુષોએ કહ્યું કે આને જવા દો પણ સ્ત્રીઓ મક્કમ રહી. દરબારને જાહેરમાં માર્યો. હવે વિસ્તારમાં દરબારોની દાદાગીરી અને વ્યાજ બંને ઓછાં થયાં છે. સ્ત્રીઓએ ત્યારબાદ પાણીનો સવાલ અને અન્ય સવાલો પણ ઉઠાવ્યા.

*નીરુ:* પણ હવે તો બહેનોનાં બચત જૂથોને કારણે દેવાનું વ્યાજ ભરવાના ને એવા બીજા ઘણા પ્રશ્નો દૂર થયા છે.

*કમલા:* તમે સ્વસહાય જૂથોની વાત તો નથી કરતાં ને? કહે છે કે આ જૂથોને કારણે બહેનોની જ નહીં, આખા કુટુંબની ગરીબી દૂર થાય છે.

*રેશ્મા:* અને બહેનોનું સશક્તિકરણ પણ થાય છે.

*એકતા:* તમારી વાતો પરથી તો લાગે છે કે સ્વસહાય જૂથો પણ જાણે કોઈ જાદુઈ લાકડી છે કે જે ગરીબી, બેકારી, પિતૃસત્તા એમ બધા જ પ્રશ્નો દૂર કરશે. દેશની અને વિદેશી સરકારો, નેતાઓ, નાણાં સંસ્થાઓ જ નહીં, મોટા ભાગનાં બિન-સરકારી સંગઠનો પણ આજે સ્વસહાય જૂથોની આસપાસ ફરી રહ્યાં છે.

*આશા:* તો શું તેનાથી સ્ત્રીઓને ફાયદા નથી થતા?



*એકતા:* કેટલોક ફાયદો થાય છે પણ તેને તમામ પ્રશ્નોના ઉકેલ તરીકે જોવાથી પાયાના પ્રશ્નો જેમના તેમ જ રહે છે.

*ફરઝાના:* જરા વિગતે સમજાવો ને.

*એકતા:* ભારતમાં સ્વસહાય જૂથોની શરૂઆત 1970 ને 1980ના દાયકામાં 'સેવા', 'વર્કીંગ વીમેન્સ ફોરમ' જેવાં અસંગઠિત ક્ષેત્રની શ્રમજીવી સ્ત્રીઓ સાથે કામ કરતાં સંગઠનોએ કરી હતી. તેમની સમજ એ હતી કે લોન મેળવવી તે સ્ત્રીઓના શ્રમજીવી તરીકેના અધિકારોનો એક ભાગ છે. કેટલાય અધિકારો માટે લાંબા સંઘર્ષ પછી સ્ત્રીઓની સ્થિતિ સુધરી હતી. અને એ પણ જોવા મળ્યું હતું કે આ ગરીબ સ્ત્રીઓ સમયસર દેવાની ચૂકવણી કરે છે. આવા જ અનુભવ બાંગ્લાદેશની ગ્રામીણ બેન્ક યોજનાના હતા. આ જોઈને સરકારોએ અને નાણાં ધીરનાર સંસ્થાઓએ આ ક્ષેત્રમાં ઝુકાવ્યું. આજે ભારતમાં 20 લાખ કરતાં પણ વધારે સ્વસહાય જૂથો બચત અને લોનની કામગીરીમાં જોતરાયેલાં છે.

*શકરી:* પણ તેમાં ખોટું શું છે ગરીબ સ્ત્રીઓને તો ફાયદો જ છે ને?

*એકતા:* સ્ત્રી સંગઠનોએ સ્ત્રીઓના અધિકારોની લડતના ભાગરૂપે સ્વસહાય જૂથો શરૂ કર્યાં હતાં. જ્યારે સરકાર દ્વારા બનાવાયેલાં જૂથો માત્ર બચત અને લોનની કામગીરીમાં જ અટવાયેલાં છે. તેઓ સ્ત્રીઓના બીજા અધિકારો અંગે ધ્યાન નથી આપતાં એટલું જ નહીં, તેને સરકારે પોતાની ગરીબી નાબૂદીની જવાબદારીમાંથી છટકવાનું હથિયાર બનાવી દીધું છે. જાણે કે સ્વસહાય જૂથો બનાવી દીધાં એટલે ગરીબી નાબૂદીની તેની ફરજ પૂરી થઈ ગઈ. અને નાણાં ધીરનાર સંસ્થાઓ તેને માઈક્રો ક્રેડિટનું નામ આપે છે. આ સ્વસહાય જૂથોને કારણે આટલી બધી ગરીબ સ્ત્રીઓ નાની નાની બચતો ભેગી કરવાનો ખર્ચો કર્યા વગર કે લોનનો હપતો ઊઘરાવવાની ઝંઝટમાં પડ્યા વગર જ આ બચતો દ્વારા તેઓ મોટા ઉદ્યોગોને વધારે વ્યાજે પૈસા ધીરી આસાનીથી નફો કમાય છે.


*નીરુ:* પણ તોય ગરીબ બહેનોનાં કુટુંબોને તો ફાયદો જ છે ને?


*એકતા:* બહેનોનાં કુટુંબોને ફાયદો છે પણ બહેનોને કેટલો ફાયદો છે?

*શકરી:* સાચી વાત. આ મારી પાડોશી મીનાના પતિ બેકાર હતા તેથી તેણે બચત મંડળોમાંથી લોન લીધી. તેને એમ કે લોન લઈને નાનકડી દુકાન કરે તો પતિ તેમાં કામ કરીને બે પૈસા કમાય. પણ તેના પતિને તો મહેનત કર્યા વગર ખાવાની આદત પડી ગઈ હતી. તેથી દુકાનમાં ધ્યાન ન આપ્યું. નુકસાન કર્યું ને દેવું તો માથા પર રહ્યું જ. હવે લોન હતી મીનાના નામે એટલે આજે બિચારી બે ઘરનાં કામ વધારીને દેવું ભરે છે.

*એકતા:* સાચી વાત. આપણાં કુટુંબોમાં બહેનો બચત કરે પણ પૈસાનો વહીવટ તો પુરુષ જ કરે એટલે લોનનું શું કરવું તે તેઓ જ નક્કી કરે અને મંડળોમાં પૈસા ન ભરે તો ખરાબ તો સ્ત્રીનું દેખાય એટલે સ્ત્રીઓ પરનો બોજો વધી જાય છે.

*કમલા:* એટલે કે બચતની સાથે કુટુંબના પુરુષપ્રધાન ભેદભાવો દૂર કરવાની કોશિશ કરીએ તો જ સ્ત્રીઓને ફાયદો થાય.





*એકતાઃ* બરોબર છે. કેટલીક સંસ્થાઓએ સ્વસહાય જૂથોની પ્રવૃત્તિને કુટુંબના ભેદભાવો કે સ્ત્રી પરની હિંસા ઉપરાંત, રોજગારીના અધિકાર, જંગલ-જમીન-પાણી, બળતણ પરના અધિકાર, શિક્ષણ કે સ્વાસ્થ્ય સેવાઓ મેળવવાના અધિકાર, અન્ન સુરક્ષા માટેની લડત અને પંચાયત સહિતની સ્થાનિક સ્વરાજની સંસ્થાઓમાં ભાગીદારી સાથે જોડી છે.

આમાંનાં ઘણા જૂથોને લાગ્યું કે સ્ત્રીઓના અનેક સવાલો તેમની પાસે સંસાધનોની માલિકી નથી તેને કારણે ઉદ્ભવે છે.

*નીરુઃ* એટલે?

*એકતાઃ* જો સ્ત્રીના નામે જમીન હોય તો કોઈ તેને ઘરમાંથી કાઢી શકે?

*આશાઃ* અરે, પછી તો કયો પતિ એવું કહેવાની હિમ્મત કરે કે નીકળ મારા ઘરમાંથી?

*એકતાઃ* આમ કેટલાંક સંગઠનોએ ભેગાં થઈ સ્ત્રીઓના નામે જમીન થાય તે માટે ઝુંબેશ ઉપાડી અને ઘણા કેસોમાં તેમને સફળતા પણ મળી. તેમણે જમીન માલિકીના કાયદા ને નિયમો સરળ ભાષામાં બહેનો સુધી પહોંચાડ્યા અને એક બાજુ બહેનોનાં સંગઠનો કર્યાં તો બીજી બાજુ સરકાર અને સરકારી અધિકારીઓ સાથે કામ કરી, સ્ત્રીઓની જમીન માલિકી સામેની વહીવટી ગૂંચો ઉકેલવાનું કામ કર્યું.

*શકરીઃ* આમાંથી એ શીખવા મળ્યું કે જે કામ સ્ત્રીઓ જાતે સંગઠિત થઈ પોતાના હિત માટે કરે તે જ કામ જ્યારે સરકારી કાર્યક્રમ બની જાય ત્યારે તેનું સાવ જુદું જ પરિણામ આવે છે.

*એકતાઃ* સાચી વાત. જ્યાં જ્યાં પણ સ્ત્રીઓના સમૂહ દ્વારા બચત મંડળોને સ્ત્રીઓના અલગ અલગ અધિકારોની લડતના ભાગરૂપે શરૂ કર્યાં છે ત્યાં સાચા અર્થમાં સશક્તિકરણની દિશામાં શરૂઆત થઈ શકી છે. નહીં તો સ્વસહાય જૂથો સ્ત્રીઓના શોષણનું એક સાધન બની જાય છે અથવા તો તેમનો ઉપયોગ પ્રચાર માટેની સભાઓમાં મોટી ભીડ બતાવવા માટે કરવામાં આવે છે.

*નીરુઃ* પણ એકતાબહેન, આપણે બસ લડ્યા જ કરવાનું અને સરકાર પાસે માગણીઓ જ કર્યા કરવાની? તેને બદલે આપણે જ સરકારમાં જઈએ તો કેવું?

*રેશ્મા:* પણ રાજકારણીઓ સ્ત્રીઓને સરકારમાં આવવા દેવા જ નથી માંગતા. તેથી તો મહિલા અનામતનો ખરડો હજુ સુધી પસાર નથી થવા દેતા.

*આશા:* હું તો માનું છું કે અનામતની ભીખ શા માટે માગવી? આપણે આપણી તાકાત પર જ ચૂંટણી લડવી જોઈએ!

*ફરઝાના:* એકતાબહેન તમે કેમ કાંઈ બોલતાં નથી?

*એકતા:* કેટલીક સ્ત્રીઓ સરકારમાં જાય તેથી સ્ત્રીઓના બધા જ પ્રશ્નોનો અંત તો ના આવે.

*નીરુ:* કેમ ન આવે? સ્ત્રીઓ સરકારમાં હોય તો સ્ત્રીઓના હિતમાં નિર્ણયો ન લઈ શકે?

*એકતા:* પણ સ્ત્રીઓનું હિત એટલે શું? શું બધી જ સ્ત્રીઓનાં હિતો સરખાં છે? અને જ્યાં સુધી વિકાસ નીતિ, અર્થતંત્રનું માળખું અને કુટુંબ તેમ જ સમાજની પિતૃસત્તાનો અંત ના આવે ત્યાં સુધી સ્ત્રીઓના પ્રશ્નો ઊકલી શકે ખરા? પણ તમે જે ચર્ચા કરી રહ્યાં છો તે પ્રશ્નો નવા નથી, આઝાદી પહેલાંથી આ પ્રશ્નોની ચર્ચા ચાલતી આવી છે.

*રેશ્મા:* અમને તેના વિશે કહો.

## રાજકારણમાં સ્ત્રીઓની ભાગીદારી અને મહિલા અનામત

*એકતા:* આઝાદી પહેલાં મહિલા અનામતનો મુદ્દો ઊઠ્યો હતો. તે વખતે મોટા ભાગની સક્રિય સ્ત્રીઓને લાગતું હતું કે સ્વતંત્રતા પછી સ્ત્રીઓને દરેક ક્ષેત્રે સમાન તક મળશે અને તેઓ રાજકારણમાં પણ આપોઆપ પ્રવેશ મેળવી શકશે તેથી અનામતની જરૂર નહીં રહે. પરંતુ આઝાદીની લડતમાં સ્ત્રીઓ મોટા પ્રમાણમાં સક્રિય હોવા છતાં આઝાદી પછી ચૂંટણીના રાજકારણમાં સ્ત્રીઓની હાજરી પાંખી જ રહી છે.

સમકાલીન આંદોલનની શરૂઆતના તબક્કામાં પણ મોટા ભાગના નારીવાદીઓને લાગતું હતું કે જો તેઓ ચૂંટણીના રાજકારણમાં પડી જશે તો સંઘર્ષનું રાજકારણ મોળું પડી જશે. વળી, અનામત સ્થાનો પર સ્ત્રીઓ આવવાથી સ્ત્રીઓના પ્રશ્નો ઉકેલાશે તેવું પણ તેઓ માનતા ન હતા. પણ આજે પરિસ્થિતિ બદલાઈ છે. ચૂંટણીનું રાજકારણ જે રીતે ચાલ્યું છે તેમાં સ્ત્રીઓ બહાર જ રહી ગઈ છે અને સીધાં, સકારાત્મક,

પગલાં ભર્યા વગર તેમાં ફેરફાર થાય તેવી કોઈ શક્યતાઓ દેખાતી નથી. અને તેથી ઘણા કાર્યકરોને લાગે છે કે સ્ત્રીઓના પાયાના પ્રશ્નો ના ઊકલે તો પણ રાજકારણમાં સ્ત્રીઓની ઔપચારિક કે સંખ્યાની સમાનતા માટે પણ અનામતની જરૂર છે.

*શકરી:* પણ હાલમાં મહિલા અનામતનો વિરોધ કોણ કરે છે ને તરફેણ કોણ કરે છે?

*એકતા:* જ્યારે બંધારણના 81મા સુધારા હેઠળ સ્ત્રીઓને લોકસભા અને વિધાનસભામાં 33 ટકા અનામતની જોગવાઈ માટેની ચર્ચા શરૂ થઈ ત્યારે તમામ પક્ષની સ્ત્રીઓએ પક્ષોના રાજકારણથી ઉપર ઊઠી તેની તરફેણ કરી અને તમામ પક્ષના પુરુષોએ તેમની વાતોને સમર્થન તો આપ્યું પરંતુ વાસ્તવમાં તેનો વિરોધ કર્યો. લોકસભામાં ધાંધલ-ધમાલ મચાવી વરવાં દૃશ્યો ઊભાં કર્યાં અને પોતાનું પુરુષપ્રધાન માનસ છતું કર્યું. શરદ યાદવ, રામવિલાસ પાસવાન અને લાલુ પ્રસાદ જેવા નેતાઓએ શરત મૂકી કે જો મહિલા અનામતમાં અન્ય પછાત જ્ઞાતિની અને લઘુમતીની સ્ત્રીઓને માટે ખાસ અનામત રાખવામાં આવે તો જ તેઓ આ સુધારાની તરફદારી કરશે.

*આશા:* પણ સ્ત્રી એટલે સ્ત્રી. તેમાં આવા ભાગલા શા માટે પડવા જોઈએ?

*એકતા:* તમારી જેમ જ નારી આંદોલનના એક પ્રવાહનું માનવું છે કે આ નારી આંદોલનમાં ભાગલા પાડવાની નીતિ છે. માટે તેનો વિરોધ કરવો જોઈએ. જ્યારે બીજો પ્રવાહ માને છે કે રાજકારણીઓ પોતાના સ્ત્રી-વિરોધી માનસને કારણે આ મુદ્દો ઉઠાવતા હોય ત્યારે પણ તેમની દલીલ અંગે વિચાર તો કરવો જ જોઈએ. મહિલા અનામતમાં કહેવાતી ઉચ્ચ જ્ઞાતિની શિક્ષિત સ્ત્રીઓ જ પોતાનું વર્ચસ્વ જમાવશે અને લઘુમતી તેમ જ અન્ય પછાત વર્ગની સ્ત્રીઓને તેમાં યોગ્ય પ્રતિનિધિત્વ નહીં મળે એ વાતમાં તથ્ય છે.

*શકરી:* સાચી વાત. આપણે પહેલાં પણ ચર્ચા કરી જ હતી કે બધી સ્ત્રીઓનાં હિતો સરખાં નથી.

*રેશ્મા:* બરોબર. સ્ત્રીઓ પણ વર્ગ, જ્ઞાતિ, ધર્મ, સંસ્કૃતિ પ્રમાણે વહેંચાયેલી છે.

*એકતા:* આમાંથી બે મહત્ત્વના પ્રશ્નો ઊભા થયા. એક, સ્ત્રીઓના અનામત સ્થાન પર ચૂંટાયા પછી તેઓ સ્ત્રીઓના હિતનું પ્રતિનિધિત્વ કરશે કે પછી પોતાના કુટુંબના, પક્ષના, વર્ગના, જ્ઞાતિના કે ધર્મના પુરુષોનો હાથો બનીને રહેશે? અને બીજો પ્રશ્ન, શું સવર્ણ સ્ત્રી, દલિત સ્ત્રીનું પ્રતિનિધિત્વ કરી શકે ખરી? ઉચ્ચ વર્ગની શિક્ષિત સ્ત્રી ગામડાની શ્રમજીવી સ્ત્રીના પ્રશ્નોને સમજી શકે કે કેમ? અને ધર્મના આધારે પ્રતિનિધિત્વ ઉચિત છે કે કેમ? હજુ પણ આ ચર્ચાઓ ચાલુ જ છે.

*આશા:* પણ તો પછી પંચાયતમાં અનામત શા માટે આપી?

*કમલા:* લો વળી, સાદી વાત છે કે લોકસભામાં બેઠેલાઓને પંચાયતમાં સ્ત્રીઓ આવે તેથી તેમની ટિકિટ કપાવાનો ડર નથી તેથી તે કાયદો પસાર થવા દીધો પણ જો લોકસભામાં મહિલા અનામત આવે તો તેમની પોતાની ખુરશી જોખમમાં લાગે છે તેથી વિરોધ કરે છે.

*એકતા:* સાચી વાત. 1992માં બંધારણના 73મા સુધારા દ્વારા પંચાયતોમાં સ્ત્રીઓ માટે 33 ટકા અનામતની જોગવાઈ કરવામાં આવી. તેના અમલ પછી પ્રથમ વખત હજારો સ્ત્રીઓને ઔપચારિક રાજકારણમાં સીધો ભાગ લેવાની તક મળી.


*નીરુ:* પણ ખરેખર પંચાયતમાં તેમનું ચાલે છે ખરું?

*ફરઝાના:* કહે છે કે ઘણાં ગામોમાં તો સરપંચ ભલે સ્ત્રી હોય પણ તેના પતિ જ બધો વહીવટ કરતા હોય છે.

*કમલા:* હા. તેમને માટે 'સરપંચ પતિ' એવો શબ્દ પણ વાપરવામાં આવે છે.

*શકરી:* પણ બધી જ જગ્યાએ એવું નથી. કેટલાંક ગામોમાં મહિલા સરપંચોએ ખૂબ સારું કામ કર્યું હોવાની વાતો પણ વાંચવા મળી છે.

*આશા:* અને મેં તો એવું પણ વાંચ્યું છે કે જો કોઈ મહિલા સરપંચ સારું કામ કરે ને બીજાઓને પૈસા ન ખાવા દે તો તેમને હટાવવા માટે અવિશ્વાસની દરખાસ્ત પણ મૂકવામાં આવે છે.



*એકતાઃ* સાચી વાત, દક્ષિણ ગુજરાતમાં થયેલા એક અભ્યાસ મુજબ પંચાયતમાં ચૂંટાયેલી મોટા ભાગની મહિલાઓ જ્યારે પહેલી વખત રાજકારણમાં પ્રવેશે છે ત્યારે ઘણા ખરા કિસ્સામાં તેમને ઘરના પુરુષો મુખ્યત્વે પતિ કે સસરા દ્વારા જ ચૂંટણીમાં ઊભી કરવામાં આવી છે. તેથી સાચી સત્તા આ પુરુષો પાસે જ રહી છે. કોઈ આ મહિલાઓને પ્રશ્નો પૂછે તો પણ વાતચીતનો દોર આ પુરુષો પોતાના હાથમાં જ રાખે છે. જો કે, સ્ત્રીઓ માટે યોજાતા પરિસંવાદ, કાર્યશાળામાં સ્ત્રીઓની સક્રિય ભાગીદારી જોવા મળે છે. પરંતુ જ્યાં વિકાસનું કામ કરતાં સ્ત્રી સંગઠનોએ સક્રિય સ્ત્રીઓને ચૂંટણી લડવા પ્રોત્સાહિત કરી છે ત્યાં જુદું ચિત્ર જોવા મળે છે. પ્રથમ વખત ગુજરાતમાં સ્ત્રીઓના મુદ્દા પરના કાર્યકારી જૂથ (વર્કિંગ ગ્રૂપ ઓન વીમેન્સ ઈશ્યુસ) દ્વારા પંચાયતની બહેનોના મેળાનું આયોજન કરવામાં આવ્યું હતું. તેમાં ગુજરાતભરની 1200 જેટલી ચૂંટાયેલી બહેનો એકત્રિત થઈ અને પોતાના અનુભવો તથા પ્રશ્નોની આપલે કરીને

તેમાંથી આગળ વધવાનું બળ મેળવ્યું હતું. હવે ઘણાં સંગઠનો પોતાના કાર્ય વિસ્તારમાં પંચાયતમાં ચૂંટાયેલાં બહેનો સાથે કામ કરે છે અને ધીમે ધીમે પુરુષોના પડછાયામાંથી બહાર આવીને સ્ત્રીઓ સ્વતંત્ર નિર્ણય લેતી થઈ છે. તેઓનું સંકલન, 'મહિલા સ્વરાજ અભિયાન' પણ સક્રિય બન્યું છે.

રાજકારણમાં કામ કરનાર સ્ત્રીઓના ઘરના અને બહારના પુરુષપ્રધાન માળખા સામે સતત સંઘર્ષ કરવો પડે છે. તેમના ચારિત્ર્ય પર કાદવ ઉછાળવો, કુટુંબ કે જ્ઞાતિનું દબાણ લાવવું અને અવિશ્વાસની દરખાસ્તો લાવવાનો સિલસિલો ચાલુ જ છે. પણ તેમ છતાં પોતાના સ્વતંત્ર નિર્ણયથી રાજકારણમાં આવેલી સ્ત્રીઓના અનુભવો અને તેમની સંખ્યા પણ નોંધપાત્ર બનવા માંડ્યાં છે તો સાથે કેટલાક બીજા પ્રશ્નો પણ ઊભા થયા છે.

*રેશ્મા:* કેવા પ્રશ્નો?

*એકતા:* કેટલેક ઠેકાણે એવા અનુભવો પણ થયા છે કે અનામતને કારણે સ્વૈચ્છિક સંસ્થાના બોલકા કાર્યકરોને કોમવાદી-જ્ઞાતિવાદી પક્ષોએ પોતાની તરફ ખેંચી લીધા હોય. તો કેટલીક સંસ્થાઓએ પોતાના કાર્યકર કોઈ રાજકીય પક્ષમાં જોડાય તેને કારણે તેમને સંસ્થામાંથી છૂટા કર્યા હોય તેવું પણ જોવા મળ્યું છે.

*શકરી:* પણ સંસ્થાના કાર્યકરમાં એટલી સમજ ના હોય કે કોમવાદી પક્ષમાં ન જોડાવાય?

*એકતા:* ઘણી વાર મહિલા સશક્તિકરણના કાર્યક્રમોમાં સ્ત્રીઓને મુખ્ય તાલીમ જાહેરમાં બોલતી થાય તે અંગેની આપવામાં આવે છે. પણ આપણે બોલવાની તાલીમ આપીએ તેથી તેઓ સ્ત્રીઓના હિતમાં જ બોલશે તેવું જરૂરી નથી. સ્ત્રીઓ રાજકારણમાં આવે અને બોલતી થાય તે જ નહીં પણ તેઓ કોના હિતમાં બોલે છે તે મહત્ત્વનું છે.

*કમલા:* હાસ્તો! નહીં તો આપણે બહેનોને તૈયાર કરીએ અને તેમનો ઉપયોગ રાજકીય પક્ષો આપણી જ સામે કરે.

*ફરઝાના:* જાણે કે 'આ બલા પકડ ગલા'...

*નીરુ:* કે પછી દૂધ પાઈને સાપ ઉછેરવા જેવું....

*એકતા:* માટે જ જો આપણે રાજકારણમાં સાચા અર્થમાં સ્ત્રીઓના હિતમાં નિર્ણયો લેવાય એવું ઇચ્છતા હોઈએ તો સ્ત્રીઓ સહિત તમામ સીમાન્ત સમૂહોના માનવ અધિકારને ટેકો આપે તેવા નારીવાદી રાજકારણની સમજ ધરાવતા કાર્યકરોને તૈયાર કરવા પડે. આપણી તાલીમમાં કાર્યકરોને સ્ત્રીઓના પ્રશ્નો ઉપરાંત કોમવાદી-જ્ઞાતિવાદી વિચારધારા મૂળભૂત રીતે જ સ્ત્રીઓનાં લાંબા ગાળાનાં હિતોની વિરોધી છે તેની ઊંડી સમજ આપવી જરૂરી બની જાય છે. સમાજનાં તમામ પ્રગતિશીલ આંદોલનો સાથે નારી આંદોલનના સંબંધ બંધાય અને તેમના પ્રશ્નો અંગેની સમજણ કાર્યકરોમાં વિકસે તે આ તબક્કે અનિવાર્ય બની જાય છે.

*આશા:* તમે કયાં કયાં આંદોલનોની વાત કરો છો?

*રેશ્મા:* આ વાત આપણે હવે પછીની મિટિંગમાં કરીશું. આજની મિટિંગના અંતમાં હું એક સરસ રાજસ્થાની ગીત ગવડાવું છું.

# બહેના ચેત સકે તો ચેત

બહેના ચેત સકે તો ચેત
જમાનો આયો ચેતન રો
એક દો જો પહલે ચેતી
કુછ ના ફરકો આયો
દો ચાર કે ચેતને સે કુછ ઝનકરો આયો
અરે! ગાંવો કી સબ બહેના ચેતી
ધરતી પલટો ખાયો...
બહેના ચેત સકે તો...



ટાબર-ટુબર રોટી માંગે
ધંધો કરણો પડશી
પ્રેમ એકતા સભી બઢાવો
સાથ નિભાણો પડશી
અરે! સાહેલીઓ કે સાથ સાથ
સંઘ બનાણો પડશી
બહેના ચેત સકે તો ચેત...

# વિવિધતાનો સ્વીકાર, વિભાજકતાને જાકારો

*ફરઝાના:* એકતાબહેન, આજે આપણે કયા આંદોલનો સાથે નારી આંદોલનને જોડાણ કરવાનું છે તેની વાત કરીશું ને?

*એકતા:* તમામ સીમાંત સમૂહો જેમ કે, શ્રમજીવીઓ, દલિતો, આદિવાસીઓ, લઘુમતીઓ, વિકલાંગ લોકો, પીડિત પ્રજાઓ, યૌન વ્યાપારમાં જોડાયેલી સ્ત્રીઓ અને અલગ પ્રકારની જાતીય પસંદગીને કારણે હાંસિયામાં મુકાયેલી મહિલાઓ, વગેરે તમામ આંદોલનો સાથે નારી આંદોલનને અતૂટ સંબંધ છે.

*શકરી:* તમે કેટલાં બધાં નામ બોલી ગયાં! તેમાંથી શ્રમજીવી, દલિત, આદિવાસી, લઘુમતીની વાત તો સમજાઈ. તેમના સંઘર્ષ વિશે આપણે ચર્ચા પણ કરી છે પણ બાકીનાં અડધાં નામોમાં મને કાંઈ સમજ ન પડી.



*નીરુ:* વિકલાંગ એટલે અપંગ લોકો ને? પણ આ પીડિત પ્રજાઓ એટલે શું?

*આશા:* અને યૌન વ્યાપારમાં જોડાયેલી સ્ત્રીઓ એટલે તમે વેશ્યાઓની વાત તો નથી કરતા ને?

*કમલા:* અલગ પ્રકારની જાતીય પસંદગી એટલે?

*રેશ્મા:* ને આટલાં બધાં અલગ અલગ આંદોલનો સાથે સંબંધ કેવી રીતે બંધાય અને તે બધાના વિશે જાણકારી પણ કેવી રીતે મળે?

**વિકલાંગ સ્ત્રીઓના પ્રશ્નો**

*એકતા:* અરે તમે તો પ્રશ્નોનો મારો ચલાવ્યો છે. આપણે એક પછી એક તેમના વિશે જોઈશું. સૌથી પહેલાં નીરુબહેને જે શબ્દ વાપર્યો તેની વાત કરીશું. માનવ અધિકારમાં માનતા લોકો તેમના માટે વિકલાંગ શબ્દ વાપરે છે, અપંગ નહીં.

*ફરઝાના:* તેથી શું ફેર પડે?

*એકતા:* કારણ કે અપંગ શબ્દમાં એક પ્રકારની લાચારી છે. તેની પાછળ એવો વિચાર છે કે સમાજે તેમના તરફ દયા કે અનુકંપા રાખવાં જોઈએ.

*નીરુ:* અરે! કેટલાક લોકો તો દયા પણ નથી રાખતા કારણ કે પુરાણોમાં લખ્યા મુજબ તેઓ માને છે કે ગયા જન્મમાં તેમણે કોઈ પાપ કર્યાં હશે માટે જ આ જનમમાં આવો શાપ મળ્યો છે.

*કમલા:* અને કેટલાક લોકો તેમને મજાકનું સાધન બનાવી દે છે.

*એકતા:* પરંતુ આપણે માનીએ છીએ કે મોટા ભાગના લોકો કરતાં જુદી શારીરિક ક્ષમતા કે દેખાવ ધરાવનાર લોકોના પણ એટલા જ અધિકાર છે જેટલા બીજા નાગરિકોના. એક સ્ત્રી તરીકે આપણે સારી રીતે જાણીએ છીએ કે પુરુષપ્રધાન સમાજમાં નોર્મલ અથવા સામાન્ય માનવશરીર એટલે પુરુષનું શરીર એવું માનવામાં આવે છે અને તેમના કરતાં અલગ શરીર ધરાવતી સ્ત્રીઓને ઊતરતી માનવામાં આવે છે. એક 'અબળા' તરીકે તેમની દયા ખાવામાં આવે છે અને તેમને કોઈ વિશેષ સગવડ આપવામાં આવે તો સમાન નાગરિક તરીકેના અધિકારથી નહીં પણ નબળા જૂથ તરીકે તેમનું કલ્યાણ કરવાનું હોય તે રીતે સરકાર કે સમાજ તેમની સાથે

વર્તે છે. તે જ રીતે અલગ પ્રકારનાં અંગો ધરાવનાર લોકોની શારીરિક ક્ષમતા અલગ છે પણ બીજા કરતાં ઊતરતી નહીં. તેમને પણ આ સમાજમા સમાન નાગરિક તરીકે જીવવાનો અને તમામ સગવડો મેળવવાનો અધિકાર છે.

*શકરી:* સાચી વાત. આપણે સ્ત્રીઓ આ વાત નહીં સમજીએ તો કોણ સમજશે?

*એકતા:* ઉપરાંત વિકલાંગ સ્ત્રીને વિકલાંગ પુરુષ કરતાં તેમજ બીજી સ્ત્રીઓ કરતાં એમ ત્રેવડા પ્રશ્નોનો સામનો કરવો પડે છે.

*આશા:* સાચી વાત. આમેય કુટુંબમાં છોકરીઓની કાળજી રાખવામાં આવતી નથી તો પછી વિકલાંગ છોકરીની કોણ દરકાર કરે?

*રેશ્મા:* પણ વિકલાંગ સ્ત્રીઓના પ્રશ્નો બીજી સ્ત્રીઓ કરતાં જુદા કઈ રીતે છે?

*એકતા:* દરેક સ્ત્રીને જે પ્રશ્નોનો સામનો કરવો પડે છે તે વિકલાંગ સ્ત્રીને પણ કરવો જ પડે છે. ઉપરાંત, અલગ પ્રકારની શારીરિક ક્ષમતા હોવાને કારણે તેમને કુટુંબ કે સમાજ પરનો બોજ ગણી જાતજાતની હિંસાનો ભોગ બનાવવામાં આવે છે. આર્થિક રીતે તેઓ બીજા પર નિર્ભર રહેવા માટે મજબૂર બને છે કારણ કે જાહેર સ્થળોએ કે કામના સ્થળે જવા માટે મુસાફરી કરવામાં, દાદરા ચઢવામાં, કોઈ પણ સાધનનો ઉપયોગ કરવામાં તેમને તકલીફ પડે છે. તેનું મુખ્ય કારણ એ છે કે આ તમામ સાધનો, વાહનો, દાદરોની ઊંચાઈ મોટે ભાગે સરેરાશ પુરુષને ધ્યાનમાં રાખીને કરવામાં આવે છે.

*કમલા:* સાચી વાત. કેટલીક વાર તો આપણને સામાન્ય સ્ત્રીઓને પણ તે સાધનોની ઊંચાઈ વધારે પડે છે.

*નીરુ:* અરે, ગયા વર્ષે પડી ગઈ ત્યારે મારા પગે પ્લાસ્ટર કરવું પડ્યું હતું તો દોઢ મહિના સુધી હું ક્યાંય પણ જઈ શકી ન હતી. ડોક્ટરે તો કહ્યું હતું કે તમે પ્લાસ્ટર સાથે બહાર જઈ શકો છો પણ જ્યાં જઈએ ત્યાં દાદર પર ટેકો દેવા કઠેરો ના હોય. રિક્ષામાં બેસવું હોય તો પણ પાટલી મૂકીએ ત્યારે ચઢી શકાય. અરે, આપણી ઓફિસનાં પગથિયાં પણ કેટલાં સીધાં છે અને ચઢવા માટે કોઈ ટેકો નથી. મારે તો દોઢ મહિનો જ હતો એટલે જેમ તેમ કરીને દિવસો કાઢ્યા પણ જેને આખી જિંદગી કાઢવાની હોય તેનું શું? ત્યારે મને વિકલાંગોની તકલીફો વિશે ખબર પડી અને થયું કે આટલી નાની અને

સામાન્ય સગવડો આપણે ઊભી કરી શકીએ તો પણ કેટલી તકલીફ ઓછી કરી શકાય.

*ફરઝાના:* બરોબર છે. આપણી ઓફિસમાં એવી સગવડ ઊભી કરવાની આપણે શરૂઆત કરીશું.

*એકતા:* હા. જો આપણે અલગ પ્રકારની શારીરિક ક્ષમતા ધરાવતા લોકો જે કામ સારી રીતે કરી શકે તેમ હોય તે કરવાની સગવડ પૂરી પાડીએ તો તેમને પણ જિંદગીમાં આગળ વધવાની તક મળે અને એક સમાન નાગરિક તરીકે હક્કપૂર્વક જીવી શકે.

**અલગ જાતીય પસંદગી**

*આશા:* તમે અલગ પ્રકારની જાતીય પસંદગીની વાત કરી તેનો અર્થ શું?

*રેશ્મા:* તમે સજાતીય સંબંધોની વાત તો નથી કરતા ને?

*નીરુ:* હાય...હાય. આજકાલની છોકરીઓને આવું બોલતાં શરમ પણ નથી આવતી?

*કમલા:* શરમ શા માટે આવે?

*ફરઝાના:* કારણ કે તે કુદરતની વિરુદ્ધની વાત છે.

*એકતા:* તમે કઈ રીતે કહી શકો કે આ કુદરતની વિરુદ્ધની વાત છે?

*નીરુ:* કુદરતે નર અને માદા બે જાતિ બનાવી તેમની વચ્ચે આકર્ષણ મૂક્યું છે કે જેથી વંશવેલો આગળ ચાલી શકે.

*શકરી:* પણ બે જ જાતિ ક્યાં છે? કુદરતે તો ત્રીજી જાતિ પણ બનાવી છે.

*ફરઝાના:* હીજડાઓની તો વાત જ જુદી છે. એ તો શાપિત આત્માઓ છે.

*એકતા:* માણસ માણસ વચ્ચેના ભાવનાત્મક સંબંધોનો હેતુ માત્ર વંશવેલો આગળ વધારવાનો જ નથી. પરસ્પરને હૂંફ, લાગણી અને આનંદ આપવાનો પણ છે. અને કુદરતે જાતીયતાની દૃષ્ટિએ માત્ર ત્રણ જ જાત નથી બનાવી. તેણે ઘણી વિવિધતાને જન્મ આપ્યો છે. પણ આપણા પુરુષપ્રધાન પિતૃસત્તાક સમાજમાં સ્ત્રી-પુરુષ વચ્ચેના વિજાતીય આકર્ષણને જ સામાન્ય જાતીયતા ગણવામાં આવે છે.

*રેશ્મા:* ના... ના, ખરેખર તો માત્ર પુરુષના સ્ત્રી તરફના આકર્ષણને જ સમાજ યોગ્ય માને છે.

*કમલા:* હા. જો કોઈ સ્ત્રીને આકર્ષણ થાય તો તેને ખરાબ કહેવાય છે.

*આશા:* ને વિજાતીય આકર્ષણ પણ તો જ માન્ય ગણાય જો તેઓ એક જ જ્ઞાતિ, પેટા જ્ઞાતિ કે ધર્મના હોય અને તેમની વચ્ચે કાયદેસરનાં લગ્ન થયેલાં હોય.

*એકતા:* સાચી વાત. છોકરી જો બીજી જ્ઞાતિ કે ધર્મના પુરુષ સાથે સંબંધ બાંધે તો પરિવાર અને કોમ કે જ્ઞાતિની ઈજ્જતને બચાવવા તેનું ખૂન કરતાં પણ પિતા કે ભાઈ અચકાતા નથી. આ બધું પિતૃસત્તાક કુટુંબને કાયમ રાખવા માટે નક્કી કરવામાં આવ્યું છે. તેમાં સ્ત્રી પુરુષના ઉપભોગનું માત્ર સાધન છે અને તેના માટે કાયદેસરનો વારસદાર પેદા કરનાર શરીર છે. તેની પોતાની ઇચ્છા-અનિચ્છા, ગમા-અણગમા કશું જ ન હોવું જોઈએ અને જો હોય તો તે સારી સ્ત્રી ન કહેવાય.

*નીરુ:* આ બધી વાત બરોબર પણ તમારી સજાતીય સંબંધોની વાત મને પસંદ પડતી નથી. આ તો બધો પશ્ચિમનો વાયરો વાયો છે તેની જ અસર છે. શહેરની થોડી ભણેલી-ગણેલી છોકરીઓ સિવાય આવું બધું કોઈ વિચારતું નથી.

*શકરી:* ના હોં, એ વાત સાચી નથી. અમારા ગામમાં બે મજૂરિયાત છોકરીઓએ આપઘાત કર્યો હતો. લોકો કહે છે કે તેમની વચ્ચે 'ખરાબ સંબંધ' હતો ને તેમનાં માતા-પિતા તેમના લગન છોકરાઓ સાથે કરાવવા માંગતા હતા તેથી બાપડી બેય છોકરીઓએ આપઘાત કર્યો.

*રેશ્મા:* બરોબર. થોડા મહિના પહેલાં ગામડામાં કામ કરતી બે નર્સ બહેનોના આપઘાતની વાત પણ છાપામાં આવેલી.

*આશા:* ને હમણા થોડા દિવસ પહેલાં રાજપીપળાના રાજાના છોકરા વિશે છાપામાં બહુ છપાયું હતું. તેને સ્ત્રી પ્રત્યે નહીં પણ બીજા પુરુષ પ્રત્યે જ આકર્ષણ થયું હતું. તેના મા-બાપે પરણવા કહ્યું તો તેણે ના પાડી તેથી તેને મિલકતમાંથી વારસદાર તરીકે રદ કર્યો તો પણ તે એકનો બે ના થયો. કહે છે કે પછી તેનાં મા-બાપ માની ગયાં.

*કમલા:* હા. મેં પણ ક્યાંક વાંચેલું, તેનું નામ શું હતું?

*એકતા:* તમે રાજપીપળાના રાજા માનવેન્દ્રસિંહની વાત કરો છો? તમે વિચાર કરો કે જો આ છોકરો ચૂપચાપ પરણી ગયો હોત

અને પછી પત્નીને બાજુ પર મૂકી બીજા પુરુષ સાથે છાનોમાનો સંબંધ રાખત તો છાપે ના ચઢત, આટલી હો હો ના થાત પણ તેને આખી જિંદગી પોતાની લાગણી છુપાવીને નકલી જીવન જીવવું પડત અને તેની સાથે લગ્ન કરનાર છોકરીની જિંદગી તો ઝેર જ થઈ જાત ને? કેટલીય સ્ત્રીઓ આ રીતે લગન પછી ચૂપચાપ હિંસા અને અસ્વીકાર સહન કરીને જીવે છે અથવા આત્મહત્યા કરે છે. કારણ કે કુદરતે માત્ર બે જ નહીં ઘણા અલગ અલગ પ્રકારની જાતીયતાવાળા મનુષ્યો બનાવ્યા છે. આપણે તેમની વાત સમજવી જોઈએ અને તેમના આંદોલનને સાથ આપવો જોઈએ.

*આશાઃ* પણ અમને તેના વિશે ખાસ કાંઈ ખબર નથી તો અમને જણાવો.

*એકતાઃ* આ આંદોલનને ટૂંકમાં એલ.જી.બી.ટી. આંદોલન કહે છે. તેમાં બીજી સ્ત્રી પ્રત્યે આકર્ષણ ધરાવતી સ્ત્રીઓ એટલે લેસ્બીયન, બીજા પુરુષ પ્રત્યે આકર્ષણ ધરાવનારા પુરુષો એટલે ગે, જે સ્ત્રી અને પુરુષ બંને માટે આકર્ષણ ધરાવે છે તેવા બાયસેક્સ્યુઅલ, જેમનું શરીર સ્ત્રીનું હોય પરંતુ તે પોતાને પુરુષ સમજતા હોય અથવા તેનાથી ઊંધું હોય તેવા ટ્રાન્સજેન્ડર લોકો અને હીજડાઓનો સમાવેશ થાય છે.

*નીરુઃ* પણ આ કેટલાક અવળે રસ્તે ચઢેલા લોકોની એક પ્રકારની વિકૃતિ ના કહેવાય? આપણે તેને કઈ રીતે ટેકો આપી શકીએ?

*એકતાઃ* તમે જાણો છો તેના કરતાં સમલૈંગિક લોકોની સંખ્યા ઘણી મોટી છે. છેલ્લાં કેટલાંય વર્ષોથી દેશના અલગ અલગ ભાગોમાં, માત્ર શહેરોમાં જ નહીં, ગામડાંઓ અને આદિવાસી વિસ્તારોમાં પણ આ પ્રકારના સંબંધોની વાતો બહાર આવતી જાય છે. આટલા મોટા પ્રમાણમાં લોકો એવી લાગણી કુદરતી રીતે જ અનુભવતા હોય તો ખરેખર તો તેને દબાવવાથી વિકૃતિ પેદા થાય છે, નહિ કે તેનો સ્વીકાર કરવાથી.

*ફરઝાનાઃ* બહેન, પણ તેમના આંદોલનના મુદ્દાઓ કયા છે?

*એકતાઃ* સૌથી પહેલાં તો તેઓ માંગે છે કે તેમની લાગણીનો સ્વીકાર કરવામાં આવે કે જેથી તેઓને પોતાની અલગ પ્રકારની જાતીયતા છુપાવીને ના જીવવું પડે કે પરાણે વિજાતીય વ્યક્તિ

સાથે લગ્ન ના કરવું પડે. આજે તો મોટા ભાગના કેસમાં તેમને પરિવાર અને સમાજના લોકોની જ નહીં, પોલીસની હિંસાના પણ ભોગ બનવું પડે છે.

*રેશ્મા:* શા માટે પોલીસની હિંસાના ભોગ બનવું પડે છે?

*એકતા:* ભારતમાં ફોજદારી કાયદાની કલમ-377 મુજબ કોઈ વ્યક્તિ જો પુરુષ, સ્ત્રી કે પશુ સાથે અકુદરતી જાતીય સંબંધો બાંધે તો તેને આજીવન કેદની સજા થઈ શકે છે. આ કાયદામાં બળાત્કારના કાયદાની જેમ જ કુદરતી જાતીય સંબંધ એટલે પુરુષનું લિંગ સ્ત્રીની યોનિમાં પ્રવેશે તેવી સ્પષ્ટ વ્યાખ્યા કરવામાં આવી છે. તે સિવાયના કોઈ પણ સંબંધોને તેમાં અકુદરતી ગણાય છે. આ કાયદા મુજબ તો મુખ મૈથુન કે હસ્ત મૈથુન વગેરે પણ અકુદરતી છે અને ગુનો છે. તે પછી લગ્ન જીવનની અંદર પણ હોય અને બંને વ્યક્તિની સહમતિથી હોય તો પણ. જો કે, મોટે ભાગે તેનો ઉપયોગ સજાતીય સંબંધો ધરાવતા સ્ત્રી-પુરુષો ઉપર જ કરવામાં આવે છે અને તેમની પર પોલીસ દ્વારા અત્યંત ક્રૂર પ્રકારની જાતીય હિંસા, બળાત્કાર કે મારપીટ કરવામાં આવે છે. તેઓ કોઈ પણ ફરિયાદ નથી કરી શકતા. આમ, નથી સમાજ તેમને સ્વીકારતો કે નથી કાયદો તેમને માન્યતા આપતો અને છતાં છેલ્લાં થોડાં વર્ષોમાં એલ.જી.બી.ટી. આંદોલનમાં અનેક જાણીતા લોકો જોડાયા છે. આ મુદ્દા પર પુસ્તકો લખાયાં છે. ફિલ્મો બની છે અને તેમણે મુંબઈ, દિલ્હી, કલકત્તા જેવાં શહેરોમાં જાહેરમાં પોતાની રેલી-સરઘસ પણ કાઢ્યાં છે.

'સંયુક્ત રાષ્ટ્રો'એ પણ 1992માં પરિપત્ર બહાર પાડી તમામ દેશોને આ પ્રકારના ભેદભાવયુક્ત કાયદાઓ દૂર કરવા અપીલ કરી છે. દુનિયાના ઘણા દેશોમાં સજાતીય લગ્નોને માન્યતા મળી છે. અમેરિકા અને યુરોપના દેશોમાં જ નહીં પણ દક્ષિણ આફ્રિકા, ચીન, જાપાન જેવા દેશોમાં પણ તે કાયદેસર છે. આ દેશોમાં સજાતીય લગ્નો કરનાર દંપતીઓએ બાળકો દત્તક લીધાં હોવાના અને પોતાના જુદા પ્રકારનાં કુટુંબો સ્થાપ્યા હોવાના બનાવો વધતા જાય છે. ભારતમાં હજુ તે ગેરકાયદેસર છે પણ તેને કાયદેસર બનાવવા અંગે ચર્ચા શરૂ થઈ ગઈ છે.

**દેહ વ્યાપાર**

*નીરુઃ* તમારી વાત સાચી તો લાગે છે પણ સમાજ તેને સ્વીકારે તે સહેલું નથી.

*ફરઝાનાઃ* હા, આ વાત ગળે ઊતરવી મુશ્કેલ છે પણ થોડી થોડી સમજાય છે. ને તમે તો વેશ્યાઓના અધિકારની પણ વાત કરતાં હતાં, તો શું તેઓ પણ નારી આંદોલનનો ભાગ છે?


*એકતાઃ* હા, તેમના માટે જાતીયતા વેચવાના કાર્યમાં સંકળાયેલી સ્ત્રીઓ એવો શબ્દપ્રયોગ કરવામાં આવે છે.

*રેશ્માઃ* બરોબર છે. વેશ્યા શબ્દ જ જાણે સ્ત્રીને કોઈ હલકી કક્ષાની ચીજ બનાવી દે છે. પણ મોટા ભાગની સ્ત્રીઓને પરાણે આ કામ કરવું પડે છે. તેમાં તેમનો શું વાંક?

*ફરઝાનાઃ* પણ આને તે કાંઈ કામ કહેવાય? તેમણે બીજું કોઈ કામ શોધી લેવું જોઈએ.

*કમલાઃ* મને તો લાગે છે કે આ સ્ત્રી પર થતી એક જાતની હિંસા જ છે. તે કોઈ પણ રીતે બંધ થવી જ જોઈએ.

*એકતાઃ* નારી આંદોલમાં આ કામને કઈ રીતે જોવું તે અંગે જાતજાતના મત-મતાંતરો છે. પ્રથમ વાર આ મુદ્દો નારી આંદોલનના 7મા રાષ્ટ્રીય સંમેલનમાં જાહેરમાં ચર્ચાયો.



*શકરીઃ* નારી આંદોલનનાં રાષ્ટ્રીય સંમેલનો વિશે તમે વિગતે વાત કરવાનાં હતાં.

*એકતાઃ* હા, આપણે થોડા જ વખતમાં તેમની વાત કરીશું પણ પહેલાં આ ચર્ચા પૂરી કરીએ.

નારી આંદોલનના 7મા રાષ્ટ્રીય સંમેલનમાં આ મુદ્દા અંગેની પેનલમાં નીચે મુજબના વિચારો વ્યક્ત થયાઃ કેટલાક વક્તાઓ માનતા હતા કે શરીર/જાતીયતા વેચવી પડે તે સ્ત્રીઓ પરની હિંસાનો એક પ્રકાર છે જે કોઈ પણ સંજોગોમાં બંધ થવો જ જોઈએ. તો બીજા કેટલાકે કહ્યું કે અમે શરીર વેચવાના વ્યવસાયનું સમર્થન કરતા નથી પરંતુ મોજૂદ પિતૃસત્તાક સમાજમાં તેઓ પાસે આ જ વિકલ્પ હોય ત્યારે તેમના વ્યવસાયમાં તેમનું શોષણ ન થાય તે માટેના પ્રયત્નોમાં અમે તેમને સાથ આપીએ છીએ. તેમનું માનવું હતું કે જે રીતે પિતૃસત્તાક સમાજમાં લગ્ન-વ્યવસ્થામાં શોષણનો ભોગ બનેલી સ્ત્રીઓની લડતમાં આપણે સાથ આપીએ છીએ તે જ રીતે વેશ્યા વ્યવસાયમાં સંકળાયેલી સ્ત્રીઓના શોષણ સામેના સંઘર્ષમાં પણ આપણે સાથ આપવો જોઈએ. તેમને ગુનેગાર કે અનૈતિક ગણવાની માનસિકતામાં પરિવર્તન લાવવાની જરૂર છે.

જ્યારે કેટલાક એવા વક્તા પણ હતા કે જે પોતે જ શરીર/જાતીયતા વેચવાના વ્યવસાયમાં સંકળાયેલી સ્ત્રીઓના સંગઠનના પ્રતિનિધિ હતા. તેમણે સમગ્ર લગ્ન-વ્યવસ્થાને જ પડકાર ફેંક્યો કે સ્ત્રીઓની દૃષ્ટિએ જોઈએ તો સ્ત્રીની મરજી વિરુદ્ધ થતા લગ્ન અને અમારા કામમાં શું ફેર છે?

*આશાઃ* દલીલ તો સાચી જ છે. લગ્ન વ્યવસ્થા પણ એક પ્રકારની જાતીયતા વેચવાની રીત જ છે ને. પતિની ઇચ્છા સંતોષવાની પત્નીની ફરજ ને તેના બદલામાં તેને આશરો મળે.

*શકરીઃ* જાતીયતા વેચનાર સ્ત્રી તો કોઈ દિવસ ના પણ પાડી શકે પણ આપણે તો ના પણ ના પાડી શકીએ, ને આશરો પણ પતિ ઇચ્છે ત્યાં સુધી જ રહે, જ્યારે તેની મરજી ના હોય તો પત્ની ગમે તે ઉંમરે રસ્તે રઝળતી થઈ જાય. ના તો આપણા શરીર પર આપણો હક્ક કે ના તો આપણી કમાણી પર.

*આશાઃ* અરે, આપણાં બાળકો પણ આપણાં નહીં!

*એકતાઃ* તેમની દલીલ હતી કે જો તમે અમારા પુનર્વસનની વાત કરતા હોવ તો શા માટે નાની ઉંમરની, કુમળી છોકરીઓ કે જેમને પોતાની મરજી વગર પરણાવી દઈને જિંદગીભર તેમને પતિના આધારે જીવવાની ફરજ પાડવામાં આવે છે તેમના પુનર્વસનની વાત નથી કરતા? અમારા વ્યવસાયને અનૈતિક ગણો છો તો આવાં લગ્નોને અનૈતિક કેમ નથી માનતા? આવી છોકરીઓ કરતાં અમે વધારે સ્વતંત્ર છીએ અને પોતાના નિર્ણયો જાતે લઈ શકીએ છીએ. અન્ય વ્યવસાયની જેમ આ પણ એક વ્યવસાય જ છે જે અમને સ્વતંત્ર રીતે જીવવાની તક આપે છે અને તેને માત્ર નૈતિકતાના આધારે મૂલવવો જોઈએ નહીં.

*ફરઝાનાઃ* પણ જે સ્ત્રીને આ વ્યવસાયમાં પરાણે નાંખવામાં આવી હોય અને તેને તેમાંથી નીકળવું હોય તેનું શું?

*એકતાઃ* એક મુદ્દા પર સૌ સહમત છે કે સગીર વયની બાળાઓ આ વ્યવસાયમાં ન હોઈ શકે અને જેને તેમાંથી નીકળવું હોય તેને તેની આવડત મુજબ અન્ય કામ મળી રહે તેવી વ્યવસ્થા સમાજે કરવી જોઈએ. પણ જે આ વ્યવસાયમાંથી નીકળી શકે તેમ નથી અથવા નીકળવા માંગતા નથી તેમને પોતાનું સંગઠન બનાવીને પોતાના શોષણ સામે લડવાનો પૂરો અધિકાર છે અને આપણે તેમના કામને નૈતિકતાની રીતે ન જોવું જોઈએ.

*નીરુઃ* શક્ય છે કે સમાજમાં એવી વ્યવસ્થા ઊભી થાય કે દરેકને પોતાની શક્તિ અને આવડત મુજબનાં કામ મળી રહે, તો કદાચ ભાગ્યે જ કોઈ આ કામમાં પડે.

*એકતાઃ* તમારી વાત કદાચ સાચી હોઈ શકે પણ હાલના સમાજમાં જ્યાં દરેક વસ્તુ વેચાય અને ખરીદાય છે ત્યાં શા માટે બુદ્ધિ કે અન્ય આવડત વેચવી એ નૈતિક ગણાય અને જાતીયતા વેચવી તે અનૈતિક?

*કમલાઃ* હવે અમને પીડિત પ્રજાઓ વિશે કહો.

*એકતાઃ* આપણે આગળ જોયું તેમ આઝાદી પહેલાં ભારત અનેક ટુકડાઓમાં વહેંચાયેલું હતું. બ્રિટિશ ભારતના ઉત્તરે કાશ્મીર તેમ જ ઉત્તરપૂર્વના પહાડી પ્રદેશોમાં જાતજાતની પ્રજાઓ પોતાની રીતે રહેતી હતી.

*રેશ્મા:* ઉત્તરપૂર્વ એટલે 'સાત બહેનો' તરીકે જાણીતા આસામ, મણિપુર, મેઘાલય, નાગાલેન્ડ વગેરે સાત પ્રદેશોની તમે વાત કરો છો?

*એકતા:* હા. આ પ્રદેશોના ટુકડા આઝાદી પછીથી પાડવામાં આવ્યા પરંતુ તે પહેલાં તેમાં નાગા જાતિની પ્રજાની બહુમતી માટે ભારતની જ્ઞાતિપ્રથા પર આધારિત સમાજવ્યવસ્થા કરતાં તદ્દન અલગ પ્રકારની સંસ્કૃતિ અને સમાજવ્યવસ્થા ધરાવનાર આ પ્રદેશને અંગ્રેજોના ગયા પછી પોતાની સ્વાયત્તતા જોઈતી હતી. તે માટે બ્રિટિશરો સાથે એવા કરાર થયા હતા કે 10 વર્ષ સુધી નાગાલેન્ડને સંરક્ષિત દરજ્જો મળે અને ત્યાર બાદ તેઓ લોકશાહી પદ્ધતિએ ભારત સાથે જોડાવું કે નહીં તેનો નિર્ણય લઈ શકે. 1947માં બ્રિટિશરોના ગયા પછી ત્યાંની બંધારણસભા દ્વારા તેનું બંધારણ ઘડીને ચૂંટણીઓ પણ યોજવામાં આવી. પરંતુ ભારત સરકારે આ ચૂંટાયેલી લોકસભાને બાજુ પર મૂકી દીધી અને કહેવાય છે કે જોર-જબરજસ્તી તેમ જ સામ, દામ, દંડ અને ભેદનો ઉપયોગ કરી તેના રાજાને ભારત સાથે જોડાવા માટેના ઠરાવ પર સહી કરવાની ફરજ પાડી. તેના વિરોધમાં મણિપુરમાં ઊઠેલા લોક-આંદોલનને ભારત સરકારે લશ્કરની તાકાતથી કચડી નાંખ્યું અને લોકશાહીનું ગળું ઘૂંટી તેની ચૂંટાયેલી લોકસભાને વિખેરી નાંખવામાં આવી. આ વિસ્તારમાં લડાયક લોકોને ચૂપ કરવા ત્યાં, ધી આર્મ્ડ ફોર્સીસ સ્પેશ્યલ પાવર એક્ટ,



(એ.એફ.એસ.પી.એ.) 1958 દાખલ કરવામાં આવ્યો. આ કાયદા મુજબ માત્ર શંકાના આધારે પણ લશ્કર ધારે ત્યારે અને ધારે તેની ધરપકડ કરી શકે છે. તેને પોતાની મરજી મુજબ પોતાના કબજામાં રાખી શકે છે. કોઈની પણ ઉપર ગોળી ચલાવી તેની હત્યા કરવા માટે પણ તેમને પરવાનગી લેવાની જરૂર નથી. લશ્કરના જવાનો ખૂન કે બળાત્કાર જેવા ગંભીર ગુનામાં સંકળાય તો પણ સામાન્ય નાગરિક તેની પર ફોજદારી કોર્ટમાં કેસ કરી શકતો નથી.

*શકરી:* અરે, આવી બેફામ સત્તાનો દુરુપયોગ આટલી આસાનીથી થઈ શકે?

*એકતા:* હા. આવી અમર્યાદ સત્તાને કારણે આ પ્રદેશોમાં આડેધડ ધરપકડો, અમાનવીય ટોર્ચર, બળાત્કાર અને હત્યાઓ રોજની વાત બની ગઈ છે. તેમાં 20,000 કરતાં વધારે લોકોના જાન ગયા છે. એક બાજુ લશ્કર અને બીજી બાજુ લશ્કર સામે ભૂગર્ભમાં રહીને લડતાં જૂથો. આ જૂથો વચ્ચે પણ ભારત સરકારે ફાટફૂટ પડાવી છે. જેથી તેઓ લશ્કર સામે તો લડે જ છે ઉપરાંત અંદર અંદર પણ લડે છે. છેલ્લા કેટલાય દાયકાઓથી આ પ્રદેશની સ્ત્રીઓ એક બાજુ અલગાવવાદી જૂથોની હિંસક પ્રવૃત્તિઓ અને બીજી બાજુ લશ્કરના આતંકની વચ્ચે પિસાઈ રહી છે.

આ સંજોગોમાં લશ્કર દ્વારા સામાન્ય નાગરિકો અને સ્ત્રીઓ પર અત્યાચારો, બળાત્કારો, આતંકના બનાવો વારંવાર બન્યા છે. પરંતુ તેના માટે જવાબદાર લશ્કરના જવાન કે અધિકારીને ક્યારેય કોઈ શિક્ષા થઈ નથી. લોકો પોતાની આસપાસ ચોવીસે કલાક ઊભેલા લશ્કરના જવાનોના આતંકથી ત્રાસી ગયા છે અને લશ્કરને અમર્યાદ સત્તાઓ આપતા એ.એફ.એસ.પી.એ. કાયદાને દૂર કરવા માગણી કરે છે.

*કમલા:* ને સ્ત્રીઓ પણ આ માંગણી કરતી જ હશે!

*એકતા:* હા. સ્ત્રીઓ આ અહિંસક લડતમાં મોખરે છે અને હવે તો તેઓ મરણિયા બની લડી રહી છે કારણ કે આ અત્યાચાર હદ વટાવી ગયો છે. તમને તેમના આક્રોશનો ખ્યાલ આપવા માટે મનોરમા દેવીની ઘટના જણાવીશ.

તા. 11 જુલાઈ 2004ની આ વાત છે. મણિપુરમાં આસામ રાઈફલ્સના લશ્કરના જવાનોએ મનોરમા દેવીની તેમના ઘરમાંથી ધરપકડ કરી હતી અને ત્યાર બાદ તેમનો મૃતદેહ જ મળ્યો. ખૂબ જ ઈજાગ્રસ્ત હાલતમાં મળેલ મૃતદેહને જોઈને સ્પષ્ટ લાગતું હતું કે તેની પર અત્યાચાર અને બળાત્કાર કરીને તેની હત્યા કરવામાં આવી હોય તેવી પૂરી શક્યતા હતી. આ બનાવના પગલે મણિપુરમાં લોકોમાં અને ખાસ તો મહિલાઓના મનમાં જબરજસ્ત રોષ ફાટી નીકળ્યો. લશ્કર સામેના વિરોધ પ્રદર્શનમાં કેટલીય આધેડ વયની, અગ્રણી મહિલાઓએ નિર્વસ્ત્ર થઈને પોતાનો વિરોધ વ્યક્ત કરતાં બેનરમાં લખ્યું હતું કે 'ભારતીય લશ્કર, અમારી પર બળાત્કાર કરો'.

*ફરઝાના:* બાપરે, જ્યારે ખરેખર ધીરજ ખૂટે ત્યારે જ આપણા જેવી મોટી ઉંમરની સ્ત્રીઓ આટલો બધો આક્રોશ વ્યક્ત કરે ને!

*રેશ્મા:* હાસ્તો. આ કંઈ બે ચાર વર્ષની વાત થોડી જ છે? રોજેરોજ આવું બને તો કઈ રીતે જિવાય?

*એકતા:* ખરેખર ત્યાંનો સામાન્ય જીવન વ્યવહાર એટલી હદે ખોરવાઈ ગયો છે કે છેલ્લી હદ સુધીનાં પગલાં ભર્યા સિવાય તેમની પાસે કોઈ રસ્તો જ નથી. આમ, આ કાયદાને કારણે ઉત્તરપૂર્વનાં રાજ્યો, ખાસ કરીને નાગાલેન્ડ અને મણિપુરના સામાન્ય લોકોના ન્યાય મેળવવાના બધા જ બંધારણીય અધિકારો અને માનવ અધિકારોનો સતત ભંગ થતો હોવા અંગેના અહેવાલો વારંવાર દેશ તેમ જ દુનિયાના માનવ અધિકાર સંગઠનોએ બહાર પાડ્યા છે. પરંતુ ભારત સરકાર સતત તેના તરફ આંખ આડા કાન કરી દમનનો કોરડો વધુ ને વધુ સખત રીતે વીંઝી રહી છે. આ પરિસ્થિતિમાં તેઓની એ.એફ.એસ.પી.એ. ઉઠાવી લેવાની માગણી વાજબી જ નહીં પરંતુ અનિવાર્ય પણ છે. ઉત્તરપૂર્વનાં રાજ્યોની સ્ત્રીઓનો સંઘર્ષ  પણ નારી આંદોલનનો એક અનિવાર્ય ભાગ છે.

*નીરુ:* તેમના સંગઠનનાં નામ શું છે?

*એકતા:* તેમનાં બે મહત્ત્વનાં સંગઠનો છેઃ નાગા મધર્સ એસોસિયેશન એટલે કે નાગા માતાઓનું મંડળ અને નાગા વીમન્સ યુનિયન ઓફ મણિપુર એટલે કે મણિપુરની નાગા સ્ત્રીઓનું યુનિયન. જ્યારે પુરુષો અંદરોઅંદર અને લશ્કર સામે લડે છે ત્યારે

શાંતિ સ્થાપવાની અને ન્યાય મેળવવાની અહિંસક લડત ચલાવવાની જવાબદારી સ્ત્રીઓ પર આવી ગઈ છે. આવી જ અહિંસક લડતના પ્રતીક તરીકે ઇતિહાસમાં હંમેશના માટે નોંધાય એવી લડત મણિપુરની શર્મિલાની છે.

*આશા:* અમને તેની વાત કહો.

*એકતા:* **અહિંસક રાજકીય લડતની પ્રતીક એવી શર્મિલાનો દશ વર્ષ કરતાં પણ લાંબો બેમિસાલ સંઘર્ષ** તા.2 નવેમ્બર 2000ના રોજ ઈમ્ફાલથી 15 કિ.મી. દૂર આવેલા માલોમ નામના સ્થળે આસામ રાયફલ્સની 8મી બટાલિયને આડેધડ ગોળીબાર કર્યો હોવાનો આક્ષેપ છે. આ ગોળીબારમાં સ્ત્રીઓ, બાળકો સહિત 10 નિર્દોષ નાગરિકો મૃત્યુ પામ્યાં અને કેટલાંય ઘવાયાં. નિર્દોષ લોકોની આ ઘાતકી કત્લેઆમ જોઈ શર્મિલા હચમચી ઊઠી. તે દિવસે તેનો ઉપવાસ હતો અને બસ ત્યારથી જ તેણે નક્કી કર્યું કે જ્યાં સુધી પોતાની જન્મભૂમિના નિર્દોષ નાગરિકોને કત્લેઆમ કરવાની 'કાયદેસરની છૂટ' આપતા ધી આર્મ્ડ ફોર્સિસ (સ્પેશ્યલ પાવર્સ) એક્ટ, 1958ને હટાવવામાં નહીં આવે ત્યાં સુધી તે પાણી સુધ્ધાં ગળે ઉતારશે નહીં. ભારત સરકારની હિંસા સામે એણે 4 નવેમ્બર, 2000ના રોજ પોતાનો અહિંસક સત્યાગ્રહ શરૂ કર્યો અને



ત્યારથી આજ સુધીમાં તેની વારંવાર ધરપકડ કરવામાં આવી છે. આત્મહત્યાના પ્રયાસ બદલ સરકાર તેને પકડે છે. જબરજસ્તી તેના નાક વાટે નળી ઉતારી તેના શરીરમાં પ્રવાહી ખોરાક પહોંચાડે છે. પરંતુ મણિપુરની પ્રજાના પ્રતિનિધિ તરીકે તેણે ઊભા કરેલા મૂળભૂત સવાલોનો ઉકેલ લાવવાની કોશિશ કરતી નથી.

શરૂઆતનાં 6 વર્ષ આ સંઘર્ષ મણિપુરમાં જ ચાલ્યો. પરંતુ ઓક્ટોબર 2006માં શર્મિલાની ધરપકડ કરવામાં મણિપુરની પોલીસ મોડી પડતાં આંદોલનના કાર્યકરો તેને દીલ્હીમાં જંતર મંતર પાસે લઈ આવ્યાં. જંતર મંતર પાસે આંદોલને વેગ પકડતાં 7 ઓક્ટોબર 2006ના રોજ દિલ્હી પોલીસે તેની ધરપકડ કરી તેને એ.આઈ.આઈ.એમ.એસ. હોસ્પિટલમાં દાખલ કરી દીધી. હોસ્પિટલના પ્રાઈવેટ વોર્ડ નં-57ના એક રૂમમાં પલંગ પર સૂતેલી શર્મિલાનું મનોબળ હજુ પણ કાયમ રહ્યું. આ દરમ્યાન હોસ્પિટલમાં પોલીસ અને ડોક્ટરો વચ્ચે એક મોટું નાટક પણ ચાલ્યું. હોસ્પિટલનું વહીવટી તંત્ર તેને 'તું બીજા દર્દીઓની જગ્યા રોકીને બેઠી છે, દેશનાં નાણાંનો દુર્વ્યય કરી રહી છે...' જેવાં ટોણાં મારી તેને રજા આપી દેવા માંગે અને પોલીસ શર્મિલાને દવાખાનાની બહાર ન જવા દે. પોલીસ આવીને લગભગ રોજ માનસિક ત્રાસ આપે, પણ મહિનાઓ સુધી ના તો તેને ધરપકડનું વોરન્ટ આપ્યું કે ના તો તેને મેજિસ્ટ્રેટ સમક્ષ રજૂ પણ કરી.

મણિપુરની આ યુવાન કવયિત્રી, લેખિકા અને ગાંધીવાદી કાર્યકર એવી શર્મિલાએ તેના હોઠ, જીભ અને ગળાને છેલ્લાં 10 વર્ષમાં પાણીનો પણ સ્પર્શ થવા દીધો નથી. શર્મિલા મનને સતત જાગૃત રાખવા માટે સજાગપણે યોગ, વાંચન વગેરેનો સહારો લે છે. હાલમાં ફરી પાછી તે મણિપુર પહોંચીને અહિંસક સંઘર્ષ ચલાવે છે. ફક્ત ભારત જ નહીં પરંતુ દુનિયા માટે પણ આવા પ્રકારની આ પ્રથમ લાંબી ભૂખ હડતાળ છે. પણ ભારત સરકાર તેની સાથે વાટાઘાટો કરવા તૈયાર નથી.

*આશાઃ* પણ આ તમામ અલગ અલગ પ્રકારના સંઘર્ષો અને મુદ્દાઓ નારી આંદોલનમાં કઈ રીતે સહભાગી બની શકે? આપણાં છાપાંઓમાં તો તે અંગેની કોઈ જ માહિતી પણ આવતી નથી. આપણે તેની સાથે કઈ રીતે સંકલન સાધી શકીએ?

*એકતાઃ* આ પ્રશ્નનો જવાબ નારી આંદોલનનાં રાષ્ટ્રીય સંમેલનોમાં છે. તેની વાત કાલે વિગતે કરીશું.

*કમલાઃ* આજની ચર્ચાના અંતમાં આજે કેટલા બધા અલગ-અલગ પ્રકારના સંઘર્ષો વિશે જાણવા મળ્યું!
દસ દસ વર્ષથી ભૂખ્યા તરસ્યા રહીને સંઘર્ષ કરનારા અને રોજે રોજ મોતનો સામનો કરવા છતાં મક્કમ રહેનાર શર્મિલાના મનોબળને વ્યક્ત કરે તેવું એક ગીત હું ગવડાવીશ.




# તુ જિંદા હૈ


તુ જિંદા હૈ તુ જિંદગી કી જીત પે યકીન કર
અગર કહીં હૈ સ્વર્ગ તો ઉતાર લા જમીન પર
તુ જિંદા હૈ...

યે ગમ કે ઓર ચાર દિન સિતમ કે ઓર ચાર દિન
યે દિન ભી જાયેંગે ગુજર - ગુજર ગયે હજાર દિન
કભી તો હોગી ઇસ ચમન મેં ભી બહાર કી નજર
અગર કહીં હૈ સ્વર્ગ તો ઉતાર લા જમીન પર
તુ જિંદા હૈ...

સુબહ શામ કે રંગે હુએ ગગન કો ચુમ કર
તુ સુન જમીન ગા રહી હૈ કબ સે ઝુમ ઝુમ કર
તુ આ મેરા શ્રૃંગાર કર તુ આ મુઝે હસીન કર
અગર કહીં હૈ સ્વર્ગ તો ઉતાર લા જમીન પર
તુ જિંદા હૈ...

હજાર ભેષ ધર કે આયી મૌત તેરે દ્વાર પર
મગર તુઝે ન છલ સકી ચલી ગઈ વો હારકર
નઈ સુબહ કે સંગ સદા તુઝે મિલી નઈ ડગર
અગર કહીં હૈ સ્વર્ગ તો ઉતાર લા જમીન પર
તુ જિંદા હૈ...





હમારે કારવાં કો મંજિલોં કા ઈંતજાર હૈ
યે આધિયોં ઔર બિજલિયોં કી પીઠ પર સવાર હૈ
તુ આ કદમ મિલા કે ચલ ચલેંગે એક સાથ હમ
અગર કહીં હૈ સ્વર્ગ તો ઉતાર લા જમીન પર
તું જિંદા હૈ...

જમીં કે પેટ મેં પલી અગન પલે હૈં જલજલે
ટિકે ન ટિક સકેંગે ભૂખ, રોગ કે સ્વરાજ યે
મુસીબતોં કે સર કુચલ બઢેંગે એક સાથ હમ
અગર કહીં હૈ સ્વર્ગ તો ઉતાર લા જમીન પર
તું જિંદા હૈ...

બુરી હૈ આગ પેટ કી બુરે હૈં દિલ કે દાગ યે
ન દબ સકેંગે એક દિન બનેંગે ઇન્કલાબ યે
ગિરેંગે જુલ્મ કે મહલ બનેંગે ફિર નહીં મગર
અગર કહીં હૈ સ્વર્ગ તો ઉતાર લા જમીન પર
તુ જિંદા હૈ...

**- શંકર શૈલેન્દ્ર**

## નારી આંદોલનનાં રાષ્ટ્રીય સંમેલનો

*એકતાઃ* ભારતમાં નારી આંદોલનના પ્રવક્તા તરીકે કોઈ એક રાષ્ટ્રીય નેતા કે જૂથ નથી. તેનું ગ્રામ કે શહેરની કક્ષાથી શરૂ કરીને રાજ્ય અને રાષ્ટ્રીય સ્તર સુધી પહોંચે તેવું કોઈ ચોક્કસ માળખું પણ નથી. તેમ છતાં સ્વાયત્ત નારી આંદોલનના રાષ્ટ્રીય સ્વરૂપનું પ્રતિબિંબ 1980ની સાલથી દર પાંચ-સાત વર્ષે યોજવામાં આવતાં રાષ્ટ્રીય સંમેલનોમાં જોવા મળે છે.

*રેશ્મા:* આ સંમેલનોનું આયોજન કોણ કરે છે?

એકતાઃ આ રાષ્ટ્રીય સંમેલનનું આયોજન એક કાર્યકારી સમૂહ દ્વારા કરવામાં આવે છે જે એન.સી.સી. - નેશનલ કોર્ડિનેશન કમિટી - (રાષ્ટ્રીય સંયોજન સમિતિ) તરીકે ઓળખાય છે. એન.સી.સી. કાયમી નથી, પરંતુ દરેક વખતે સંમેલન પહેલાં તેની નવેસરથી રચના કરી સામૂહિક રૂપે નિર્ણય લઈ તેમાં નવા સભ્યોને સમાવવામાં આવે છે.

*શકરી:* તે આ સંમેલનોમાં બધી ભણેલી-ગણેલી સ્ત્રીઓ જ ભેગી થતી હશે?

*એકતાઃ* ના. આ સંમેલનો માત્ર બૌદ્ધિક ચર્ચા કરવાની જગ્યા ન રહેતાં સાચા અર્થમાં દેશના ખૂણે ખૂણે ચાલતાં જાણીતાં અને અજાણ્યાં આંદોલનો, લડતોની વિવિધતાનું સાચું પ્રતિબિંબ ઉપસાવે તેવા સભાન પ્રયત્નો રાષ્ટ્રીય સંયોજન સમિતિ દ્વારા કરવામાં આવે છે કે જેથી આંદોલન સાથે સંકળાયેલા મૂળસોતા કાર્યકરો એકબીજાના અનુભવોમાંથી શીખીને સ્થાનિક તેમ જ રાષ્ટ્રીય કક્ષાએ ભવિષ્યની રણનીતિ ઘડી શકે. ઉપરાંત, આંદોલનમાંથી જન્મેલાં નવાં નવાં ગીતો, નાટકો, પુસ્તકો અને તમામ પ્રકારનાં માધ્યમોની આપલે કરવાનું તેમ જ સાથે મળી નૃત્યો, ગરબા, ગીતોનો આનંદ લેવાનું માધ્યમ બની રહે તેવો પ્રયત્ન સતત રહ્યો છે. આ સંમેલનોમાં ભેગા મળી પોતાના અનુભવોની આપ-લે, ચર્ચા અને સંવાદ દ્વારા પોતાની રણનીતિ વધુ ધારદાર બનાવે છે અને સાથે મુદ્દાઓ અને રણનીતિઓની વધુ ઊંડી સમજ અને દૃષ્ટિબિંદુ કેળવી શકે છે. અહીં સ્ત્રીઓને એકબીજા સાથે મિત્રતા કેળવવાનો અને એકબીજાની પ્રત્યે એકતાની ભાવના દેખાડવાનો મોકો મળ્યો છે.

પ્રત્યેક રાષ્ટ્રીય સંમેલનમાં બદલાતા રાજનૈતિક સંદર્ભોનો સામૂહિક રૂપે હિસાબ લેવાતો રહ્યો છે, જેમાં વ્યક્તિગત અને સામૂહિક રૂપે સંઘર્ષ કરતી આટલી બધી સ્ત્રીઓ એક જગ્યાએ ભેગી થાય ત્યારે જબરદસ્ત શક્તિ, ઉત્સાહ અને ગતિશીલતા અનુભવાય છે.

*આશા:* આ સંમેલનો માટે પૈસા ક્યાંથી આવે છે?

*એકતા:* મહત્ત્વની વાત એ છે કે આટલા મોટા આયોજન માટે આર્થિક સંસાધનો ભેગાં કરવાની પ્રક્રિયા પણ જનજાગૃતિના ભાગરૂપ હોય છે. કોઈ પણ ફંડિંગ એજન્સી કે સરકાર પાસેથી તેના માટે ફંડ લેવામાં આવતું નથી. ભાગ લેનારાં તમામ જૂથો પોતાનું યથાશક્તિ યોગદાન આપે છે. કોઈ ફિલ્મ શો દ્વારા, કોઈ નાટકો કે અન્ય સાંસ્કૃતિક કાર્યક્રમો દ્વારા તો કોઈ કેલેન્ડર, પોસ્ટર બનાવીને, વેચીને ફંડ ભેગું કરે છે.

**રાષ્ટ્રીય સંમેલનનો ઇતિહાસ**

પહેલું સંમેલન 1980માં મુંબઈ ખાતે બળાત્કાર-વિરોધી ચળવળ જ્યારે તેની ચરમ કક્ષાએ હતી ત્યારે યોજાયું હતું. તેમાં બળાત્કારના કાયદામાં જરૂરી સુધારાઓ અંગે ચર્ચા કરવામાં આવેલી. બીજા રાષ્ટ્રીય સંમેલન (1985)નું આયોજન પણ મુંબઈનાં મહિલા જૂથો દ્વારા કરાયું. મુંબઈ જેવા મહાનગરમાં યોજાયેલાં આ બંને સંમેલનોમાં શહેરી સ્ત્રી કાર્યકર્તાઓનું પ્રભુત્વ વધારે હતું. આ મર્યાદાની સભાનતાપૂર્વક નોંધ લઈ ત્રીજા સંમેલનની તૈયારી દરમ્યાન એવા સભાન પ્રયત્નો કર્યા કે સ્ત્રીઓના સવાલો પ્રત્યે જાગૃત અને સક્રિય બનેલાં ટ્રેડ યુનિયન, જનસંગઠનો, આદિવાસી, ખેતમજૂર સંગઠન, અસંગઠિત ક્ષેત્રમાં કામ કરતા સ્ત્રી કામદારોનાં સંગઠનોના પ્રતિનિધિઓ પણ સંમેલનમાં સામેલ થઈ શકે. તેના પરિણામરૂપે 1988માં પટના ખાતે યોજાયેલા આ ત્રીજા 'નારી મુક્તિ સંઘર્ષ સંમેલન'માં 800થી 1000 સ્ત્રીઓએ ભાગ લીધો. અને સંમેલનના છેલ્લા દિવસે 12,000 સ્ત્રીઓ પટનાના રાજમાર્ગો પરથી દેશની અલગ અલગ ભાષાઓમાં સૂત્રો પોકારતી, નારીવાદી ગીતો ગાતી પસાર થઈ. સૂત્રોચ્ચારથી વાતાવરણ ગાજી ઊઠ્યું હતું અને દૂર દૂર સુધી બેનર જ બેનર દેખાતાં હતાં. આ લાંબી રેલી લગભગ ચાર કલાક કરતાં પણ વધારે સમય સુધી પટનાના રાજમાર્ગો પર છવાયેલી રહી અને અંતે ગાંધી મેદાનમાં સભાના રૂપમાં ફેરવાઈ.

નારીમુક્તિની લડતને શહેરી, મધ્યમ વર્ગી અને પશ્ચિમી વિચારોથી પ્રેરિત લડત માનનારાઓ માટે આ સંમેલન એક સ્પષ્ટ જવાબ હતો. ત્યાર બાદ 1990માં કાલીકટ ખાતે યોજાયેલા સંમેલનમાં ભાગ લેનાર સ્ત્રીઓની સંખ્યા 3000ની નજીક પહોંચી અને 1994માં યોજાયેલ તીરુપતિ અને 1997માં યોજાયેલ રાંચી સંમેલનમાં પણ આટલી જ મોટી સંખ્યામાં કેરલ, તામિલનાડુ, કર્ણાટક, મહારાષ્ટ્ર, ગુજરાત, રાજસ્થાન, મધ્ય પ્રદેશ, ઉત્તર પ્રદેશ, બિહાર, ઓરિસ્સા, પંજાબ, દિલ્હી, ગોવા, મણિપુર, આસામ, પશ્ચિમ બંગાળ, નાગાલેન્ડ અને ક્યારેક પડોશી દેશોના પ્રતિનિધિઓ પણ સામેલ થયા.

સંખ્યાના વિસ્તાર સાથે આંદોલને ઉઠાવેલ સવાલો, મુદ્દાઓના વ્યાપ અને વિવિધતા પણ આ સંમેલનોમાં પ્રતિબિંબિત થાય છે.

પટના સંમેલનમાં સ્ત્રીઓ પરની હિંસા, બળાત્કાર, માધ્યમોમાં સ્ત્રીઓનું ચિત્રણ, સ્ત્રી અને સ્વાસ્થ્ય, કુટુંબ નિયોજનના નામે સ્ત્રીઓ પર થતાં પરીક્ષણો, ધર્મ આધારિત વ્યક્તિગત કાનૂનો જેવા ખાસ સ્ત્રીઓને સ્પર્શતા મહત્ત્વના સવાલો ઉપરાંત સાંપ્રદાયિકતા, ધર્મ અને સંસ્કૃતિ, સ્ત્રીના કામ અને સંપત્તિના અધિકાર, વિકાસની પર્યાવરણ અને સ્ત્રીઓ પર અસર, અણુ વિદ્યુત મથકોની અસર, પર્યટન ઉદ્યોગની સ્ત્રીઓ પર અસર જેવા આમ જનતાને સ્પર્શતા સવાલો પણ સ્ત્રીઓના દૃષ્ટિકોણથી ચર્ચાયા. શાહબાનો કેસ અને ત્યાર બાદ રાજીવ ગાંધી સરકારે લોકસભામાં દાખલ કરેલ મુસ્લિમ સ્ત્રીઓના અધિકાર ઝૂંટવતું બિલ, સમાન નાગરિક ધારા માટે દેશભરમાં ઊઠેલ લડત, દેવરાલામાં રુપકુંવરને સતી બનાવવાનો બનાવ અને તેની સામેનું આંદોલન વગેરે મહત્ત્વના મુદ્દાઓ આ સંમેલનમાં ચર્ચાયા.

કાલીકટ સંમેલનમાં ઉપરના વિષયો ઉપરાંત, રાજકારણ અને સ્ત્રીઓ, નારી આંદોલન અને અન્ય આમ ચળવળ વચ્ચેના સંબંધો, નારી અભ્યાસ અને નારી આંદોલન, એકલી રહેતી સ્ત્રીઓ (સિંગલ વુમન) જેવા નવા સવાલો ઉમેરાયા. આ સંમેલનમાં દેશમાં વધતી જતી સાંપ્રદાયિક તાકાતને ધ્યાનમાં રાખીને આગામી આઠ માર્ચ 1991થી શરૂ થતા વર્ષને સાંપ્રદાયિકતા વિરોધી વર્ષ તરીકે જાહેર કરવામાં આવ્યું.

પાંચમા સંમેલનની તૈયારી દરમ્યાન નારી આંદોલન માટે અનેક નવા પડકાર આવ્યા. 1992માં બાબરી મસ્જિદનો ધ્વંસ, દેશભરમાં થયેલા કોમી દંગાઓ અને અર્થતંત્રમાં નવી આર્થિક નીતિના અમલને કારણે ઊભા થયેલા પ્રશ્નોને કારણે એક બાજુ નારીવાદી વિચારધારા

અને નારીવાદી રાજકારણને વધુ ધારદાર અને સ્પષ્ટ બનાવવાની જરૂર હતી, તો બીજી બાજુ પ્રવૃત્તિનો વ્યાપ વધારી વધારે સ્ત્રીઓને તેની સાથે સાંકળવાની જરૂર લાગતી હતી. નારી આંદોલનનાં વિવિધ ઘટકો જેમ કે, સ્વાયત્ત સ્ત્રી સંગઠનો, બિન-સરકારી સંગઠનો કે સંસ્થાઓ, રાજકીય પક્ષ કે જૂથો સાથે સંકળાયેલાં સ્ત્રી સંગઠનો અને સરકાર પ્રેરિત સ્ત્રી કાર્યક્રમોની કાર્ય પદ્ધતિ અને વિચારધારામાં ભારે તફાવત હતો. સંમેલનના આયોજનમાં તેમની શું ભૂમિકા હોવી જોઈએ તે અંગેની ચર્ચાઓથી ઊભા થયેલા પ્રશ્નો આજે પણ પ્રશ્નો જ રહ્યા છે.

તીરુપતિ ખાતે યોજાયેલા પાંચમા સંમેલનમાં અગાઉનાં સંમેલનોમાં ચર્ચાયેલા વિષયો ઉપરાંત નવી આર્થિક નીતિ, સ્ત્રીઓ અને રાજ્ય, ઓળખનું રાજકારણ, જીવન ટકાવી રાખવા માટેનો સંઘર્ષ, તેમજ દલિત અને આદિવાસી સ્ત્રીઓના સંઘર્ષનો સમાવેશ કરવામાં આવ્યો. આ સંમેલનમાં સજાતીય સંબંધો ધરાવતી સ્ત્રીઓના પ્રશ્નો અંગે પહેલી વાર ચર્ચા થઈ.

રાંચીમાં યોજાયેલ છઠ્ઠા સંમેલનમાં 18થી 20 અલગ અલગ વિષયો પર ચર્ચા થઈ અને તેમાં ત્રણ મુખ્ય મુદ્દાઓ જેના પર સમૂહમાં ચર્ચા થઈ તે હતા : વિસ્થાપન, રાજ્ય દ્વારા દમન અને સ્ત્રીઓ પર વધતી જતી હિંસા. આ ત્રણે મુદ્દાઓ નારી આંદોલન સામેના નવા અને વધુ જટિલ પડકારોને પ્રતિબિંબિત કરે છે.

ત્યારબાદ, 9 વર્ષના ગાળા પછી ભારતના સ્વાયત્ત નારી આંદોલનનું 7મું રાષ્ટ્રીય સંમેલન 9થી 12 સપ્ટેમ્બર, 2006 દરમ્યાન સોલ્ટ લેક સ્ટેડિયમ, કલકત્તા ખાતે યોજાયું. એક બાજુ નારી આંદોલનનો વધતો જતો વ્યાપ અને તેમાં વિવિધ પ્રકારના પ્રવાહોની સામેલગીરી અને બીજી બાજુ પ્રશ્નો અને પડકારોની વધતી જતી જટિલતા વચ્ચે કઈ રીતે સમતુલા જાળવવી તેનું મનોમંથન છેલ્લાં થોડાં વર્ષોમાં સ્વાયત્ત સંગઠનોમાં થતું આવ્યું છે. આ મનોમંથનના પરિપાક રૂપે 7મા રાષ્ટ્રીય સંમેલનનો નારો હતો - ‘ન્યાયની રાજનીતિ તરફ : વિવિધતાનો સ્વીકાર, વિભાજકતાને જાકારો’.

*કમલાઃ* કેવું સુંદર સૂત્ર!

*શકરીઃ* તેનો અર્થ વિગતે સમજાવોને.

*એકતાઃ* આ સૂત્રમાં એ વાતનો સ્વીકાર છે કે અલગ અલગ સમુદાયની, વિવિધ જ્ઞાતિ, ધર્મ કે સાંસ્કૃતિક પૂર્વભૂમિકા ધરાવતી સ્ત્રીઓને અસર કરનારાં પિતૃસત્તાનાં સ્વરૂપો અલગ અલગ હોય છે. પરંતુ આ વિવિધતા આપણામાં વિભાજકતા લાવે એટલે કે ભાગલા પાડે તે આપણને મંજૂર નથી. તમામ વિવિધતા ધરાવતા સમુદાયોને નારી આંદોલનમાં સરખું સ્થાન હોવું જોઈએ. આ ભાવના દેશના ખૂણે ખૂણેથી સંઘર્ષશીલ સ્ત્રીઓને આમંત્રિત કરવા માટે તૈયાર કરેલ સંમેલનના અપીલપત્રમાં વ્યક્ત થાય છે. સંમેલનના અપીલપત્રમાં ભારતના નારી આંદોલનના સ્વરૂપ, વિચારાધારા અને સ્વપ્નોનો નિચોડ નીચે મુજબ વ્યક્ત થતો હતોઃ



**સાતમું રાષ્ટ્રીય સંમેલન**

**ન્યાયની રાજનીતિ તરફઃ વિવિધતાનો સ્વીકાર, વિભાજકતાને જાકારો**

અમે વિવિધ શોષણના વિરોધમાં સંઘર્ષ કરતી તમામ સ્ત્રીઓને રાષ્ટ્રીય સંમેલનમાં ભાગ લેવા આહ્‌વાન કરીએ છીએ. બધી સ્ત્રીઓ સાથે મળી સમાનતા અને સામાજિક ન્યાયની દૃષ્ટિનો વિકાસ કરે. રાષ્ટ્રીય સંમેલનનું સ્વપ્ન એક વૈકલ્પિક સમાજ છે. એવો સમાજ કે જે હિંસા અને ભેદભાવ વિનાનો હોય, જ્યાં જાતિ અને વર્ગની સમાનતા હોય, સામાજિક ન્યાય, વિવિધતા, ગરીમા અને શાંતિનું મહત્ત્વ જળવાય.

એક તરફ અમે માનીએ છીએ કે સ્ત્રી હોવાને નાતે અમારા બધાનાં સંઘર્ષ, ધ્યેય અને હિત સરખાં છે. અમે એ પણ અનુભવીએ છીએ કે જાતિ, વર્ગ, ધર્મ, જાતીયતા અને યૌનિકતા જેવાં સામાજિક બંધારણો અમારામાંથી ઘણા માટે એકથી વધુ ઓળખ ઊભી કરે છે. તેથી જ અમે વિવિધ અસ્મિતાઓ અને સમાનતા માટે પ્રતિબદ્ધ છીએ. સાથે સાથે ઓળખની રાજનીતિથી ઊભા કરાતા ભાગલા, વિસંગતિઓ અને કેટલાક લોકોને હાંસિયામાં ધકેલી દેવાની પ્રવૃત્તિઓનો વિરોધ કરીએ છીએ.

*એકતાઃ* આ સાતમા સંમેલનમાં સોલ્ટલેક સ્ટેડીયમ ભારતના અલગ અલગ ભાગમાંથી અલગ અલગ સમૂહો અને આંદોલનોમાં સક્રિય એવા 2500 કરતાં પણ વધારે કાર્યકરોની ભાગીદારીથી ગૂંજી ઊઠ્યું હતું. 'ન્યાયની રાજનીતિ તરફઃ વિવિધતાનો સ્વીકાર, વિભાજકતાને જાકારો'ના મુખ્ય નારા સાથે જુદી જુદી જ્ઞાતિ, વર્ગ, યૌનિક અભિરુચિ, જાતીય, સાંસ્કૃતિક અને ભાષાની પૃષ્ઠભૂમિ ધરાવતા સ્ત્રી કાર્યરોએ ભારતની સ્ત્રીઓના મહત્ત્વના, સળગતા સવાલો અંગે ચર્ચા-વિચારણા તેમ જ વિચારોની આપલે કરી. રોજેરોજ થતા સામૂહિક સત્ર, અલગ અલગ ઓળખ ધરાવતા સમૂહોમાં દિવસભર થતી જૂથચર્ચાઓ, ખાસ વિષયો પરની શિબિરો, ફિલ્મો, સાંસ્કૃતિક કાર્યક્રમો, પોસ્ટર પ્રદર્શન, પુસ્તકોના વેચાણ અને અલગ અલગ રાજ્યો - ભાષાઓનાં ગીતો - નૃત્યોથી સ્ટેડિયમનું વાતાવરણ ધમધમી ઊઠ્યું. આ સંમેલનમાં ભારતનાં તમામ રાજ્યોનાં સંગઠનો, જાણીતા સ્ત્રી કલાકારો, લેખિકાઓ, ફિલ્મ બનાવનાર સ્ત્રીઓ, અભ્યાસુઓ વગેરેએ મોટી સંખ્યામાં ભાગ લીધો. ઉપરાંત, કેટલાક અન્ય દેશોના પ્રતિનિધિઓએ પણ ભાગ લીધો.

સાતમા રાષ્ટ્રીય સંમેલનના મુખ્ય ચાર વિષય હતાઃ પિતૃસત્તા, વૈશ્વિકીકરણ, ધાર્મિક કટ્ટરતાવાદ અને જાતિવાદ

મુખ્ય વિષયો - પિતૃસત્તા, વૈશ્વિકીકરણ, ધાર્મિક કટ્ટરતાવાદ અને જાતિવાદ પર સમાંતર સત્ર ચાલ્યાં. પછીના દિવસે અસ્મિતા એટલે કે ઓળખના આધારે વહેંચાયેલા અલગ અલગ સમૂહોએ પોતપોતાના આગવા પ્રશ્નોની ચર્ચા સંમેલનના ઉપર જણાવેલ મુખ્ય ચાર વિષયોને ધ્યાનમાં રાખીને કરી. તેમાં નીચે મુજબના સમૂહોનો સમાવેશ થાય છેઃ

- આદિવાસી મહિલાઓ
- વિસ્થાપિત અને સ્થળાંતરિત મહિલાઓ
- અસંગઠિત ક્ષેત્રોની મહિલા કામદાર
- રાજ્યની હિંસાનો સામનો કરતી મહિલાઓ
- ધાર્મિક લઘુમતી મહિલાઓ
- ખેતમજૂર, ખેતીકામથી જોડાયેલી કામદાર મહિલાઓ
- હિંસાના અનુભવથી સંઘર્ષ દ્વારા બહાર ઊભરેલી મહિલાઓ
- જ્ઞાતિ આધારિત સમૂહોની મહિલાઓ
- વિના વેતનથી કામ કરતી મહિલાઓ
- અપંગ મહિલાઓ
- અલગ જાતીય પસંદગીને કારણે હાંસિયામાં મુકાયેલી મહિલાઓ
- જાતીય, વેશ્યાકાર્યમાં જોડાયેલી મહિલાઓ

*રેશ્માઃ* ખરેખર આમાં લગભગ બધા જ સીમાન્ત સમૂહની સ્ત્રીઓનો સમાવેશ થઈ જાય છે.

*આશાઃ* આટલા બધા વિવિધ સમુદાયની સ્ત્રીઓના અનુભવ એક સાથે જાણવા મળે તે કેવી સારી વાત કહેવાય!

*એકતાઃ* મહત્ત્વની વાત એ છે કે આ ચર્ચાઓમાં માત્ર પિતૃસત્તાક સમાજ વ્યવસ્થાને જવાબદાર ઠેરવીને બેસી રહેવાને બદલે કે પુરુષોને ગાળો દેવાને બદલે અથવા તો સ્ત્રીઓને નાગરિક તરીકેના અધિકારો મળશે એટલે બધા જ પ્રશ્નો ઉકેલાઈ જશે તેવો સંતોષ માનવાને બદલે સ્થાનિક સ્તરે રોજેરોજ ચાલી રહેલા જન સંઘર્ષોના અનુભવોના નિચોડ રજૂ થતા હતા. તમામ પ્રકારનાં નારી આંદોલનો પોતાના પ્રશ્નોને સમગ્ર

સમાજ વ્યવસ્થાના સંદર્ભમાં જોતાં હતાં અને અન્ય વંચિત સમૂહોનાં આંદોલનો સાથે કઈ રીતે સંબંધો કેળવવા તેની ચોક્કસ રણનીતિઓ ઘડવાની ચિંતા વ્યક્ત થતી હતી. કામદારોની લડત, રહેઠાણનો અધિકાર, રાજ્ય દ્વારા થતી હિંસા સામેની લડતોની સાથે સાથે વૈશ્વિકીકરણ, ઉદારીકરણ અને સાંપ્રદાયિકતાની વધતી જતી આગેકૂચ સામે પ્રતિકાર કરવાના નક્કર અનુભવોની વાત હતી.

*નીરુઃ* પણ આટલી બધી જુદા જુદા અનુભવોવાળી બહેનો વચ્ચે એકમતી કઈ રીતે થતી હતી?

*એકતાઃ* બધા જ પ્રશ્નોમાં એકમતી ન હતી ને એકમતી હોવી જ જોઈએ તેવું જરૂરી પણ લાગતું ન હતું. લોકશાહીના સાચા હાર્દને વ્યક્ત કરે તેવા સિદ્ધાંત, 'વિવિધતાનો સ્વીકાર, વિભાજકતાને જાકારો'નો વ્યાવહારિક અમલ થતો હોય તેવું વાતાવરણ આ સંમેલનમાં જોવા મળ્યું. દરેક મુદ્દા પર અનેક પ્રકારના, અલગ અલગ વિચારો ધરાવનાર વ્યક્તિઓ, જૂથોને પોતાના વિચારો વ્યક્ત કરવાનો અવકાશ પૂરો પાડવામાં આવતો હતો. ઘણી વાર એક જ પેનલ પર પરસ્પર વિરોધી હોય તેવા વિચારો વ્યક્ત થતા હતા. રજૂઆતોમાં ઉગ્રતા હતી, પોતાના વિચાર પ્રત્યેની મક્કમતા હતી પરંતુ બીજાની વાતો ન જ થઈ શકે તેવું અસહિષ્ણુ વાતાવરણ પણ ન હતું. તેનું એક ઉદાહરણ આપણે અગાઉ ચર્ચા કરી તે શરીર/જાતીયતા વેચવાના કાર્યમાં સંકળાયેલી સ્ત્રીઓના પ્રશ્નો અંગેની ચર્ચામાં મંચ પરથી રજૂ થયેલા અભિપ્રાયોના ફલક પરથી સમજી શકાશે.

આ તો માત્ર એક મુદ્દાની વાત થઈ, પણ ઘણા બધા સવાલો અંગે આ પ્રમાણે વિવિધ અને ક્યારેક પરસ્પર વિરોધી વિચારો આ સંમેલનમાં વ્યક્ત કરવામાં આવ્યા.

આમ, નારી આંદોલન એ કોઈ એક જ બીબાઢાળ મત કે વિચારધારાનું પ્રતિનિધિત્વ નથી કરતું પરંતુ અનેક નારી આંદોલનોનો સમૂહ છે. આ વિવિધતા એ તેની નબળાઈ નથી પરંતુ તાકાત છે કારણ કે તમામ મતોને સમાવવાની અને અવકાશ પૂરો પાડવાની તેની તાકાત જ તેને આજની જટિલ સમસ્યાઓના પડકાર સામે લડી લેવાની શક્તિ આપે છે તે હકીકતનું સ્પષ્ટ પ્રતિબિંબ આ સંમેલનમાં જોવા મળ્યું.

**દરિયા કી કસમ મૌજોં કી કસમ યે તાના બાના બદલેગા**

*શકરી:* આ કમલા ક્યારનીય ચૂપ છે. આજ કાલ ખૂબ વિચારોમાં ખોવાયેલી રહે છે. એ વિચારે છે વધુ ને બોલે છે ઓછું.

*રેશ્મા:* પણ જ્યારે બોલે છે ત્યારે મહત્ત્વની વાત કરે છે. કમલા આજની ચર્ચા પર તારો વિચાર રજૂ કર.

*કમલા:* હું વિચારતી હતી કે આપણે જે અલગ અલગ આંદોલનો અને તેમના નારી આંદોલન સાથેના સંબંધની વાતો કરી તેને આપણા ગામમાં અમલમાં મૂકવાની કોશિશ કરીએ તો કેવું? શું આપણે બધાને ભેગા ન કરી શકીએ?

*એકતા:* ખૂબ સારો વિચાર છે અને આપણી પાસે મોકો પણ છે. આવતા મહિને જ આંતરરાષ્ટ્રીય મહિલા દિન છે. આપણી પાસે એક મહિનાનો સમય છે. આપણે આપણા મિત્રો અને સાથી સંગઠનોને સાથે મળીને મહિલા દિન ઊજવવા આમંત્રણ આપીએ.

*નીરુ:* બરોબર છે. હું મારા ભત્રીજાને કહીશ કે તેમનું લારી-ગલ્લા વાળાનું સંગઠન આ કાર્યક્રમમાં જોડાય.

*આશા:* હું રમેશ અને તેના યુનિયનના આગેવાનોને વાત કરીશ.

*રેશ્મા:* હું અને કમલા સહલ સાથે મળી વિદ્યાર્થીઓને સાંકળવાનું કામ કરીશું. એકતાબહેન તમે અમનભાઈ સાથે વાત કરી માનવઅધિકાર જૂથોને સાંકળજો.

*ફરઝાના:* આ બધા આપણા ઓળખીતા કે મિત્રો છે એ વાત સાચી, પણ જો કાર્યક્રમમાં તેમને અસર કરે તેવા મુદ્દાઓ જ ન હોય તો તેઓ તેમાં શા માટે ભાગીદાર બને?

*શકરી:* ફરઝાનાની વાત સાચી છે. હું છેલ્લા કેટલાક સમયથી મારી જેમ ઘરનોકર તરીકે કામ કરતી બહેનોને ભેગી કરી સંગઠન બનવવાની કોશિશ કરું છું. ગયા અઠવાડિયે તેમાંની એક બહેનના માલિકે તેની પર ચોરીનું આળ મૂક્યું ને પોલીસકેસ કરવાની ધમકી આપી. તપાસ કરતાં ખબર પડી કે એ માણસે ઘરમાં એકાંત જોઈ બહેનની છેડતી કરવાની કોશિશ કરેલી. લાલચ પણ આપી પણ બહેન મક્કમ રહી એટલે એને બીક લાગી કે કદાચ તેની પત્નીને એ જણાવી દેશે. એટલે તેને બદનામ કરવા ચોરીનું આળ મૂક્યું. પણ અમે બધા ભેગા થઈને તેની ઘેર ગયા અને તેને બહેનની માફી માંગવા

મજબૂર કર્યો. જો અમારા પ્રશ્નો પણ આપણા કાર્યક્રમમાં સામેલ હોય તો આ બધી બહેનો પણ તેમાં જોડાશે.

*ફરઝાના:* હું પણ એવું જ કહેતી હતી. થોડા વખત પહેલાં આતંકવાદીની બાતમી મળી છે એવું કહી અમારા વિસ્તારનાં કેટલાંય ઘરોમાં ઘૂસી જઈને પોલીસોએ તોડફોડ કરી. આપણે બોલી પણ ના શકીએ તેવી ગાળો બહેનોને આપી અને ચાર-પાંચ છોકરાઓને પકડીને લઈ ગઈ. ખૂબ માર માર્યો ને તેમની પાસે કશું ના મળ્યું છતાં ત્રણ-ચાર દિવસ પોલીસચોકીમાં ગોંધી રાખ્યા. બહેનોને ગુસ્સો તો ખૂબ આવે છે પણ પોલીસ સામે કેવી રીતે ફરિયાદ કરે? જો પોલીસ દમનનો મુદ્દો લેવાય તો અમારા વિસ્તારના લોકો પણ જોડાશે.

*એકતા:* તમારી બન્નેની વાત સાચી છે.

*આશા:* ને જો આપણે દીકરીઓની ઘટતી સંખ્યાનો મુદ્દો લઈએ તો મારી રોશનીની શાળાના વિદ્યાર્થીઓને પણ સાંકળી શકાય. હું તેના પ્રિન્સપાલને વાત કરીશ.

*કમલા:* આ લાયન્સ કલબ, રોટરી કલબ અને બીજી નાગરિક સંસ્થાઓ જેવી સંસ્થાઓએ આતંકવાદી હુમલા સામે મોટી રેલી કરી હતી. આ સુશિક્ષિત ગણાતા વર્ગના લોકો પણ જો આમાં જોડાય તો એક જુદા જ સમૂહ સુધી આપણી વાત જાય.

*નીરુ:* પણ આ બધા જુદા જુદા મુદ્દાઓ એક જ કાર્યક્રમમાં જોડવા કઈ રીતે?

*એકતા:* આ બધા જ અલગ અલગ લાગતા મુદ્દાઓને એક જ સાંકળમાં જોડતો એક મુદ્દો છે હિંસાનો.

*રેશમા:* સાચી વાત. કુટુંબમાં હિંસા, સમાજમાં હિંસા, કામના સ્થળે થતી હિંસા, પોલીસ દ્વારા થતી હિંસા, વિકાસના નામે થતી હિંસા અને આતંકવાદી હિંસા. આપણે આપણા સામૂહિક કાર્યક્રમની પહેલી શરૂઆત હિંસાના મુદ્દાથી કરીએ.

*શકરી:* પછી જેમ જેમ સાથે કામ કરવાની ફાવટ આવે તેમ ધીમે ધીમે આગળ વધીશું.

*એકતા:* તો ચાલો, આપણે બધાં સંગઠનો માટે એક આમંત્રણપત્રિકા તૈયાર કરીએ.

*એકતા:* સાચી વાત છે.
(સૌ ચર્ચા કરી નીચે મુજબની આમંત્રણ પત્રિકા તૈયાર કરે છે)

પ્રિય સાથી,

હિંસાને જાકારો (નો ટુ વાયોલન્સ)ના નારા સાથે માર્ચ મહિનાના પહેલા અઠવાડિયા દરમ્યાન આંતરરાષ્ટ્રીય મહિલા દિનની ઉજવણી નિમિતે દીકરીઓની ઘટતી સંખ્યા, કુટુંબમાં હિંસા, જાતીય શોષણ, કોમવાદી-જ્ઞાતિવાદી હિંસા, આતંકવાદી હિંસા અને રાજ્ય દ્વારા થઈ રહેલ હિંસા સામે વિવિધ કાર્યક્રમો યોજાશે. આ કાર્યક્રમના આયોજક તરીકે જોડાવા આપને આમંત્રણ છે.

આજે સમગ્ર સમાજ હિંસાની ભાષાનો ઉપયોગ કરતો થઈ ગયો છે. જિંદગીની વિટંબણાઓથી થાકેલાં માબાપ બાળકો પર હિંસા કરે છે અને બાળક હિંસાની ભાષા શીખવાની શરૂઆત કરે છે... કંટાળેલા શિક્ષકો વિદ્યાર્થીઓ પર હિંસા કરે છે અને વિદ્યાર્થીઓને લાગે છે કે પોતાની વાતનો અમલ કરાવવા માટે હિંસા એક અચૂક હથિયાર છે... નોકરી કે વ્યવસાયની મુશ્કેલીમાં સપડાયેલા પુરુષો અધિકારી કે માલિકોનો ગુસ્સો કાઢવા પત્ની પર હિંસા કરે છે અને બાળકો શીખે છે કે પોતાના કરતાં નબળા પર હિંસા કરવી તે વાજબી છે... વાજબી માંગણી માટે શાંતિપૂર્ણ આંદોલન કરતા લોકો સાથે વાતચીત કરી તેમના પ્રશ્નો ઉકેલવાને બદલે સરકાર લાઠી-ગોળીનો આશરો લે છે અને લોકોને લાગે છે કે હિંસા વગર તેમનો પ્રશ્ન ઉકેલાશે નહીં... પોલીસ સાચા ગુનેગારને પકડવાની અને તેની સામે પુરાવાઓ શોધવાની મહેનત કરવાને બદલે કોઈ પણ નિર્દોષને પણ પકડીને મારઝૂડ કરે ત્યારે નિર્દોષ આરોપી ગુનેગારમાં ફેરવાઈ શકે છે... કેટલાંક જૂથો ધર્મની આડમાં સમાજમાં અવિશ્વાસ ફેલાવી ભાગલા પાડી રહ્યાં છે ત્યારે અન્યાય અને અત્યાચારનો વારંવાર ભોગ બનનાર યુવાઓ આતંકવાદ તરફ દોરવાઈ શકે છે...

પરંતુ હિંસા એ ઉકેલ નથી. હિંસા એ શોષણ, સિતમ, દમન ચાલુ રાખવાનું સાધન છે. તમામ પ્રકારની હિંસા એકબીજા સાથે સંકળાયેલી

છે. સ્ત્રીઓ પરની હિંસા સમાજમાં વ્યાપેલી તમામ પ્રકારની હિંસાનો એક ભાગ છે. અને તમામ પ્રકારની હિંસા સામે સંઘર્ષ આપ્યે જ છૂટકો. ન્યાય, સમાનતા અને શાંતિપૂર્ણ સમાજ માટેઃ હિંસાની ભાષાને જાકારો આપીએ. આપણી સમસ્યાઓ ઉકેલવા ન્યાયપૂર્ણ, સંગઠિત સંઘર્ષનો અને મતભેદો દૂર કરવા વાતચીત તેમ જ સંવાદનો રસ્તો અપનાવીએ.

હિંસા સામે નાગરિકોનો બુલંદ અવાજ રજૂ કરનાર કાર્યક્રમમાં આપની સામેલગીરીની અપેક્ષા છે.

આપના વિચારો સૂત્ર, સુવાક્ય, કવિતા, ચિત્ર, સિમ્બોલ વગેરે દ્વારા વ્યક્ત કરવા આપને આમંત્રણ છે.

આપ વ્યક્તિગત રીતે કે જૂથમાં આપનો સંદેશો તૈયાર કરી શકો છો. શાળા, કોલેજ, યુવા મંડળો, સ્ત્રી સંસ્થાઓ, સંગઠનો, બચત મંડળો, ટ્રેડ યુનિયનો, ઉદ્યોગો, સાહિત્ય અને કલામંડળો અને તમામ પ્રકારનાં નાગરિક જૂથોને આ કાર્યક્રમમાં સહભાગી થવા આમંત્રણ છે.

ગર હો સકે તો અબ કોઈ શમા જલાઈએ...

ઈસ દૌરે સિયાસત કા અંધેરા મિટાઈયે..

ક્યું કર રહે હો આંધિયાં રુકને કા ઈન્તઝાર...

આઈયે હમારે કાંધે સે કાંધા લગાઈયે...

ચૈનો અમન કા સાંસ અબ ઘૂંટને લગા યહાં...

લેના હૈ અગર સાંસ તો હિંસા મિટાઈયે...

- કમલા, રેશ્મા, આશા, ફરઝાના, શકરી, નીરુ, એકતા

(મહિલાસમૂહ દ્વારા એક મહિના દરમ્યાન બધી જ બહેનો ઉપરાંત, સહલ, રમેશ, વિજય, અમન અને બધાયના મિત્રો-કુટુંબીઓના સહકારથી એક અસરકારક કાર્યક્રમ યોજાઈ ગયો. આજે સૌએ ભેગાં મળી કાર્યક્રમનાં લેખાંજોખાં કર્યાં. કમલા પોતાના કાર્યક્રમ અંગે છાપામાં છપાયેલ સમાચારો જોઈ રહી છે.)

*રેશ્મા:* કમલા, તું એકલી એકલી છાપું લઈને બેઠી છે તો મોટેથી વાંચ. આપણે સૌ સાથે સાંભળીએ.

(કમલા મોટેથી વાંચે છે.)

**મહિલા દિન નિમિત્તે હિંસાને જાકારો આપવા યોજાયેલો કાર્યક્રમ**

મહિલા સમૂહ સહિત શહેરનાં વિવિધ સંગઠનોના કાર્યકરોએ મહિલાદિનના કાર્યક્રમને સફળ બનાવવા છેલ્લા એક મહિના દરમ્યાન ગામના વિવિધ વિસ્તારો અને સમૂહોમાં ચર્ચા, લખાણ, ફિલ્મો, મિટિંગોના આયોજન દ્વારા 3000 જેટલા લોકો સુધી ‘હિંસાને ના પાડો’નો સંદેશો લઈ ગયા હતા. વર્તમાનપત્રો અને સ્થાનિક ચેનલોએ તેને લાખો લોકો સુધી પહોંચાડવામાં યોગદાન આપ્યું હતું. આ તમામ કાર્યક્રમોના પરિપાક રૂપે શાળા, કોલેજ, યુવા મંડળો, સ્ત્રી સંસ્થાઓ, સંગઠનો, બચત મંડળો, ટ્રેડ યુનિયનો, કલાકારો અને તમામ પ્રકારનાં નાગરિક સંગઠનોએ એ બેનરોમાં પોતાના વિચારો વ્યક્ત કર્યા હતા. શહેરના પ્રગતિશીલ વિચારોનું પ્રતિબિંબ રજૂ કરતા આ સંદેશાઓ 8 માર્ચ આંતરરાષ્ટ્રીય મહિલા દિનના રોજ જાહેરમાં પ્રદર્શિત કરવામાં આવ્યા હતા.

25 જેટલાં સંગઠનોના સભ્યો તથા શાળા-કોલેજોના વિદ્યાર્થીઓ-શિક્ષકોએ આ દેખાવોમાં ભાગ લીધો હતો અને પ્રતિજ્ઞા લીધી હતી કે અમે સૌ,

- દીકરા-દીકરી વચ્ચે ભેદભાવ કરીશું નહિ. અને સમાજમાંથી આ ભેદભાવ દૂર થાય તે માટે પગલાં ભરીશું.
- અમે કુટુંબને હિંસામુક્ત કરવાની શરૂઆત પોતાના ઘરથી કરીશું અને અમારા વિસ્તારના કોઈ પણ કુટુંબમાં હિંસા ન થાય તે માટે પગલાં ભરીશું.
- ગુજરાતનાં તમામ કામના સ્થળો અને શૈક્ષણિક સંસ્થાઓને જાતીય સતામણીથી મુક્ત કરવા કટિબદ્ધ થઈશું.

- અમે ભાષા, પ્રાંત કે ધર્મના નામે થતી હિંસાને રોકીશું. સ્ત્રીઓ અને સામાન્ય લોકોમાં ભાગલા પાડતાં પરિબળોનો વિરોધ કરીશું.
- અમે શાંતિ, સમાનતા અને ન્યાયપૂર્ણ સમાજ માટે હિંસાની ભાષાને જાકારો આપીશું.
- અમારી સમસ્યાઓ ઉકેલવા ન્યાયપૂર્ણ સંગઠિત સંઘર્ષનો અને મતભેદો દૂર કરવા વાતચીત, સંવાદનો રસ્તો અપનાવીશું.

તેમ સરકાર પાસે માંગણી કરી હતી કે,

- પીસીપીએનડીટી એક્ટ - ગર્ભજાતિ પરીક્ષણ વિરોધી કાયદાનો અમલ કરવા માટેનું અસરકારક તંત્ર ગોઠવો.
- કૌટુંબિક હિંસા અધિનિયમના અમલીકરણ માટે પૂર્ણ સમયના સુરક્ષા અધિકારીઓની નિમણૂક કરી કાયદાને કાર્યાન્વિત કરવા અસરકારક તંત્ર બનાવો.
- વિશાખા વિરુદ્ધ રાજસ્થાન સરકારના કેસમાં થયેલ સુપ્રીમ કોર્ટના હુકમ મુજબ તમામ કામ કરવાનાં સ્થળો તથા શૈક્ષણિક સંસ્થાઓમાં જાતીય સતામણી વિરોધી સમિતિઓની રચના કરો અને તેની માહિતી લોકો સુધી પહોંચાડો.
- ધર્મના નામે ધિક્કાર ફેલાવનાર પરિબળોને રોકો અને હિંસા કરનારા પર કાયદેસરની કાર્યવાહી કરો. નાત, જાત, ધર્મ, પ્રદેશ અને ભાષાના ભાગલાવાદી રાજકારણ પર રોક લગાવો.
- કરોડોના ખર્ચે માત્ર મંત્રીઓની સુરક્ષા વધારવાને બદલે સામાન્ય લોકોની સુરક્ષા માટે અસરકારક પગલાં ભરો.
- પોલીસો પરનો રાજકીય અંકુશ દૂર કરવા અને તેને લોકોને અને ન્યાયને જવાબદાર બનાવવા સુપ્રીમ કોર્ટના ચુકાદાનો અમલ કરો. પોલીસોના કામની પરિસ્થિતિ સુધરે તેવાં પગલાં ભરો.

*ફરઝાના:* ચાલો, આપણો કાર્યક્રમ તો સફળ રીતે પૂરો થયો.

*શકરી:* કાર્યક્રમ પૂરો થયો પણ સાચું કામ તો હવે જ શરૂ થયું છે.

*એકતા:* બિલકુલ સાચી વાત. આ શરૂઆતને અંત સુધી લઈ જવાની કપરી કામગીરી હવે આપણે કરવાની છે.

*ફરઝાના:* કામગીરી ભલે કપરી હોય પણ દુનિયાભરના નારી આંદોલનના ઈતિહાસનો નિચોડ આપણી પાસે છે.

*નીરુ:* તે આપણને આગળ વધવાની હિંમત આપશે.

*કમલાઃ* સાચી વાત. પ્રાચીનકાળથી માંડીને મધ્ય યુગ સુધી આપણા કરતાંય વધારે કે કપરી પરિસ્થિતિમાં અન્યાય સામે માથું ઊંચકનાર સ્ત્રીઓની વાતોમાંથી આપણને પ્રેરણા મળી છે.

*એકતાઃ* અને એ પણ જાણવા મળ્યું છે કે માત્ર વ્યક્તિગત લડત નહીં, પુરુષપ્રધાન પિતૃસત્તાક સમાજનાં મૂલ્યો અને માળખાં સામે સામૂહિક સંઘર્ષ આપવા પડશે.

*રેશમાઃ* 18થી 20 સદીની ઈંગ્લેન્ડ, ફ્રાંસ, અમેરિકા અને રશિયાની સ્ત્રીઓએ આપણને સામાજિક-રાજકીય સમાનતા માટે સમાજનાં તમામ સીમાન્ત જૂથો સાથે રહેવાનો સંદેશો આપ્યો છે.

*એકતાઃ* અને સાથે સ્ત્રીઓના આગવા પ્રશ્નો અંગે સ્વયત્તતા જાળવી રાખવાનો બોધપાઠ પણ આપ્યો છે.

*આશાઃ* ભારતની આઝાદી માટે બલિદાનો આપનાર અને સ્વતંત્ર ભારતને ઘડવા માટે રાત દિવસ એક કરનાર સ્ત્રીઓના ઐતિહાસિક વારસાને જાણીને આપણામાં અનેરું આત્મગૌરવ પ્રક્ટયું છે.

*એકતાઃ* તેમના સંઘર્ષોને પરિણામે આપણને બંધારણમાં સમાનતા મળી છે, તો સાથે સાથે કુટુંબમાં, સમાજમાં અને અર્થતંત્રમાં વ્યાપેલ અસમાનતા સામે સંઘર્ષ કર્યા વગર છૂટકો નથી એવો સંદેશો પણ મળ્યો છે.

*શકરીઃ* અને આ બધામાંથી શીખીને આગળ વધેલા સ્વાયત્ત નારી આંદોલનના અનુભવોમાંથી આપણને આગળનો રસ્તો શોધવાનાં અનેક ઉદાહરણ પણ મળ્યાં છે.

*એકતાઃ* વળી દેશનાં અને દુનિયાનાં આંદોલનોના પ્રતાપે યુનાઈટેડ નેશન્સ જેવી આંતર્રાષ્ટ્રીય સંસ્થાઓ અને સરકારોને પણ પોતાની નીતિઓ બદલવાની ફરજ પડી છે તે પણ અનુકૂળ વાતાવરણ સર્જવામાં અમુક અંશે મદદરૂપ થઈ શકે છે.

*રેશમાઃ* તે કઈ રીતે? તેઓની નીતિઓમાં શું બદલાવ આવ્યો છે?

*એકતાઃ* એક જમાનામાં સરકારો દ્વારા સ્ત્રીઓના પ્રશ્નોને સમજવા માટે માત્ર કલ્યાણનો દૃષ્ટિકોણ અપનાવવામાં આવતો એટલે કે સ્ત્રીઓને એક નબળો સમૂહ ગણી સરકારે તેમનું કલ્યાણ કરવાનું છે એવી સમજ સાથે યોજનાઓ ઘડાતી.

*ફરઝાનાઃ* પણ જ્યારે સમાજમાં સ્ત્રીઓ આટલું બધું કામ કરે છે ત્યારે તેમને નબળાં ગણી જ કઈ રીતે શકાય?

*એકતાઃ* નારી આંદોલનની સાથે સાથે વિકસેલા નારી અભ્યાસ દ્વારા આ જ પ્રશ્ન ઉઠાવવાની શરૂઆત થઈ. 1970માં ઈસ્ટર બોસરપે કરેલા અભ્યાસમાં એ વાત સ્પષ્ટ રીતે બહાર આવી કે દુનિયામાં વિકાસ થાય છે પણ વિકાસના આ પ્રવાહમાંથી સ્ત્રીઓ બહાર રહી જાય છે. આ અભ્યાસમાંથી વિકાસમાં સ્ત્રીઓ (ડબલ્યુ.આઈ.ડી.)ની શરૂઆત થઈ અને વિકાસમાં સ્ત્રીઓને સામેલ કરવાની હિમાયતની શરૂઆત થઈ.

*શકરીઃ* પણ આપણે તો જોયું છે કે આ કહેવાતા વિકાસને કારણે જ સ્ત્રીઓ પાછળ પડી ગઈ છે.

*એકતાઃ* સાચી વાત. આ વાત ત્યાર પછી થયેલા અભ્યાસોમાં બહાર આવી અને તેમાંથી સ્ત્રીઓ અને વિકાસ (ડબલ્યુ.એ.ડી.) નામનો દૃષ્ટિકોણ વિકસ્યો.

*નીરુઃ* પણ ખાલી સ્ત્રીઓની વાત કરવાથી શું પરિણામ આવે? વિકાસમાં તો પુરુષોની વાત પણ હોવી જોઈએ ને?

*એકતાઃ* હા. વિકાસની અસર માત્ર સ્ત્રીઓ પર નહીં પરંતુ સ્ત્રી અને પુરુષ વચ્ચે રહેલા સત્તાના સંબંધો પર પડે છે એવી સમજ સાથે જેન્ડર અને વિકાસ (જી.એ.ડી.) દૃષ્ટિકોણની શરૂઆત થઈ. હાલમાં સરકારો દ્વારા ધીમે ધીમે મહિલા સશક્તિકરણનો અભિગમ અપનાવાઈ રહ્યો છે.

*કમલાઃ* પણ આમ દૃષ્ટિકોણ કે અભિગમ બદલવાથી સરકારની નીતિમાં ખરેખર શું ફેરફાર થયા?

*એકતાઃ* જ્યારે કલ્યાણનો જ અભિગમ અમલમાં હતો ત્યારે મુખ્યત્વે માતા તેમ જ બાળકો માટે પૂરક આહાર, સ્ત્રીઓ માટે આશ્રયગૃહો જેવા કાર્યક્રમો અમલમાં આવતા.
વિકાસના અભિગમ હેઠળ સ્ત્રીઓને રોજગાર માટે તાલીમ, મદદ જેવા કાર્યક્રમો આવ્યા.
અને સશક્તિકરણના અભિગમ હેઠળ મહિલા જાગૃતિ શિબિરો, સ્વસહાય જૂથો, દ્વારા સંસાધનો પર અંકુશ, પંચાયતમાં નિર્ણય લેવાની ભાગીદારી જેવા કાર્યક્રમો આવ્યા.

*આશાઃ* એક રીતે જોઈએ તો નારી આંદોલનને ઘણી સફળતા મળી હોય એવું લાગે છે.

*એકતાઃ* પણ આપણે સ્વસહાય જૂથોની અને પંચાયતમાં અનામતની ચર્ચામાં જોયું તેમ જો સશક્તિકરણની સાચી સમજ અને તેનો

અમલ કરવાનું દબાણ ન હોય તો કોઈ પણ કાર્યક્રમ સ્ત્રીના સશક્તિકરણને બદલે સ્ત્રીના શોષણમાં પરિણમી શકે છે.

*શકરી:* માટે જ તો આપણે આપણા સપનાનો સમાજ લાવવા સમજપૂર્વકના સંગઠિત સંઘર્ષ કરવાની જરૂર છે.

*કમલા:* હા. જ્યાં સુધી એક વૈકલ્પિક સમાજનું આપણું સપનું પૂરું ન થાય ત્યાં સુધી સફળતા અધૂરી જ છે.

*રેશ્મા:* એક એવો સમાજ, જ્યાં નારીને માનવી તરીકેનો સમાન દરજ્જો મળે.

*આશા:* જે હિંસા, દમન, અત્યાચાર અને અન્યાયથી મુક્ત હોય.

*નીરુ:* જેમાં જ્ઞાતિ, ધર્મ અને સંસ્કૃતિના નામે ભેદભાવ ન હોય.

*ફરઝાના:* સૌને સમાન શિક્ષણ, સ્વાસ્થ્ય અને ઘર મળે...

*કમલા:* જ્યાં કુદરત પર માનવીનો અંકુશ નહીં પણ કુદરત અને માનવીનું સહઅસ્તિત્વ હોય...

*એકતા:* સામાજિક ન્યાય, વિવિધતા, ગરીમા અને શાંતિનું મહત્ત્વ જાળવે એવો એક સમાજ. પણ આવો સમાજ લાવવા માટે, સમાજને બદલવા માટે આપણે પણ બદલવું પડશે.

*નીરુ:* શું તમને નથી લાગતું કે આપણે મળવાની શરૂઆત કરી ત્યારે હતા તેના કરતાં અત્યારે ઘણા બદલાયા છીએ?

*રેશ્મા:* અને હજુ પણ વધારે બદલાઈશું.

*આશા:* આપણામાં જ નહીં, આપણા પરિવારના લોકોમાં પણ ઘણો બદલાવ આવ્યો છે.

*કમલા:* અને આપણાં સાથી સંગઠનોમાં પણ આપણે અસર પાડી શક્યા છીએ.

*શકરી:* પહેલાં આપણે કૂવામાંના દેડકા જેવા હતા. હવે આખી દુનિયાની લડતો સાથે આપણો નાતો બંધાઈ ગયો છે.

*ફરઝાના:* તો આ બદલાવની વાત કરતું એક ગીત હું એક શિબિરમાં શીખી છું તે સૌને ગવડાવું છું. તેના શબ્દો છે,
તુ ખુદ કો બદલ, તુ ખુદ કો બદલ તબ હી જમાના બદલેગા.

*એકતા:* ખૂબ સરસ ગીત છે! તમને ખબર છે, આ ગીત ભારત અને પાકિસ્તાનની બહેનોએ એક શિબિરમાં સાથે મળીને બનાવ્યું છે? તેમાં દુનિયાભરની બહેનોને બદલાવ લાવવાની અપીલ છે.

## તુ ખુદ કો બદલ

દરિયા કી કસમ મૌજોં કી કસમ
યે તાના બાના બદલેગા
તુ ખુદ કો બદલ તુ ખુદ કો બદલ
તબ હી જમાના બદલેગા
તુ ચુપ રહ કર જો સહતી રહી
તો ક્યા યે જમાના બદલા હૈ
તુ બોલેગી મુઁહ ખોલેગી
તબ હી તો જમાના બદલેગા

દસ્તુર પુરાને સદિયોં કે
યે આયે કહાં સે ક્યોં આયે
કુછ તો સોચો કુછ તો સમજો
યે ક્યોં તુમને હૈં અપનાયે





યે પર્દા તુમ્હારા કૈસા હૈ
ક્યા યે મજહબ કા હિસ્સા હૈ
કૈસા મજહબ કિસકા પર્દા
યે સબ મર્દો કા કિસ્સા હૈ

આવાજ ઉઠા કદમોં કો મિલા
રફતાર જરા કુછ ઔર બઢા
મશરિક સે ઉઠો મગરિબ સે ઉઠો
ઉત્તર સે ઉઠો દક્ષિણ સે ઉઠો
ફિર સારા જમાના બદલેગા

*(ભારત અને પાકિસ્તાનની મહિલાઓ દ્વારા એક શિબિરમાં રચિત કવ્વાલીની ધુન પર)*

# પરિશિષ્ટ

## પિતૃસત્તા કે પુરુષોના આધિપત્યવાળી સમાજવ્યવસ્થા

પિતૃસત્તા કે પુરુષોના આધિપત્યવાળી સમાજવ્યવસ્થા એટલે એવી વ્યવસ્થા કે જેમાં સ્ત્રીની શ્રમશક્તિ, પ્રજનનશક્તિ અને જાતીયતા પર કુટુંબ, સમાજ અને રાજ્યના પુરુષાનો અંકુશ હોય.

આને કુટુંબ અને સમાજમાં રોજે રોજ જોવા મળતાં કેટલાંક ઉદાહરણોથી સમજાવી શકાય.

### શ્રમશક્તિ પર અંકુશ

**પરિવારમાં**

- સ્ત્રી સવારથી સાંજ સુધી ઘરમાં ઢસરડો કરે, પણ ઘરના કામનું કોઈ મૂલ્ય નહીં. માટે કુટુંબ કે સમાજમાં ઘરનું કામ કરનાર સ્ત્રીનું કોઈ માનપાન નહીં.
- વળી, સ્ત્રીએ બહાર કામ કરવું કે નહીં, કમાવું કે નહીં તેનો નિર્ણય સ્ત્રી ન લઈ શકે, તેના પર કુટુંબના પુરુષો, વડીલોનો અંકુશ, અને અલગ અલગ જ્ઞાતિની સ્ત્રીઓ પર આ અંકુશ જુદી જુદી રીતે કામ કરે. પરંપરાગત રીતે કહેવાતી ઉપલી જ્ઞાતિઓમાં સ્ત્રીને બહાર કમાવાનું કામ કરવાની છૂટ નહીં ને કહેવાતી નીચલી જ્ઞાતિઓમાં સ્ત્રીએ કામ કરવું જ પડે.
- ઉપરાંત, જ્યારે કુટુંબને જરૂર પડે ત્યારે બે છેડા ભેગા કરવા કે બાળકોનું પાલન પોષણ કરવા કોઈ પણ જ્ઞાતિની સ્ત્રીને કમાવાની ફરજ પડે તો તેને કૌટુમ્બિક ફરજોના સ્વાભાવિક ભાગ રૂપ ગણવામાં આવે.
- પરંતુ તેણે કેવું કામ કરવું, ક્યાં કામ કરવું, ક્યાં ન જ કરવું અને ક્યારે કામ છોડી દેવું તેનો નિર્ણય પણ પુરુષોના હાથમાં હોય અથવા તેમની સગવડો, જરૂરિયાતોને ધ્યાનમાં રાખીને લેવાતો હોય. જેમ કે પતિની આવક વધે કે તેની બદલી થાય તો સ્ત્રીએ કામ છોડવું. સ્ત્રીની બદલી કે વધુ જવાબદારીવાળી જગ્યા પર પ્રમોશન થાય તો ન સ્વીકારવું, બાળકો થાય અથવા બાળકોના વિકાસ માટે જરૂરી લાગે તો સ્ત્રીએ કામ છોડવું વગેરે.
- તેના વેતન પર તેનો પોતાનો અધિકાર નહીં. પોતાનું વેતન કઈ રીતે ખર્ચવું તેનો નિર્ણય કરવા સ્ત્રી સ્વતંત્ર નહીં.

**સમાજમાં**

કુટુંબમાં જોવા મળતા આ અંકુશોની સાથે સમાજમાં એટલે કે શ્રમબજાર અને અર્થતંત્રમાં પણ સ્ત્રીઓના શ્રમ પરના અંકુશો કામ કરે છે.

- અમુક પ્રકારનાં કામ કે નોકરીમાં સ્ત્રી ઉમેદવારોને લેવા જ નહીં. શિક્ષિકા, રિસેપ્શનિસ્ટ, સેક્રેટરી, મોડેલ, પરિચારિકા જેવા ખાસ પ્રકારનાં કામોમાં મોટા ભાગની સ્ત્રીઓનો ભરાવો. જાણે કે સ્ત્રીઓ ઘરમાં જે કામ કરે છે તે જ પ્રકારનાં કામો કમાવા માટે પણ કરે.
- કેવું કામ કરી શકાય અને કેવું કામ મળે તેમાં સ્ત્રીની લાયકાત અને આવડત ઉપરાંત કુટુંબ, જ્ઞાતિ અને ધર્મ પર પણ આધાર રાખે.
- સરખા કામ માટે પણ સ્ત્રીને પુરુષ કરતાં ઓછું વેતન અને જે કામમાં ઓછાં વેતનો કે ઓછી આવક હોય તેવાં અસંગઠિત ક્ષેત્રોમાં સ્ત્રી કામદારોનું વધારે પ્રમાણ વગેરે.

કુટુંબ અને અર્થતંત્ર ઉપરાંત રાજ્ય દ્વારા પણ આ પરિસ્થિતિને માન્યતા મળે છે, સ્ત્રીઓ ઘરનું કામ ન કરે તો કોઈ પણ સમાજ ચાલી શકે નહીં, તેમ છતાં સ્ત્રીના આ કામની રાષ્ટ્રીય આવકમાં કોઈ ગણતરી થતી નથી. સરકારના વિકાસ માટેના કાર્યક્રમોમાં પણ સ્ત્રીને દેશનો એક ઉત્પાદક સભ્ય નહીં પરંતુ આશ્રિત વ્યક્તિ અને નબળા સમૂહ તરીકે જોવામાં આવે છે.

આમ, શ્રમશક્તિ પરના અંકુશના પરિણામે મોટા ભાગની સ્ત્રીઓ પાસે પોતાની માલિકીની અને પોતાના અંકુશમાં હોય તેવી કોઈ મિલકત હોતી નથી. તે પુરુષને આધારે જિંદગી જીવવા મજબૂર બને છે. ઘર ગૃહિણીનું કહેવાય પણ ઘર પર તેનો અધિકાર નહીં. જ્યારે પણ મતભેદ થાય ત્યારે પતિ ફટ દઈને કહી દે કે ‘નીકળ મારા ઘરમાંથી’ અને એટલે સુધી કે સ્ત્રીને ‘રસોડાની રાણી’ કહેવાય પણ રસોડાનાં વાસણો સુધ્ધાં પર ઘરના પુરુષોનું નામ લખાય.

## જાતીયતા પરનો અંકુશ

જાતીયતા પરના અંકુશનાં નીચે મુજબનાં ઉદાહરણ જોવા મળે છે. જેમ કે,

- સ્ત્રી અને પુરુષ માટે જાતીયતાનાં બેવડાં ધોરણો. 'ઈજ્જત, શીલ, પવિત્રતા' વગેરે જાળવવાના નામે સ્ત્રીની સ્વતંત્રતા પર જાતજાતના અંકુશ અને 'પવિત્રતા' જાળવવાનો બોજો માત્ર સ્ત્રી પર જ. તળપદી ભાષામાં કહીએ તો 'સ્ત્રી એટલે માટીની કુલડી... અને પુરુષ એટલે પિત્તળનો લોટો...'
- સ્ત્રીના શરીરને શરમજનક વસ્તુ અને પુરુષની મિલકત ગણી તેને હંમેશાં ઢાંકેલું રાખવું અથવા તેને વસ્તુ કે ઉપભોગનું સાધન ગણી તેનાં પ્રદર્શન કરી નફો કમાવવો.
- સ્ત્રીએ કોની સાથે કેટલું હસવું, બોલવું, કોની સાથે કેટલો સંબંધ રાખવો, કેવાં કપડાં પહેરવાં તેની પર અંકુશ. તેના હરવા-ફરવા કે બહાર નીકળવા પર અંકુશ. ક્યાં જવું, ક્યાં ન જવું, રાત્રે કે અમુક સમયે બહાર ન નીકળવું વગેરે નિયમો.
- તેણે લગ્ન કરવાં કે નહીં, ક્યારે કરવાં, કોની સાથે કરવાં તેની પર અંકુશ. અને લગ્ન પછી જાતીય સંબંધોમાં પુરુષની ઇચ્છાનું સંપૂર્ણ પ્રભુત્વ. તેમાં સ્ત્રીની મરજી, ના-મરજીનો કોઈ સવાલ જ નહીં. પુરુષ પોતાની પત્નીની ઇચ્છા વિરુદ્ધ તેની પર બળજબરી કરે તો તેને કાયદો પણ બળાત્કાર ન ગણે.
- સ્ત્રી પર છેડતી, બળાત્કાર કરવામાં આવે ત્યારે બળાત્કાર કરનારને નહીં પણ તેનો શિકાર બનેલ સ્ત્રી સાથે તે ગુનેગાર હોય તેવું વર્તન કરવામાં આવે.
- જો કોઈ કુટુંબ, સમુદાય કે દેશના પુરુષોને શરમજનક સ્થિતિમાં મૂકવા હોય તો તેમના કુટુંબ, સમુદાય કે દેશની સ્ત્રીઓ પર બળાત્કાર કરવામાં આવે.

## પ્રજનન શક્તિ પરના અંકુશ

પ્રજનન શક્તિ પરના અંકુશ નીચેના સ્વરૂપે જોવા મળે છે. જેમ કે,

- માતૃત્વનાં, માના પ્રેમનાં ખૂબ ગુણગાન ગવાય પણ કોઈ સ્ત્રી કુંવારી માતા બને અથવા વારંવાર પુત્રીઓની માતા બને ત્યારે તેને હડધૂત કરવામાં આવે.
- બાળકને જન્મ આપવાની, ઉછેરવાની જવાબદારી માતાની પરંતુ બાળકનો કુદરતી વાલી તો પિતા જ ગણાય. બાળક પાછળ માતાનું નહીં, પિતાનું નામ લખાય અને તેનો જ અધિકાર કહેવાય.
- બાળકને જન્મ આપવો કે નહીં, ગર્ભનિરોધકો વાપરવા કે નહીં, કેવા પ્રકારના ગર્ભનિરોધકો વાપરવા, ક્યારે સગર્ભા થવું, કઈ જાતિના બાળકને જન્મ આપવો વગેરે પર અંકુશ.

કુટુંબના અંકુશ ઉપરાંત સ્ત્રીની પ્રજોત્પાદકતા ઉપર વસ્તી-નીતિ દ્વારા રાજ્યનો પણ અંકુશ. તેમાં વસ્તી નીતિમાં સ્ત્રીની કે કુટુંબની જરૂરિયાતને નહીં પરંતુ રાજ્યની જરૂરિયાતને મહત્ત્વ આપવામાં આવે.

- જે દેશમાં ઓછી વસ્તી હોય ત્યાં સ્ત્રીને વધુ ને વધુ બાળકો પેદા કરવા દબાણ કરવામાં આવે અને ભારત જેવા દેશમાં ઓછાં બાળકો પેદા કરવા દબાણ કરવામાં આવે.
- મોટે ભાગે સ્ત્રીઓ માટે જ હોય તેવાં કુટુંબ નિયોજનનાં સાધનોનાં સંશોધનો કરવામાં આવે.
- સરકાર તેમ જ આંતરરાષ્ટ્રીય સંસ્થાઓની સાંઠગાંઠથી ભારતની ગરીબ સ્ત્રીઓ પર ભાતભાતના હાનિકારક ગર્ભ નિરોધકોના પ્રયોગ કરવામાં આવે.

આમ, સ્ત્રીઓની શ્રમશક્તિ, જાતીયતા અને પ્રજોત્પાદકતા પરના અંકુશને કારણે કુટુંબ તેમ જ સમાજમાં સ્ત્રીનો દરજ્જો નીચો રહે છે. કુદરતી સંસાધનો, માનવસર્જિત મૂડી કે મિલકતો અને ખુદ પોતાના શરીર કે જિંદગી પર અને પોતાની વ્યક્તિ કે નાગરિક તરીકેની ઓળખ પર પણ સ્ત્રીનો અંકુશ રહેતો નથી. એટલે જ સ્ત્રીનો વૈવાહિક દરજ્જો દર્શાવવો જરૂરી બની જાય છે. તેનો દરજ્જો તેના પુરુષ સાથેના સંબંધને આધારે નક્કી થાય છે. તે પરણેલી છે કે કુંવારી, સૌભાગ્યવતી છે કે વિધવા, કુટુંબ સાથે રહે છે કે એકલી વગેરે મુદ્દાઓ સમાજમાં તો મહત્ત્વના ગણાય જ છે પરંતુ સાથે સાથે બંધારણે ઘડેલા કાયદાઓમાં પણ મહત્ત્વના બની જાય છે. અને તેના કાયદેસરના અધિકારો પણ તેના પુરુષ સાથેના સંબંધને આધારે નક્કી થાય છે. કેટલાય કાયદાઓમાં સ્ત્રીને નાગરિક તરીકે નહીં પરંતુ પત્ની તરીકે એટલે કે પુરુષની મિલ્કત તરીકે જોવામાં આવી છે.

એ જોઈ શકાય છે કે આ અંકુશો અન્યાયી છે અને કોઈ પણ વ્યક્તિ તેનો વિના વિરોધે સ્વીકાર કરી શકે નહીં. સ્ત્રીઓ પણ વખતોવખત તેમાંથી નીકળવાના પ્રયત્નો કરે છે. તેમને આ અંકુશોની લક્ષ્મણરેખામાં કાયમ રાખવા માટે તેમના પર હિંસા આચરવામાં આવે છે. અને સ્ત્રીઓને મર્યાદામાં રાખવા માટે બધી જ સ્ત્રીઓ પર હિંસા આચરવાની જરૂર પડતી નથી. કેટલીક સ્ત્રીઓ પર હિંસા થાય એટલે બધી જ સ્ત્રીઓને સંદેશો મળી જાય છે કે તેમણે પુરુષપ્રધાન સમાજે બાંધેલી લક્ષ્મણરેખા ઓળંગવી નહિ. ઉપરાંત, તેને કાયમ રાખવા માટેની વિચારધારા તરીકે ધર્મ, રીત-રિવાજો, રૂઢિઓ અને જાતજાતના વ્રત-ઉપવાસો અને કાયદાઓનો પણ ઉપયોગ કરવામાં આવે છે.

આ વિચારધારાનો શિકાર કેટલીક સ્ત્રીઓ પણ બને છે અને પુરુષના આધિપત્યની રખેવાળ તરીકે કામ કરે છે. દા.ત. કુટુંબની અંદર વહુ પરની હિંસા આચરવામાં કુટુંબના પુરુષો ઉપરાંત ઘણી વાર સ્ત્રીઓ પણ સામેલ થાય છે. આ વાતને ઘણા લોકો, સ્ત્રી જ સ્ત્રી પર હિંસા આચરે છે અથવા સ્ત્રીની દુશ્મન સ્ત્રી જ છે એમ કહે છે. પણ હકીકતમાં અહીં

સાસુ કે નણંદ એક સ્ત્રી તરીકે નહીં પરંતુ કુટુંબના પુરુષો સાથેના તેમના સંબંધને કારણે હિંસા આચરી શકે છે. જે સાસુ વહુ પર હિંસા કરે તે જમાઈ પર કરી શકતી નથી કારણ કે ત્યાં તેનું સ્થાન પુત્રીની માતાનું છે. દહેજની માંગણી કરવામાં તે માટે વહુને મહેણાં-ટોણાં મારવામાં સાસુ કે નણંદ આગળ પડતો ભાગ ભજવે છે અને દહેજમાં મળેલાં કપડાં-દાગીનાથી સગાં સંબંધીઓમાં પોતાનો વટ બતાવે છે પણ દાગીના, રોકડ રકમ કે કીમતી વસ્તુઓ પર તેમનો સાચો અધિકાર નથી. તેને વેચવા કે કઈ રીતે વાપરવા તેનો અંતિમ નિર્ણય કુટુંબના પુરુષો પાસે જ રહે છે. જે રીતે કુટુંબના બધા જ મહત્ત્વના નિર્ણયો પુરુષો લે છે અથવા તેમની મરજી પ્રમાણે લેવામાં આવે છે તે જ રીતે સાસુ કે નણંદ વહુ સાથે જે વર્તન કરે છે તેમાં કુટુંબના મુખ્ય પુરુષોની સહમતી હોય છે અથવા તો તેમની જ ઇચ્છા સ્ત્રીઓ દ્વારા તેઓ વ્યક્ત કરાવે છે. સસરા પુત્રવધૂ સાથે સીધી વાત કરતા નથી તેથી સાસુ દ્વારા પોતાને જે કહેવું હોય તે કહેવડાવે છે. માટે જ પુત્રવધૂ સાથે થતા ખરાબ વર્તનનો તેઓ વિરોધ કરતા નથી, ચૂપ રહે છે અથવા ઘણી વાર સાથ પણ આપે છે. આમ, અહીં સ્ત્રીની ભૂમિકા કારખાનાના સુપરવાઈઝર જેવી હોય છે.

કામદારોને ધમકાવવાનું, અંકુશમાં રાખવાનું કામ સુપરવાઈઝર કરે છે અને તે માટે માલિકની શાબાશી, થોડો વધુ પગાર અને સત્તા મેળવે છે પણ નફો તો માલિકને જ મળે છે. સુપરવાઈઝર પણ આખરે તો સામાન્ય કામદાર કરતાં થોડી વધુ સત્તા ધરાવનાર કામદાર જ છે અને છતાં તે કામદારોના ભોગે માલિકનું હિત જાળવવાનું કામ કરે છે. કાંઈક અંશે આવી જ ભૂમિકા કુટુંબમાં સાસુ - નણંદ ભજવે છે. વહુ પર અંકુશ રાખવા બદલ તેઓને કુટુંબમાં તાત્કાલિક થોડી વધારે સત્તા મળે છે પરંતુ તેનાથી અંતે તો પુરુષ આધિપત્યવાળી પિતૃસત્તાક સમાજવ્યવસ્થાનું માળખું જ વધુ મજબૂત બને છે અને તેની અસર તમામ સ્ત્રીઓ પર થાય છે.

# વધુ વાંચન માટેનાં પુસ્તકોની યાદી


1. છોકરો એટલે શું? છોકરી એટલે શું? લે. કમલા ભસીન, પ્રકા., ઓળખ, વડોદરા.
2. પિતૃસત્તા એટલે શું? લે. કમલા ભસીન, પ્રકા., ઓળખ, વડોદરા.
3. અન્ડરસ્ટેન્ડિંગ જેન્ડર, કમલા ભસીન, વીમેન અનલિમિટેડ, નવી દિલ્લી.
4. રીચિંગ ફોર હાફ ધ સ્કાય, પટેલ વિભૂતિ, આંતર્રાષ્ટ્રીય પ્રકાશન, વડોદરા.
5. વી શેલ સ્મેશ ધી પ્રીઝન, ગેઈલ ઓમવેટ, ઝેડ પ્રેસ, લંડન.
6. ઈસ્યુઝ એટ સ્ટેક, ગાંધી નંદીતા અને શાહ નંદીતા, કાલી ફોર વીમેન, દિલ્હી.
7. અ સ્પેસ વિધીન ધ સ્ટ્રગલ, સેન ઈલીના, કાલી ફોર વીમેન, ન્યુ દિલ્હી.
8. ભારતમાં નારી આંદોલનઃ સમાન અધિકારથી નારી મુક્તિ, નીરા દેસાઈ અને તૃપ્તિ શાહ, આર. આર. શેઠની કંપની, મુંબઈ.
9. સ્ત્રી અભ્યાસ શ્રેણી પુસ્તક 1થી 13, સંપાદિત નીરા દેસાઈ અને ઉષા ઠક્કર, આર. આર. શેઠની કંપની, મુંબઈ
10. ભારતીય મહિલા આંદોલનઃ કલ આજ ઔર કલ, લે. દીપ્તિ પ્રિયા મહરોત્રા, પ્રકા. સંપૂર્ણા ટ્રસ્ટ, ન્યુ દિલ્હી.
11. ધ હિસ્ટરી ઓફ ડુઈંગ, રાધા કુમાર, કાલી ફોર વીમેન, નવી દિલ્લી
12. વીમેન ઈન મોડર્ન ઇન્ડિયા, ગેરેલ્ડાઈન ફોર્બ્સ, કેમ્બ્રીજ યુનિવર્સિટી પ્રેસ
13. વીમેન પાયોનીયરસઃ એડ, સુશીલા નાયર એન્ડ કમલા માન્કેકર, નેશનલ બુક ટ્રસ્ટ, નવી દિલ્લી.
14. "નારીવાદી રાજનીતિ સંઘર્ષ અને મુદ્દા" નિવેદિતા મેનન, જીની લોકનીતા સંપાદિત પુસ્તક, પ્રકા. દિલ્લી વિશ્વ વિદ્યાલય

**સહિયર (સ્ત્રી સંગઠન)** 1984થી સ્વાયત્ત સ્ત્રી સંગઠન તરીકે કાર્યરત છે. સહિયરનું ધ્યેય એક એવા સમાજની રચના કરવાનું છે કે જેમાં 'કોઈ પ્રકારના શોષણ, દમન, અન્યાય કે અત્યાચારને સ્થાન ન હોય. તેમાં નારીને માનવી તરીકેનો સમાન દરજ્જો મળે.'

'નારીમુક્તિ વગર માનવમુક્તિ શક્ય નથી અને માનવમુક્તિ વગર નારીમુક્તિ અશક્ય છે' એવી સમજ સાથે સ્ત્રીઓના અધિકારો અને માનવ અધિકારો માટેના સંઘર્ષને આગળ લઈ જવા વિવિધ પ્રવૃત્તિઓ કરે છે.

- જાગૃતિ કાર્યક્રમો જેવા કે શેરીનાટકો, જાગૃતિ ગીતો અને ગરબા, શિબિરો, નિબંધ લેખન, જાહેર દેખાવો વગેરે દ્વારા સમાજના બહોળા સમુદાયનો સ્ત્રીઓ પ્રત્યેનો પુરુષપ્રધાન દૃષ્ટિકોણ બદલવા પ્રયત્ન કરે છે, ઉપરાંત પ્રશ્નોના મૂળને સમજીને એ સમજને સમાજ સુધી લઈ જવા સંશોધન, પ્રકાશન, પુસ્તકાલય જેવી પ્રવૃત્તિઓ પણ કરે છે.
- સ્ત્રીઓ પરની હિંસા અને સ્ત્રીઓને સ્પર્શતા અન્ય કાયદાઓમાં સુધારા લાવવા તથા મોજૂદ કાયદાઓનો અમલ કરાવવાની ઝુંબેશ ચાલે છે.
- કોમવાદ, જ્ઞાતિવાદ અને સીમાન્ત સમૂહોના માનવ-અધિકારના ભંગના બનાવોમાં માનવ અધિકાર સંગઠનો સાથે મળીને કામ કરે છે.
- કુટુંબ, સમાજ તેમ જ કામના સ્થળે હિંસા, અન્યાયનો સામનો કરતી સ્ત્રીઓની પડખે ઊભા રહી તેમને કાઉન્સેલિંગ, કાનૂની સલાહ અને સંવેદનાત્મક ટેકો પૂરો પાડે છે.
- કિશોરીઓના વ્યક્તિત્વ-વિકાસ તેમ જ કારકિર્દીના ઘડતરમાં સહાયરૂપ થાય છે.
- ઝૂંપડાવાસી, શ્રમજીવી તેમ જ નીચલા મધ્યમ વર્ગની બહેનોના મંડળ બનાવી બચત, જાગૃતિ તેમ જ રોજબરોજના પ્રશ્નો ઉકેલવા સંગઠિત કરે છે.
- સંવેદનશીલ વિસ્તારોમાં તમામ સમુદાયની સક્રિય બહેનોને ન્યાય, શાંતિ અને કોમી એકતા માટેના આગેવાન બનવાની તાલીમ આપે છે.
- સ્વૈચ્છિક સંસ્થાના કાર્યકરો, સરકારી અધિકારીઓ, પોલીસતંત્ર, શિક્ષકો, વકીલો, ટ્રેડ યુનિયનના કાર્યકરો તેમ જ અન્ય લોકસંગઠનના કાર્યકરોને સ્ત્રીઓના સવાલોથી પરિચિત કરાવવા અને તેમનામાં સ્ત્રીઅભિમુખ સંવેદનશીલતા કેળવવા માટે તાલીમ કાર્યક્રમોનું આયોજન કરે છે. અન્ય સંસ્થા દ્વારા યોજાતી તાલીમોમાં રિસોર્સ પર્સન તરીકે કામગીરી બજાવે છે.

**ઉન્નતિ - વિકાસ શિક્ષણ સંગઠન** એક સ્વૈચ્છિક બિન-નફાકારક સંગઠન છે. 1990માં તેની નોંધણી સોસાયટીઝ રજિસ્ટ્રેશન ઍક્ટ-1860 હેઠળ કરવામાં આવી હતી. તેનો મુખ્ય હેતુ સામાજિક સમાવેશ અને લોકશાહી શાસનને પ્રોત્સાહન આપવાનો છે કે જેથી આપણા સમાજના વંચિત વર્ગો મુખ્ય પ્રવાહના વિકાસ અને નિર્ણય-પ્રક્રિયામાં અસરકારક રીતે ભાગીદાર થવા સક્ષમ બને.

ઉન્નતિ પશ્ચિમ ભારતમાં લોકમંડળો, બિન-સરકારી સંગઠનો, સ્થાનિક શાસનમાં ચૂંટાયેલાં પ્રતિનિધિઓ અને સરકાર સાથે કામ કરનારું મુદ્દા આધારિત વ્યૂહાત્મક શૈક્ષણિક ટેકો આપનારું એક સંગઠન છે. સહયોગી સંશોધન, જાહેર શિક્ષણ, હિમાયત, પ્રત્યક્ષ ક્ષેત્ર સ્તરીય એકત્રીકરણ અને વિવિધ હિતધારકો સાથે અમલ એ અમારા કાર્યનાં ચાવીરૂપ સાધનો છે. નાગરિકોના પાયાના અધિકારોનું જતન થાય તે પ્રકારનું નીતિવિષયક પર્યાવરણ સર્જાય ત્યાંથી માંડીને સ્થાનિક સ્તરે તે ઊભું થાય ત્યાં સુધીની અમારી દરમ્યાનગીરીઓ હોય છે. એમાં અમારાં સહભાગી સંગઠનોની તાકાત અને અસહાય લોકોની લડતોમાંથી અમે પ્રેરણા પ્રાપ્ત કરીએ છીએ. વર્તમાનમાં તમામ પ્રવૃત્તિઓ નીચે મુજબના કાર્યક્રમોની આસપાસ ગઠિત થાય છે:

1. સામાજિક સમાવેશ અને સક્ષમતા
2. નાગરિક નેતૃત્વ અને શાસન
3. આપત્તિમાં જોખમના ઘટાડાના સામાજિક નિર્ણાયકો

*અમારા ક્ષેત્રીય અનુભવોમાંથી જે પદાર્થપાઠ પ્રાપ્ત થાય છે તે એકત્રિત કરીને જ્ઞાન સંસાધન કેન્દ્ર દ્વારા વ્યાપકપણે લોકોને ઉપલબ્ધ બનાવવા મુદ્રિત અને વીજાણુ સ્વરૂપે અમે પ્રસારિત કરીએ છીએ. અમે સામુદાયિક નેતાઓ અને ખાસ કરીને દલિતો તથા મહિલાઓ માટે એક અકાદમીનું નિર્માણ કરવાનો પ્રયાસ કરી રહ્યા છીએ કે જેથી તેઓ સ્થાનિક પ્રશ્નોનો અસરકારક રીતે સામનો કરી શકે.*

નારી
આંદોલનનો
ઇતિહાસ

ભાગ:૧
સ્ત્રી જીવન
સંઘર્ષ:
પ્રાચીન કાળથી
ભક્તિ ચળવળ

ભાગ:૨
સ્ત્રી સમાનતા
અને મતાધિકાર:
વિશ્વમાં નારી
આંદોલન

ભાગ:૩
સામાજિક
સુધારણા અને
સ્વતંત્રતાની
ચળવળમાં સ્ત્રીઓ

ભાગ:૪
નારી મુક્તિ
આંદોલન:
પ્રશ્નો અને
પડકારો


उन्नति
ઉન્નતિ
વિકાસ શિક્ષણ સંગઠન
જી-1/200, આઝાદ સોસાયટી,
આંબાવાડી, અમદાવાદ-380 015
ફોન: 079-26746145, 26733296
ઈ-મેલ: sie@unnati.org
વેબસાઈટ: www.unnati.org

sahiyar
સહિયર (સ્ત્રી સગઠન)
જી-3, શિવાંજલિ ફ્લેટ્સ,
જાધવ અમીશ્રદ્ધા સોસાયટી પાસે,
નવજીવન, આજવા રોડ, વડોદરા-390 019
ફોન: 0265-2513482,
ઈ-મેલ: sahiyar@gmail.com